દીપનિર્વાણ

દર્શક

યૌવન ફોડી જાય છે, શિલ્પસમૃદ્ધિ પણ
કાલાંતરે ઘસાઈને માટી સાથે ભળી જાય છે,
મહાનગરીઓને પણ નદીઓ તાણી ગઈ છે. પણ
કાળના પ્રવાહમાં ભાવના મરતી નથી—તણાઈ
જતી
કમળ
કે ને
ભાર્ય
છે.
રાજા
નદી
સંસ્
કરી
ભાવ
મુક્તિ
મહાદેવની ચરણદાસી છે.

આચાર્યશિષ્યમૂર્તિ પ્રકાશન-૧

દીપનિર્વાણ

લેખક
'દર્શક'



चित्रं वटतरोर्मूले
वृद्धाः शिष्या गुरुर्युवा ॥

મુખ્ય વિક્રેતા
ભારતી સાહિત્ય સંઘ
૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, કોટ, મુંબઈ
૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ-૯

પ્રથમ આવૃત્તિ
જૂન ૧૯૪૪
૧૧૫૦

પ્રાપ્તિસ્થાન

ભારતી સાહિત્ય સંઘ
મુંબઇ • અમદાવાદ

ગ્રામદક્ષિણામૂર્તિ
આંબલા (સોનગઢ)

મૂલ્ય
૩–૪–૦
[ટ. ખ. ૦–૩–૦]

પ્રકાશક
મનુભાઇ રા. પંચોળી
ગ્રામદક્ષિણામૂર્તિ
આંબલા–સોનગઢ (B. S. Ry.)

મુદ્રક
ચંદુલાલ જેઠાલાલ વ્યાસ
સ્વાશ્રય મુદ્રણાલય
રાણપુર (કાઠિયાવાડ) B. S. R.

નિવેદન

'દીપનિર્વાણ'ની આ ઐતિહાસિક નવલકથાને ગ્રામદક્ષિણામૂર્તિના પહેલા પુસ્તક તરીકે સમાજ પાસે રજૂ કરતાં મને અત્યંત હર્ષ થાય છે.

આજથી પાંચેક વર્ષ ઉપર કાઠિયાવાડના આ નાનકડા ગામડામાં અમે ગ્રામદક્ષિણામૂર્તિની શરૂઆત કરી. જીવનનાં--એટલે જ કેળવણીનાં પણ--સત્ય અને અહિંસાનાં સનાતન મૂલ્યો ઉપર સમાજની નવરચના કરવાનો પુરુષાર્થ આજે જગતના અગ્રગણ્ય દ્રષ્ટાઓ કરી રહ્યા છે. આવી નવરચનાના એક નમ્રમાં નમ્ર પ્રયત્ન તરીકે અમે અમારી આ સંસ્થાને ચલાવી રહ્યા છીએ. ગામડાંમાં વસતી આપણી ગરીબ ને દરિદ્ર પ્રજાની કેળવણી દ્વારા યત્કિંચિત્ સેવા કરી છૂટવું અને એ રીતે જીવનના પરમ ધ્યેયને પહોંચવા પ્રયત્ન કરવો એ અમારો મનોરથ છે. અમારી લોકશાળા એ આ મનોરથની સિદ્ધિનું એક ડગલું માત્ર--અમારાં પ્રકાશનો એ બીજું ડગલું.

અમારી મર્યાદામાં આવતાં અનેક ભાઈબહેનોને યોગ્ય વાચન પૂરું પાડવું, આવા વાચન દ્વારા તેમને વધારે સંસ્કારી બનાવવાં અને જતે દિવસે એ ભાઈબહેનો પોતાની આસપાસના વિશ્વને પોતાની મેળે જ વધારે સમજતાં થાય એવી સ્થિતિ ઊભી કરવી એ અમારાં પ્રકાશનોનું ધ્યેય રહેશે.

પણ આનો અર્થ એ નથી કે અમારાં પુસ્તકો આપણાં શહેરી ભાઈબહેનોને માટે ઉપયોગી નહિ હોય. આ 'દીપનિર્વાણ' જ એનો પહેલો દાખલો છે. આવી ઐતિહાસિક નવલકથાઓનું કેળવણીમાં કેટલું બધું

અગત્યનું સ્થાન છે તે કહેવાનું આ સ્થળ નથી, પણ આ પુસ્તકનો ઉઠાવ, એની ભાષા, એનું વસ્તુ–એ બધાંય ભણેલાં ભાઈબહેનોને જેટલાં હૃદયંગમ હશે તેટલાં ગામડાંનાં ભાઈબહેનોને આજે ન જ થાય એ સ્વાભાવિક છે. આ છતાં પણ વાર્તાનું વસ્તુ આપણી સંસ્કૃતિના હાડમાં પડેલું છે એટલું જો આપણા કેળવાયેલા વાચકો સમજી લે તો પુસ્તકની ભારોભાર કિંમત આવી ગઈ એમ સમજું છું. આ રીતે જ અમે અમારાં પુસ્તકો દ્વારા આપણાં શહેરી ભાઈબહેનોને નવી દૃષ્ટિથી ગામડાંઓ તરફ અને ગ્રામીણ સંસ્કૃતિ તરફ જોતાં કરવાનો પણ મનોરથ સેવી રહ્યા છીએ.

પ્રકાશનો દ્વારા ગ્રામજનતાની સેવા કરવાનો અમારો આ મનોરથ કેવો ઘાટ લેશે તે તો લેખકની પોતાની રુચિ અને શક્તિ ઉપર આધાર રાખે છે. અમારું આવું કોઈ પુસ્તક નવલકથા પણ હોય, નિબંધ પણ હોય, સંવાદ પણ હોય, કાવ્ય પણ હોય, પાઠ્યપુસ્તક પણ હોય.

અમે અમારાં પ્રકાશનોને યોજનાબદ્ધ કરવાનો વિચાર રાખ્યો છે અને ધીમે ધીમે અમે એ યોજનાને અચૂક વાચક સન્મુખ રજૂ કરવાની ઉમેદ રાખીએ છીએ.

ગુજરાતનાં ભાઈબહેનો અમારા આ પ્રયત્નમાં અમને સાથ આપશે એવી આશા છે.

નાને મોંએ વધારે શું બોલવું?

ગ્રામદક્ષિણામૂર્તિ,
આંબલા–સોનગઢ

નાનાભાઈ ભટ્ટ
મુખ્ય મહેતાજી

પ્રાક્કથન

પ્લુટાર્કની Lives વાંચતો હતો. રોમ અને એથેન્સની શિલ્પકૃતિઓસમાં જ એ સુરેખ ને સામર્થ્યવાન ચરિત્રોના વાચનમાં એરિસ્ટિડીઝ ધી જસ્ટ અને થમી-સ્ટાક્લીના કલહનાં પાનાં વાંચતાં વાંચ્યું: "યુવાનીમાં કોઈક સ્ત્રીના પ્રેમને અંગે બેઉ બાલમિત્રો વચ્ચે વિખવાદ થયો ને જીવનભર રાજકારણમાં પણ એ રહ્યો." એ એક વાક્યે બંનેનાં રોમાંચક જીવનને વાર્તામાં ઉતારવા ધકેલ્યો. એ ઇચ્છાને જોરે ગ્રોટ–મેરી વગેરે વાંચવાં શરૂ કર્યાં. મનમાં વાર્તાની ગૂંથણી થતી ચાલી. લગભગ બધું ગોઠવાઈ ગયું. પણ હાથમાં કલમ લીધી ત્યાં મને ના પાડી–જન્મભૂમિ પણ પૂરી ભમ્યો નથી, જાણી નથી, તો પરભોમની તો વાત જ શી? પરભોમનાં એ સામર્થ્યશીલ–સ્વપ્નશીલ સ્ત્રીપુરુષોના એ જમાનાને ઉતારતાં જે અન્યાય થઈ બેસે તે વસ્તુ મન સાંખી લેવા તૈયાર નહોતું. પરભોમની વાર્તા લખવાના થયેલા પ્રયત્નો જ્યારે જોયા ત્યારે તો એવો પ્રયત્ન ન કરવાની ગાંઠ જ વાળી. પણ પ્લુટાર્કના વાચનને વિચારે એવો કેફ ચડાવ્યો હતો કે એ વાર્તા લખ્યા વિના ચેન પડે તેમ નહોતું, એટલે ગ્રીસ દેશમાં હતાં તેવાં જ નાનાં પ્રજાસત્તાક રાજ્યોનો કાળ આપણા ઇતિહાસમાં શોધવા માંડ્યો. ગણરાજ્યો વિષે સાંભળ્યું હતું, પણ જેમ જેમ એ વિષે વધુ ને વધુ વાંચતો ગયો તેમ તેમ મારાં આદર ને આશ્ચર્ય વધતાં જ ગયાં.

સામંતોના મુલકમાં સહજ એવા કૂપમંડૂક વાતાવરણમાં જન્મવાનું મનમાં દુઃખ હતું તે જ્યારે સુરાષ્ટ્ર એ ગણરાજ્ય હતું, અમારા બાપદાદાઓ સદાકાળથી આ પ્રથામાં જન્મતા ને મરતા નથી આવ્યા, એમણે તો આદિકાળથી પોતાના અંતરમા વિરાજતા દેવને જ નમન કર્યું છે–પ્રસંગ પડયે એના રક્ષણ માટે એલેકઝાંડર જેવા જગજ્જેતાની છાતીમાં પણ ન ભૂલે એવો ઘા કર્યો છે તે વાંચ્યું ત્યારે હરી ગયું.

ગ્રીસની વાતો વિસરાઈ ગઈ. અવશ બનીને ચારે બાજુએથી એ કાળ વિષેનું મળ્યું તે વાંચવા ને વાગોળવા માંડ્યો.

એવું તો અહીંનાં ગણરાજ્યો ને ગ્રીસ દેશનાં પ્રજાસત્તાક રાજ્યો વચ્ચે અદ્ભુત સામ્ય હતું. સ્પાર્ટાની જેમ જ કઠગણમાં તરત જન્મેલ બાળકની અહીં પણ તપાસ થતી ને નબળું લાગે તો મારી નાખતા. ત્યાં જેમ ડેલ્ફીમાં ભવિષ્ય ભાખનારી કુમારિકાઓ રહેતી તેમ જ અહીં પણ ક્યાંક એવી આજીવન કુમારિકાઓ રહેતી—જેને 'દેવદર્શિની' કહેતા. એ વાંચ્યું ત્યારે ખરે જ આશ્ચર્ય થયું. એક ફેર જરૂર લાગ્યો, ને તે ગુરુદેવના શબ્દોમાં કહું તો "ગ્રીક સંસ્કૃતિ ઈંટ–ચૂનાના પારણામાં ઊછરી હતી, જ્યારે આપણી સંસ્કૃતિ વનવૃક્ષોની છાયામાં. એને લીધે જ એકે શક્તિને ઉપાસી–બીજાએ શ્રીને." વાર્તા લખવા માંડી, પણ વાર્તા પૂરી કરી ત્યારે ખબર પડી કે મારે જે બે બાલમિત્રો વચ્ચે એક જ કન્યા પરના પ્રેમને લીધે થયેલ કલહ ને દ્વેષ મુખ્યત્વે ઉતારવાં હતાં તે તો રહી જ ગયાં. પ્લુટાર્કના સૂચને મને ધક્કો માર્યો, પણ તેને વાર્તાફલરૂપે ફલિત થવાનું તો રહી જ ગયું ને હું તો બીજી જ વાર્તા લખી બેઠો. પેલું સૂચન હવે એનું ઉઘરાણું કરે ત્યારે ખરું!

આટલું વાર્તાની ઉત્પત્તિ વિષે.

આમાંના ઐતિહાસિક આધાર વિષે જેમને રસ હોય તેમને માટે સૂચિ મૂકી છે. સામાન્ય વાચક માટે થોડા ફકરા પણ જોડયા છે. મિનેન્દ્રની ચઢાઇનું વિગતવાર વર્ણન મળતું નથી. માત્ર બૌદ્ધધર્મના એક મહત્ત્વના પુસ્તક મિલિન્દપ્રશ્નમાંનો મિલિન્દ તે જ મિનેન્દ્ર એમ જવાબદાર અભિપ્રાય છે. ભોજનસમારંભમાં પીરસેલ સોનાવાળી વાત 'કૌમુદી'ના એક જૂના અંકમાં વાંચી છે.

ઇતિહાસકાર માટી એકઠી કરી એને કાંઇક ઘાટઘૂટ પણ આપે છે, પણ વાર્તાકારનું કામ એને મઠારી પ્રાણ ફૂંકવાનું છે. ઐતિહાસિક વાર્તાકાર મનફાવી કલ્પના-મૂર્તિઓ ન ઘડે તે ઇષ્ટ છે. તે કામ ભલે સંશોધનશીલ ને બહુજનસમાજથી અપરિચિત છતાં સંસ્કૃતિના સાતત્ય માટે અપરિહાર્ય એવા વિદ્યારત ઇતિહાસકારોને રહે.

વાર્તાકાર એમની મૂર્તિઓમાં જો રૂપ ને પ્રાણ પૂરી સાર્વજનિત ભાવોથી ભીંજવી બહુજનસમાજમાં હરતી—ફરતી કરી શકે તો એની મહેનત સાર્થક લેખાવી જોઇએ. એથી વિશેષ આગળ જવું તે સીમોલ્લંઘન ગણાશે. મેં મારી જાતને એ સીમામાં જ રાખવા બનતો પ્રયત્ન કર્યો છે એટલી જ હું વાચકને ખાતરી આપી ફરી એ અજ્ઞેય ઇતિહાસજ્ઞોને પ્રણમું છું.

શ્રીમદક્ષિણામૂર્તિ
આંબલા

દર્શક

વિશ્વંભર વિશ્વકર્માના ચરણોમાં

લેખકનાં પુસ્તકો

૧. જલિયાંવાલા
૨. ૧૮૫૭
૩. કલ્યાણયાત્રા
૪. બંધન અને મુક્તિ
૫. પ્રેમ અને પૂજા ભા. ૧-૨
૬. દીપનિર્વાણ

હવે પછી

૭. બે વિચારધારા
૮. એક રાષ્ટ્રીય નવલકથા

મહાભાગ ઈશુના જન્મ પહેલાં ને ભગવાન તથાગતના પરિનિર્વાણ પછીના પાંચમા શતકની વાત છે. અનેક સરિતાસંગમોથી શોભતા વાહિક દેશના માલવગણની રાજધાની નંદિગ્રામના કોટની બહાર એક ઉપવન પાસે સાંગ્રામિક રથ ઊભો છે. તરુણ અરુણસમ શોભતો રથી વૃદ્ધ સારથિને કહેતો હોય છે: ' આપણે ધાર્યા કરતાં વહેલાં પહોંચ્યા. '

' ના, નંદિગ્રામમાં સવાર કાંઈક મોડું પડતું લાગે છે. આમ જુઓ, સવિતાનારાયણ તો પધાર્યા, પણ અહીં તો હજુ પુરદ્વાર પણ ઊઘડ્યાં નથી, આપણે ત્યાં તો અત્યારે સંથાગારનાં વાદ્યો શરૂ થઈ ગયાં હોય ને બહારનું મેદાન તો રથનાં ચક્રોથી ક્યારનું ગાજી ઊઠ્યું હોય. '

' માલવો વાણિજ્યજીવી ખરા ને! પણ આશ્રમમાં તો વૈતાલિક શરૂ થયું, સાંભળ્યું? '

ઉપવનમાં દૂર દૂર કોઈ વીણા વગાડતું હતું.

'તો પછી શા સારુ ટાઢમાં ઠૂંઠવાવું?' કહી સારથિ નીચે ઊતર્યો. ધીરેથી આશ્રમનો દરવાજો ઉઘાડ્યો. રથને અંદર લઈ ને એક બાજુ ઊભો રાખ્યો એટલે રથી કૂદકો મારી હેઠો ઊતર્યો. ઉત્તરીય સરખું કરી કેડે બાંધેલ કૃષ્ણમૃગચર્મ પરની રેશમી મેખલામાં કૃપાણ બાંધી રથમાં પડેલ ભાથો–બાણ લીધાં.

' ચંદ્ર, તું મંજૂષા લઈ શકીશ ને? ' કહી એ આગળ ચાલ્યો. ચારેક ડગલાં આગળ જઈને પાછો ફર્યો. બંને અશ્વોની ગરદન પર પાણી કેશવાળી

સરખી કરી. ઘોડાઓએ જવાબમાં ફુત્કાર કર્યો એટલે હસીને કહે: 'હં, હવે બરાબર. બ્રાહ્મણુક અશ્વો થાકશે તો કેમ ચાલશે!' કહી એ ચાલવા માંડ્યો. રસ્તાની બંને બાજુ પારિજાતક ને બોરસલીનાં વૃક્ષોએ અતિથિના સન્માન માટે ફૂલોની પથારી કરી હતી. હજુયે ડાળીઓ હલી ઊઠતાં કોઈક કોઈક ફૂલ આવનાર પર પડતું. ઝાડોની પેલી બાજુ જવ અને વ્રીહિધાન્યના ક્યારા હતા અને એમાં બે જટાવલ્કલધારી યુવકો આ વહેલી સવારમાં કાંઈક કામ કરતા હતા. એમાંના એકને ચંદ્રે પૂછ્યું:

'ભગવાન મહાકાશ્યપનો આશ્રમ આ ને?' દાતરડા સાથે કામ કરતા એક જણે વગર-બોલ્યે હા પાડી ને એ આગળ ચાલ્યો. માટીનાં બે-ત્રણ સાદાં મકાનો વટાવી દૂરથી એક પાકું મકાન ચીંધી કહ્યું: 'એ યજ્ઞશાળા, ને બાજુમાં જ ગુરુજીનું મકાન છે.'

'ભગવાન અત્યારે હશે કે?'

'સ્નાન માટે નહિ ગયા હોય તો...' કહી એ પાછો ફર્યો. યજ્ઞશાળા પાસે આવીને જોયું તો ત્યાં હોમની બધી સામગ્રી જુદાં જુદાં આસનો પર તૈયાર પડી હતી, પણ કોઈ માણસ ત્યાં નહોતું.

'અહીંયાં પણ કોઈ દેખાતું નથી.' ચંદ્ર બબડ્યો. એ બ્રાહ્મણુકગણનો માનીતો સારથિ હતો. વાહિક દેશસમસ્તના ગણો પોતાના સારથિ તથા રથીઓને એના પાસે મોકલતા. આ જ માલવગણના એકાદશ જુવાનો હજુ ગયા વર્ષે જ એની પાસે એક સત્રપર્યંત રહી ગયા હતા. બ્રાહ્મણુક-ગણના યુવાન સેનાની આનંદને લઈને પોતે આવે છે એમ અગાઉથી સંદેશો પણ મોકલ્યો હતો, છતાં કોઈએ ન એને દરવાજો ઉઘાડી આપ્યો કે ન કોઈ એમનો આદરસત્કાર કરવા આવ્યું. જો આ બીજી કોઈ જગ્યા હોત તો એણે વિવેકહીન માલવોને ભાંડ્યા હોત, પણ આ તો ભગવાન મહાકાશ્યપનો આશ્રમ હતો. વાહિક પ્રદેશમાં જ્યાં જ્યાં એ ફરેલો ત્યાં એણે આ નામ અતિશય પૂજ્યભાવ સાથે ઉચ્ચારાતું સાંભળ્યું હતું. વેદકાલીન ઋષિઓના જાણે એ સમોવડિયા હોય તેવું સૌ એને માન આપતા. મિથ્યાદષ્ટિ બૌદ્ધ માલવો, આયુધજીવી કઠો, શૂરશ્રેષ્ઠ ત્રિગર્તો,

અશ્વિનીકુમારને પણ ઝાંખા પાડે તેવા મિથિલેશ જનકના વારસો જેવા બ્રાહ્મણો ને મેઘસમ ઘનશ્યામવર્ણવાળા સિંધુસૌવીરો—કોઈથી એમનો અનાદર થઈ શકયો નહોતો. સાંભળ્યું હતું કે યોગસૂત્રકાર ભગવાન પતંજલિના એ વંશજ હતા. બ્રાહ્મણકગણમુખ્યોને મોંએ એણે સાંભળ્યું હતું કે ગણપતિએ જ એમને માથે આ બધા ગણોની રક્ષાનો ભાર સોંપ્યો હતો. આવા મહામાનનીય પુરુષના આશ્રમમાં રખેને કાંઈક આડુંઅવળું બોલાઈ જાય તે બીકે તે ચૂપ રહ્યો. એણે જોયું તો એનો સેનાની પણ એક ઝાડને ટેકો દઈને જાણે ત્યાં ચંદ્રનું કે કોઈનું અસ્તિત્વ જ ન હોય તેવા એકધ્યાને બાજુની પર્ણશાળામાંથી આવતું સુમધુર સંગીત સાંભળી રહ્યો હતો.

'આ મંજૂષા હેઠે ઉતારું ?' એણે આનંદને ખભે હાથ મૂકીને પૂછ્યું.

સુખની પારાવાર તૃપ્તિ પછીની પ્રસન્નતાથી હસીને એણે કહ્યું : 'ક્ષમા કરજે, ચંદ્ર ! હું તો ભાન જ ભૂલી ગયો હતો કે તારે માથે ભાર છે !' કહી એણે પર્ણશાળાની ખડકી સહેજ ઉઘાડી, ને તરત જ થંભી ગયો—નાનકડા ચોકમાં તુલસીકયારા પર બેસી બે હિમધવલ મયૂરોને એક કન્યા વાદનના સૂરે સૂરે નચાવી રહી હતી. આનંદે મયૂરો તો જોયા હતા પણ આવા શ્વેતધવલ, આવા લાલ કલગીવાળા મયૂરો જોયા નહોતા. એનાં પીંછાંમાં પ્રાતઃકાલની ઉષાના તેજનો લખલખાટ હતો. એની ગરદન જાણે રેશમ કરતાંયે કોમળ ને અલકનંદાના પાણીથીયે નિર્મળ હતી. વાદ્યના સૂરે સૂરે પિચ્છકલાને પસારી એ સામસામા નાચતા હતા—ને કન્યા ? સૂર્યનાં કિરણો એના કેશગુચ્છ પર આવ્યાં હતાં—સૂર્યકિરણો કરતાંય એ વાળ સુંદર હતા. ગ્રીવાનો મરોડ, વીણાના તાર પર ફરતી ગુલાબની પાંદડીઓ જેવી આંગળીઓ, ચંદ્રતેજના પીંડમાંથી જ ઘડયું હોય તેવું સુઘડ મુખ—આનંદને થયું, જાણે વીણાધારિણી સરસ્વતી જ ત્યાં બેઠી હતી. એને થયું કે વાણિજ્યપ્રિય માલવોને ત્યાં આટલું આટલું રૂપ—કૌશલ, ને એ બંનેનેય વટાવે તેવી અનવદ્ય નિર્મલતા સંભવી શકે ? પણ આ તો મહાકાશ્યપનો આશ્રમ હતો. અહીં

જો સરસ્વતી ન હોય તો બીજે ક્યાં હોય ? એણે આંખો બંધ કરી, કારણકે રૂપ સંગીતની આડે આવતું હતું. આવી વીણા એણે ગણોના માંગલિક વર્ષારંભે ગણસમૂહના ઉત્સવોમાં પણ સાંભળી નહોતી.

'અરે ! અરે કાં–કેમ અટકી પડી વિશાખા ?' એણે જોયું તો મયૂરી મયૂરની ચાંચને ચાંચ અડાડતાં પાછી હઠી જઈ બારણા તરફ જોતી હતી. મયૂરીએ કોઈક બારણામાં ઊભું ઊભું છૂપી રીતે એનું નૃત્ય જોઈ રહ્યું છે તેમ ફરિયાદ કરી હતી.

'ત્યાં કોઈ છે, એમ ને ?' કહી યુવતી વીણાને બાજુ પર મૂકીને બારણા તરફ ચાલી–આનંદને થયું કે જાણે દેવનૌકા ચાલી !

'જો સુદત્ત હશે તો એને બરાબર સજા કરીશ.' કહી એણે જોરથી બારણું ઉઘાડી નાખ્યું. જુએ તો એક દીર્ઘબાહુ પ્રિયદર્શી ગંભીરમુખ યુવક. મોં પર પર્વતની દૃઢતા ને આકાશગામી પુરુષાર્થ, આંખમાં સાગરનું ગાંભીર્ય, સ્વાસ્થ્ય ને શક્તિએ જન્માવેલ આત્મવિશ્વાસ છે. કન્યાના મોં પર પકડાઈ ગયાની મૂંઝવણ દેખાણી. લજ્જાભર્યું હસીને એ બોલી:

'સેનાની આનંદ તો નહિ ?'

'હા ભગવતી !' યુવકે હસીને હાથ જોડી પ્રણામ કર્યા ત્યારે જ કન્યાને લાગ્યું કે એના દુર્ભેદ્ય દેખાતા બાહ્ય કવચ નીચે પણ એક ઉલ્લાસમય–વિનયશીલ કુમાર પડ્યો છે.

'તમે મારી વિશાખાને ગભરાવી મારી !' એણે આનંદને અંદર લઈ જતાં કહ્યું અને પછવાડેની એક કુટિરમાં એનો સામાન મુકાવ્યો.

'હમણાં પિતાજી આવશે, એ શતદ્રુ સ્નાનાર્થે ગયા છે.'

'ભગવતીનો પરિચય ?' એણે ભાથો નીચે મૂકી કટિમેખલા છોડતાં પૂછ્યું.

''ભગવતી' કહેતાં કોણે શીખવ્યું ? ને તેય મને ! આનંદ, હું તો તમારા કરતાં નાની છું. મને ઓળખતા પણ નથી ? હા, પણ તમે અહીં ક્યાં આવ્યા છો ?'

'સહભાગી નથી !'

'તમે બ્રાહ્મણકો બહુ વિનયી લાગો છો !'

'સુચરિતા !' વાતાવરણને માંગલ્યથી ભરી દેતી એક હાક આવી.

'પિતાજી, આનંદ આવી ગયા છે.' કન્યા દોડતી બહાર ગઈ. 'સુચરિતા...હં...' આનંદ અડવાણે પગે જ ઉતાવળે બહાર આવ્યો ને ઉંબરામાં જ મહાકાશ્યપના ચરણોમાં દંડવત્ પડી ગયો.

'દીર્ઘાયુ થા ! આયુષ્મન્ !' મહાકાશ્યપે એને હાથ ઝાલીને બેઠો કર્યો ને જોતાં ધરાતા ન હોય તેવા સ્નેહથી એકાગ્રભાવે એની મુખરેખા જોઈ રહ્યા. આસન પર એને બેસાડી માથે હાથ ફેરવતાં ખબર પૂછવા માંડયા : 'છે તો કુશળ ને ? માર્ગમાં કાંઈ વિઘ્ન તો નહોતું નડયું ને ? અમે તો હજુ તું આવતીકાલે પહોંચીશ એમ ધારતાં હતાં.'

આનંદ એની પ્રમાણમાં નાની ઉંમરમાં પણ ઘણું ફરી વળ્યો છે. વાહિક દેશમાં તો એ ઘૂમ્યો છે જ, પણ દૂરના હિંદુકુશ પહાડોનીય પેલે-પારના ગાંધાર-પકથ, સુગ્ધ ને પાર્થિયામાં પણ એ ભમી વળ્યો છે. કપીશ દેશનાં અલૌકિક ઉપવનો ને અલૌકિક નરનારીઓને જોયાં છે. અનેક સંથાગારો ને પણિભવનોમાં વિધવિધ રાજપુરુષ–વિદ્યાવારિધિઓની સાથે સંગ સાધ્યો છે. પણ ભગવાન મહાકાશ્યપના પગની રજ તરીકેય એમાંનું કોઈ આવી શકે કે કેમ તેની આજે એનો સ્પર્શ થતાં જ એના અણુએ અણુને શંકા થઈ. નવવર્ષના માંગલિક ઉત્સવે ગણોની સામૂહિક શરતોના આભિજકૃત ને નિરીક્ષક તરીકે એક-બે વખત આ પહેલાં એમને જોયા હતા, પણ તે દહાડે પોતે હજારો પ્રેક્ષકોમાંનો એક હતો ને એ તો અતિ-અતિ ઉચ્ચાસને–જેની પાસે પહોંચવું સાવ સરલ છતાં દુર્લભ એવા સ્થાને–બેઠા હતા. ગણમુખ્યોનાં ચકચકતાં શસ્ત્રો ને આભરણોના ઝળહળાટ વચ્ચે એમને પૂરા જોઈ શકાય તેમ પણ નહોતું, છતાં એક ખાતરી તો તે વખતેય થઈ હતી કે આ વિષયપરાયણ સમાજમાં એમના જેવાનું હલનચલન જ હવાને પરિશુદ્ધ રાખતું હશે. પણ આજે એમના શીતળ સ્પર્શે તો એને જાણે સહસ્રમુખે કહી નાખ્યું: 'અહીં બધી કામનાઓનાં વિસર્જનમાંથી

સર્વ શુભનો પુનર્જન્મ થાય છે, અહીં પુષ્પની સૌરભ, પૃથ્વીની દાનશીલતા ને મુક્તિનું અમરત્વ આવી વસ્યાં છે. આકાશને ઊંચે લે તેવા આ ઉન્નતશીર્ષને કોઈ લોકાપવાદ સ્પર્શી શકે તેમ નથી, ને આ વક્ષઃસ્થળ હરકોઈનાં કૂડ-કપટ, વાંધા–વિરોધ સમાવી શકે તેવું વિશાળ છે.'

એણે ગદ્‌ગદ કંઠે કહ્યું: 'આપના આશીર્વાદ હોય ત્યાં મુશ્કેલી શું નડે? અશ્વો વેગીલા હતા, રસ્તા પણ વર્ષાઋતુ ગઈ છે એટલે સારા થઈ ગયા છે, ને એમાં ચંદ્ર સારથિ એટલે વહેલો પહોંચ્યો. આપને કાંઈ મુશ્કેલી?'

'ના રે ના! આ તારું ઘર જ સમજવું.' ઘડી રહીને, 'સમજવું શું? છે જ. તને ખબર છે, સુચરિતા, કે આનંદ આ પર્ણશાળામાં જ ઊછર્યો છે?'

'ના, ના! એ તો તમે કહ્યું જ નથી! બીજું ઘણું કહેલું...' કહેતાં સુચરિતા મહાકાશ્યપ પાસે લાડથી બેસી ગઈ.

'મારી બાએ મને કહેલું.' આનંદે ધીમેથી કહ્યું.

'કહેલું? કહેજ ને! આ તો તમારી બાલ્યભૂમિ! શું આવવાનું થયું, કહે? ગણાધીશ આત્રેય તો સારા છે ને? એમની અશ્વશાળા?'

'ગણાધીશ કુશળ છે ને એમણે જ આપને પ્રણામપૂર્વક કહ્યું છે કે, 'અલ્લડને મોકલેલ છે. તેને ઠારી–મઠારીને સહેજ સંસ્કારી કરે.' કહ્યું છે કે, 'અમે રણની લગોલગ રહેનારા, એટલે જે કાંઈ અવિદ્યા રહી હોય તે ઝાડીઝપટીને કાઢી નાખે.'' કહેતાં ભાથામાંથી એક કોથળી કાઢી આચાર્યના પગ પાસે નિષ્કની ઢગલી કરી એ ઘૂંટણે પડ્યો.

'હાં...હાં...છે શું? તારી ખ્યાતિ તારા આવવા પહેલાં અહીં પહોંચી ગઈ છે. ગયે વર્ષે સમાજમાં જયમાળ તેં જ પહેરી હતી ને? તારે વળી કઈ વિદ્યા બાકી રહી છે?'

'ચિકિત્સાશાસ્ત્ર. વિક્રમશીલા એટલા માટે ગયેલો, પણ આપના વિના તો ત્યાં સૂનું સૂનું લાગ્યું–જાણે ચિકિત્સાવિદ્યા તમારે પગલે ચાલી નીકળી...એટલે!'

'એ પગલે પગલે અહીં આવ્યો, ખરું? ભલે, ભલે! એક સુદત્ત તો હમણાં ભણે જ છે, ને બીજો તું. ને તારે માટે તો વંશાનુગત વિદ્યા છે. તારા પિતા ને હું સાથે જ ભિષગાચાર્ય જીવકના પ્રમુખશિષ્ય રત્નભદ્રની પાસે શીખેલા. નિદાનશાસ્ત્ર, ઔષધિપરખ, રસવિદ્યા, શરીરવિદ્યા—એ બધું શીખવું હોય તો જા ને શીલભદ્રની પાસે? રાહુલની જેમ શા સારુ દાયભાગ નથી માગતો? ભંડાર તો એની પાસે ભર્યો છે, ને હું તો હવે ખાલી કૂવા જેવો થઈ ગયો છું.' કહી એમણે સામે દેખાતા પહાડ પર નજર ઠેરવી. 'શીલભદ્ર સુચરિતાના ગુરુ છે એ ખબર છે?'

'ખોટું! ગુરુ કેવા? કોઈ કોઈવાર આર્યાને મળવા જાઉં છું એટલું જ.'

'ઉપદેશ નથી સાંભળતી કે?'

'સાંભળું છું કોઈ વાર! ગુરુ શાના?'

'પણ ગુરુ થવાના છે, જોજે!'

'કોના? સુચરિતાના?' આનંદે સહેજ તીવ્ર સ્વરે પૂછ્યું.

'એની રેખામાં છે.'

'ક્યાં, સામે રહે છે?' એણે જે પહાડ પર મહાકાશ્યપે નજર ઠેરવી હતી તેની સામે આંગળી ચીંધી.

'હા, એ નિર્વાણગિરિ છે. ત્યાં સારિપુત્તવિહાર છે. આચાર્ય શીલભદ્ર ત્યાં રહે છે. તારે જવું હોય તો સાંજના જજે સુચિને લઈને. આર્યા સુવ્રતા પણ તને ઝંખે છે.'

'આર્યા સુવ્રતા કોણ છે?'

બંને બાપ–દીકરી સાશ્ચર્ય એની સામે તાકી રહ્યાં.

'આર્યા સુવ્રતા કોણ એ ખબર નથી?'

'ના.'

'આત્રેયે નહિ કહ્યું હોય! આર્યા સુવ્રતા તે જ તારી માતા ગૌતમી. સાંજે ત્યાં જઈ આવજે.'

'આર્યા કેવાં હરખાશે!' સુચરિતાએ કહ્યું.

'હું ત્યાં શા માટે જાઉં ?' એણે રુક્ષ સ્વરે કહ્યું, ને પછી જાણે ગૂંગળાતો હોય તેમ ઝટઝટ ઊઠી પડયો. 'આપને યજ્ઞનું મોડું થતું હશે–હું પણ સ્નાન કરી આવું.' કહેતોક એ વસ્ત્ર ઊંચકી જે દિશા પહેલી ભાળી તે તરફ એ ચાલતો થયો. કટિમેખલા સાથે બાંધેલ કૃપાણ છોડવા પણ એ થોભ્યો નહિ. આચાર્ય ને સુચરિતા એને જોઈ જ રહ્યાં. 'વિશ્વંભર ! વિશ્વંભર !' કહી આચાર્ય ઊઠયા. સુચરિતાને સમજાયું નહિ કે આનંદ શા માટે આમ ભાગી છૂટયો. એણે ચંદ્રને પૂછ્યું, 'તમારા સેનાની આવા ઢીલા કેમ છે ?'

'તમને ખબર નથી બ્હેન ! એની ઢીલપનું પારખું તમે શું કરી શકો ? હાથીની સાથે યુદ્ધે ઊતરવાની તમારા કોઈ માલવની તાકાત છે ? એણે ભલા ભલા માતંગોનો મદ ઉતારી નાખ્યો છે.'

'લાગે છે તો એથી ઊંધું !' કહી સુચરિતા ચાલી.

'તમને ખબર નથી બેન–એના હૈયાની. એક ફક્ત માની વાત આવે છે ત્યાં હિમની જેમ એ ઓગળી જાય છે.'

પણ સુચરિતાએ પાછલું વાક્ય સાંભળ્યું નહોતું. એ ધીમે ધીમે જે તરફ આનંદ ગયો હતો તે તરફ ગઈ. ઘાટ પર કોઈ નહોતું. કાંઠાના અર્જુનવૃક્ષની ઘટામાંથી ધરા પર જતી કેડીએ કદાચ એ ચાલ્યા ગયા હોય. પણ ત્યાં તો એક મોટો મગર રહે છે. અજાણતાં એ ઊંડે ધરામાં ચાલ્યા જશે તો ? ભયવિહ્વળ બનીને એ ઉતાવળે પગલે કેડીએ ચડી–લગભગ દોડવા જ માંડી. સામાન્ય રીતે આ કેડી કોઈક જ વાપરતું. એ ધરા પર નાહવા તો કોઈ જતું જ નહિ, માત્ર કોઈ વાર સમિધ વીણવા કે એકાંત ધ્યાન ધરવા કોઈ આવી ચડતું, બાકી તો ખેર, શીમળો ને અર્જુનનાં વૃક્ષો જ એકબીજા સાથે વાર્તાલાપ કર્યા કરતાં. 'અરે ભગવાન ! મને એટલું કેમ ન સૂઝ્યું કે નીકળ્યા ત્યારે જ 'ધરા પર ન જતા' એમ કહી દઉં ? હવે જો એ જઈને પડયા હશે... ને મગર તો...'આગળ વિચાર કરવાની એની હિંમત જ ન ચાલી. એના પગ ઘૂંટણમાંથી જાણે ગળવા માંડયા. આનંદને એણે નજરે જોયો છે

તો આજે પહેલી વાર, પણ કલ્પનામાં તો ઘણીયે વખત જોઈ જોઈને એ એને મન પરાયો રહ્યો જ નથી. ગૌતમી માની વાણી દ્વારા એને જોયો છે. એમનાં આંસુમાં એ છબી જોઈ છે. ઠોકર ખાતી, પડતી–આખડતી એ ધરાને કાંઠે જઈને જુએ તો અંદર કોઈ નથી, પણ એક જાંબુડાના ઝાડ નીચે કોઈક ઊંધે માથે રડી રહ્યું છે. જો એનું મન વિહ્વલ ન હોત તો કદાચ દૂરથી જ એ ધ્રુસકા સાંભળ્યા હોત. સ્ત્રીઓને રડતી એણે ઘણીવાર જોઈ છે, કોઈનું રુદન જોઈને પોતેય રડી પડી છે, ગૌતમી માનાં આંસુથી કેટલીયે વાર પુનિત પણ થઈ છે, પણ પુરુષને રડતો એણે કદી જોયો નથી. બંધ તૂટી જતાં જાણે સર્વસ્વ તણાઈ ગયું ને 'મને કેમ નથી તાણી જતા? કેમ નથી તાણી જતા?' એમ કોઈ આક્રંદ કરતું હોય એવું દારુણ આ રુદન છે. સુચરિતાને ઘડીક એમ થયું કે એની પાસે જઈને આશ્વાસન આપું. પણ એની હિંમત ન ચાલી.

પાસેના જ વૃક્ષને ટેકો દઈ એ બેસી ગઈ. એને ખબરે ન પડે તેમ એની આંખમાંથી પેલાં હીબકાંની સાથોસાથ આંસુ ટપકવા માંડયાં.

ચંદ્રનાં વેણ સુચરિતાના કાનમાં પહોંચ્યાં નહોતાં, નહિતર એ સમજી જાત કે એને પોતાને પણ હલાવી મૂકનારું એ રુદન ક્યાંથી આવતું હતું. ચંદ્રની વાત સાચી છે કે આનંદ વજ્રહૃદયનો છે, ખોટી દયામાયા એનામાં નથી, ને એવું હોય તો તે તેને પાલવે તેમ પણ નથી. બ્રાહ્મણકોનું ગણરાજ્ય વાહિક પ્રદેશમાં સૌથી નાનું, માત્ર ૮૦ જનપદોનું જ બનેલું, સંસ્થાન છે. એમાંના મોટા ભાગના રહીશો પણ બ્રાહ્મણો જ છે. સિંધુના બંને કાંઠા પર એ ગામડાં વહેંચાયલાં છે. પણ સિંધુ તથા શતદ્રુના સંગમ પરનું એ છેલ્લું ગણરાજ્ય હોવાથી ઉપરવાસનાં બધાં જ વાહિક ગણરાજ્યોના વ્યાપાર પર એની પકડ છે. વિપાશા, આસિન્કી, વિતસ્તા, શતદ્રુ, ઇરાવદી વગેરે નદીઓની ખીણોમાં પથરાયલાં નાનાંમોટાં રાજ્યોનો વ્યાપાર સિંધુ મારફત જ ચાલે છે, ને એ જ સિંધુકાંઠા પર છે એ બ્રાહ્મણકોનું ગણસ્થાન–નાનું છતાં દૃઢ ને વજ્રનિશ્ચયી. નીચેના પાતાનપ્રસ્થના રાજાને પણ એ લાલ આંખ બતાવે છે ને ઉપરવાસના ગણોને પણ એની મર્યાદા સમજાવી શકે છે. ખોટી દયા કે ખોટી શરમ રાખે તો એ જીવી શકે તેમ નથી, એટલે જ આઠે પ્રહર સમસ્ત જનપદ શસ્ત્રસજ્જ રહે છે. એટલે એ આયુધજીવી ગણ કહેવાય છે. ત્યાંના બ્રાહ્મણોને શસ્ત્ર તેમ જ શાસ્ત્ર બંનેમાં પારંગત થવું પડે છે. ધનુર્વેદને પાંચમો વેદ ગણીને પૂજાય છે. ત્યાં સ્થાયી લશ્કર નથી–સમસ્ત પ્રજા એ જ સેના. આવી પ્રજાના સેનાનીને અનેક તાલીમમાંથી પસાર થવાનું રહે છે. વચ્ચે આરામ લીધા વિના સિંધુ પાર કરતાં એને આવડવું જોઈએ. નૌ-સંચાલન એને

આવડવું જોઈએ. ધનુર્વિદ્યા, અશ્વવિદ્યા ને ગજવિદ્યાનો એ જાણકાર હોવો જોઈએ. મલ્લવિદ્યા એને ન આવડે તો તો ન જ ચાલે. ને આ ઉપરાંત એની આજીવિકા માટે તો એણે એકાદ શિલ્પ હસ્તગત કર્યું હોવું જોઈએ. નિશદિન કાર્યપ્રવૃત્ત ન રહે તેનાથી આ સિદ્ધ થઈ શકે તેવું જ નથી. આનંદે આ બધુંય સિદ્ધ તો કર્યું છે, છતાંય ગણમુખ્યો એક વસ્તુ માગે છે—ને તે લાગણીહીનતા.

આત્રેયની હોંશ છે આનંદને ગણશ્રેષ્ઠ બનાવવાની. ગણમુખ્યો જાણે છે કે આત્રેય આનંદના માતામહ છે—જોકે આનંદને એ ખબર નથી. એ તો એટલું જ જાણે છે કે એ બાળક હતો ત્યારથી માતા બ્રાહ્મણક જનપદમાં આવી હતી. નાનું–મોટું કામ કરીને એને એણે મોટો કર્યો હતો, પણ દસ વર્ષ પહેલાં એને આત્રેયના હાથમાં સોંપી એ ચાલી ગયેલી. નંદિગ્રામ આવવા એ નીકળ્યો ત્યારે વૃદ્ધ આત્રેય એને રથમાં દૂર સુધી વળાવવા આવેલા ને તૂટક તૂટક વાણીમાં એને પોતાનો મનોરથ કહેલો: 'આનંદ, તું મારી ને આ બ્રાહ્મણકોની આશા છે હો! મા વિદેશ-વાસી સંતાનની વાટ જુએ તેમ અમે સૌ તારી વાટ જોશું. હું તો આજે જ તને યોગ્ય ભાળી આ ભાર તને ભળાવવા અધીરો થઈ ગયો છું, પણ આસંગ, માતલિ ને બીજા ગણમુખ્યો ના પાડે છે. એ કહે છે કે તું હજુ ઊર્મિવશ થઈ જા તેવો છે.'

'તમે તો મને ઊર્મિજડ નથી કહેતાને, દાદા?'

'હા, હું તો તને જડ જ ગણું છું. થોડો કુમળો થાય તો સારું. ભગવાન મહાકાશ્યપ પાસે એટલા માટે જ તને મોકલું છું. જડ ન હોત તો કોઈક દિવસ તો મને પૂછત: 'દાદા, શા કારણે મને આટલો બધો સાચવો છો? શા માટે મારી પાછળ આટલું ખરચાઓ છો?''

'ગણાધીશ તરીકે બધા જ અનાથ બ્રાહ્મણકોની સંભાળ લેવી તે તમારી ફરજ છે, એટલે.'

'ફરજ? ગાંડા, ફરજ ક્યાંયે હેત લાવી શકે છે? પણ તને એ હેત જોવાની ક્યાં નજર જ છે! એટલે જ હું તો એમને કહું છું કે આ

આનંદ તો તમે કહો છો તેથીય વધારે લાગણીજડ છે. પાગલ! મારા ને તારા મોં વચ્ચે, ગૌતમી ને મારી રેખા વચ્ચે, કોઈ દહાડો ક્યાંય એકવાક્યતા નથી વાંચી શક્યો આટલાં વર્ષેય તું ?'

આનંદને એકીટશે પોતાની સામે તાકી રહેલો જોઈ વૃદ્ધ આત્રેયે કહેલું : 'હું તારો માતામહ છું.' પછી સિંધુને કાંઠે કાંઠે દડયે જતા રથમાં બેસીને એણે પોતાની વાત સાંભળી હતી કે, એની મા ગૌતમી પ્રથમ દેવભૂતિ ને સાધુ-અવસ્થાના આચાર્ય શીલભદ્ર વેરે આત્રેયની ઇચ્છા વિરુદ્ધ પરણી હતી. તક્ષશિલાથી તાજો જ પંડિત થઈ ને એ આવ્યો હતો. ગૌતમીને ઔષધોપચાર કરતાં પ્રેમોપચાર પણ થયો હતો. સિંધુનાં ગંભીર કાળાં ને ઊંડાં પાણીની સાક્ષીએ એવા જ ગંભીર-ઊંડા સ્નેહની આપ-લે થઈ હતી; પણ જ્યારે આત્રેયે એની સુશીલ કન્યાને કહ્યું કે, 'બેટા! પણ એણે આપણી પરિપાટી મુજબ કાં તો બ્રાહ્મણક ને કાં તો કહગણ-નિવાસી થવાનું રહેશે.' સરલ બાલાએ કહેલું : 'એને અહીં જ રહેવામાં શું વાંધો હોય ?' પણ આત્રેયે જ્યારે પોતાની કન્યાએ પસંદ કરેલ યુવકને જોયો ત્યારે મન માન્યું નહિ. 'મને પહેલેથી જ એના ચહેરા પર દીપકમાં પડતા પતંગ જેવું ગાંડપણ લાગેલું. બ્રાહ્મણક દયિતાના સ્વામીને શોભે તેવું ધૈર્ય, વિનય ને નવનીત પ્રેમની પ્રસન્નતા નહોતી, ઊલટું પતંગના જેવું ગાંડપણ અને આગ્રહીપણું દેખાયું, એટલે મેં એને કહ્યું કે, 'જુઓ, મારી કન્યાની સમજણ વિષે મને અવિશ્વાસ નથી, પણ પંડિતજી! હું તમને ઓળખતો નથી એટલે બે શરત કરીશ—એક તો તમારે આ ગણની કન્યા જોઈતી હોય તો અહીં જ સ્થાયી થવું પડશે, ને બીજું છેવટની સંમતિ આપતાં પહેલાં હું તમને એક વર્ષ સુધી મારી સાથે રાખીને ચકાસીશ. મારી ગૌતમી હીરો છે, એ સુવર્ણવલયમાં જ બંધ બેસશે.' એ અભિમાનીએ કહેલું : 'કોઈ શરતોથી હું લગ્ન કરતો નથી. સંભવે છે કે તમારા હીરાને લાયક હું ન પણ હોઉં.' નિશ્વાસ નાખી આત્રેય કહે: 'તે દહાડે જ મારા અંતરાત્માએ કહી દીધેલું કે આ બીજા ગમે તેને માટે સુપાત્ર હોય પણ પ્રેમને માટે તો નથી જ'

પછી ? પછી શું ? એક દહાડે ગૌતમી રડી, પિતાના પગ ભીંજવ્યા— પ્રેમીનો ખોળો ભીંજવ્યો. રણમાં વરસાદ જેવું નિરર્થક. ન પિતાએ સંમતિ આપી—ન પ્રેમીએ નમતું આપ્યું. એક દિવસ મધરાતે ગૌતમી પંડિતની સાથે અદૃશ્ય થઈ ગઈ. વૃદ્ધ આત્રેયે કહ્યું : 'સ્નાન કરી નાખો.'

પછીની વાત તો એણે છૂટક છૂટક માને મોંએ જ સાંભળી છે. જળભારે નમી પડતી વાદળીની જેમ જ્યારે વેદના ઊપડી આવે ને આંસુ ટપકવા માંડે ત્યારે કોઈ કોઈ વાર દીકરાએ વેણ પકડ્યાં છે. એ ઉંમરે તો એ માનાં આંસુ ઝીલે કે વાણી ? સમજાય પણ કેટલું ? પણ નિદ્રામાં કે જાગતાં ક્યારેય એ અશ્રુપ્રવાહમાં તણાઈ જતો કંઠ, છલકાઈ જતી આંખો ને વેદનામાં દાઝેલું મુખ કદીય ભુલાયાં નથી. ગામમાં સૌને પિતા છે, દરેકનો પિતા ખાવાનું, લૂગડાં, રમકડાં, ઘરેણાં લાવી આપે છે, દરેકને 'બાપા' છે—તેડે છે, હુલાવે છે, બચી કરે છે, ખભે બેસાડીને ફેરવે છે, કાન ખેંચે છે, ખિસ્સાં ભરી દે છે. દરેકને પગે લાગવા, ખોળે ચડવા, વાળ ખેંચવા, આંગળીએ વળગાડવા, ઉપરાણું લેવા પિતા છે—ને પોતે એક જ આ સંસારમાં કેમ પિતાવિહોણો ? પિતા મરી નથી ગયા. જો મરી ગયા હોત તો બા સૌભાગ્યચિહ્ન શા સારુ રાખત ? 'સતી થવાની સુખશાન્તિ પણ ઝૂંટવી લીધી !' એમ શા સારુ કહેત ? પથારીમાં પડ્યાં પડ્યાં માયે ન સાંભળે તેવી રીતે ઘણીવાર એણે રડ્યા કર્યું છે. 'ક્યાં છો તમે, બાપા ?' મનમાં આવી કેટલીયે તીવ્ર ચીસો પાડી છે. ત્રિલોકના કોઈ પણ ખૂણેથી આ ચીસો સાંભળીને એ આવી જ પહોંચશે એવી બાલભાવે એણે શ્રદ્ધા રાખી છે. કેટલાય સાયંકાળે બાળભાવે ઉડુગ્રામના પાદરે જઈ ને એ ઊભો રહ્યો છે—જાણે કે હવે તો પૃથ્વીના અંતરાલે એ ચીસો પહોંચી ગઈ હશે ને એના પિતા આ તરફ આવવા નીકળી પણ ચૂક્યા હશે. કઈ દિશાએથી એ આવે છે તે જોવા એણે ડોક દુખવી નાખી છે, પણ કોઈ દહાડે એનાં આશા—ઊછરંગ ફળ્યાં નથી. રોજ સંધ્યાએ દીન—ભિખારીની જેમ ખાલી હૈયે એ પાછો આવ્યો છે. એવા જ એક દિવસે એ સિંધુને

કાંઠે બેઠો હતો. તે દિવસે તેણે સંકલ્પ કર્યો હતો કે, આજ તો બાપા આવવા જ જોઈએ. એ ન આવે તો નદીમાં ડૂબી જ મરવું—ભલે એ આવીને પછી રોવે! સંધ્યાના અનેકરંગી અજવાળામાં એ સામા કાંઠા સામે જોતો બેઠો હતો: જાણે હમણાં એકાદ નૌકા આવશે—અહીં લાંગરશે ને પિતા અનેક જર–જવાહિર ને વસ્ત્રાભૂષણો સાથે ઊતરશે. નૌકાઓ તો આવી, પણ કોઈ લાંગરી નહિ—અને સમુદ્ર તરફ ચાલી ગઈ. અંધારું થયું. આશાભંગ થઈ દાંત કચકચાવી એણે ઘાટનાં પગથિયાં ઊતરવા માંડયાં. કાંડાસમું પાણી થયું. એણે કહ્યું, ' હજુ આવો !' ઘૂંટણ સુધી થયું: ' હજુ આવો !' એણે મોટેથી બૂમ પાડી. કાલે આવશે તો પસ્તાશે—એને થયું. એક ડગલું આગળ ભર્યું. ઓચિંતાનું એને થયું : ' બા રાત આખી કેવી રોશે ? કાલ સવારે અહીં મારું મુડદું ભાળશે ત્યારે ? ' ચોધાર આંસુથી ઢંકાયલો માતાનો સ્નેહાર્દ્ર ચહેરો યાદ આવતાં જ એ એક ઠેકડે નદી બહાર કૂદી પડયો.

જમીનને પગ અડકતાં એનાં ક્રોધ—ચીડ—વિષાદ આંખનાં આંસુ થઈ ને ટપકવા માંડેલાં : ' ન આવ્યા ?...છો ન આવ્યા. અમારે તમારા વિના ચાલશે.' એ બબડતો હતો ત્યાં ' હું...આવી...આવી...' કહી એને કોણે બથમાં લીધેલો ? ને એ એટલું જ બોલી શકેલો: ' બાપા ન આવ્યા !' નદી ને વનવગડાને પણ રોવરાવે તેવા મા–દીકરાના રુદનની સ્મૃતિય આજે એને હલાવે છે. જે ઘાટને કાંઠે પ્રેમ જન્મ્યો હતો તે જ ઘાટે આંસુનો ખોબો અર્પ્યો પછી માએ એને કહેલું :

' તારા બાપા તો ભગવાનની સેવા કરવા ગયા છે. '

' તો...કહે ને કે મરી ગયા છે ? '

' ના, આ લોકમાં જ છે, ને ભગવાન પાસે છે. '

' કયા ભગવાન પાસે ? '

' ભગવાન તથાગત ! '

ભગવાનનું નામ તો એ તે દિવસે નહિ સમજેલો, પણ એણે ચીડમાં કહેલું : ' પણ આપણી પાસે એ કેમ નથી રહેતા ? '

'એના ભગવાન નહિ રજા આપતા હોય.' માએ ડુસકાં ખાતાં કહેલું.

'તો ભગવાનને શા સારુ એ છોડી નથી દેતા?'

માએ હસીને કહ્યું, 'ભગવાનને તે છોડાય, ગાંડા! ભગવાનના ચરણમાં તો સૌનો આશરો છે.'

'તો પછી ચાલો આપણે બધાંય ભગવાન પાસે જઈએ.' છોકરાએ ચિડાઈને કહેલું.

'જશું? તારે જવું છે તારા બાપા છે તે ભગવાનની પાસે?'

'આપણે તારા બાપા છે ત્યાં જશું' એમ કહીને તે દિવસે માતા દીકરાને ઘેર લઈ ગયેલી, ને નદીકાંઠે એ શું કરતો હતો એ જાણ્યું ત્યારે દીકરાને પોતાને ગળે હાથ મુકાવી પ્રતિજ્ઞા લેવરાવી કે ફરી કદી આવો વિચાર એ નહિ કરે.

પછી જ્યારે જ્યારે માની પાસે પિતા સંબંધમાં વાત નીકળી છે, ને પોતે એની નિંદા કરી છે, ત્યારે એને જવાબમાં મૃદુ–મીઠો ઠપકો જ મળ્યો છે: 'પિતાની નિંદા કરે તેને કંઈ પુત્ર કહેવાતો હશે!'

'તો...જે પુત્રને છોડી જાય તે તે કંઈ પિતા કહેવાતા હશે!'

'તારી બુદ્ધિ પાકી જબરી!' મા એક ટપલી મારતી ને પછી નિસાસો નાખી ધીરેથી મનમાં મનમાં કહેતી: 'હું જ એક એવી અણુધ નીકળી કે એમને ન બાંધી શકી.' પછી દીકરાને પ્રગટપણે કહેતી: 'જો આનંદ, સિંધુમાં કોઈની હોડી બૂડતી હોય, માણસો તણાતાં હોય, એમાં કોઈ એને તારવા પડે તો તને કેવું લાગે?'

'કેવું કેમ? ભારે પરાક્રમ કહેવાય. એની તો હું મૂર્તિ બનાવું.'

'પણ એની સ્ત્રી એને ન પડવા દે કે પડવા માટે શાપ દે...તો?'

'...એ સ્ત્રીની ભૂલ કહેવાય.' મા મનમાં ને મનમાં કહેતી: 'બાપ શો જ બેટો હોય ને! મોરનાં ઇંડાં તે ચીતરવાં પડતાં હશે!'

'આનંદ, ત્યારે તારા બાપા પણ એવી જ રીતે ડૂબતાંને તારવા

પડ્યા છે. એની નિંદા ન થાય. નિંદા કરીએ તો પાપ લાગે. ભગવાનને એક જ પ્રાર્થના કરીએ કે પ્રભુ એમને ક્ષેમકુશળ રાખે !'

આનંદ ચૂપ થઈ જતો, પણ એનું મન તો પ્રશ્નોત્તર કર્યાં જ કરતું કે, ખારવા તો બચે તેટલાને બચાવીને ફરી કાંઠે આવે છે અને સાંજે પોતાને ઘેર જઈ સગડીએ બેસી તાપે છે—તો પછી એના પિતા આટલાં વરસ થયાં છતાં કેમ નથી આવ્યા ? કયા દેશમાં, કઈ નદીમાં એ પડતા હશે ? સાંજ પડયે એ ક્યાં બેસતા હશે ? આના ખુલાસા એને કાંઈ ન મળતા—પણ માની એક આજ્ઞા મળી હતી—' નિંદા ન થાય.' એમ કરતાં માળાના પારાની જેમ દિવસો જવા માંડયા : માતા કોઈનું દળણું દળતી, કોઈનું કાંતી આપતી, ને દીકરો પંડિતની નિશાળે ને ક્રીડાંગણમાં પાઠ ભણતો. આડોશીપાડોશી કહેતાં : ' ગૌતમી ! તારા આનંદે આજે ફલાણાને ડૂબતો બચાવ્યો, આજે ઘોડદોડમાં પહેલો આવ્યો. ' ને એનો થાક માત્ર ઊતરી જતો.

એમાં એ દિવસ ઊગ્યો. આનંદની ઉંમર ત્યારે ચૌદ વર્ષની હતી. તે દિવસે પોતે સાંજે રમીને આવ્યો તો મા રાંધણિયામાં એક થાળીમાં કંસાર પીરસી બેઠી હતી. એરંડિયાના ઝાંખા પ્રકાશમાં પણ આનંદે જોયું તો માની આંખો સૂજી ગઈ છે. માથું વિશ્વસમસ્તનો ભાર આવ્યો હોય તેમ દબાઈ ગયું છે. આનંદને પહેલાં તો થયું કે ઘણીવાર બાને આગળ-પાછળના જીવનની યાદ આવે છે તેમ કંઈક યાદ આવ્યું હશે, એટલે મૂંગો મૂંગો એ ખાવા માંડયો. થોડીવાર પછી એણે ઊંચું મોં કરી જોયું તો મા હજી ખાતી નહોતી. ભાણામાં ટપટપ આંસુ પડે છે. આનંદના કંઠમાં રુદન ઊભરાઈ ઊઠયું: ' અમારે એકલાને જ ખાવાનું કે ?' કહી એણે ભાણાનો <u>ધા કર્યો</u>. પણ હરવખતની પેઠે માએ આ વખતે એને બાથમાં કે ખોળામાં ન લીધો, પણ 'હા...દૈવ !' કહી ભોંયે પડી માથું ઘસવા માંડયું. ' મેં તમારો શો અપરાધ કર્યો છે, શાં પાપ છે મારાં કે આ દંડ ? ' દીકરાનું રુદન આ જોતાં જ દબાઈ ગયું. ' બા ! બા ! શું થયું છે ?' પછી પોતાને લાગ્યું કે બાએ હોંશે બનાવેલો કંસાર

પોતે ફગાવી દીધો એટલે કદાચ એને ખોટું લાગ્યું હશે એમ ધારીને ફેંકી દીધેલ થાળી લઈ આવી એણે મા પાસે મૂકી અને હીબકે ચડી ગયેલ માને કહેવા માંડ્યું: 'બા ! હું ખાઉં છું. તું બેઠી થા.' પણ બા તો બેઠી ન થઈ. ગૌતમી તો હીબકાં લેતી હતી. દીકરાએ એને હલબલાવી, આડોશીપાડોશી સાંભળે તેમ મોટેથી એણે માફી પણ માગી, પણ જવાબ ન મળ્યો. જોયું તો હીબકાંય બંધ થઈ ગયાં હતાં. જુએ તો દાંત દાઢે ચડી ગયેલા ને નિશ્ચેષ્ટ થઈ તે પડેલી. છોકરાએ મોટેથી બૂમ પાડી: 'દોડો ! દોડો ! મારી બાને કાંઈક થઈ ગયું છે.' આડોશપાડોશનાં સૌ દોડી આવ્યાં. એક–બે બાઈઓએ પગે ને માથે ઘસવા માંડ્યું. એક જણે રડતા આનંદને છાનો રાખવા કહ્યું: 'જો, તારી બા તો હમણાં બેઠી થશે. એને તો મૂર્ચ્છા જ આવી છે.'

થોડીવારે ગૌતમીને મૂર્ચ્છા ઊતરતાં એણે દીકરાને ખોળામાં લીધો, ને 'એ તો મને કોકવાર આમ થઈ આવે છે' એમ કહી ધીરે ધીરે સૌને વિદાય કર્યાં. સહેજ અંધારું થતાં દીકરાને લઈ એ બહાર નીકળી. 'આજ તો આત્રેય દાદાને ત્યાં જઈ આવીએ.'

સાચી વાત એ હતી કે આટલાં વર્ષોથી ગૌતમી આવી હતી પણ એક દિવસ પણ પિતા સાથે એણે ભાગ્યે જ વાત કરી હતી. આત્રેયે પણ એને કદી પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું નહોતું. શરૂઆતમાં તો એ બંને એટલા દૂર ને દૂર ભાગતા, પણ છેલ્લી સખત માંદગીમાં, જ્યારે ગૌતમી માથું પછાડીનેય એમની ચાકરી કર્યા વિના ન જ રહી, ત્યારથી વલણમાં ફેરફાર પડ્યો હતો. આનંદને મળતા ત્યારે અવારનવાર દીકરીના ખબર પૂછતા, ને કોઈવાર ગૂંજું મીઠાઈથી ભરી આપતા—જોકે આનંદને તો લાગતું કે આ મહાજનને પોતાના પર સહજભાવ છે. રક્તસંબંધનો કોઈ ગુપ્ત તંતુ એને પ્રેરી રહ્યો છે એની એને ગંધ પણ નહોતી. ગૌતમીએ આડોશીપાડોશીમાં જેને જૂની વાતની ખબર હતી એને કહી રાખ્યું હતું કે છોકરાના દેખતાં એ બધી વાતો ન ઉખેળે, પણ આજે તો આત્રેયની પાસે ગયા વિના ચાલે એમ નહોતું.

ગણાધીશના હર્મ્યે ગઈ ત્યારે દ્વાર પર બે પહેરેગીરો બેઠા હતા.

'વીરભદ્ર ! દાદાને કહે તો–હું આવી છું.' સ્વર સાંભળી પહેરેગીર ને આનંદ બને ચમકયા. માતાના કંઠમાં આવો આજ્ઞાવાહક ધ્વનિ એણે કદી અનુભવ્યો નહોતો.

'આવોને બહેન ! દાદા એકલા જ છે.' કહી એ આગળ થયો.

જે આરામગૃહમાં પોતે ઘૂંટણીએ ફરી છે, અનેક રમતો રમી છે, પિતાને પજવ્યા છે ને પૂજ્યા છે, એ ઓરડામાં દાખલ થતાં એનું હૈયું હમણાં બંધ પડી જશે તેમ લાગ્યું. આત્રેય એક વિરામાસન પર બેસી ભોજપત્ર પર લખે છે. એ જ ભવ્ય પ્રતાપ છે કે જેનાથી સૌ ડરે છે. માત્ર દાઢીના કોઈક જ વાળ સફેદ હતા એને બદલે હવે બધા જ સફેદ થઈ ગયા છે. પગ પાસે એક લાંબો ભાલો પડયો છે.

'દાદા, બહેન...' કહી દ્વારપાળ બહારથી જ પાછો ફરી ગયો. આત્રેય કાંઈ હા–ના કહે તે પહેલાં જ ગૌતમી એમના ખોળામાં માથું મૂકી ઢગલો થઈ પડી.

'જિંદગીમાં એક સિવાય બીજું પાપ કર્યાનું સ્મરણ નથી. આજે એ પાપનીય ક્ષમા માગું છું, દાદા !' એ ડૂસકે ડૂસકે બોલતી કયાંય સુધી એમ ને એમ પડી રહી–જાણે ફરી ઊઠવાની જ ન હોય !

'ઊઠ ગૌતમી, ઊઠ ! તારી ભૂલની ક્ષમા મેં તો મારી શુશ્રૂષા માટે તેં ઉંબરામાં માથું પછાડી અનશન કર્યું ત્યારે જ આપી છે–પણ એ ભૂલ કરાવનારને ક્ષમા નહિ આપું.'

'એનેય આપવી પડશે, દાદા !' ગૌતમીએ બેઠાં થતાં કહ્યું. 'સ્વર્ગને એ વેરના બોજાથી થોડું જ અભડાવાશે ?'

'આવ આનંદ, મારા પડખે !' કહી એણે આનંદને પડખામાં લીધો. 'શું આવી છે, કહે ?'

'મારો જીવ કહે છે કે, ક્ષમા માગી લે, નહિતર ફરી વેળા નહિ મળે.' કહી એણે ભોજપત્રનો એક ટુકડો આપ્યો ને વાંચવા માટે કોડિયું આગળ ધરી કહ્યું: 'ભગવાન મહાકાશ્યપની આજ્ઞા છે.'

આત્રેયે વાંચ્યું :

'બહેન ! ખપ પડયો છે. આચાર્ય શીલભદ્ર રોગગ્રસ્ત છે, બચવાનો સંભવ ઓછો છે. સંભવ હોય તોપણ કેવળ તારી શુશ્રૂષાને જ જોરે. મારો અંતરાત્મા એમ કહે છે કે એ ઘડી આવી પહોંચી છે કે જ્યારે તમારે એમને તમારી સેવા આપવાની રહેશે. આનંદનું દેણું કદાચ તમે ભરપાઈ કરી ચૂકયાં હો. આનંદની ચિંતા ન કરશો. તેને સહસ્રબાહુ જનાર્દનના ભક્તોએ સંભાળવાનો છે એમ આત્રેય દાદાને કહેજો. તમે આવશો તો દર્શન કરીને પાવન થઈશ. એમણે તમને કહેલું ને કે, જો કોઈ સ્ત્રીને હું જ્ઞાન આપીશ તો સૌથી પહેલાં તને આપીશ.'

કાગળ વાંચીને થોડીવાર પછી કહે : 'આનંદ, ઘડીવાર બહાર બેસ.' પછી ગૌતમી તરફ ફરીને કહે : 'શું આવી છો તે કહે ?'

'ક્ષમા માગવા ને આનંદને ભળાવવા.'

'એટલે કે, થોડાં આંસુ પાડી ભોળવી જવા.' ગૌતમી મૂંગી રહી.

'મારા દૈવે કયાંથી એ અભિમાની પ્રગટયો !' કહી એમણે સહેજ કઠોર અવાજે કહ્યું.

'શું ધાર્યું છે ?'

'ભગવાન મહાકાશ્યપ કહે છે તે. એમના ચરણમાં વિસર્જન પામવાનું.'

'આનું નામ ક્ષમા માગી કહેવાય કે ? જેણે મારું રૂવાડે રૂવાડું સળગાવી મૂકયું છે, મારી એકની એક દીકરી ખૂંચવી લઈ એને જ જીવતે મૂઈ કરી મૂકી છે એની પાસે જવામાં તું મારી પાસે આશીર્વાદ...? આશીર્વાદ આપું છું કે એનું ને એના પંથનું સત્યાનાશ જજો !' આત્રેય ક્રોધમાં ધ્રૂજતા હતા. 'આટલી આટલી સંપત્તિ છે–પ્રતિષ્ઠા છે–દીકરી છે–પૌત્ર છે પણ એક ધાનનો કણ વપરાય તેવું એણે રાખ્યું નથી.'

'દાદા !' ગૌતમીએ ભારે અવાજે કહ્યું. 'એ બધું વપરાય તે માટે ક્ષમા માગી આનંદને સોંપવા આવી છું.'

'કયારે ? આજ સુધી દાદો ન સાંભર્યો, પર્વ–ઉત્સવે ન સાંભર્યો,

આ જ જ્યારે પેલો મરવા પડયો છે ત્યારે હું સાંભર્યો: માથા પરની વેઠ અહીં ઉતારી જવા—એનો બોજો....'

'બસ દાદા! હું જાઉં છું. ફરી જ્યારે આજ્ઞા કરશો ત્યારે જ હું ને આનંદ આવશું.' કહી એ બેઠી થઈ ચાલવા માંડી.

'અરે ઓ આજ્ઞાપાલક! આમ આવ.' આત્રેયે બૂમ મારી ને એ બધા બેઠા થઈ ગયા.

ગૌતમીએ પાછા ફરીને હસતાં હસતાં કહ્યું: 'હું ધારતી જ હતી!' કહી એણે આત્રેયની ગાદી પર બેસી તેમના ધ્રૂજતા લલાટે હાથ ફેરવ્યો. 'હમણાં તમે થોડી વાર આડા પડો. હું પાણી લાવી આપું. છેલ્લી માંદગી પછી તમે ઝટ ચિડાઈ જાઓ છો.' કહી એ પાણી લેવા ગઈ.

પાણી લીધા પછી થોડીવારે આત્રેયે પૂછયું: 'પણ, મને એ નથી સમજાતું કે જે તને આમ રઝળાવીને ચાલ્યો ગયો—તારી દશાનોય કાંઈ વિચાર ન કર્યો—એનું તું શા સારુ ભલું કરવા જાય છે? ને આ છોકરાનો શો વાંક?'

'સહેજ ધીમેથી બોલો, તમને થાક લાગશે, દાદા! ધારો કે આ બ્રાહ્મણકગણના દેવપટ્ટનનો એક જુવાન પરણીને બીજે જ પ્રહરે યુદ્ધ-ભેરી સાંભળી ચાલી નીકળ્યો, ને સંગ્રામમાં હણાયો—તો તેણે કેવું કર્યું એમ કહેવાય?'

'વીરકર્મ કર્યું કહેવાય.'

'એની સ્ત્રી એની નિંદા કરે તો?'

'તો એ સ્વાર્થી કહેવાય.'

'તો પછી, દાદા, જે આ મહામારને જીતવા ચાલ્યા ગયા છે, જેને બીજો કોઈ સ્વાર્થ નહોતો કે નહોતી મારા પર કોઈ અપ્રીતિ, જે સંગ્રામ-માં પડશે તોય લાભ છે ને જીતશે તો સર્વજેતા થશે—એના મહા-વીરકર્મની હું ને તમે નિંદા શા સારુ કરીએ! ભગવાને જો શક્તિ આપી હોય તો એને પદે ચાલીએ, ને અશક્ત હોઈએ તો વંદન કરીએ—એનો

જયજયકાર કરીએ, પણ નિંદા કરી પાપમાં શા સારુ પડવું ?' બોલતાં બોલતાં એના અવાજમાં અલૌકિક શ્રદ્ધા ને પ્રેમીનું સ્વાભાવિક ગૌરવ રણકી ઊઠયાં. આત્રેયે જાણે કંઈક અપૂર્વ જોયું, અશ્રુતપૂર્વ સાંભળ્યું. જાણે આંખ આગળનો પડદો એકાએક ખસી ગયો. એમને પણ દીકરીનાં દર્શનનો સ્પર્શ થયો હોય એમ શ્રદ્ધાભર્યા કંઠે હાથ લંબાવી કહ્યું: 'તારી વાત કદાચ સાચી પણ પડે બેટા ! સહસ્રબાહુ એ સાચી પાડે ! આનંદ આજથી મારા શિરે. તું નિશ્ચિંત થઈને તારા માર્ગે ચાલી જજે. માત્ર પાછું ફરીને કોઈ કોઈ વાર વૃદ્ધ પિતાની સામે જોતી જજે, જેથી હુંય મારો કાળ પાકતાં એ કેડે આવી શકું.' કહેતાં કહેતાં એમની આંખમાં પાણી તબકી ઊઠયાં : ગૌતમી તો માત્ર ઊંધું માથું રાખીને પિતાના પગ પાસે પડી જ રહી.

' સવારે રથ તૈયાર રાખજો. બનશે એટલી વહેલી આવીશ ખરી, પણ ભણકારા એમ વાગે છે કે, હવે આનંદ તમારા ખોળે...' કહી પ્રણામ કરીને એ ઊઠી.

રાત આખી એણે મટકું ન માર્યું. કેટલીય વાર ઊઠી ઊઠીને આનંદને નિહાળ્યો—એના અંગે અંગે હાથ ફેરવ્યો—એને પી જતી હોય તેવા દીર્ઘ શ્વાસે એને બચીઓ કરી—મનમાં અનેક વાર વિધાતાને શાપ દીધા, પણ જેમ જેમ પરોઢ પાસે આવતું ગયું તેમ તેમ એનું ધૈર્ય ઓસરવા માંડયું—જાણે પાયો બેસવા માંડયો, થયું કે આત્રેય દાદા પાસે સંન્યાસનો મહિમા પોતે પતિભક્તિના ગાંડપણનો પ્રેર્યો તો નહોતો ગાયો ? એના અંતરાત્મામાં બેઠેલી માતાએ એને કેટલાય ધિક્કાર દીધા: "રે મિથ્યાચારિણી ! કેવી છલના કરીને તું જાય છે ? કોની સાથે છલના રમે છે, ખબર છે ? જેણે તને ત્યાગી—સર્વને ત્યાગ્યાં—તે તારો પતિ શેનો ? મૃગમરિચિકા પાછળ ત્યાં ક્યાં ખુવાર થવા ચાલી ? તારા સંન્યાસ-મહિમામાં કોનું નૈવેદ્ય આપવા બેઠી છો ? તારા જ સંતાનનું—અરે, તારા માતૃત્વનું ? જેને વિશ્વનિયંતાની ઓથ છે તેને શું તારા વિના નહિ ચાલે ? આટલા દિવસ ચાલ્યું ને હવે શું અટકી પડયું છે ? પણ આ અબોધ

શિશુ ! એ કાલ કોને મા કહેશે ?' જાણે વિચારોને બહાર જ થંભાવવા માગતી હોય તેમ એણે હાથ ઊંચા કર્યા : 'રહેવા દો ! રહેવા દો ! મને બાળો મા !' એ બબડી: 'હવે એને પાંખો ઊગવા માંડી છે, ગમે ત્યાં ચણી ખાશે, પણ એમને કાંઈયે હું ખપ આવી શકું ? એમનાં ચીવર ધોઈ શકું ?' એની અંતસ્થ નારી જાણે વિહારમાં ઘૂમવા માંડી. 'ભિક્ષાપાત્ર ધોઈ દઈશ, ચીવર સાંધી દઈશ. એમ નહિ કરવા દે તો આંખે પાટો તો નહિ બાંધે ને ? કાને ડૂચા તો નહિ દે ને ? ધરાઈને જોઈશ—ધરાઈને સાંભળીશ—મૂલવીશ તો ખરી કે મને ત્યાગીને કેટલુંક પામ્યા છે ! ને એક દિવસ ભગવાન એવો પણ કેમ ન દેખાડે કે જ્યારે આનંદને પણ ત્યાં જ બોલાવી એમણે મેળવેલ ધન ને મેં મેળવેલ ધનની તુલના પણ કરાવી શકું ?' ઘણા દિવસ પરની એક વાત યાદ આવી. પાડોશણ બેસવા આવેલી ને પોતાની પાસે પડેલા દાગીનાની વાતો કરતી હતી. ઊઠતી વખતે પૂછ્યું: 'તમારી પાસે પણ કાંઈક દરદાગીનો હશે ને ?' એણે હસીને કહ્યું: 'હં, પડખેના જ ઓરડામાં છે—ચાલો બતાવું !'

જઈને ખાટલામાં સૂતેલ નવજાતકુસુમસમ સુંદર આનંદને બતાવી અભિમાનપૂર્ણ સ્વરે કહેલું: 'આ મારું માણેક કે ધન—જે કહો તે.'

આજે એ જ ધનને મૂકીને એ જતી હતી—પરંતુ ગયા સિવાય પણ છૂટકો નહોતો. સાદનો ઈન્કાર થઈ શકે તેમ નહોતો. જતાં પહેલાં દેવહૂતિ એક જ વાક્ય મૂકી ગયા હતા—

'જે હું મેળવીશ તે સૌથી પહેલાં જેઓને આપીશ તે તું જ હઈશ એમ ખાતરી રાખજે. મારો પ્રેમ જ મને હશે તે છેવટ તને આપી જવા પ્રેરશે—જો અધિકાર હશે તો.' આજે રોગગ્રસ્ત દેહે એ પ્રેમ જાણે આવવાની હાકલ કરતો હતો. જે પ્રેમ પાછળ ગાંડી થઈને એક દહાડો એ પિતા તથા પિતાનો પ્રાસાદ છોડી ચાલી નીકળી હતી તે જ પ્રેમે આજે એને આમંત્રણ આપ્યું હતું.

સવારે આનંદે જોયું તો વૃદ્ધ આત્રેય એને ઉઠાડતા હતા: 'ચાલ, તારે અશ્વારોહણ કરવા જવાનું છે. વીરભદ્ર, મારો સુરાષ્ટ્રીય તુરંગ લાવજે !'

સૌરાષ્ટ્રનો સુપ્રસિદ્ધ તુરંગ મળતાં જ એ બાના ખબર પૂછતાં ભૂલી ગયો. આઘુંપાછું જોયા વિના એડી જ મારી. બપોરે આવીને પૂછે: 'બા ક્યાં?'

વૃદ્ધ આત્રેયે કહ્યું: 'આપણા એક સગા માંદા છે એની ચાકરી માટે મેં એને મોકલી છે.'

આનંદ નિરાનંદ થઈ ગયો.

ઘણા દિવસ પછી આત્રેયને એની દીકરીની ચિઠ્ઠી મળી: 'મારા કાળ-ભણકારા સાચા પડ્યા છે. સંસારની દૃષ્ટિએ હવે હું ગૌતમી મટી ગઈ છું—થઈ છું આર્યા સુવ્રતા. આચાર્ય શીલભદ્રે દીક્ષા આપી છે. દીક્ષાનું સુખ...'આત્રેયે પૂરી વાંચ્યા વિના જ ચિઠ્ઠી ફાડી નાખી—મસળીને કટકા કરીને ફગાવી દીધી— 'આખી દુનિયા નગુણી છે.'

સાંજે આનંદને ધીરેથી કહ્યું: 'તારી બા જેની ચાકરી કરવા ગઈ હતી તેના જ રોગને વશ થઈ પરમધામ ગઈ છે. જો, રોવાનું નથી. રોઈશ તો તારી વાત તું જાણજે!'

અગાધ સાગર વચ્ચે નૌકા નાશ પામે ને ઘડીભર માનવી શોક—સંતાપ-વિહ્વળ થઈ જાય તેમ થોડા દિવસ માના મૃત્યુસમાચારે આનંદને બાવરો કરી મૂકયો. પણ બીજી જ ક્ષણે દરિયાનું પાણી શરીરને અડતાં નૌકાયાત્રી નૌકાના રૂપગુણને ભૂલી જાત સમાલવા મંડે છે તેમ આનંદે ગત નૌકાને છેલ્લી અંજલિ આપી મનને સમાલી લીધું. જેમ માતાની આજ્ઞાને પરિણામે પિતાને ચિત્તપટ પરથી વિલુપ્ત કરી દીધો હતો, તેમ જ માતામહની આજ્ઞાથી માતાને પણ થોડો વખત મનમાંથી વિદાય આપી દીધી. મૃત્યુ એ સનાતન ક્રમ હતો. એમાં દોષ કોનો? દોષ કોની સામે કાઢવો? ઉપરાંત વૃદ્ધ આત્રેયના સ્નેહે એને ખોટ વરતાવા ન દીધી. આત્રેયની પાસે અશ્વશાળા છે, રથાગાર છે, એ હસ્તી પણ છે, નાનું એવું સૈન્ય રાખી શકે તેટલી શક્તિ ને સાત દશકાનો અનુભવસંચય છે—એ બધું જ એણે આ દૌહિત્ર માટે ખુલ્લું મૂકી દીધું. મનમાં એક પ્રતિજ્ઞા લીધી કે આને તો બ્રાહ્મણકગણમાં રાખ્યે જ રહેવું છે. બહારનું એકેય આકર્ષણ એને અહીંથી નાસી જવા ન પ્રેરે એટલા જ માટે એણે એની ગૌતમીને અગ્નિદાહ દઈ દીધો. પિતાની વાત તો આનંદ પોતે જ નહોતો કાઢતો, ને કોઈ વાર કાઢે ત્યારે આત્રેય એવા તો ઘૂરકતા કે આનંદ ફરી મહિનાઓ સુધી એનું નામ જીભે ન ચડાવતો. અમસ્તું પણ ગણમાં બુદ્ધવિહારિકોનો અવરજવર ઓછો જ રહેતો. અહીં એનાં ઉપાસક—ઉપાસિકા પણ નહોતાં રહી શકતાં, કારણકે લોકમત મિથ્યા-દૃષ્ટિઓની સામે ભારે ઉગ્ર હતો. માતલિ—આસંગ વગેરે બ્રાહ્મણકગણ-મુખ્યો તો માનતા જ કે આ શાક્યપંથે જ બધાનો સર્વનાશ કર્યો છે. યજ્ઞહિંસાનો છેદ ઉડાડી દઈને એમણે જાણે આર્યાવર્તના ક્ષાત્રતેજને જ

નિર્મૂળ કરી નાખ્યું છે. ન રહી મૃગયા, ન રહ્યાં હસ્તીયુદ્ધો, ન રહી ધનુર્વિદ્યા, ન રહ્યા યજ્ઞસમારંભો ને સમાજો. આ બધાંમાં નાનીમોટી હિંસા તો હતી જ. તો પછી કરવું શું ? રહ્યો બાકી વેપાર. મગધ સાર્થવાહો જાણીતા હતા, ને બીજા જાણીતા હતા બૌદ્ધ વિહારો. નહોતો એમાં ગૃહસ્થાશ્રમનો કિલ્લોલ કે નહોતો ત્યાં રણાંગણનો જયઘોષ. મંદમંદ સૂરે ‘હું અજ્ઞાની છું, દુનિયા ક્ષણિક છે’ એ જ રટવાનું હતું. એ તે કાંઈ જીવન હતું ? આ માન્યતાવાળા બ્રાહ્મણકોમાં આનંદની જિજ્ઞાસા હોય તો પણ પિતાએ સ્વીકારેલ માર્ગ વિષે એક પણ સુવાક્ય સંભળાય તેવું નહોતું. છતાં જેમ જેમ ઉંમર વધતી ગઈ તેમ તેમ એકાંતમાં અચાનક નિદ્રાભંગ થતાં માના શબ્દો યાદ આવતા કે, ‘તારા પિતા તો અનેક ડૂબતાને તારવા ગયા છે.’ આનંદને થતું કે, ‘માતા કદી ખોટું ન બોલે, ને જો એ બનાવટી હોય તો આટલાં વર્ષોમાં કોઈક વાર એને પિતાની વિરુદ્ધ કહે તો ખરી ને ?’ એટલે, જ્યારે જ્યારે આત્રેય એને અન્ય ગણરાજ્યોમાં કોઈ મંત્રણા માટે મોકલતા ત્યારે તક મળ્યે એ કોઈ વિહાર શોધી કાઢતો, ને જે સવાલો ઊઠતા તેનું નિરાકરણ મેળવવા મથ્યા કરતો. પણ મુંડોની વન જેવી જટિલ ભાષામાં એને કોઈ દિવસ કેડી નહોતી મળી. એક વસ્તુ આનંદે જોઈ હતી કે આત્રેય એને કોઈ દિવસ માલવગણમાં જવા નહોતા દેતા. એ પૂછતો તોપણ કાંઈ બહાનું કાઢી વાતને ટાળી નાખતા. માલવ-ગણ એ મુખ્યત્વે બૌદ્ધધર્મી હતું, વાહિક પ્રદેશમાં શાકયસાધુઓનું કેન્દ્ર હતું, પણ એથી શું ? એમ તો બૌદ્ધસાધુ બીજે ક્યાં નહોતા ! ત્રિગર્તમાં એ ઘણાને મળ્યો હતો. એ બધા એને સીધા–સાદા માણસો લાગેલા—નહિ કોઈનું બૂરું કરે કે નહિ કોઈનું ભલું કરે તેવા. તેજ નહોતું તેમ તાપ પણ નહોતો. એમનાથી ડરવા જેવું શું હતું ? હા, બધા જો એવા થઈ જાય તો એને રુચે નહિ એ ખરું—એટલે જ સૌને માલવગણ નહોતો ગમતો. ત્યાં જ્યાં જુઓ ત્યાં ચીવરધારી મુંડો જ ભટકાવાના. પણ ભગ-વાન મહાકાશ્યપનો સંદેશો આનંદને થોડા માસ નંદિગ્રામ મોકલવા માટે મળ્યો ત્યારે એને થયું કે દાદા ના પાડી શકશે નહિ. ને ગણમુખ્યોએ

પણ એને રજા આપી—સ્વ અને પરનું બાહ્યાંતર નિદાનશાસ્ત્ર શીખી આવવાની. ભગવાન મહાકાશ્યપના ચરણ તળાંસવા મળશે તેનો આનંદ હતો. મનમાં ઊંડે ઊંડે એમ પણ હતું કે એટલામાં જ આચાર્ય શીલભદ્ર રહે છે એટલે ક્યાંક તો એ મળી જ જવાના. તે મળે તો પોતાની શીલવતી માને સગર્ભાવસ્થામાં છોડીને ચાલ્યા જવા માટે ઝઘડવાનું મન હતું. મા આજે નથી, પણ જે લોકમાં એ હશે ત્યાં પણ આ પુત્રનું શ્રાદ્ધ પહોંચશે એની ખાતરી હતી. પિતા ગમે તેટલા મહાન હોય, ગમે તેવા જ્ઞાની ને અર્હંત હોય તેથી શું? જેણે એમને ઉષાના જેવો નિર્મલ નવરસરંગી પ્રેમ અહોનિશ સીંચ્યો, જેણે અસહ્ય આઘાતોને પણ વિષ્ણુના પદલાંછનની જેમ ભેટ સમજીને અંતઃસ્થલમાં સંઘર્યા, જેના પ્રેમને આંસુની ધાર વિના બીજું કોઈ જ સીંચન ન મળ્યું, તેનો મહિમા જો પોતે એ અર્હતપદલુબ્ધ પંડિતને ન સમજાવી શકે તો પછી શા ખપનું છે આ જીવન? આનંદ યોદ્ધો છે, કેકય, શિબી ને ત્રિગર્તના કેટલાય સુખ્યાત યોદ્ધાને યુદ્ધમાં એણે ચત્ત કર્યા છે, હજુ ગયા સમાજ વખતે જ એણે ધનુર્જયીની વરમાળ પહેરી હતી. પણ એના મનમાં બીજા કોઈ ન જાણે—વૃદ્ધ આત્રેય પણ ન જાણે—તેવી રીતે જે મહત્ત્વાકાંક્ષા રહી છે તે તો દારાપુત્રદ્રોહી મુંડ પિતાનો દ્વંદ્વયુદ્ધમાં પરાજય કરવાની. માની વિડંબના કરનારની પોતે સમજ્યો ત્યારથી વિડંબના કરતો આવ્યો છે, પણ એ વિડંબનાથી શું વળે? એને તો પિતા પર વિજય મેળવી માતાનો ત્યાગ કરવા માટેનું પ્રાયશ્ચિત્ત કરાવવું છે એને. એ જ થશે એનું માતૃતર્પણ. સ્વર્ગે ગયેલી માતાના શ્રાદ્ધસમયે હરસંવત્સરે એણે આ જ સંકલ્પ કર્યો છે. આજે ઓચિંતાના 'આર્યા સુવ્રતા એ જ ગૌતમી—તારી બા, આચાર્ય શીલભદ્રની સારવારમાં ભિક્ષુ સિવાય કોઈથી ન રોકાઈ શકાય એટલે ગૌતમીને દીક્ષા લેવી પડી.' મહાકાશ્યપના આ શબ્દોએ એને અકલ્પ્ય ધક્કો માર્યો છે, જે સુદૃઢ ભૂમિ પર એ ઊભા હતા ત્યાંથી ક્યાંક અતલ તરફ ધકેલી દીધો છે—જાણે પગ ટેકવવાની ભૂમિ રહી નથી, ને તે જ કારણે આ હૈયાફાટ રુદન. મન કહે છે કે માએ પણ છેવટ મને તજી દીધો?

અને દ્રોહ દીધો ? ને કેવો હતો પોતે ! જેના દૂધિયા દાંત પણ હજી પડ્યા નહોતા, પંદર વર્ષનો સૌમ્ય સુકુમાર બાળક—એને અફાટ રણમાં વિધિને આધારે મૂકી દીધો ? ન ભાથું આપ્યું, ન જળપાત્ર આપ્યું, ન કાંઈ વિદાય આપી. 'એક–બે પક્ષમાં જ આવી જઈશ' એમ કહીને ચાલી નીકળી. ક્યાં જાઉં છું—કઈ દિશામાં, તે પણ ન જણાવ્યું, તે વખતે પોતે પાછળ ચાલી નીકળે તો ? શાને માટે ? કોને સારુ ? જેણે પછીથી કદી એની ભાળ પણ કાઢી નહોતી, રસ ચૂસી લઈને શેરડીનાં છોતાંની જેમ જેમણે એને ફગાવી દીધી હતી, જેને પુત્રનું મોં જોવાની, પત્નીની વેદના તપાસવાની એકાદ ક્ષણ પણ આ લાંબાં પચીસ વર્ષમાં નહોતી મળી, તેની સારવાર કરવા–તેની પાસે રહેવા એણે પોતાને તજી દીધો હતો. આજ દિવસ સુધી એણે આચાર્ય શીલભદ્રની જોડે માત્ર ચર્ચા કરવાનો સંકલ્પ સેવ્યો હતો, પણ આજ તો એને થયું કે સામે આવે તો હાથોહાથની ઝપાઝપીમાં જ ઊતરું. મારી માને ખૂંચવી લેવા તેને શું અધિકાર હતો ? એણે રોતાં રોતાં ભોંય સાથે માથું ઘસ્યું. સાદ ન સંભળાઈ જાય એ માટે હોઠ પીસી રાખ્યા. થોડીવારે એને થયું—કોને માટે રડી રહ્યો છે તું ? રડવા જેવું સગું તારે રહ્યું છે કોણ ? હા, એક આત્રેય દાદા છે, તેય કોણ જાણે કયા સ્વાર્થે એને પંપાળ્યા કરતા હશે ! મા જેવી માએ એને ધકેલી વર્ષોથી અહીં આવી રહેલ છે. કોઈ દિવસ બેટો રઝળી પડ્યો કે ખેમકુશળ છે તેમ પુછાવવા જેટલી મમતા નથી રહી. જેનો પોતે પક્ષ લઈને લડવાનો મનોરથ સેવતો તે જ સામા પક્ષે ગઈ ત્યારે શું રહ્યું ? ને એ મુંડમાં કેવી ભયાનક મોહિની હશે, એવું તે કયું ઝેર એ શાક્યપંથમાં ભર્યું છે કે માણસના હૃદયને જ મારી નાખે છે ! એવા વિહારોને શા સારુ બાળી ન મૂકવા ? સૌ પોતાના સ્વાર્થનું સગું છે. રોવું શા સારુ ?' કહી એ દાંત કચકચાવીને ઊભો થયો. ધરામાં પગ મૂક્યો ત્યાં પાછળથી કોઈએ બૂમ પાડી: 'એમાં ન પડતા... ન પડતા !' પાછળ જુએ તો સુચરિતા. 'એમાં તો મોટા મગર છે.' પાસે આવીને સુચરિતાએ કહ્યું. આનંદ એની સામે જોઈ રહ્યો. પછી કહે: 'એમાં તમારે શું ?' કહી બે ડગલાં એ આગળ વધ્યો. અકળાઈને

સુચરિતાએ રાડ પાડી: 'તમે તે શું ધાર્યું છે? સાંભળતા નથી?' કહી પાસે આવી હાથ પકડયો. આનંદને જાણે લાગ્યું કે સૃષ્ટિમાં ક્યાંક સ્નેહ રહ્યો છે. હાથ મુકાવી એ બહાર આવ્યો.

'કેમ એકદમ આ વયે મરવાનું મન થઈ આવ્યું?' સુચરિતાએ પૂછ્યું.

આનંદ કાંઈ ન બોલ્યો. એણે મૂંગાં મૂંગાં કૃપાણની દોરી છોડવા કરી.

'ત્યાં સૂતા સૂતા શું કરતા હતા?' સુચરિતાએ હસીને કહ્યું. 'બ્રાહ્મણક-ગણમાં આવું જ પૌરુષ ભર્યું લાગે છે!'

'કેવું ભર્યું છે તે તો ત્યાં કોઈ વાર આવશો ત્યારે ખબર પડશે, પણ મગર જોઈને જેનું પાણીમાં પડવાનું પાણી મરી જાય તેવું પૌરુષ તો અલબત્ત ત્યાં નથી.' સુચરિતા કાંઈક બોલે તે પહેલાં કૃપાણ સાથે એ ધરામાં પડયો ને દૂર લાકડાની જેમ તરતા મગર તરફ ઢળવા માંડયો. સુચરિતા તો આંખો મીચીને બૂમો જ પાડવા લાગી, પણ તરવાના અવાજ-માં એની બૂમો આનંદને સંભળાય તેમ નહોતી. એણે તો પેલા લાકડાથી થોડે દૂર રહી મોંમાં કૃપાણ પકડીને એક હાથે છાંટા ઉડાડવા માંડયા. ખંધા મગરે ઘડીભર આંખો શિકાર પર ઠેરવી ને તરત ડૂબકી મારી. તે જ પળે આનંદે પણ ડૂબકી મારી. ડૂબકી મારતાં સુચરિતાના 'દેવાર્ય' જેવા કાંઈક શબ્દો સંભળાયા–ન સંભળાયા, ને જુએ તો મગર એનાથી એક વેંત છેટો હતો. કૃપાણનો એક આંખ પર ગોદો વાગતાં મગર સહેજ આઘો ખસ્યો અને કાંઠા તરફ આનંદે ડૂબકી મારી. મગર પણ શું કરવું તેની વિમાસણમાં પડયો. એણેય કાંઠા તરફ ડૂબકી મારી. સિંધુ–સમુદ્રના પાણીમાં એણે ઘણા મગરો જોયા હતા. કોઈકને પૂછડું ઝાલીને બહાર ઢસડી આણ્યા પણ હતા. નૌ–સંચાલનકળામાં પાણીની નીચે શ્વાસ રોકી લડવાની કળા પણ એ શીખ્યો હતો. એટલે એણે જ્યારે મગરનો ભય સુચરિતાના ચહેરા પર પથરાયેલો જોયો ત્યારે મનમાં હસ્યા સિવાય એનાથી ન રહેવાયું. પ્રગટપણે હસવા જેવી એની મનોદશા જ નહોતી, પણ બ્રાહ્મણક પૌરુષ પર ઘા કરનારી આ માલવકન્યાને પૌરુષ બતાવી આપવાનો

આ સુયોગ ખોવાનું એને ન ગમ્યું. ને સિંધુસમુદ્રનાં મોજાં નીચે ડૂબકી-દા રમનારો આ હથેળી જેવડા ધરામાં નાહ્યા વિના શું પાછો જશે? તેય એક મગરની બીકે! પણ ડૂબકી માર્યા પછી એણે જોયું કે મગર સાધારણ નહોતો, તે પણ ખાઈ ખાઈને ફાટયો હતો. દાંત ખાસા વેંત વેંતના હતા. એકવાર એની ચૂડમાં આવ્યા પછી છટકવાનું મુશ્કેલ હતું. એકદમ એણે કાંઠા તરફ જવાને બદલે પાછા ઊંડા પાણીમાં જવા ડૂબકી મારી. નિમિષ-માત્રમાં એ તળીએ ગયો. મગર પાછો ફરીને શિકાર શોધવા ઉપર મથતો હતો, ને પોતે તો તળિયાના એક પાણાની ઓથે ચોંટી રહ્યો હતો. મગર બરાબર એના માથા પર આવતાં એણે કૃપાણ સાથે નીચે હુમલો કર્યો. બીજી જ ક્ષણે મગરના પેટમાં કૃપાણ સાથે એનો હાથ મૂઠભર ઘૂસી ગયો હતો પ્રચંડ જોરથી એ પૂછડું પછાડતો હતો. આજુબાજુનું પાણી લાલ થઈ ગયું હતું ને આનંદ તો દસેક ગજ દૂર તરતાં તરતાં હસતો હતો. સુચરિતાની બૂમ તો ચાલુ જ હતી: 'હવે પાછા ન ફરો તો દેવાન્ના છે.'

'આવું! આવું!' કહી એણે ધીમે ધીમે બખોલ તરફ જતા મગર તરફ ડૂબકી મારી. થોડી ક્ષણોમાં કાંઠા તરફ મગરને કોઈ ઢસડતું હોય એમ દેખાયું. મગરની પૂછડીના સપાટામાંથી બચવા માટે આનંદે પાણીમાં ઊંડે રહ્યા સિવાય છૂટકો નહોતો. અંદર ને અંદર એ હાથે ગરદન દબાવી મગરને સારી પેઠે શ્વાસ ઘુંટાવ્યો એટલે અર્ધમૃત મગર લગભગ મરી ગયો. પૂછડીના પછાડા ઓછા થયા એટલે એક હાથે કૃપાણ કાઢી લઈ એને દૂર ધકેલીને એક જ ડૂબકીએ એ બહાર નીકળી આવ્યો. ગતપ્રાણ મગરનું મડદું ઊંધું પડયું પડયું તરતું હતું.

'આ બ્રાહ્મણકોનું પૌરુષ!' એણે સુચરિતાને હસીને કહ્યું.

'હા, સ્ત્રીઓને રડાવવાનું! નિષ્ઠુર ને અભિમાની છો. કોણ અહીં તમને જયમાળ આરોપવાનું હતું તે એ ઊંડા પાણીમાં કૂદી પડયા હતા?' સુચરિતાએ રોષથી જવાબ આપ્યો.

'એક ઘડીકમાં ઢીલામાંથી નિષ્ઠુર પણ બની ગયો!'

'પિતાજી પાસે ચાલો, પછી વાત. હજી આવ્યા ચાર–છ ઘડી પણ નથી થઈ ત્યાં કેટલા વેશ કાઢ્યા? ગૌતમી માને હું શું જવાબ દેત?'

'જુઓ સુચરિતા! મારે અહીં ઝાઝું રહેવાનું છે. એક વાત કહી રાખું–મારી પાસે કદી આર્યા સુવ્રતા કે આચાર્ય શીલભદ્રનું નામ ન લેતાં.'

એનો કઠોર અવાજ ને રૌદ્ર મોં જોઈને સુચરિતા ડઘાઈ ગઈ. થોડીવારે બોલી: 'ને...લઉં તો?'

'મારા જેવો કોઈ ભૂંડો નથી.'

૪

સુચરિતા સાથે નાહીને પાછો આવ્યો ત્યારે એની કુટિર આગળ એક માલવયુવક ટહેલતો હતો. ખભા પર લાંબા વાળ પથરાયલા હતા. એની અંદર નાખેલ સુવાસિક મહેકતું હતું. પગમાં પહેરેલ પાવડીઓ ચાંદીથી મઢેલી હતી. કટિમેખલામાં જડેલ હીરા માછલીની આંખો જેમ ચમકતા હતા. રૂપની તો એના દુશ્મનોથી પણ ના પડાય તેમ નહોતું. એનાં ઘાટીલાં સ્કંધ ને માથું જોતાં જ આનંદને કઠપ્રદેશનાં વૈભવશીલ મંદિરોમાં જોયેલ અગ્નિ ઇંદ્ર વગેરે દેવોની મૂર્તિઓ યાદ આવી ગઈ. પણ યુવાને તો જાણે એને જોયો જ ન હોય તેમ સુચરિતાને જ વદવા માંડયું:

'તારી એક પ્રહરથી રાહ જોઉં છું.'

'કલાકારો અતિશયોક્તિથી પાપ નહિ લાગે તેમ માનતા હશે, ખરું? કેમ આનંદ, આપણને કેટલી ઘડી થઈ હશે? આ પિતાજી જેની વાત કરતા હતા તે સુદત્ત ને...સુદત્ત, આ બ્રાહ્મણકગણના સેનાની આનંદ!'

બંને યુવાનોએ પરસ્પર નમસ્કાર કર્યા ને પછી એકબીજાને માપતા હોય તેમ તાકી રહ્યા. આનંદે પહેલી જ ક્ષણે મન સાથે સ્વીકારી લીધું કે રૂપમાં આની સાથે હરીફાઈમાં ઊભા રહેવું તે જ હાસ્યાસ્પદ. પુરુષ આથી વધારે સુંદર હોઈ જ શું શકે? માલવોમાં કન્યા જ રૂપાળી નથી હોતી, પુરુષો પણ તેટલા જ સ્વરૂપવાન હોય છે તેની તેને ખાતરી થઈ. તેમ જ રૌપ્યપાદુકા, હીરાજડિત કમરબંધ ને રેશમી ઉત્તરીયને બંને છેડે ભરેલ ભરત જોતાં જ એ પણ ગાંઠ વાળી કે લક્ષ્મીના પ્રસાદમાં પણ સામેનો યુવાન એને વટાવી જઈ શકે તેમ હતો.

'સુદત્ત અમારો નગરશિલ્પી છે. એની મૂર્તિઓ નંદિગ્રામની શોભા ગણાય છે.'

'મને પણ બહુ સારા સોબતી મળ્યા !' કહી આનંદ પોતાની કુટિરમાં જતો હતો ત્યાં સુદત્ત કહે:

'તમને ક્યાંક જોયા છે. ગયે વર્ષે સમાજમાં તમે રથોની હરીફાઈમાં હતા ?'

'હા, બ્રાહ્મણકગણ તરફથી મને ઊતરવા બહુ આગ્રહ થયેલો.'

'તમે હતા ?'

આનંદે મૂંગા મૂંગા હા ભણી.

'કાં તો તમે જ એનો રથ ભાંગી નાખ્યો હશે.' સુચરિતાએ કહ્યું.

'હા, કોકનાં ચક્રો મારાં ચક્રો સાથે અથડાતાં ભાંગી ગયેલાં ખરાં, પણ એ સુદત્તનો રથ હતો ?'

'હા, તમે જો ન ભાંગ્યો હોત તો માલવરથ જ આગળ હોત.'

'મેં ઇરાદાપૂર્વક ભાંગ્યો નહોતો, ને તમારો રથ તો પહેલા વર્તુલે જ તૂટી પડયો હતો—ને તે પછી તો હજુ છ વર્તુલ બાકી હતાં.'

સુદત્તનું મોં લાલ થઈ ગયું. કાંઈ બોલ્યા સિવાય પીઠ ફેરવી એણે ચાલવા માંડયું.

'તમે સુદત્તને ખીજવશો મા. તે દિવસે આખા સમાજ વચ્ચે એનો રથ તૂટી ગયો તેનું એને ભારે અપમાન લાગ્યું છે, ને એ એમ જ માને છે કે તમે ઇરાદાપૂર્વક તમારો રથ ભટકાડેલો.' સુચરિતા બોલી.

'અમને વણિકોના જેવી કૂટવિદ્યા આવડતી નથી. હું એવું કરું તો સરસ્વતી મારી જીભેય ન ચડે. તમે શું એમ માનો છો કે એવું કપટ કરીને હું વિજય મેળવું ?'

'આજ સુધી પરિચય નહોતો એટલે માનતી હતી કે વખતે એમ બન્યું હોય, પણ તમને જોયા પછી તો એ તમારાથી બને એમ ધારતી નથી.'

'તો ઠીક, નહિતર રહેવું ભારે પડત.'

'કેમ એકદમ એમ ?'

'જ્યાં માણસો ખુલ્લાં હૃદયે નથી મળતાં–હળતાં ત્યાં ગૂંગળાઈ મરું છું. તમે બંને મને કપટી માનો પછી અહીં રહેવામાં શું સ્વાદ ?'

સુચરિતાને કહેવાનું તો મન થયું કે, 'હજુય સુદત્ત તો માનતા હશે તેનું શું ?' ત્યાં તો ઘરમાંથી અવાજ આવ્યો :

'ત્યારે...હું જાઉં કે, સુચરિતા ?'

'ઊભો તો રહે...આ આવી.'

કોણ જાણે કેમ—આનંદના મનમાં કંઈક ઊગી નીકળ્યું. એને થયું કે સુદત્ત સાથે તકરારમાં ઊતરવાનું એને શોભારૂપ નહિ બને. તકરારથી એ ડરતો નથી, અથવા તો એનો એ શોખ છે. એના મિત્રોને એ ઘણીવાર કહે છે કે, બ્રાહ્મણક અને કઠ બંને પારકા કજિયા ઉછીના લેનાર હોય છે. મારા પિતા કઠ હતા, માતા બ્રાહ્મણકકન્યા હતી, એટલે ઉછીના કજિયા લેવાનું તો મારી પ્રકૃતિમાં છે. કહેતો કે, અર્ધા અસુરો આવા પુણ્ય-પ્રકોપના પ્રેર્યા ઉછીના કજિયા લેનાર નથી એટલે જ ફાટયા ફરે છે. કોકને માટે ઘણીયે વાર હાથ–પગ ખેડવીને એ ઘેર આવ્યો છે, પણ અહીં તો વખતે તકરાર પોતીકી થઈ જશે, એમાં સારામાઠા હેતુઓનું આરોપણ થશે, એટલે એણે શાંત સૂરે મંદ હસીને કહ્યું :

'એને ખાતરી આપજે કે સુદત્તની જોડે કદી કૂડ નહિ કરું—ને રથ-પરીક્ષામાં હાર્યો તેથી શું હું એની સાથે શિલ્પની હરીફાઈમાં ઊભો રહી શકું ખરો ?' ખડખડ હસીને કહે : 'મારી મૂર્તિઓ જોઈને જ લોક ત્રાહી ત્રાહી થઈ જાય ! એ તો જે જેનો વ્યવસાય—ને હુંયે મારા વ્યવસાયની બહાર માથું મારવા જાઉં ત્યારે મને ખુશીથી ટોકે એમ કહેજે.' કહી એ સંધ્યા કરવા બેઠો.

સાંજે ચંદ્રને વિદાય કરી એ નંદિગ્રામ જોવા નીકળ્યો. ઉડુગ્રામ એ ગ્રામ જ હતું. એમાં કાંઈક હર્મ્ય કહી શકાય તેવું એક આત્રેયનું જ મકાન હતું, બાકી બધાં મકાનો તો આવાસ નામને જ યોગ્ય હતાં—જ્યારે અહીં તો પ્રાસાદોનો પાર નહોતો.

'આ જગદ્દત્તપ્રાસાદ, પેલો બ્રહ્મદત્તપ્રાસાદ!' એની સાથે આવેલ ચારુદત્ત એને બધું ઓળખાવતો હતો.

દૂર એક સપ્તતલપ્રાસાદ તરફ આંગળી ચીંધીને એણે પૂછ્યું: 'એ!'

'એ સુદત્તપ્રાસાદ—આપણા સુદત્તભાઈ છે ને, એમનો.'

'શિલ્પવ્યવસાયમાં એટલું બધું ઉપાર્જન થાય છે?'

'ના, ના. એ તો એમના પિતા ધનપાલ નગરશ્રેષ્ઠી છે, પણ્યપરિવર્તનની મોટી પેઢી છે.'

'જેવા સુદત્તભાઈ સુંદર છે તેવો જ એ પ્રાસાદ મનોહર છે! આકાર, રંગ ને રેખાસૌષ્ઠવમાં તો તમે માલવો જ સમજો એમ કહેવું જોઈએ.' એણે આગળ ચાલતાં પણ પાછળ ફરી ફરીને સુદત્તપ્રાસાદ જોયા કર્યો—જાણે આકાશની નીલભૂમિ પર કોઈએ હંસશિખિકાનું ચિત્ર દોર્યું હતું. અટ્ટાલિકાઓ દૂરથી જાણે વિમાન હોય તેમ આકાશમાં જ તરતી દેખાતી હતી.

'આ અમારું સંથાગાર.'

સંથાગાર જોતાં જ એ સ્તબ્ધ થઈ ગયો. શાકલનગરનું સંથાગાર વાહિક પ્રદેશમાં મશહૂર હતું, એનો વિસ્તાર આના કરતાં વધારે હતો, પણ આની શોભા જોઈને તો એ દિંગ જ થઈ ગયો. ત્રણ–ચાર સહસ્ર સભાસદો માઈ શકે તેવા વિશાળ સંથાગારમાં એક થંભ એવો નહોતો કે જેમાં કાંઈક ને કાંઈક વિશિષ્ઠતા ન ખડી થઈ હોય. સમિતિના સભ્યોને બેસવાની આરસની વ્યાસપીઠની ચારે બાજુએ ભગવાન બુદ્ધની જીવનલીલાને એક કારીગરે ઉતારી હતી. થંભો ઉપર તથાગતનાં જન્માંતરોની કથા ઉતારવા અત્યારે કેટલાક શિલ્પીઓ મથી રહ્યા હતા. એક–બે ચીવરધારી સાધુઓ ટાંકણું લઈને બેઠેલા શિલ્પીને સુતસોમજાતક સંભળાવી રહ્યા હતા. ધૂપ મૂકવાનાં કોડિયાં, દીપકો મૂકવાના ગોખો—એ બધાંમાંય કાંઈક એવો વળાંક, એવું નાવીન્ય હતું કે જોનાર સાવ અંધ ન હોય તો બે ક્ષણ જકડી રાખે. બ્રાહ્મણક સંથાગારના ગોખ તો માત્ર બાકા જ

હતા. ઉપર પ્રાસાદ પર લઈ જતી સીડી ચડતાં એને થયું કે, ના, હાથને પણ રુચિ છે. તે કહે છે કે આ જ આકારની સીડી જોઈએ.

કહો—ન કહો પણ માનવોનાં આંગળાંમાં જ કાંઈક જાદુ હતું: વસ્તુ માત્ર એમની આંગળીઓ અડતાં જ જાણે જાગી ઊઠતી!

'આ તો કાંઈ નથી, પણ મોગલ્લાનવિહાર તૈયાર થશે ત્યારે, કહે છે કે, ઇંદ્ર પણ એ જોવા આવશે!' ચારુદત્તે સામેના પહાડ તરફ નજર માંડી કહ્યું.

'શું?'

'સામે નિર્વાણગિરિ છે,' ને એણે શતદ્રુને સામે કાંઠે લીલોતરીથી ઢંકાયેલો સુવર્ણરસે રસાયેલ ચૈત્યે શોભતો, ઘંટનાદ દ્વારા જાણે સૃષ્ટિમાત્રને આમંત્રણ દેતો પહાડ બતાવ્યો. 'ત્યાં આચાર્ય હમણાં બીજો વિહાર બંધાવે છે. ધનપાલ શ્રેષ્ઠીએ એ બાંધવા દસ સહસ્ર કાર્ષાપણ આપ્યા છે. સુદત્તભાઈ એનું ધ્યાન રાખે છે. રોજ સાંજે એ ને સુચરિતાબહેન ત્યાં શિલ્પ માટે જાય છે. ભગવાન પદ્મપાણિનું શિલ્પવિધાન આચાર્યની દૃષ્ટિ નીચે સુદત્તભાઈ કરે છે.'

'ભગવાન મહાકાશ્યપની દેખરેખ નીચે?'

'ના ના, આચાર્ય શીલભદ્ર...'

વળતી વખતે પોતાની કુટિર તરફ જતાં એણે પૂછ્યું: 'ગુરુપુત્રી ક્યારે આવશે, ખબર છે?'

'મને ખબર નથી. કોઈ વાર તો ત્યાં વિહારમાં જ આર્યા પાસે સૂઈ રહે છે.' એણે સરલભાવે કહ્યું.

રાત્રે એ સૂવાની તૈયારી કરતો હતો ત્યાં સુચરિતાએ આવીને કહ્યું:

'પિતાજી કાલે તમારી પરીક્ષા લેવાના છે, પછી તમને રીતસર અંતેવાસી ગણશે.'

'પરીક્ષા શાની?'

'શાની શું? તમારી.'

'પણ...કઈ બાબતમાં ?'

'તે મને શું ખબર પડે ? પણ આજે મેં પેલા મગરની વાત પિતાજીને કરી. પહેલાં તો ખૂબ પ્રસન્ન થયા, પણ પછી કહે...'

'શું કહે ?'

'કહે કે આ માટે જ આત્રેયે અહીં મોકલ્યો હશે.'

'સવારે શાની પરીક્ષા લેવાના ? જરા કહો તો ખરાં ?'

'કાંઈ લાંચ આપો તો કહું !'

'લાંચ આપુંય નહિ ને છે પણ નહિ. છતાં શું પૂછે છે તેનો ખ્યાલ ન આપે તે તો ખોટું.'

'ખ્યાલ તો આપું, પણ એક વેણ રાખો તો. હું કહું ત્યાં આવવું પડશે.'

'અજાણ્યા છાત્રને ખ્યાલ આપવો તે તમારો ધર્મ હોય તો આપો. વેણુ—એણુ કાંઈ નહિ અપાય.' એણે વાત સમજી બંધ વાળ્યો.

'હું આજ માતા...'

'તમને સવારે નથી કહ્યું ? શા માટે મને પજવો છો ?'

'પણ સાંભળો તો ખરા: તમારાં બાએ...'

'તમને બીજાના ઘાની કાંઈ પડી જ નથી. હું આ ચાલ્યો, ને કહી મૂકું છું કે ફરી વાર આર્યાની વાત મારી પાસે કાઢી તો હું ઉડુગ્રામ પાછો ચાલ્યો જઈશ.' એ જતો હતો ત્યાં સુચરિતા કહે:

'તમે તમારે બેસો, હું તો આ ચાલી. જે માણસ માણસની વાત પણ ધીરજપૂર્વક સાંભળી શકતો નથી તે કાલે અંતેવાસીની કસોટીમાં શું કરશે ?'

'કસોટીમાં જે લખ્યું હશે તે થશે, પણ હું તમને પૂછું: જે ધર્મ જડ પથ્થરમાં જીવંત મૂર્તિવિધાન કરે છે તે જીવંત માણસને જડ થઈ જતાં કેમ જોઈ રહેતો હશે ?'

'તમે બૌદ્ધોની વાત કરો છો ?'

'હા, અનાત્મવાદી મિથ્યાદૃષ્ટિઓની.'

'એમાં હું કાંઈ ન સમજું ભાઈ! એ તો મોટી વાત થઈ. એ સારુ તો આચાર્ય ને પિતાજીનો વાદ–સમારંભ રાખવો પડે, ને તમારા જેવાને મધ્યસ્થ તરીકે બેસાડવા પડે!' કહી હસતી હસતી એ ચાલી ગઈ.

રાતના મોડે સુધી આનંદને ઊંઘ ન આવી. કોણ જાણે શુંયે પરીક્ષા લેશે. શાસ્ત્રોનો અભ્યાસ એણે શાકલનગરમાં રહીને જરૂરપૂરતો જ કર્યો હતો. દંડનીતિ પણ આત્રેય દાદા પાસેથી ખપજોગી જ ગ્રહેલી. એની જિંદગીનો મોટો ભાગ તો આ શસ્ત્રપારંગતતા મેળવવામાં જ ગયો હતો. ભગવાન એવું કાંઈક પૂછે તો તો ઠીક, પણ વેદવેદાંગનો કોઈ અધ્યાય કાઢશે તો શું થશે? નાનાં–મોટાં વિદ્યાલયો પ્રવેશ કરવા ઇચ્છનારની પ્રવેશદ્વારે પ્રશ્નો પૂછીને યોગ્યતા માપી લે છે તે રિવાજની એને ખબર હતી, પણ અહીં એમ થશે તે ધાર્યું નહોતું. ભગવાન મહાકાશ્યપના આશ્રમને એણે હમેશાં ઘર જ ધાર્યું હતું. માતા પાસેથી જાણ્યું હતું કે એને બે જ આત્મીય હતા—એક એના પતિ ને બીજા મહાકાશ્યપ. અહીં પણ, ને તેય સુદત્ત ને સુચરિતાની સંનિધિમાં? એને આ પ્રથા જરાય ગમી નહિ.

સવારે હજુ એ પ્રાતઃસંધ્યા પતાવી નહોતો રહ્યો ત્યાં જ સુચરિતાએ એ આવીને કહ્યું: 'ચાલો!'

'હા, ચાલો વધસ્થાન પર!'

સુચરિતા હસીને કહે: 'હું જ પ્રશ્નો પૂછવાની છું!'

'ત્યારે તો પૂરેપૂરું દુર્ભાગ્ય!'

'કેમ?'

'પસાર થાઉં તો કહેવાય—નાની ઉંમરની છોકરીને તે શું પૂછતાં આવડે, ને હારી જાઉં તો કહેવાય કે, સ્ત્રીને હાથે હાર્યો.'

સુચરિતા ખડખડાટ હસી પડી ને પછી કહે: 'રાત્રે ઊંઘ આવેલી કે?'

યજ્ઞશાળામાં મહાકાશ્યપ હવિ અર્પતા હતા. સુદત્ત થોડે દૂર આસન પર બેઠો હતો. એણે મહાકાશ્યપને પ્રણામ કર્યા અને અગ્નિકુંડને પ્રદક્ષિણા કરી બાજુ પર ઊભો રહ્યો.

હોમ પૂરો કરીને મહાકાશ્યપે કહ્યું:

'તમારી અર્ધી પરીક્ષા કાલે થઈ ગઈ, બેસ આનંદ!'

સુચરિતાએ હસીને ઉમેર્યું: 'ધરામાં!'

'હા, સહજભાવે જે પ્રગટ થઈ જાય તે જ પ્રકૃતિ!' મહાકાશ્યપે કહ્યું. 'હવે બાકીની અર્ધી કસોટી રહી તે, સુચરિતા કહે છે કે, હું નહિ ને એ જ તમને પૂછે. તો છો એ પૂછતી!'

'હું શાસ્ત્રો ખપજોગાં જ ભણ્યો છું. સહેજ હાથ લંબાવીને મળી જાય તેટલા પુણ્યથી જ સંતોષ માન્યો છે.'

'કાંઈ ગભરાતો નહિ આનંદ, આ તો માત્ર એક ઔપચારિક વિધિ છે. આ શાસ્ત્રની પરીક્ષા નથી, માત્ર સહજ વિવેકની કસણી છે. ને તને શાસ્ત્રજ્ઞાન ન હોય તો એને માટે મારા સિવાય કોઈ જવાબદાર નથી. આચાર્ય શીલભદ્ર ને આર્યા સુવ્રતા પછી હું જ તારે માટે જવાબદાર છું. એટલે તારા અજ્ઞાનને ઉઘાડું પડયે વગર સંકોચે મારા ઉપર ઓઢાડી દેજે—આટલી પ્રસ્તાવના સુચરિતાને સૂચના માટે: હવે ભલે સુચી પૂછે!'

સુચરિતા એની સામે આંખો નીચી ઢાળીને બેઠી. નખ વતી ધરતી ખોતરતાં ખોતરતાં નીચે મુજબ પ્રશ્નોતરી થઈ:

'માર્ગ કયો છે?'

'ઉપાસના.'

'સ્થાન કેવું છે?'

'ખબર નથી.'

'તે ન ચાલે.' સુદત્તે તરત કહ્યું.

સુચરિતાએ પિતા સામે જોયું. એ મૂંગા રહ્યા—જાણે કહેતા હોય ને કે, 'પરીક્ષક તું છે.'

સુચરિતાએ પૂછયું: 'સ્થાન કયું છે?'

'જ્યાં હું ગયો નથી, ને ગયેલા પાછા આવ્યા નથી તે વિષે ખબર નથી એમ કહ્યું તે જ સત્યવાણી છે.'

આચાર્યની આંખોમાં સંતોષ દેખાયો. એમનું માથું ડોલ્યું.

'શ્રેષ્ઠ કોણ ?'

'સ્થાનનો અધીશ.'

'સ્થાન જોયા વિના અધીશ વિષે નિર્ણય ક્યાંથી બાંધ્યો ?'

'અંતઃપ્રેરણાથી.'

'સગુણ કે નિર્ગુણ–કયું સારું ?'

'જેને જે રુચે તે.'

'કયું સાચું ?'

'બંને.'

સુદત્ત વચ્ચે કાંઈ બોલવા જતો હતો તેને મહાકાશ્યપે હાથ ઊંચો કરી અટકાવ્યો.

'પાપ ક્યાં રહે છે ?'

'અંતરમાં.'

'સૌથી મહાન સત્ય કયું ?'

'નવજીવન.'

'ખોટું.' સુદત્ત બોલી ઊઠયો. આનંદના મુખ પર ગુસ્સો દેખાયો, પણ મહાકાશ્યપને હસતા જોઈ શરમાઈ એ નીચું જોઈ ગયો. ત્યાં એમણે જ પૂછ્યું:

'મૂર્ખ કોણ ?'

'હું.' એણે શરમાઈને કહ્યું.

'સાધુ ! સાધુ !' મહાકાશ્યપે આશીર્વાદ આપ્યા.

'આકાશમાં તારા કેટલા છે ?'

'મહાસાગરનાં બિંદુ જેટલા.'

'ત્યાગ ને ભોગનાં લક્ષણ શું ?'

'પહેલાં વેદના ને પરિણામે પ્રસન્નતા–તે ત્યાગ. પહેલાં માધુર્ય ને અંતે ક્ષીણતા એ ભોગ.'

'આત્મસૃષ્ટિનું રહસ્ય શું ?'

'લીલા.'

'માયા કોને કહો છો ?'

'હું જવાબ દેવા માટે બાળક છું.'

'સૂર્યનાં કિરણ કેવાં મનોહર છે ?'

'તમારી વેણીના વાળ જેવા.' એકદમ એનાથી બોલી તો જવાયું, પણ તરત જ અંતઃસ્થલની કોઈક વાત બધા વચ્ચે મુકાઈ જતાં જે ક્ષોભ અનુભવે તેમ થઈ ગયું. 'શું બકી ગયો હું ? ઊંચું જોવાની પણ હિંમત ન રહી–જોયું હોત તો એને ખબર પડત કે સુચરિતાના બંને કાનના ને મુદત્તની બંને આંખના ખૂણા લાલ થઈ ગયા હતા.

*

મધ્યાહ્ને ચારુદત્તે એને કહ્યું: 'ગુરુજી તમારા ઉત્તરોથી બહુ સંતુષ્ટ થયા. કહે કે નિર્ભિકતા ને ઋજુતાનું આવું સંમિલન બહુ જવલ્લે જ મળે છે.'

'ભગવાન એ પ્રમાણપત્રને સાચવી રાખવાની યોગ્યતા આપે' એમ મનમાં મનમાં પ્રાર્થના કરી.

રાત્રે કાલના વખતે સુચરિતા આવી.

'કાલથી તમને પિતાજી અભ્યાસ કરાવશે.'

'ઉત્તીર્ણ થઈ ગયો ?'

'પિતાજી પ્રસન્ન થઈ ગયા.'

'ને પરીક્ષક ?'

'તે તો સંતુષ્ટ થશે–એ કહે છે ત્યાં જશો ત્યારે !' કહી એ ચાલી ગઈ. દૂરથી કહ્યું:

'કાલથી તમારે મને ભણાવવાનું છે.

એનું ભણતર શરૂ થયું છે. એણે જોયું કે મહાકાશ્યપને ત્યાં રીતસરના વિદ્યાલય જેવું કાંઈ નહોતું. નિયમિત એમની પાસે અભ્યાસ કરનારા ભાગ્યે જ બે-ચાર અંતેવાસીઓ હશે. એ બધાને પણ કોઈ નિયમિત ક્રમ પ્રમાણે ભણાવવાનું એમનાથી નથી બની શકતું. એમનો ઘણોખરો સમય તો જાય છે સંથાગારમાં જ. માલવગણના એ ગણાધીશ છે એટલે રોજ પ્રાતઃકાળે દૂધ પીને નંદિગ્રામમાં જ ચાલ્યા જાય છે. ઉપરાંત આજુબાજુના જનપદસમૂહો અવારનવાર એમને નિમંત્રે છે, અન્ય ગણરાજ્યોમાં પણ જવા-આવવાનું રહે જ છે એટલે આશ્રમ તરફ જોવાનું એમનાથી બનતું નથી. માત્ર એક કામ અચૂકપણે એ કરે છે, ને તે અતિથિશાળામાં આવી ચડેલા અતિથિઓની સંભાળ લેવાનું. રાત્રે મોડા આવ્યા હોય, મધ્યાહ્ને ભોજન કરી જતું હોય, તોપણ બંને વખત અતિથિશાળામાં જઈ ને અભ્યાગતોની ખબર પૂછ્યા પછી જ એ પર્ણશાળામાં પગ મૂકે છે. એવો જ અચૂક નિયમ છે સૂતાં પહેલાં અંતેવાસીઓના ખબર પૂછી લેવાનો. સાચી રીતે તો અત્યાર સુધીનો મુખ્ય સમય એમણે અંતેવાસીને રાતનો જ આપ્યો છે. ચર્માચ્છાદિત પાટ પર પડયાં પડયાં એમનો વાર્તાપ્રવાહ ચાલતો હોય છે. ચારુદત્તને વેદાંત ને મીમાંસા શીખવે છે, પ્રસાદને વાર્તા, ને આન્વીક્ષિકી ને મેધાતિથિને વ્યાકરણ ને છંદ શીખવે છે. પુસ્તકની એમને કદી જરૂર પડતી નથી—જાણે સરસ્વતી જીહ્વાગ્રે બિરાજી છે. એક બાજુના જ ખંડમાં પોથી-ભંડાર છે, પણ એ તો શિષ્યોને જ

ઉથલાવવા માટે. ‘ દક્ષિણ બાજુના ખૂણા ઉપરથી ત્રીજી પોથી, ને એમાં એકત્રીસમું પાનું જોજો—આ શ્લોક મળશે.’ જઈને જુએ તો તે જગ્યાએ તે જ શ્લોક મળી આવે તેવી અદ્ભુત એમની સ્મૃતિ છે. આનંદને વહેલી સવારે શીખવાનું હોય છે એટલે એ ત્યાં બાજુમાં નીચે જ પથારી કરે છે. દિવસે એને ઔષધિની ઓળખ અંગે ઠીક ઠીક ભટકવાનું હોય છે. સુચરિતાને પાકશાળામાં મદદ કરવાની હોય છે એટલે ઊંઘ ખાસ્સી આવી જાય છે, પણ કોક વાર જાગી જાય ત્યારેય જુએ તો ગુરુ જાગતા હોય છે—કાં માળા ફેરવતા હોય ને કાં આકાશદર્શન કરતા કરતા કાંઈક ગણિત ગણતા હોય. પોતે વહેલી સવારે ઊઠે ત્યાર પહેલાં તો એ ધ્યાનમાં બેઠા જ હોય. ઘણી વાર એને થાય છે—આ ઉંમરે આવું સામર્થ્ય ક્યાંથી આવ્યું હશે ? વાર્ધક્ય આવ્યું જ દેખાતું નથી. એક વાર પોતે કહે:

‘ ભગવાન ! આટલી ઓછી ઊંઘ કેમ લ્યો છો ? ’

‘ પહેલાં બહુ ઊંઘી લીધું છે એટલે !’ એમણે હસીને કહ્યું. પછી કહે: ‘ ભગવાન પતંજલિ મારાથી અરધું જ ઊંઘતા. આપણે ઊંઘીએ છીએ, પણ મન તો ઊંઘતું નથી—ભટક્યા જ કરે છે. એટલે આઠ પહોરની ઊંઘે પણ થાક ઊતરતો જ નથી.’

એકવાર સુચરિતા કહે: ‘સુદત્ત કહેતો હતો કે એને યોગ શીખવો છે.’

‘ કલા એ જ એનો યોગ ગણે. ’

‘ ના, એ તો પાતંજલયોગ કહેતો હતો. ’

‘ તેં કાંઈ નહિ કહ્યું ? ’

‘ મેં કહ્યું: પિતાજી નથી શીખવતા ? ’

‘ એને કહેજે કે એ તો મહાશક્તિ છે. ચિત્તશુદ્ધિ થયા વિના જો એની સાથે સંલગ્ન થાય તો એમાંથી અસુરો જ જન્મે. ’

એક દિવસ મહાકાશ્યપ એને કહે: ‘આનંદ, ગૌતમી પાસે તારે જવું જોશે.’

એણે ગુસ્સે થઈને કહ્યું: ‘ આજ્ઞા કરશો તો આશ્રમ છોડી જઈશ, પણ ત્યાં નહિ જાઉં. ’

'તો છેવટ એ અહીંયાં આવશે.'

માતા અહીંયાં આવી ચડશે એ ભયે એનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં.

'જનેતા અહીં આવશે તેમાં તારી શી શોભા ? જવામાં વાંધો શું છે?'

'અભિમાન.' સુચરિતાએ કહ્યું.

'જેને દીકરાની પડી નથી એની દીકરાને શા સારુ પડી હોય?'

'તારી બેય વાત ખોટી છે. એને તારી ન પડી હોત તો એણે શું કર્યું હોત તે ખબર છે?' દૂર કાંઈ જોતા હોય તેમ કહ્યું: 'અષાઢની મેઘલી રાત હતી. દેવહુતિ એને મૂકીને ચાલ્યો ગયો એ સાંભળી મેં એને અહીં આવવા શિબિકા મોકલેલી, પણ ત્યારે એ નહિ આવેલી. તે અષાઢી રાતે ઓચિંતી તને લઈને આવી ઊભી. મારી સાથે તો એને નથી કાંઈ શરમ કે નથી અંતરપટ. આત્રેય એના પિતા ખરા, પણ હું તો એનો મામો. દેવહુતિ ને હું સાથે ભણેલા. લગ્ન વખતે કોઈ જવતલ ધરવા નહોતું ઊભું ત્યાં હું ઊભેલો ને સાક્ષી થયેલો—એ સાક્ષી થયો એનું જ આ ફળ ભોગવું છું. તને બતાવીને કહે: 'મામા, આ ન હોત તો મેં ગમે ત્યાંથી શોધીને પકડી પાડ્યા હોત.'

'મેં કહ્યું: 'પકડીને શું કરત?' એ કહે: 'સાથે સાધ્વી તો થઈ જાત. હવે તો કાલકૂટ ખાવા જેવુંય નથી રહ્યું.' યોગીઓ શૂળની પથારી પર સૂએ છે—સૂતોય છું, પણ એની ચૌદ વર્ષની શૂળીસમી પથારી કલ્પતાં હુંય થરથરી ઊઠું છું—કોઈ વાર વાલ્મિકિએ ચૌદ વર્ષનો વનવાસ ચીતર્યો તેમ એ ચૌદ વર્ષને કાવ્યમાં ઉતારું એમ થઈ આવે છે. પિતાથી હડધૂત, પતિથી ત્યક્તા, એક કોડીનીય મિલકત વગરની સ્ત્રીએ, કોઈનાય આશ્રયે રહ્યા વિના—કોઈનીય ઓશિયાળ ભોગવ્યા વિના—તને ઉછેર્યો: કેવી રીતે તે તો તું વધારે જાણે છે—ને એ દરમિયાન એને રઝળતી મૂકનાર પતિ કે એની સંભાળ ન લેનાર પિતા કોઈની સામે એક કડવું વેણ ન ઉચ્ચાર્યું.' પછી થોભીને કહે: 'દુનિયા જ્ઞાની કહે છે—મને ને દેવહુતિ શીલભદ્રને; ફૂલહાર ચડાવે છે અમને; પણ એ યશની અધિકારિણી કોણ છે તે તો એક પરમાત્મા જ જાણે છે—શીલભદ્ર પણ કદાચ જાણતા નથી. જાણ્યું હોત તો કદાચ...પણ...

બહુ બહુ જ્યારે એનાથી નથી સહન થયું—પ્રાણે નથી કાઢી શકાયો—ત્યારે માત્ર એક જ વાક્ય એના મોંમાંથી નીકળ્યું છે: 'સતી થવાનું સુખ પણ વિધાતાએ ન રહેવા દીધું!' એ મહામાનનીયાને અહીં ઉતારી લાવવાની વાત કરે છે?' ભાવભરપૂર સ્વરે કહ્યું: 'સાધુય જૂઠા છે, સાધ્વીઓય જૂઠી છે. લોકાન્ન ખાઈને એમણે તો માત્ર ધર્મનું યશપુષ્પ લીધું છે. ધર્મવૃક્ષને આંસુથી સિંચન કરી સજીવ રાખ્યું હોય તો એ તો ગૌતમીએ. કોઈનો કણે લીધો નથી પણ ખોબે ખોબે અશ્રુજલે સૌને વંદ્યા છે.' કહી એ બહાર ચાલ્યા ગયા. એમની આંખોમાં પણ ભીનાશ દેખાણી. આનંદની તો બંને આંખોમાંથી પાણી વહ્યે જતાં હતાં—લૂછવાની પણ યાદ નહોતી.

પાછો મહાકાશ્યપ પાસે જઈ કહે: 'પણ મને એમણે છોડી શા સારુ દીધો? મારો કાંઈ જ વિચાર કેમ ન કર્યો?'

'તું ક્યાં જાણે છે બધી વાત? દીક્ષાને બીજે દીવસે મને કહે: 'મામા, આ ઢોંગની શી જરૂર છે? આર્યા થઈશ તેથી માતા મટી જઈશ?'

'મેં કહ્યું: 'એ સુખી છે એ જાણી ધીમે ધીમે વિસરાઈ જશે એમ શીલભદ્ર કહેતા હતા.'

'બધા શું એના જેવા ન -પછી સુધારીને કહે—જ્ઞાની થયા છે શું?'

'મેં કહ્યું: 'એ જ વાંધો છે. આ બૌદ્ધોને મન માનવ—પ્રકૃતિનો તો જાણે હિસાબ જ નથી. એમને ખબર નથી કે વૈદ માત્ર ઔષધિ નક્કી કરી શકે તેથી નથી પતતું, પ્રકૃતિ પણ જાણવી પડે છે—તે પછી જ માત્રા નક્કી થાય છે.'

'એટલે?' આનંદે વચમાં જ પુછ્યું.

'ગૌતમીએ અને શાક્ય મુનિએ બંનેએ આખરે તો નિર્વાણદશાએ જ જવાનું છે. પણ બંનેના રસ્તા, બંનેની ગતિ, બંનેનો સમય એક સાથે કાંઈ પાકી નથી જતો.' ને પછી જરા થોભીને કહે: 'એટલે જ ગૌતમી આર્યા સુવ્રતાનું નામ ધારે, કેશલોચન કરાવે, તોય ગૌતમી જ રહે છે. પોતાના સંતાન માટે હિંદુ દેવ—દેવીઓની બાધા રાખ્યા વિના એને ચાલતું

નથી. ફૂલને તમે નથી પકવી શકતા, ફળને તમે પતંગિયું નથી કરી શકતા, તે તો પ્રકૃતિ જ પકવે છે.'

આનંદ કહે : 'બાધાનું શું કહ્યું આપે ?'

'સુચરિતાને પૂછ.'

સુચરિતાએ કહ્યું: 'આત્રેયે એકવાર ખબર આપેલા કે તમારો પગ ખડી ગયો છે. એટલે આર્યા મને એક બાજુ બોલાવીને કહે: 'મારું એક કામ કરીશ ?' મેં કહ્યું: 'આજ્ઞા આપો !' 'આનંદનો પગ પહેલાં જેવો બરાબર થઈ જાય તે સારુ રોજ મહેશ્વરને એક થાળી આપી આવીશ ?' મેં હા પાડી એટલે કહે: 'જોજે, આચાર્યને ન ખબર પડે, હં ને ! જ્યારે એને પૂરું સારું થઈ ગયાના ખબર પડે ત્યારે દસ શ્રમણ ને દસ બ્રાહ્મણને જમાડજે. મારું થોડું સ્ત્રીધન મામા પાસે છે તેમાંથી આ ખરચજે.'

આનંદને સાંભળતાં પીડા ઊપડી આવી. બૌદ્ધો દેવદેવીઓમાં નથી માનતા—પોતાનાં જ કર્મો સૌને તારે છે ને ડુબાડે છે એમ તેઓ માને છે. એકનાં શુભ—અશુભ કર્મો, બીજાથી જેમ પહેલાનો પડછાયો નથી લઈ શકાતો, તેમ નથી લઈ શકાતાં; એ હિસાબે નથી દેવને, દેવપૂજાને કે ભક્તહૃદયની પ્રાર્થનાને સ્થાન ત્યાં તો. પાંચ સ્કંધો છે, તેના કષાયો છે. તે કષાયોનો ક્ષય સમ્યક વિચાર, સમ્યક આચાર ને સમ્યક વાણી દ્વારા જાતે જ કરવાનો છે. ત્યાં મા સંતાનને કશી જ સહાય કરી શકે તેમ નથી. જેવાં જેમનાં કર્મો ને જેવો કષાયક્ષય તેવી તેની ગતિ. દેવો પણ એના કષાયો વડે બંધાયેલા છે. ત્યાં સકામ ભાવે કરેલ દેવપૂજાને વિહારમાં કેમ સ્થાન હોય ? છતાંય માનું હૃદય હજાર તાંતણા દ્વારા દૂર પડેલ પુત્રની રક્ષા કર્યા વિનાનું જંપે તેમ નથી. પતિની આજ્ઞા—સાધ્વીનો પોશાક એને મિથ્યાપ્રપંચ—કષાયદોષ ગણે છે, એટલે એ સુચરિતાનો ખભો શોધે છે.

'પણ શા માટે આ અત્યાચાર ?' એણે કહ્યું.

'મને બીક જ છે કે પ્રકૃતિ પરનો આ અત્યાચાર જો બૌદ્ધો વહેલાં નહિ સમજે તો એક દિવસે પાયાને હલાવી નાખશે. આનંદ, સ્થલનો

નિર્ણય શાકયસંઘે જેવો કર્યો છે તેવો કોઈએ નથી કર્યો—કોઈ એથ નહિ, પણ કાળની એમને ખબર નથી.’

‘હું બાને પાછી ઝૂંટવી લાવીશ.’

‘તે તો ખોટું થશે. તું એની હિતકામના કરે, એ તને જોઈને આંખો ઠારે, એટલું જ બસ છે. કોઈનો માર્ગ તારાથી ચાલી ન શકાય તો કાંઈ નહિ, પણ માર્ગમાં રોડું થઈને ન બેસતો.’ કહી એ જાણે સમાધિમાં ડૂબી ગયા.

સાંજે એણે સુચરિતા પાસેથી આખી વાત સાંભળી કે ગૌતમીને અહીં આચાર્ય શીલભદ્રે બોલાવવા કહેવરાવ્યું હતું. એમને લાગ્યું કે આ રોગમાંથી ફરી પોતે બેઠા નહિ થઈ શકે ત્યારે એને પંદર વર્ષ પહેલાં આપેલું વચન યાદ આવ્યું. પોતે અર્હંત તો નહોતા થયા, પણ જે કાંઈ મૂડી એકઠી કરી હતી, જે પ્રકાશ મળ્યો હતો, તે વચનાનુસાર આપ્યા વિના દેહ છૂટી જાય તે બરાબર ન હતું. મનમાં થતું હતું કે જેની આજીજી–વિલાપને કચરીને પોતે જેને માટે ભાગી છૂટયા હતા તે મહા-સત્યનું મૂલ તે દહાડે તો નહિ સમજાવી શકેલો, પણ આજે સમજાવી શકું તો અંતરમાં સદૈવ રહેલો એક વિષાદ હટી જાય. પણ જ્યારે ગૌતમી ત્યાં પહોંચી ત્યારે આચાર્ય લગભગ અવાચક થઈ ગયા હતા, ને જે કાંઈ થોડું એમણે કહ્યું તે સાંભળવા જેવી ગૌતમીની અવસ્થા પણ નહોતી. એ તો વિહ્વળ થઈને આચાર્યના પગે પડી હાથ ફેરવતી, ઘડી માથું ઊંધું નાખીને ભગવાનને પ્રાર્થના કરતી કે મહાકાશ્યપને કોઈ જડીબુટ્ટી લાવવા વલવલતી. વિહારિક ભિખ્ખુનો મોટો ભાગ આ સંસારી સ્ત્રી બોધિસત્ત્વસમા ગુરુના દેહને સ્પર્શે, અંગમર્દન કરે, તે સહન કરે તેમ ન હતો. એમને આ બધો વલવલાટ ક્ષુલ્લક લાગતો. જરા–રોગ–મૃત્યુ તો જગતનો ધર્મ છે, એટલા માટે તો ચાર આર્ય સત્યોનું અવતરણ થયું છે. એને નહિ સમજનારી આ સ્ત્રી કેવી અજ્ઞાની હતી! ગુરુના પરિનિર્વાણટાણે શાંતિ ને આંતરશોધન શોભે કે આવાં છેલછા ને ઉન્માદ? પણ મહાકાશ્યપ ત્યાં રાતદિવસ રહેતા, ને કહે છે કે,

એમણે મહાકાશ્યપને સૂચના આપી હતી કે, મારા દેહને સંઘના નિયમ મુજબનો સ્ત્રીનો સ્પર્શ ન થઈ શકે. પણ ગૌતમીને તો મારી આ અવસ્થામાં સેવા કરવા દેજો ને કહેજો કે નામ તેનો નાશ છે. પણ મહાકાશ્યપની જડીબુટ્ટીએ આચાર્યને યમપુરીના ઉંબરા પરથી પાછા તો ખેંચી આણ્યા, પણ એમને ભય હતો કે કદાચ એમનો એક પગ જૂઠો પડી જશે—ને સાચેસાચ એક બાજુથી શુદ્ધિ આવી, વાચા આવી, સ્વાસ્થ્ય પણ આવ્યું, ને બીજી બાજુથી ઘૂંટણ આગળથી પગ ધીમે ધીમે જૂઠો પડવા માંડ્યો. મહાકાશ્યપે વિદાય લીધી, પણ ગૌતમી ત્યાંથી ન ખસી—ન ખસવાનું વલણ બતાવ્યું. ભિખ્ખુઓ એના તરફ વાંકી નજરે જોતા તે એના ધ્યાન બહાર નહોતું, પણ એ તરફ જોવાની એને નવરાશે ક્યાં હતી! એ તો બે વખત આશ્રમમાં ભોજન માટે આવતી, બાકી આચાર્યનું કામ કર્યા કરતી—જાણે એના સંકલ્પમાત્રની સિદ્ધિ થઈ હોય ને કોઈ કામના બાકી ન હોય તેમ શાંતિ ને આનંદથી ભરપૂર એના દિવસો જતા. વિહારમાં આવ્યા પછી એક પ્રકારનું અલૌકિક બળ એનામાં આવ્યું હતું. ભિખ્ખુઓને જોતાં જ એને ખાતરી થઈ ગઈ હતી કે આ બધામાં કોઈ એની સાથે હરીફાઈમાં ઊતરે એવી તાકાતવાળો ન હતો. દુનિયાના દાઝેલાઓ—સંસાર-દુઃખિયા, આશા જેની મરી નથી પણ ચીમળાઈ ગઈ છે, જલ સીંચનારના અભાવે જેનું હૈયું અરણ્યસમું બની ગયું છે, તેવા અહીં એકઠા થયા હતા. કોઈ ખરેખર મુમુક્ષુઓ હતા, પણ એ તો રડ્યાખડ્યા, ને તે તો થોડા દહાડામાં જ અહીંથી પ્રેરણા લઈ ચાલ્યા જતા. મહાન વટવૃક્ષ નીચે જેમ નાના છોડવા ઊગે ને વડના મહિમાને પોતાનો મહિમા ગણાવે તેવા આ બધા હતા. આત્મતૃપ્ત થયા હતા એટલે ચીવરો નહોતાં પહેર્યાં, પણ તૃપ્ત થવાની તાકાત જ ખોઈ બેઠા હતા—એટલે પરોપાર્જિત આત્મતૃપ્તિના વેરાયલા કણો ખાવા અહીં મળ્યા હતા. એમાં એ કણ કોઈ ન લઈ જાય તેની ખેંચતાણ પણ થયા કરતી. એટલે તો એમને માટે આટઆટલા નિયમ—ઉપનિયમોની જાળો ગૂંથવી પડી હતી. વિહારના એક ખૂણામાં વિનયના શિલાલેખો જોઈ ને જ એ તો હસી પડી હતી. એને થયું હતું કે આ વિનયો દ્વારા જ સીધા રહેતા સાધુઓ એમનું શું

દાળદર ફેડવાના હતા ! તો પછી પોતે જ શા માટે દાળદર ન ફેડે ! આનંદ હવે ક્ષેમકુશળ હતો, રાજમાર્ગે ચડી ગયો હતો, હવે એ પોતે જ શા માટે પતિની પ્રમુખસ્થવિરા ન થાય !

વિશાખા–મિગાર માતાની જોડે આનંદમાતાનું સ્થાન પણ કેમ ન હોય? એમ થાય તો એ કેટલા રાજી થાય ! ને એમના જીવનમાં એ દિવસ કેવો પરમાનંદનો નીવડે ! ઝરા કાંઠે બેઠાં બેઠાં ચીવર ધોતાં એણે આ બધા સંકલ્પ–વિકલ્પો કરી જોયેલા. આનંદને કદી મળવાનું નહિ, ખબર પણ પૂછવાના નહિ—ના, એટલું બધું નહિ બને, પણ એની ઝાઝી ચિંતા નહિ કરું. આચાર્યને જોયા ત્યારથી જ એણે મનમાં ગાંઠ વાળી છે કે આ મારા સ્વામી નથી–ભગવાન છે. મારા દોષે એમને નીચે નહિ ઉતારું. અંગમર્દન કરતાંય એણે મનમાં મનમાં કહ્યા કર્યું છે: ' આ ભગવાન છે. મહાન છે. એમની સામે અન્યથાભાવે ન જોતી.'

એકવાર પડખેની ગુફામાં પોતે ચીવરો સૂકવતી હતી ત્યાં વાત સાંભળી :

' એક શંકા છે ભગવન્, કે ભગવતી ગૌતમી આપની શુશ્રૂષા કરે છે, આપનાં અંગો દાબે છે, એ યોગ્ય છે?'

' મને તો એમાં અયોગ્ય નથી લાગતું.'

' વિનયમાં તો એની ના લખી છે ને?'

' અવસ્થાભેદે એટલું અપરિહાર્ય ગણીને ચલાવી લેવું.'

' ભગવન્, હું તો નહિ પણ અન્ય કેટલાક ભિખ્ખુઓ આપનો ત્યાગ કરી બીજા ગુરુ પાસે જવા માગે છે. એ તો કહે અવસ્થાભેદે સેવા લેવી પડે તોપણ ભિખ્ખુણીની લેવી, સંસારાસક્ત સ્ત્રીની નહિ.'

' જેને જવું હોય તેને મેં તો એક વખત કહ્યું છે કે આપણે કોઈ કોઈના ગુરુ નથી. મારો કોઈ અનુયાયી નથી–સહયાત્રી છે. ગુરુ તો એકલા તથાગત–આપણે સૌ એના જ અનુયાયી છીએ.' એમના અવાજમાં ખેદ ને અપાર કરુણા ભરી હતી એ સાંભળીને

ગૌતમીનું હૈયું પણ હલી ઊઠયું. છેવટે એમણે કહ્યું: 'એ બધાને મારા વતી નિવેદન કરજે કે, કોઈ સંસારાસક્ત સ્ત્રીનો મને સ્પર્શ થયો નથી.'

'પણ એ તો કહે છે કે એ કારણે જ આપનો એક પગ જૂઠો પડી ગયો છે. જો આમ ચાલુ રહેશે તો આખું અંગ જૂઠું પડી જશે.'

'અરેરે! ભગવાન તથાગતના એહીપશ્યક ધર્મમાં આવી અવિવેકી–કલ્પનાનો ઉદય થવા માંડયો કે? મારો પગ જૂઠો પડ્યો તેનો રોગ સાથે સંબંધ જોડવાને બદલે કયાં જોડયો? પણ તમે કાલે જ જોશો કે પગ બરાબર થઈ ગયો છે.' કહી એ અવનતમુખે નીચે બેસી રહ્યા.

પેલી બાજુ ગૌતમી કયાં સુધી ગુફામાંથી બહાર ન નીકળે? બે વાકયો તેના બંને કાનમાં ગાજતાં હતાં—'કહેજે કે કોઈ સંસારાસક્ત સ્ત્રીનો મને સ્પર્શ નથી થયો' ને 'આમ ને આમ આખું અંગ જૂઠું પડી જશે.'

જેની મહાનુભાવતાએ એને બિરદ આપ્યું તેના જ અંગ પર પોતે છાંટા ઊડવા દેશે? પોતાના સર્વસ્વને કલંક લાગવામાં પોતે જ નિમિત્ત બનશે? સાધ્વીપણું એવું તે શું કઠિન હતું! ઓછામાં ઓછું એને તો કાંઈ કઠિન નહોતું. અવનતમુખે અહીંથી નીચે ઊતરી જવા કરતાં એમની નજર નીચે પ્રાણ છૂટે તેથી રૂડું શું! કેશ ને સૌભાગ્યચિહ્ન વિનાનીને પણ દેવો સૌભાગ્યવતી કહેવાના. આનંદનો મોહ છોડવો અઘરો હતો, પણ તેય અંતર્યામી સુઝાડી દેશે! હવે તો એમની બાજુમાં જ—બહાર આવી જુએ તો ગુફાની બહાર આમ્રઘટા નીચે સ્વસ્થ પુરુષની જેમ શીલભદ્ર ટહેલી રહ્યા છે. પગમાં કયાંય ખોડ નથી. રોગનું નામનિશાન નથી. જુદી જુદી ગુફામાંથી ભિખ્ખુઓ ફાટી આંખે તાકી રહ્યા છે. એણે જઈ ને ભક્તિભાવપૂર્વક માથું નમાવી કહ્યું:'ભગવન્! મને પ્રવ્રજ્યા આપો!'

શાંતરસના અવતારસમા આચાર્યની આંખમાં પણ સ્નેહ ઊભરાઈ આવ્યો. 'તને એ જ શોભે, ગૌતમી! પણ એક ઉત્તર આપ—હું તને શું થાઉં?'

'ભગવાન! ગુરુ!'

'બીજું કાંઈ જ નહિ?'

'ના ભગવન્!' ને પછી મનમાં મનમાં કહ્યું: 'આજે જ કાંઈ તમે મારા ભગવાન બનો છો?'

તે જ સાંજે ભિક્ષુસંઘની સન્મુખ ગૌતમી આર્યા સુવ્રતા થઈ ગઈ. કેશલોચન કરાવતાં, યંત્રવત્ મંત્રોચ્ચારો કરતાં, એની સામે આનંદનું મોં તર્યા કર્યું. હવે શું તે તેનો કાંઈ જ ન હતો? તે રાત્રે મહાકાશ્યપને પ્રસંગનું વર્ણન કરતાં આચાર્યે કહ્યું:

'આજ સુધી મને એક કોયડો નહોતો સમજાયો. તું જાણે છે કે પરણવું નહિ ને આજીવન બ્રહ્મચારી રહેવું તે મારો વિદ્યાકાળનો સંકલ્પ હતો. કોઈ દિવસ એ સંકલ્પ મને આકરો નહોતો લાગ્યો, પણ સિંધુકાંઠા પર એક કન્યા પાછળ હું એકાએક કેમ ગાંડો થઈ ગયો તે મને સમજાયું ન હતું. થતું હતું કે યૌવનના ઉન્માદમાં વિવેક ભૂલી પરણી બેઠો હોઈશ. ગૌતમીની આકૃતિને પણ ઈરાદાપૂર્વક ભૂંસી નાખેલી, ને એટલે જ મોડું સમજાયું. પણ આજે એણે પ્રવ્રજ્યા લેવાની માગણી કરી ત્યારે ધ્યાનપૂર્વક એની સામે જોયું ત્યારે ખબર પડી કે હું કાંઈ એ એક ભૂલ નહોતો કરી બેઠો, પણ મારા સંકલ્પના કરતાંય એ મૂલ્યવાન છે એમ પ્રતીતિ થવાથી એને ગ્રહણ કરેલી. આનંદ! માતા જેવા દસ–વીસ પુરુષો પણ સાધુ હોત તો આ સંઘ કેવો યશસ્વી બની જાત!'

સુચરિતા પાસેથી આખી વાત સાંભળ્યા પછી આનંદે લાગલો જ પ્રશ્ન કર્યો:

'હું આવતો નથી એમ તો તમે બાને નથી કહ્યું ને?'

'કહ્યું જ ને!'

'તમે વિચારે ન કર્યો કે બાને કેટલું દુઃખ થશે?'

'સગા દીકરાને જો માના દુઃખનો વિચાર ન આવે તો અન્યને તો ક્યાંથી જ આવે?'

'હું તો ગાંડો થઈ ગયો હતો.' એણે ઉદાસીન સ્વરે કહ્યું.

'નથી કહ્યું હં...ગભરાતા નહિ. પિતાજીએ જ ના પાડી હતી!'

'ગુરુદેવ દ્રષ્ટા છે!'

'હવે કાલે આચાર્ય શીલભદ્રને પણ મળવાના ને?'

'મળીશ જ ને...નમીશ પણ ખરો. જોકે માબાપ ઝૂંટવી લેનાર ધર્મની હું કદી પ્રશંસા નહિ કરી શકું.'

'સુદત્તના પદ્મપાણિ પણ જોતાં આવશું.'

'હા, સુદત્ત તો પથ્થરોનો વિશ્વકર્મા છે!'

૫

તે દિવસે આર્યા સુવ્રતા ગુફા નીચેના ઝરણા પર ચીવરો ધોતાં હતાં. આચાર્ય શીલભદ્રનો જતી વખતનો સંદેશો ઉકેલવામાં એટલાં લીન થઈ ગયાં હતાં કે પડખેનું પાત્ર પાણીમાં તણાઈ ગયું એ પણ ધ્યાનમાં ન રહ્યું. આચાર્યે પરોઢે ઊઠતાંવેંત જ બધા ભિક્ષુઓને ભેગા કર્યા ને કહ્યું: 'હું બે ઘડી પછી વિહાર કરવા માગું છું. અહીંથી શાકલ—પુરુષપુર, પુષ્કરાવતી ને પકથપ્રદેશમાં થઈ પહ્લવોના દેશમાં જવા માગું છું. યાત્રા સહેજે એકાદ વર્ષ લેશે. તમારામાંથી જે વિહારિકા આવવા ધારતા હોય તે તૈયાર થઈ જાય. બુદ્ધસેન કાંપિલ્યનગરમાં છે. તે થોડા વિહારિકાને લઈ મને તક્ષશિલા મળે. મારી ગેરહાજરીમાં વિહાર આર્યા સુવ્રતા ને બ્રહ્મચારી ચારુદત્ત સંભાળશે. એમના વિના કોઈ અહીં ચાતુર્માસ સિવાય કાયમી નહિ રહે.'

ગૌતમી જરા ચોંકી પડી. વળી એને એકલાં રહેવાનું હતું. જે માટે એણે આ વેશ સ્વીકાર્યો એ વળી ચાલ્યા જતા હતા. ભિક્ષુઓ વીખરાતાં એ હાથ જોડી પાસે જઈને ઊભી રહી. 'નવસેન, મારા ગ્રંથો સાથે લેવાના છે. પરિનિર્વાણસુત્તની પોથી સાથે રાખજે.' શીલભદ્ર પોતાનો સામાન બંધાવતા હતા. ગૌતમીને આવી ઊભેલી જોઈ કહે: 'હું સમજ્યો, પણ અહીં પણ કોઈ સાચવનાર જોશે:ને ? ને આર્યા કરતાં મારાં સંસ્કારો ને મહેચ્છાને બીજું કોણ વધુ સમજી શકે ? ને આ યાત્રા પણ વિકટ છે.'

'મને વિકટ નહિ લાગે.'

'આર્યને કશું વિકટ નથી—અહીં રહેવું કે ત્યાં સાથે આવવું, પણ પ્રવ્રજ્યા લીધે એક દશકો થયો. હવે રહ્યાંસહ્યાં કષાય—તૃષ્ણા ભલે બળી જાય.'

ગૌતમીને કંઈ કહેવાનું નહોતું. અહીં ક્યાં ઘર હતું ને ક્યાં એ સ્વામી હતા કે લડી—ઝઘડી શકાય? ને એમની વાતે શી ખોટી હતી? દસ વર્ષને અંતે પણ જો સાથે રહેવાની તૃષ્ણા ન છૂટતી હોય તો પછી એ અભાગિની તૃષ્ણાને જ દંડવી તે યોગ્ય છે ને! જતી વખતે ગૌતમીના ખંડ પાસે આવી કહે: 'આર્યા, આ તમને ને ચારુદત્તને ભળે છે.' પછી કહે: 'હું આવું ત્યાં સુધી પદ્મપાણિની ભલામણ મહાકાશ્યપને કરતો જાઉં છું એમ સુદત્તને કહેજો.' કહી યાત્રા માટે પગલું ભર્યું. 'તથાગતનું શરણ લેવું.'

'બુદ્ધં સરણં ગચ્છામિ! ધમ્મં સરણં ગચ્છામિ!' રટતા એ પહાડ ઊતરવા માંડ્યા.

ગૌતમી એ દેખાયા ત્યાં સુધી તાકી રહી ને પછી ભારે હૈયે ચીવરો ધોવા ચાલી. વિહાર કરવા તો આચાર્ય ઘણી વાર જતા, આજનો વિહાર પણ એવો સામાન્ય વિહાર હતો એમ મનને ઘણું કહેવા છતાં ગૌતમી મનને મનાવી ન શકી. આટલી ભલભલામણ શા માટે?

'તથાગતનું શરણ સાચું છે' એમ કહીને શીલભદ્ર શું એમ સૂચવતા હતા કે એમનું શરણ નિરર્થક છે?—એનું મન સહેજ અસ્વસ્થ થઈ ગયું. ધીમે પગલે ઉપર ચડતી હતી ત્યાં તળેટીમાં જુએ તો ત્રણ જણ ઉપર આવતાં આગળ દેખાયાં. મહાકાશ્યપ ને છેડે સુચરિતા હતી, પણ વચમાં કોણ હતું? એનું અંતર ધબકી ઊઠ્યું. જટા, મૃગચર્મ ને ધનુષ્યબાણમાં શોભતો એનો આનંદ તો નહોતો? તે ગુફાના બારણા આગળ જ બેસી ગઈ. ભલે ને દસ વર્ષ મોટો થઈ ગયો હોય, પણ લાખ માણસના સમૂહમાંય એનું માતૃત્વ એને શોધી કાઢે તેમ હતું. ત્યારે શું આચાર્ય એટલા માટે જ આજે ચાલ્યા ગયા હતા! દીકરા પાસે ગુનેગાર નહોતું દેખાવું, કે નવું બંધન કદાચ ચોંટી જાય તેવી બીક હતી? એનું ખાલી ખાલી લાગતું અંતર એકદમ ભરાઈ ગયું.

જુએ તો આંગણામાં ખિસકોલીઓએ સાત–તાળીની રમત શરૂ કરી છે. આમ્રવૃક્ષ પર એક વાંદરો બેઠો બેઠો કેળાંની છાલ ખાય છે. ફરતા નંદિગ્રામના પ્રાસાદો હમણાં જ સરવરમાંથી નીકળેલી અપ્સરાઓ જેવા શોભે છે. નદી-કાંઠા પરની પેલી ગાયો કેવી પ્રસન્ન–શાંત મને ચરે છે! એમનાં આઉ કેવાં દૂધે ફાટફાટ છે! પોતાની ગુફાનો ઉંબરો કેવો લીસો ને શીતળ છે! આખા વિહારનો ખૂણેખૂણો કોઈ અપૂર્વ આનંદથી ઊભરાઈ ચાલ્યો છે.

એને સંભળાયું: 'ધનુષ્ય–બાણ અહીં નીચે પાવડી પાસે જ મૂકી દેજે.' એ ઊભી થાય ત્યાં સંભળાયું: 'આ રહ્યાં આર્યા!'

ને બીજી જ ક્ષણે એના ખોળામાં આનંદનું માથું હતું.

'બહુ વર્ષે માને સંભારી!'

મરકતા મોંએ જોઈ રહેલા મહાકાશ્યપ કહે: 'એમ કહેતી નહિ, એ ચાલ્યો જશે. ઊલટો કહે છે કે આટલાં વર્ષોથી તેં કેમ ન ખબર પૂછ્યા?'

'મેં કયો માસ ખબર પુછાવ્યા વિનાનો કાઢયો છે?'

'તું તો ઘણાય ખબર મોકલાવે, પણ આત્રેય દાદા આપે ત્યારે ને! એણે તો તને અગ્નિદાહ જ દઈ દીધો છે.'

'શું બોલ્યા ભગવન્?'

'એને એમ કે તું જીવે છે ને શીલભદ્ર પાસે રહે છે એમ આનંદને ખબર પડે તો વખતે એય અહીં નાસી આવે.'

'તોય શું ખોટું હતું? એના પિતાએ તો કેડો પાડી મૂકયો છે!' સુચરિતાએ હસીને કહ્યું.

'દુહિતા ગઈ, અને દૌહિત્રને જવા દે તો આત્રેય દાદાનો વારસો કોણ સાચવે?' ગૌતમીએ કહ્યું ને આનંદને માથે હાથ ફેરવ્યો.

'તું જરા એને પંપાળી લે ત્યાં હું ને સુચરિતા આચાર્યને મળી લઈએ. પશ્ચિમ ખંડમાં છે ને?'

'આચાર્ય? આચાર્ય તો ચાર ઘટિકા થયે ગયા!'

'ગયા!' ત્રણે સાથે બોલી ઊઠયાં.

'હા, પકથપ્રદેશમાં. કાંપિલ્યનગરથી બુદ્ધસેનને પણ બોલાવેલ છે ને મને અહીં વિહાર સોંપતા ગયા છે.'

મહાકાશ્યપ થોડીવાર મૂંગા રહીને કહે: 'ફરીને આવતાં ત્યારે સહેજે વર્ષ થશે.'

'બાપ–દીકરો ઘડીક માટે ભેગા ન થઈ શકયા !' સુચરિતાએ કહ્યું.

'અશ્વારોહીને મોકલો ને ?' ગૌતમીએ કહ્યું.

મહાકાશ્યપ 'ના' કહી પાછા વિચારમાં પડી ગયા. એમને સમજાયું નહિ કે આચાર્ય કેમ એકાએક ઊપડયા. હજુ થોડા સમય ઉપર એમને દૂતોએ ખબર આપ્યા હતા કે મહાસેનાની શકરાજ મૈનેન્દ્ર ઐર્યાનમાં ઊતર્યો હતો. ફારસ સૈન્ય હાર્યું હતું. આ શિયાળો એ પાર્થવપ્રદેશમાં ગાળવાનો હતો ને આવતે શિયાળે સિંધુતીરે ઊતરવાનો એનો મનોરથ હતો. સંથાગારના ગણમુખ્યોને સમાચાર આપતાં પહેલાં એમને આચાર્ય જોડે આ વિષે વાત થઈ હતી ત્યારે એમણે કહેલું પણ ખરું કે, ભગવાન તથાગતે પશુહિંસા તો અટકાવી, પણ આ નરહિંસા કોણ રોકશે ? શું આચાર્ય શીલભદ્ર સામે ચાલીને એને ઉપદેશવા તો નહોતા જતા ? મૈનેન્દ્રને વિષે એમણે ઘણી વાતો સાંભળી હતી. દિગ્વિજય કરી ચક્રવર્તી થવા એ નીકળ્યો હતો. પણ કોહકાફના પહાડો વટાવી ઐર્યાન સામ્રાજ્ય ભાંગી છેક અહીં સુધી આવી શકે તેમ એમણે માન્યું નહોતું–હજુયે મનાતું નહોતું. શું આચાર્ય એમની કાલવેધી દષ્ટિએ એ જોઈ શકયા હતા ? એમણે મા–દીકરાને વાતો કરતાં મૂકી ટહેલવા માંડયું.

૬

આનંદના જીવનમાં જાણે સુખસાગર હિલ્લોળે ચડયો છે. દેહમાં જાણે રોજ રોજ નવીન લહરો આવ્યા કરે છે. મૃત માનેલ માતાને દસ વર્ષ પછી અચાનક મળતાં એને જાણે સ્વર્ગદ્વાર જ ખૂલી ગયું છે. વહેલી પરોઢમાં મહાકાશ્યપ પાસેથી પાઠ લઈ, સુચરિતા ને મેધાતિથિને શસ્ત્રવિદ્યા શીખવી, ગાયો ધોળી, ડુંગરમાં ચાલ્યો જાય છે. ગાયો નિર્વાણગિરિની તળેટીમાં ચરે છે ને પોતે વિહારમાં માતા પાસે બેઠો બેઠો એકઠી થયેલી વાતો કર્યા કરે છે. અજીત મલ્લોને કેમ હરાવ્યા, ધનુર્વેદવિદ્દોની પરિષદમાં પોતે કેમ ઝઘડી પડયો ને છેવટે એકલે હાથે કેમ હરાવ્યા, લૂંટારાઓમાં સપડાયાની અને હમણાં આત્રેય દાદાની અશ્વશાળામાં કયા કયા અશ્વો છે એવી અનેક વાતો ચલાવે છે. મા કોઈવાર ચીવર સાંધતાં, કોઈવાર વિહાર વાળતાં, ઝાડતાં–ઝપટતાં એ બધું સાંભળ્યા કરે છે. દીકરો એ જ્યાં જાય ત્યાં પાછળ ભમ્યા કરે ને વાતનો પ્રવાહ ચલાવ્યા કરે. કોઈવાર વચમાં કહેઃ

'પણ આનંદ, ગાયો તો જોઈ આવ ?'

'ના બા, ગાયો બહુ ડાહી છે.'

'મોટો થયો તોય ગાંડો રહ્યો ! ગાયોમાં તે કાંઈ ડાહી–ગાંડી થતી હશે ! હું નાસી નહિ જાઉં, જા જા, તળેટીમાં જઈ આવ. હમણાં જ મેં એક લાલ ગાયને ગામ તરફ જતી જોઈ.'

'દસ વર્ષ તો અલોપ થઈ જ ગઈ'તી' કહી એ એકીસાથે પાંચ–પાંચ પગથિયાં કૂદતો નીચે જતો, ને ગૌતમી પાછળ ચીસો નાખતીઃ 'અરે ! ધીમે ધીમે ચાલ, ક્યાંક પગ–બગ ભાંગી બેસીશ.'

બપોરે માની ભિક્ષામાંથી ભાગ પડાવતો ને પછી મા પોથામાંથી કાંઈક વાંચતી કે ઉતારા કરતી ને દીકરો એનો અભ્યાસ કરતો અથવા નીચે ગાયોની તપાસ કરવા ને ઔષધિસંગ્રહ કરવા જતો. સૂર્ય નમે એટલે માને પગે લાગી, ગાયો લઈ, પાછા વળતી વખતે બાને કહેવાની રહી ગયેલી વાતો મનમાં ટપકાવતો. સુચરિતાને ભણાવવાનું પણ આમાં કોઈ વાર રહી જતું. તે દિવસે સુચરિતા એને કહેતીઃ

'તમને મા મળ્યાં એટલે કોઈનો હિસાબ જ ન રહ્યો, ખરું ને!'

'શું?'

'શું કેમ? આજે બે દિવસથી શીખવતા નથી તે? પિતાજીને આજે કહેવા દેજો!'

સુચરિતા અને બીજા શિષ્યગણને એ શસ્ત્રવિદ્યા શીખવતો હતો. સુચરિતાને તો ખાસ કરીને સારથિવિદ્યા શીખવવાની હતી, કારણકે વાહિકપ્રદેશમાં સામુદાયિક આફત વખતે ઘણી સ્ત્રીઓ યુદ્ધમાં સારથિ તરીકે કામ આપતી. સુદત્તને પણ શીખવું હોય તો આવવા એણે કહ્યું હતું. એણે પહેલાં તો ના પાડી હતી, પણ સુચરિતાએ આગ્રહ કર્યો એટલે આવતો. શીખવવા માટે ઉડુગ્રામથી પોતાનો રથ અને ચાર જોડી કૃષ્ણવર્ણના અશ્વો મંગાવી લીધા હતા. પહેલે જ દિવસે સૌને ખબર પડી કે આનંદ બહુ આકરો શિક્ષક હતો. સુચરિતાને કહેઃ 'આ લૂગડાં નહિ ચાલે, જાઓ! સારથિઓ પહેરે છે તેવો આજાનનો પુરુષપોશાક પહેરી આવો'. સુદત્તને કહેઃ 'આ તમારી રૌપ્યપાદુકા ક્યાંક રખડી જશે, એટલે એ ઉતારી ઉઘાડે પગે આવો–કેડે મૃગચર્મ વીંટીને!'

સુચરિતા પોશાક બદલીને આવી. આ પોશાકમાં પણ એ ઓર દીપી ઊઠતી હતી. એ ને સુદત્ત બંને પગથી તે માથા સુધી હરણના ચામડાના પોશાકમાં સજ્જ થયાં હતાં.

'હં, હવે બરાબર. હવે પહેલાં વાળની જટા બાંધી લો, નહિતર પવનમાં વારે વારે ઊડીને આંખ પર આવશે.'

'કંઈ નહિ, આ સુંદર લાગે છે. બહુ તો એકાદ કટકો માથે બાંધી લે.'

'એ સુંદરતાનું શાસ્ત્ર હમણાં નહિ સુદત્ત, કટકો છૂટી જાય.' કહી એ રથ પર બેઠો ને ચારુદત્તના હાથમાં લગામ આપી બાકીનાંને કહ્યું: 'સાથે દોડતાં આવો.' સુદત્તનું મોઢું કટાણું થઈ ગયું. એને સમજાયું નહિ કે છતે રથે શા સારુ દોડાવતા હતા. ઓચિંતા રથ ઊભો રાખી કહે: 'જેમના પગમાં પાદત્રાણ રહી ગયાં હોય તે રથમાં મૂકી દે ને ખુલ્લા પગે જ દોડે.'

'અરે, પણ સુચરિતાના પગ ત્યાં મેદાન પર પહોંચશે ત્યાં તો લોહી-લોહાણ થઈ જશે!' સુદત્તે કહ્યું.

'છો ને થતા! પગને ગુલાબની પાંદડી જેવા રાખે તે તો કવિતામાં શોભે, આ ધંધામાં તો લોહીલોહાણ પગ જ દીપે.'

'પણ હાથે કરીને કરવા?'

'આ તમારા માલવોનું દુ:ખ છે. આરામપ્રિય લોકો—જે રોજ દોડતો નથી તે એક દહાડો ઓચિંતાનો શરત જીતી જતો હશે!' કહી એણે લગામ લીધી. 'દોડજો જોઈ, કોણ દોડતા રથે ચડી જાય છે?'

અશ્વોએ જાણે લગામને પારખી, ઘરઘરાટ રથ ઊપડયો. મેદાન પર પહોંચવામાં સૌથી છેલ્લી સુચરિતા હતી. હાંફતી હાંફતી એ દોડતી હતી ને પાછળ સુદત્ત સહેજ ઉતાવળી ચાલે ચાલતો હતો.

'આમ તે શિખવાતું હશે?'

'પણ તું શા માટે એનો પક્ષ રજૂ કરે છે? ને તું શા માટે પાછળ રહ્યો? સારી પેઠે દોડી શકયો હોત!'

'હવે તું ને ચારુદત્ત દોડો રથની સાથે. ને સુચરિતા, તમે ને મેધા-તિથિ આવી જાઓ રથમાં.'

આનંદના 'તું'કારાએ સુદત્તનું મગજ તપાવી દીધું. આનંદ એના કરતાંય બે વર્ષ નાનો હશે. ઉપરાંત, પોતે કંટકશોધક ને નગરશ્રેષ્ઠીનો લાડીલો દીકરો—વાહિકપ્રદેશનો શિલ્પીશ્રેષ્ઠ. પોતાને ત્યાં તો આવા ઘણાય કુશળ સારથિઓએ રાખતો હતો. પણ અહીં આનંદનો સુચરિતાને 'તમે'

ને પોતાને 'તું' કહેવામાં શું હેતુ હતો? આનંદ પોતાનો શિક્ષક હતો એટલે એની સાથે ઝઘડી શકાય તેમ નહોતું, છતાં બીજા જે રથ પછવાડે દોડતા હતા તેની સાથે ભળવાને બદલે એ છેડા પર જઈને હાથ વાળીને ઊભો. વર્તુલાકારે ઘૂમતો રથ એની પાસેથી બે–ત્રણ વખત પસાર થયો. વેગીલા અશ્વો પર કાબૂ રાખ્યાના આનંદથી હસતી સુચરિતાને આનંદને પડખે જ બેઠેલી જોઈ એની આંખમાં ક્રોધ ને ઇર્ષા આવ્યાં. 'ઘોડા હાંકવા એમાં તે કઈ મોટી કળા છે? બર્બર પકથોય તેમાં વિશારદ છે!' બબડતો, જાણે એ ન જોવાતું હોય તેમ, પીઠ ફેરવીને આશ્રમ તરફ એ ચાલી નીકળ્યો.

સુચરિતાને આજે અપાર આનંદ આવ્યો. દોડવાનો શ્રમ, ખુલ્લા પવનમાં રથમાં બેસવાનું, ઘોડાઓના ઘૂઘરાનો ખનખનાટ, લગામ પર થોડો કાબૂ આવ્યાનો ગર્વ—આ બધાંએ એનામાં અપાર સ્ફૂર્તિ ભરી દીધી. ઘર આગળ રથ ઊભો રહે તે પહેલાં જ એ ઠેકડો મારીને હેઠે ઊતરી પડી ને એ જ પોશાકમાં પિતાને ખબર આપવા દોડી.

'ઊભાં રહો! ઊભાં રહો!' આનંદે બૂમ પાડી. 'તમે જરા આ રથને ઝાપટીને ધૂળ ખંખેરી નાખો, ને મેધાતિથિ ને ચારુદત્ત ઘોડાને પાણી પાઈ નવરાવી આવે.' કહી એ દોડતો દોડતો પોતાની કુટિરે ચાલતો થયો.

સુચરિતા નાહીને બહાર આવતી હતી ત્યાં સુદત્ત એને મળ્યો. 'તમે કેમ રિસાઈને ચાલ્યા આવ્યા?' સુદત્તને જોઈ એણે પૂછ્યું પણ સુદત્તે કાંઈ જવાબ ન દીધો.

'કેટલી મઝા આવી! અશ્વો સમુદ્રનાં મોજાં જેવા જ બલશાલી છે!'

'હું તો હવે આવવાનો જ નથી.'

'કેમ?'

'મારે ત્યાં રથોનો ને સારથિઓનો તૂટો નથી.' પછી કહે: 'તારે માટે થઈને હું પાછળ રહ્યો ને તું તો મારું અપમાન જોઈ રહી–ઊલટી, ચપ લઈને રથ હાંકવા બેસી ગઈ!'

સુચરિતાને હવે જ યાદ આવ્યું કે સુદત્તનું અપમાન થવાનું કારણ એ પોતે હતી.

'એ મારી ભૂલ થઈ ગઈ, પણ આનંદ એમ કહેતા હતા કે મેદાન પર હું તો બધાને 'તું'કારે જ બોલાવું—મારા આત્રેય દાદા આવે તો એને પણ. એમના બ્રાહ્મણકોમાં એવો નિયમ હશે.'

'પણ તો તને કેમ 'તમે સુચરિતા' કહ્યું?' સુચરિતા પાસે એનો કશો જવાબ નહોતો, પણ એને લાગ્યું કે સુદત્તને અન્યાય થતો હતો.

બપોરે એણે આનંદને જઈને કહ્યું:

'સુદત્તને આજ માઠું લાગ્યું, એ કોમળ પ્રકૃતિનો માણસ છે.'

'એ જ માલવકોની નિર્બળતા છે. કઠોર જીવનનો અભ્યાસ જ નથી એમને!'

'પણ તમે સૌને મેદાન પર 'તું' કહેજો.'

''તું' જ કહું છું!'

'મને તો આજે તમે 'તમે' કહેતા હતા?'

'મારી ભૂલ સુદત્તે પકડી પાડી, પણ તમને 'તું' કહેતાં મારી જીભ નથી ઊપડતી. ગમે તેમ તોય ગુરુપુત્રી...પણ ચાલોને કાલથી તમને પણ 'તું' કહીશ.'

તે દહાડે તો સુચરિતા એ વાતનું સમાધાન કરાવી શકી ને સુદત્ત ફરીથી મેદાન પર આવવા પણ લાગ્યો; એટલું જ નહિ, પણ જ્યાં જ્યાં સુચરિતા આનંદ સાથે હોય ત્યાં અચૂકપણે સાથે રહેવાનો પ્રયત્ન એ કરવા લાગ્યો. પણ એ મેળ લાંબો ટકવાનું મુશ્કેલ હતું. શા માટે—તેની સુચરિતાને પણ બહુ મોડેથી ઝાંખી થઈ, એટલે એણે તો સુદત્ત ને આનંદને સાંકળવાનો પ્રયત્ન કર્યે જ રાખ્યો. એને થતું કે આવા બે ચંદ્ર ને સૂર્ય જેવા શોભારૂપ યુવાનો ઝઘડે તે જ અસહ્ય હતું. બંનેય વાહિકપ્રદેશને દિવસે ને રાત્રે વારાફરતી કેમ ન ઉજાળી શકે? સુદત્તનાં આંગળાંમાંથી નર્યું સૌંદર્ય જ ઝરતું હતું—એક ટચકો મારે ને પથ્થરમાંથી એકાદ ફૂલ, એકાદ સુરમ્ય ચહેરો, એકાદ રમ્ય વળાંક ઊપસી આવતો: એકાદ પીંછી મારે કે તરત રંગના લપેડામાંથી એકાદ દૃશ્ય કૂદી આવતું. ને આનંદ?

એ શક્તિસામર્થ્ય–નિર્ભયતા ક્યાં મળવાનાં હતાં? વાહિકપ્રદેશમાં મગરો પણ ક્યાં ઓછા હતા? એમાંથી એકને ખોવો કેમ પોસાય?

એટલે એ અવારનવાર બંનેને જમાડતી, બંનેને સાથે વીણા સંભળાવતી, ડુંગરમાં ફરવા જતાં તોય ત્રણે જણ સાથે જ જતાં, એકને પણ ખોટું લાગતું તો સુચરિતાનું દિલ દુખાતું–પણ કોણ જાણે કેમ, જેમ જેમ સુચરિતા આમ પાસે લાવવાનો પ્રયત્ન કરવા લાગી તેમ તેમ મનથી બંને દૂર જ જતા ગયા. એકવાર સુદત્તે આનંદને પોતાને ત્યાં ભોજન લેવા નિમંત્ર્યો હતો. મહાકાશ્યપે પણ નગરશ્રેષ્ઠીનો આગ્રહ હોવાથી આમંત્રણ સ્વીકાર્યું હતું. ભોજન કરીને સૌને–ખાસ કરીને તો આનંદને જ, કારણકે બીજાએ તો પ્રાસાદ જોયો હતો–પ્રાસાદ બતાવવા સુદત્ત નીકળ્યો હતો. પહેલે દિવસે બહારથી જે પ્રાસાદ જોઈને આનંદને આશ્ચર્ય થયું હતું તે જ આજે અંદરથી જોતાં એને એક પ્રકારની અરુચિ થઈ આવી.

'સુચરિતા, આ કલહંસ–તું જે કહેતી હતી તે રાજહંસ–એની ગરદન જોઈ? એનો મરોડ હું કમાનમાં ઉતારવાનો છું. આ સુમેરુલતા આટલામાં ક્યાંય થતી નથી–છેક પુષ્કરાવતીથી એ મંગાવેલી. એનાં પાંદડાંની સુગંધ માણસને બેભાન કરી મૂકે તેવી છે, જો તો આનંદ!' આનંદ તો મૂંગો મૂંગો આ વિશાળ ઉદ્યાન, એમાં આવેલું હિમભવન, નાનાં–મોટાં કૃત્રિમ તળાવડાં, એમાં ઉગાડેલાં કૃષ્ણ, શ્વેત, નીલ, ઘનશ્યામ કમલો, અનેક દાસદાસીઓથી વીંટાયલો કૈલાસ જેવો સપ્તતલપ્રાસાદ–આ બધું જોતો હતો ને સાથેસાથ ઉરુગ્રામનું કિલ્લા જેવું દાદાનું મકાન સરખાવતો હતો. નહિ એમાં ઉદ્યાન, નહિ સ્નાનઘરો, નહિ બરફ જેવાં ચંદ્રિકાગૃહો, નહિ આ નૃત્ય ને વાદ્યની વિશારદતા. ત્યાં સુદત્તે પૂછ્યું:

'તમારે ત્યાં તો આવા સ્નાનકુંડો નહિ હોય, ખરું?'

'ના.'

'ચાલો...નાહવા પડશું?'

'અમારે ત્યાં મહાકુંડસમો સિંધુસાગર છે. એમાં નાહનારને આમાં

નાહવાનું મન જ ન થાય. ખાબોચિયામાં તે શું નાહવું ?' એની વાણીમાં રહેલા તિરસ્કારે સુદત્તને વ્યંગ કરવા પ્રેર્યો.

'બ્રાહ્મણકો કલાશત્રુ છે. એમને ફક્ત શસ્ત્રો ખખડાવતાં જ આવડે છે !'

'ભોગવિલાસમાં તે શું કળા છે ? માલવકોને માથે જે દહાડે દુશ્મન-દુંદુભિ ગગડશે ત્યારે ટાંકણું ને પીંછી લઈને આડા ઊભા રહેજો !'

સુદત્ત કંઈક જવાબ વાળવા જતો હતો ત્યાં સુચરિતા કહેઃ 'કલાકારો જ અતિશયોક્તિ કરે છે તે આક્ષેપ પાછો ખેંચી લેવો પડશે, આનંદ !'

'એનો અર્થ તો એ થયો કે, હું પણ અતિશયોક્તિ કરું છું એટલે હું પણ કલાકાર. મારે એ બિરદ નથી જોતું, ભલે એ સુદત્તને જ વરે. પણ મદમત્ત હાથીને બકરી જેવો ગરીબ ને શ્વાન જેવો હેતાળ કરવો તે સહજ-સાધ્ય કળા નથી. ચાલુ યુદ્ધે વેણુસંઘાત પર થઈને અશ્વારોહી દળને નદીપાર લઈ જવું તેમાં રહેલી કળાનો આરામપ્રિય પ્રજાને ખ્યાલ જ ન આવે. હું ૨૦ હાથ ઊંચેથી માછલીની જેમ આ કુંડમાં પડું તેમાં કાંઈ કળા નહિ, પણ જો સુદત્ત એને રેખામાં મૂકે એટલે સુદત્ત કલાધર થઈ ગયો !' એણે અર્ધ-હાસ્ય ને અર્ધ-તિરસ્કારમાં હોઠ મરડ્યા.

'તો તો સુચરિતાના વાદ્યના સૂરે નાચનાર મયૂર-મયૂરી પણ કલા-મર્મજ્ઞ થઈ ગયાં !' કહી સુદત્ત ખડખડાટ હસી પડ્યો.

'હવે રહેવા દ્યો ! આવું સ્વાદિષ્ટ ભોજન જમ્યા પછી આ પ્રાસાદમાં વેણુના આઘાત-પ્રત્યાઘાત કરવા એ તો કલામય નથી ને ?' સુચરિતાએ કહ્યું. બંને જણા ચૂપ થઈ ગયા. વળી થોડીવારે સુદત્ત કહેઃ

'મને એકવાર આનંદને પેલા માછલીની જેમ પડવાનો જવાબ આપી લેવા દે. સુચરિતા વીણા વિના વાદન કરી શકતી નથી એટલે કાંઈ વીણા એ કલાકાર થઈ શકતી નથી—વીણામાંથી સંગીત ઉપજાવનાર સુચરિતા જ કલાકાર છે. ને માતંગોને વશ કરવાના જે દાખલા આપ્યા તેમાં કલા નથી પણ કારીગરી છે.' ને પછી વિજયના ગર્વમાં અતિ-જ્ઞાનીનું ઔદાર્ય ભેળવીને કહેઃ 'એમાં આનંદ ન સમજે તો કાંઈ આશ્ચર્ય

નથી. બ્રાહ્મણકોએ એ ઇંદ્રિય કેળવી નથી એટલે એમણે એમાં તો જેણે સાધના કરી છે તેને જ પ્રમાણ માનવા જોઈએ ને?'

આનંદ કાંઈક જવાબ વાળવા જતો હતો ત્યાં દૂરથી મહાકાશ્યપ ને નગરશ્રેષ્ઠીને આવતા જોઈ ચૂપ રહ્યો.

નગરશ્રેષ્ઠીએ આનંદને અભિવાદન કરીને કહ્યું: 'ત્રણ માસમાં આજે જ અહીં આવ્યા ને? નંદિગ્રામમાં આવ્યા જ છો ત્યારે થોડી શસ્ત્રવિશારદતા અહીં નાખતા જજો!'

'આ સુદત્તભાઈ તો અમારી શસ્ત્રપરાયણતાને જ નિંદે છે.'

'એ તો અમારે છે જ ઘેલો, બાકી પૂતળાંનેય રક્ષવા તો કાંઈક જોશે ને! કેમ, ખરું ને ભગવન્?'

'શસ્ત્રપરાયણતા તો નહિ, પણ શસ્ત્રપારંગતતા તો સૌએ મેળવી લેવી પડશે.'

તે દિવસે તો સુદત્તને બરાબર જવાબ આપવાનું નગરશ્રેષ્ઠી આવી ચડ્યા એટલે રહી ગયેલું. બીજે ટાણે જોઈ લઈશ એમ આનંદે મનમાં ગાંઠ મારેલી એમાં પ્રસંગ મળી ગયો.

આર્યા હમણાં વિહાર કરવા ગયેલાં એટલે બપોરવચાળે ક્યાંય જવાનું નહોતું. આચાર્યના ધ્યાનખંડમાં પડ્યો પડ્યો એ ગ્રંથ વાંચતો હતો. વાંચતાં વાંચતાં સહેજ ઝોકું આવી ગયું. જાણે સ્વપ્નમાં સુદત્ત સુચરિતાનો હાથ પકડી વાત કરી રહ્યો છે.

'સુચી, તેં મને વચન આપ્યું છે—હવે ફરી જતી હો તો ભલે.'

'વચન આપ્યું છે એની હું ક્યાં ના પાડું છું? પણ તું આવું માગે તો હું ક્યાંથી આપી શકું?'

'મારે શું માગવું તે જો તું નક્કી કરે તો વચન શા કામનું?'

'પદ્મપાણિ તું પૂરા તો કર, ને પિતાજી એનાથી સંતુષ્ટ તો થાય?'

'પણ એ થયું તો તો મારો વચન પર હક્ક ખરો ને?'

'અવશ્ય, પણ મારાથી પળાય તેવું જ વચન તું માગીશ ને?'

'હા, હા; એ તારાથી પળાય તેવું જ હશે.'

'તો તમારે શંકા રાખવાનું કાંઈ કારણ નથી.'

'મને શંકા થઈ એટલે પહેલાં તારી સાથે ચોખવટ કરી લીધી.'

આખો વખત તેની નજર સામે એ સ્વપ્ન તર્યા કર્યું. વિચાર્યું કે સ્વપ્ન હતું કે અર્ધજાગ્રત–અવસ્થામાં સાચે જ સંભળાયેલ વાતો હતી? બીજે દિવસે એ ને સુદત્ત બે જ રથ ફેરવવા ગયા હતા. દોડતા રથ પરથી ઊતરી પડવાનું આનંદે સુદત્તને કહ્યું. પૂરપાટ જતા રથમાંથી ઊતરી પડવાની સુદત્તમાં હિંમત ન આવી. રોજ તો રથ સહેજ ધીમેથી ચાલતો એટલે સહેજે ઊતરી જતો. આનંદે બે–ત્રણ વખત કહ્યું, પણ જ્યારે સુદત્ત ન ઊતરી શકયો ત્યારે અચાનક એનાથી વેણ નીકળી ગયું:

'બ્રાહ્મણક લોકો ગમે તેવા બુડથલ હોય, પણ કોઈ બ્રાહ્મણકકન્યા તને પરણે નહિ, સુદત્ત! રમણીલુબ્ધ લોકોનું આ કામ નહિ.'

બોલતાં તો એ બોલી ગયો, પણ પછી પસ્તાવાનો પાર ન રહ્યો. ફરી પોતાની ભૂલ સુધારી લે તે પહેલાં જ સુદત્તે એને એવો તો ધક્કો માર્યો કે ચાલતા રથે એ જ નીચે ફેંકાઈ ગયો–રથચક્ર નીચે આવતાં સહેજમાં જ એ બચી ગયો. ક્રોધે ધ્રૂજતો સુદત્ત પણ નીચે ઊતરી પડી પોતાનું કૃપાણ છોડતો હતો.

'રમણીલુબ્ધ છું કે કેવો છું તે આજ જોઈ લઈએ. મેં તને ધક્કો માર્યો એટલે પહેલો ઘા કરવાનો હક્ક તારો છે. ચાલ, ઊભો થા.'

આનંદને ખાસ લાગ્યું ન હતું, પણ પોતે પહેલાં ભૂલ કરી હતી એનું એને ભાન હતું. ને મહાકાશ્યપને ખબર પડે તો? કેવો અશોભન પ્રસંગ ગણાય! એ ધારે તો એક જ આઘાતથી સુદત્તને ધરાશાયી કરી શકે એમ હતો, છતાં આજે તો એને અધિકાર નહોતો. ગુનેગાર પોતે હતો. એ હસતો હસતો ઊભો થયો. ધૂળ ખંખેરતાં ખંખેરતાં કહે: 'આપણા બેનો મુકાબલો ન હોય! તું જાણે છે કે તારા જેવા દસ......'

'મિથ્યાવાદ કર મા. આજે મને એકલાને તો પૂરો પડ?'

'આજે નહિ—સો વાતે પણ આજે નહિ. તારી ઇચ્છા હોય તો હજીય આથી વધુ તું મારું અપમાન કરી શકે છે, કારણકે મેં તારા સ્વત્વને અપમાન્યું છે.'

'તેનો જ હું બદલો માગું છું.'

'તો...લઈ લે, હું ઊભો છું.'

'એમ નહિ, શસ્ત્ર લે.'

'તારી હોંશ હશે તો સમાજમાં લેશું, તું પણ ત્યાં સુધીમાં તૈયારી કરી લે.' કહી એ પાછો ફર્યો. આશ્રમમાં એક અક્ષરે કોઈને કહ્યો નહિ.

તે દિવસથી સુદત્ત આશ્રમમાં ભાગ્યે જ ફરકતો. આનંદે એકવાર મહાકાશ્યપને પૂછ્યું, તો કહે: 'મોગલ્લાનવિહારના મૂર્તિવિધાનમાં પડયો લાગે છે. એ મનમોજી જીવ છે.'

એક દિવસે બપોરે એ પોતાની કુટિએ બેઠો હતો ત્યાં સુદત્તે પ્રવેશ કર્યો. 'આવો સુદત્તભાઈ! હમણાં કેમ નહોતા દેખાતા? મારા મનમાં એમ હતું કે તમે કદાચ લેખિત ક્ષમાયાચના ઇચ્છતા હો!...તોયે લખી આપું. અમે બ્રાહ્મણકો એ રીતે સરલહૃદયી હોઈએ છીએ.'

સુદત્ત થોડીવાર રહી કહે: 'કાલ હું શાકલનગર જવાનો છું. એક વાત પૂછવા આવ્યો છું, સાચી કહીશ?'

'હું કદીય અસત્ય નથી બોલતો તેવું અભિમાન તો મને ન શોભે, પણ મારે કેટલીક તો એવી જગ્યા છે કે જ્યાં હું ખોટું ન જ બોલું—એમાં એક આ આશ્રમ છે.'

'એ બધું જ્ઞાન જવા દે, એક વાત સાચેસાચ કહી દે—સુચરિતાને તું મારી વિરુદ્ધ ચડાવે છે ખરો?'

'એની સાથે વાત કરવાની પણ નવરાશ કયાં છે?'

'કેમ? સાથે પાકશાળામાં જાય છે, ભણાવે છે...'

'તેથી શું?

'સંઘધર્મની વિરુદ્ધ ઉપદેશ નથી આપતો?'

'હવે જવાબ નહિ આપું. બીજો કોઈ હોત તો મેં પહેલા જ સવાલ પરથી વિદાય કર્યો હોત.'

'તેં એને સાંજે મારી સાથે વિહારમાં આવવાની ના નથી પાડી?'

'તમારું ચિત્ત અસ્વસ્થ થયું લાગે છે.'

'સીધો જવાબ આપ!' સુદત્તે ગુસ્સે થઈને કહ્યું.

'પણ...હું એને ના પાડનાર કોણ?'

'તો બીજું કોણ ના પાડે? ગુરુ તો અમારી વચ્ચે પડ્યા જ નથી.' કહી એ ઊભો થયો. જતાં જતાં કહે: 'જો કાંઈ કહું તો આપણ બંને સાથે નહિ રહી શકીએ.' આનંદ એને વળાવવા ઊઠયો. છૂટા પડતાં કહે: 'જે વસ્તુ મારી છે કે કેમ તેની મને શંકા રહે તો હું તો એ વસ્તુ સામે પણ ન જોઉં.' પછી આવી કુટિરનું બારણું અડકાડીને પડ્યો.

'સુદત્ત આ બધું શું લવી ગયો? સુચરિતાને એણે કદી સુદત્ત વિષે કહ્યું નથી–કહેવાનો એને અધિકાર પણ શું હતો? સુદત્તની એણે કદી ઈર્ષ્યા કરી છે? સુચરિતાને પહેલે જ દિવસે આશ્ચર્યમુગ્ધ સ્નેહદૃષ્ટિએ પોતે જોયાની વાત સાચી છે. તે પછી એના લાવણ્યમય હલનચલનની પાછળ આંખો દોડી છે. દામિનીસમ ચમકદાર દંતાવલિ તરફ એનું ધ્યાન ગયું છે. રોજ પ્રભાતે એનું વીણાવાદન સાંભળીને અંતર ગુંજી ઊઠે છે. કોઈવાર 'મને વગાડતાં શીખવોને!' એમ કહેવાનું મન પણ થયું છે. છતાંય સુદત્તની ઈર્ષા આવી નથી...નથી આવી? તે દિવસે બંને જણાં નિર્વાણગિરિ ચડતાં હતાં, ને તું ઔષધિગુલ્મ ગોતવા ગયો હતો, ત્યારે કેવી આંખે બંનેની પીઠ પર તાકી રહ્યો હતો? મનમાં કાંઈ વેદના નહોતી થઈ? જટા વીંખી સુદત્તના જેવા સુવાસિક મઘમઘતા ને સુંવાળા વાળ રાખવાનું કોને મન થયું હતું? સુદત્તના જેવી શિલ્પકળા આવડે તો સરસ્વતીનું મૂર્તિવિધાન કરે ત્યારે કોને આદર્શ તરીકે સામે રાખે?' અંતઃકરણે એની જડતી લીધી. 'પણ છિદ્રાન્વેષી એને સુદત્તની વિરુદ્ધ ક્યારે ચડાવી છે?'

'પણ એ તો એ બીચારાને બોલતાં ન આવડ્યું, તારી હાજરી જ એ માટે બસ છે!' મને કહ્યું.

કુટિરનું બારણું અડકાડીને એ ક્યાંય સુધી પડયો રહ્યો. એને આ વાતનો સાવ જ ગંધ નહોતી એમ નહિ, એના મને તો પહેલે દિવસે જ સુદત્તની વિરુદ્ધ કાંઈક ફરિયાદ તો કરી જ હતી. બારણામાં દાખલ થતાં જ એના સ્વાર્થી મને એની વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી. પણ એથી જ સામેથી ચાલીને એણે સુદત્ત વિષે ભૂલભૂલમાંય કાંઈ ઘસાતું ન બોલાઈ જાય એ માટે શું આજ સુધી સાવચેતી નથી રાખી? એકવાર ઓછાબોલો એકમાર્ગી ચારુદત્ત આવીને કહે:

'સુદત્તભાઈ તમારી બહુ નિંદા કેમ કર્યા કરે છે?'

'તે એને ખબર.'

'તમને કાંઈ કારણ નથી જડતું?'

'એક જડે છે. મેં સમાજમાં હરાવેલો એ કારણે ચિડાયલો ફરે છે.'

'એ તો બહુ જૂની વાત. પણ ગુરુજીનું ધ્યાન ખેંચ્યું? આ તો કાંઈ સારું નહિ. આટલી વિદ્યા, કળા, યશ ને બૃહસ્પતિ જેવા ગુરુ મળ્યા પછી કોઈ વિષે સારી–માઠી વાતો કર્યા કરે એમાં તો અંતેવાસ લાજે.'

'છોને બોલ્યા કરે. જે કાંચન છે તે નિંદાથી થોડું જ કથિર થઈ જવાનું હતું?'

'તમે ઉદાર છો, પણ માણસેય સમજવું જોઈએ કે અહીંની નારી કાંઈ અન્ય પ્રદેશની જેવી પરાધીન નથી...ને તેય એવું કયું વાગ્દાન...'

તે દિવસે તો એને આ પાછલાં વાક્યોનો સંબંધ નહિ સમજાયેલો, ને એ પોતે પણ ઔષધિગુણાદર્શ વાંચવામાં પરોવાયો હતો, પણ આજ એ વાત એને સ્પષ્ટ થઈ ગઈ. સુચરિતા વાગ્દાનથી અથવા એવી જ કોઈક રીતે સુદત્તનું પાણિગ્રહણ કરવા બંધાઈ ગઈ છે—જોકે વાહિક દેશમાં વાગ્દાન અતૂટ નથી ગણાતું. કન્યાઓ ને કુમારો પોતાનો જીવનસાથી પસંદ કરતાં ઘણાંયને મૂલવી જુએ છે—છતાં સુદત્તને માઠું લાગે એ

સહજ હતું. પોતાને જેની જોડે નજરેનજર મેળવવાનો પણ અધિકાર નહોતો એને જો ઈર્ષા આવે તો સુદત્તનાં રોષ, ઈર્ષા, ચિંતા અસ્થાને નહોતાં. જોકે જાગ્રત પળોમાં એણે કદીયે સુચરિતાને વિષે કોઈ અયોગ્ય વિચાર સેવ્યો નથી, વાર્તાલાપ સુદ્ધાં વગર કારણે લંબાવ્યો નથી, છતાં અજાગરૂક પળોમાં એનું ચિત્ત એની બાજુ ઘૂમી આવ્યું છે. જનનીના રૂપ સિવાય કોઈ નારીનું રૂપ એને મુગ્ધ કરી શકયું હોય તો એ આ છે. એમાં એનાથી ના પાડી શકાય તેમ નથી. તેય આજથી બંધ. ગણુજનની પ્રમાણિક વૃત્તિએ એને કહ્યું: આજ સુધી તો ઠીક હતું, તું જાણતો નહોતો, પણ હવે જે અન્યનું છે તેના પર નજર ઠેરવી અપરાધી ન થતો. એણે નક્કી કર્યું કે આવતીકાલથી જરૂરી વાર્તાલાપ પણ બંધ કરવો. પાકશાળામાં કોકવાર ચારુદત્ત સિવાય જતો તે પણ બંધ, ભણાવવાનું પણ બંધ. મનમાં નિર્ણય થઈ ગયો હતો કે સુદત્ત ને સુચરિતા સુખી રહો. મને માતાનું સુખ મળ્યું છે તે જ ભગવાન ઝૂંટવી ન લે એટલું બસ છે. છતાં ઊઠીને બહાર જવાનું મન થયું. સુદત્તની ભાષામાં રહેલો અવિશ્વાસ ને દ્વેષની ઝાળ એને રહી રહીને બાળવા માંડી. આંખ મિચાઈ ગઈ. જાગે તો બારણું ઉઘાડેલી સુચરિતા અંદર આવેલી. હાથમાં દૂધનો વાટકો છે.

'ઠીક નથી?'

'ના ના, આડો પડયો પડયો વિચાર કરતો હતો ત્યાં નીંદર આવી ગઈ. સુખી જીવ છું ખરો ને!' કહી એ હસ્યો, પણ સુચરિતા ન હસી. એનું કરમાયેલું મોં જોઈ કહે:

'તમને ઠીક લાગતું નથી.'

'ના, ઠીક છે.' કહી એણે વાટકો હેઠે મૂકયો, અને બાજુ પર બેસી ગઈ. થોડીવાર મૌન રહ્યું.

આનંદે ધનુષ્ય સરખું કરવા માંડયું.

'આ વખતે તમે સમાજમાં જવાના?'

'હા જ તો! આત્રેય દાદા મને કયાં મૂકે એમ છે? ઉપરાંત ગયે વખતે મેળવેલ જયકલગી જાળવી રાખવી પડશે ને!'

સમૂહની શરતોમાં એ નિયમ હતો કે જેને રત્નની જયમાળ મળી હોય તેણે એ સાચવી રાખવી પડે ને બીજે વર્ષે એ જ પહેરીને સમારંભમાં આવવું પડે. તે વર્ષ કાં તો પોતે પ્રથમ સ્થાન જાળવી રાખે ને કાં તો જે પ્રથમ આવે તેને એ માળ પહેરાવી દે.

'ગયે વર્ષે તો હું આવેલી નહિ, પણ આ વખતે આવવું છે.'

'ખરેખર પ્રેક્ષણીય હોય છે.'

'જોવાનું મન પણ છે, ને સુદત્ત ખાસ આગ્રહ કરે છે.'

'એ પણ ઊતરવાના હશે!'

'હા, આ વખતે એણે હજાર હજાર કાર્ષાપણ આપીને અશ્વો લીધા છે. હમણાં રથો દોડાવવાની જ એને ધૂન લાગી છે.'

'અશ્વો તો બ્રાહ્મણકગણના—સિંધુકાંઠાના! નિવારતૃણ ને સિંધુનાં પાણી ક્યાંય થવાં નથી.'

બોલતાં તો બોલી જવાયું, પણ પછી થયું—'આ યોગ્ય ન કર્યું.' સુચરિતા પણ કાંઈ ન બોલી.

'સુદત્ત તમને કાંઈ કહી ગયેલો?'

આનંદના હાથમાંથી બાણ પડી ગયું. શું જવાબ દેવો તે એને સૂઝ્યું નહિ. સારી વાર થઈ પછી કહે:

'હા...પણ...પણ મને એમાં કાંઈ લાગ્યું નથી.' પછી અસંબદ્ધ બોલી ગયો: 'મને એમાં રસ પણ નથી.'

'તમને જરાય માઠું ન લાગ્યું?'

'કેમ લાગે?'

'કોઈ તમને ગાળ દઈ જાય તોય માઠું ન લગાડો તેવા સાધુ છો?'

'કેવો સાધુ છું તે તો માઠું લગાડો એટલે ખબર પાડી દઉં, પણ મને ગાળ દીધી હોય તો ને?'

'તો શું કહ્યું?'

'એ જાણીને શું કામ છે?'

'નથી કહેવું? તો કાંઈ નહિ.' કહી એ નિઃશ્વાસ નાખીને બેઠી થઈ.

'ના, ના, થોભો, કહેવામાં મને હરકત નથી, પણ એ જાણીને તમને શું ફાયદો થશે?'

સુચરિતાએ કાંઈ જવાબ ન દીધો. માત્ર આંખ વતી કહ્યું: 'કહો.'

'એણે મને કહ્યું કે મારી ને સુચરિતાની વચ્ચે ન પડતો.'

'બીજું?'

'બીજું? કહ્યું કે, 'એને તું મારી વિરુદ્ધ ચડાવે છે?' એમ એવું રાખ–ધૂળ જેવું બોલી ગયો. ક્રોધમાં જે બોલી જાય તે શું વેણેવેણ સંઘરી રખાય છે? તે દહાડે હું જ એની સાથે કેટલું બોલેલો! પાગલ પ્રલાપને નોંધ્યે શું વળે?'

'તમે કાંઈ કહ્યું?'

'મેં કહ્યું, 'મેં કશું કર્યું નથી ને કરવાની હોંશે નથી.''

'કાલથી હું અહીં જ આવીને આખો દિવસ બેસી રહીશ તો એ શું કરશે?'

'કૃપા કરીને મને તમારા બેની વચ્ચે સંડોવો મા! તમારે તો ઘરને ખૂણે સમાધાન થઈ જશે ને વચમાં હું નિરપરાધી કુટાઈ જઈશ.' તેણે હસતાં હસતાં કહ્યું.

'બરાબર છે, અમારા બેની વચ્ચે તમારે નિરપરાધીને શા સારુ સંડો· વાવું? અમે જ ફોડી લઈશું અમારું.' ભારે સૂરે, આનંદ વધુ કાંઈ કહે તે પહેલાં, સુચરિતા ચાલી ગઈ.

તે સાંજનું દૂધ આનંદને ન ભાવ્યું. ભગવાન મહાકાશ્યપ પાસે સૂવા ગયો ત્યારે પિતા–પુત્રી ધીરેથી કાંઈક વાતો કરતાં હતાં. એને આવેલો જોઈ સુચરિતા ઊઠીને ચાલતી થઈ–એકવાર પણ આડીઅવળી નજર કર્યા સિવાય ચાલી ગઈ. સૂવા વખતે રોજના નિયમ પ્રમાણે મહાકાશ્યપનો એક પગ

એણે ને એક પગ સુચરિતાએ દાબ્યો, પણ એ દરમિયાન ન તો કાંઈ વાત કરી—ન તો એક વખત મોં ઊંચું કરીને જોયું.

ઓચિંતા મહાકાશ્યપ કહે:

'પ્રેમ એટલે, સુચરિતા?'

'અદ્વૈત.' નીચું મોં રાખીને જ સુચરિતાએ કહ્યું.

'બહુ ઊંચી ભાષા! હવે તું કહે જોઈએ આનંદ, પ્રેમની ચરિતાર્થતા શામાં? તને તો આવડવું જ જોશે, નહિતર તું ગૌતમીનો પુત્ર જ નહિ.'

'ખેંચતાણના અભાવમાં.'

'સાધુ! સાધુ! મારા મનની જ વાત કહી નાખી.'

'એમ કેમ પિતાજી? પ્રેમ તો પોતાની વસ્તુ પર ઊલટું વધારે દબાણ કરે—અધિકારને જોરે ખેંચે.'

'લૌકિક પ્રેમ વ્યવહારમાં એમ કરે છે ખરો, તે તેનો સ્વભાવ છે, પણ લોકોત્તર પ્રેમની મહત્તા પ્રેમીને મુક્તિ આપવામાં છે; કારણકે એને આંતરપ્રતીતિ થઈ હોય છે કે જે મારું જ હશે તે ભમીભમીનેય પાછું મારી પાસે જ આવશે—નહિ આવી શકે તેવું અપંગ થઈ ગયું હશે તોય એનું ચિત્ત આ તરફ જ મીટ માંડી રહેશે. અને જો મારું હશે જ નહિ તો મૂઠીમાં જકડી રાખવા છતાંય અનુકૂળ ક્ષણે એ છટકી જશે, ને ચારે બાજુ દીવાલ ને પ્રતિહારીઓ વચ્ચે રૂંધી રાખીશ તોય એનું મન વિમુખ રહેવાનું. એટલે, લોકોત્તર પ્રેમ કદી ખેંચતાણ કરતો નથી. આનંદ, જે પોતીકું છે તે યુગયુગાંતરોના વિયોગ પછી પણ પોતીકું મટતું નથી, ને જે પારકું છે તેને ગમે તેટલું નિકટ ખેંચો—છાતી સાથે જકડીને જ ફર્યા કરો, તોય પોતીકું થવાનું નથી—પછી તો એ ગતપ્રાણ શબનો માત્ર ભાર વહેવાનો રહે છે.' આનંદને લાગ્યું કે દૂરદ્રષ્ટા કાશ્યપ એને અમૃતાભિષેક કરી રહ્યા હતા. ફૂલમાંથી રસ ચૂસતી મધમાખીની પેઠે એણે મૌનભાવે એ વાણીમાં રહેલો મર્મ ઊંધમાંય ચૂસ્યા કર્યો.

આર્યા સુવ્રતા વિહાર કરવા ગયાં હતાં એટલે સમય પુષ્કળ હતો, છતાં સુદત્ત શાકલ ગયા પછી આનંદે સુચરિતા પાસે જવા—આવવાનું બિલકુલ છોડી દીધેલું—જોકે ઊંડે ઊંડે એના મનમાં એમ હતું કે આમ એકાએક સંબંધ કપાઈ જતાં સુચરિતા પોતે જ એને બોલાવશે, પણ સુદત્ત ગયાને ચાર દિવસ થયા છતાં સુચરિતાએ એને શીખવવા આવવાનું કહ્યું નહોતું. એ પણ આઘીપાછી ભાગ્યા કરતી હતી. એના હૃદયનો એક એવો ખૂણો દેખાઈ ગયો હતો કે જેને એ નહોતી કાપીને ફગાવી દઈ શકતી કે નહોતી એનો ઉઘાડેછોગ સ્વીકાર કરી શકતી.

એનો સુદત્ત સાથેનો પરિચય કાંઈ આજકાલનો નહોતો. એની માતા ને સુદત્તની માતાને સહીપણાં હતાં. બંને સહીઓની એવી ઇચ્છા હતી કે એકબીજાનાં સંતાનો લગ્નસંબંધે જોડાય. આજે એની જનની નથી ને સુદત્તની જનેતા પણ ચારેક સંવત્સર પર ગુજરી ગઈ છે. છતાંય નગર-શ્રેષ્ઠીની એક જ મનઃકામના રહી છે ને તે મહાકાશ્યપની પુત્રીને સુદત્ત—પ્રાસાદમાં લાવવાની. જ્યારે જ્યારે સુચરિતા ત્યાં જાય છે ત્યારે ત્યારે કોડભેર પ્રાસાદમાં થયેલા સુધારાવધારા કે નવરચના સાથે ફરીને બતાવે છે. ને પછી પૂછે છેઃ 'કેમ, તને કેવું લાગ્યું ? સુદત્ત તો હજુય આમાં અપૂર્ણતા જુએ છે.' પિતાના સહજ વૈરાગનો અંશ એનામાંય ઊતર્યો છે એટલે વસ્ત્રાભૂષણોની એને કદી લાલસા નથી થઈ, છતાંય કોઈ માંગલિક અવસર ખાલી નથી ગયો કે જ્યારે શ્રેષ્ઠીને ત્યાંથી એને સારુ કંઈક આભૂષણ ન આવ્યું હોય. જે વીણા એ વગાડે છે એ પણ સુદત્તે જ આપેલ ઉપહાર છે.

પોતે એ સુદત્તપ્રાસાદસ્વામિની થવાની છે એવી એને ને સુદત્તને કદી વાત નથી થઈ, તેમ પિતા ને નગરશ્રેષ્ઠી વચ્ચે પણ એ વિષે ઇશારો નથી થયો, ઊલટું પિતાએ એને એકવાર પુછ્યું: 'સુદત્ત તને ગમે છે?' ત્યારે 'હા' કહેલી, પણ જ્યારે એ 'ગમે છે' શબ્દમાંથી વાગ્દાન કરવાની વાત આવી ત્યારે એણે જ કહેલું કે, 'પિતાજી, મને એ મહાલયમાં રહેવું ફાવશે?' ને પિતાએય કહેલું: 'મનેય એ શંકા છે. દુર્ભાગ્યની વાત એ છે કે એ મહાલયના સંસ્કાર ને સુદત્ત બંને કદી અલગ પાડી શકાય તેમ નથી. વળી... નથી પૂરો બૌદ્ધ–નથી પૂરો આર્ય, એવું કાંઈક વિચિત્ર મિશ્રણ છે કે...'

સુદત્તે એને અનેકવાર અનેક રીતે એ વાતમાં ખેંચવા પ્રયત્ન કર્યો છે, પણ અંતરે હમેશાં એને એ ભયસ્થાન છે એમ ચેતાવી દીધી છે, એટલે નોખનોખી રીતે હસીને, કૃત્રિમ રોષ કરીને કે દ્વિઅર્થી બોલીને એ વાત ઉડાવી દીધી હોય છે. કદી નથી આમ સ્પષ્ટ કર્યું કે નથી પેલું સ્પષ્ટ કર્યું–કારણકે નથી એનાથી સુદત્તને છોડાય તેમ કે નથી એને સ્વીકારાય એમ. એવું કાંઈક વિચિત્ર મિશ્રણ છે કે એને જોયા વિના ચાલે નહિ, છતાં ઝાઝો વખત પાસે રહે તો વખતે અભાવ પણ થઈ આવે. પણ એકવાર અતિ ઉત્સાહમાં એનાથી શરતચૂક થઈ ગયેલી છે. નવું સંથાગાર પૂરું થઈ ગયું હતું ને પોતે સુદત્તની સાથે જોવા ગઈ હતી. એનું શિલ્પકૌશલ, મૂર્તિવિધાનમાંનું માર્દવ, જડ પથ્થરમાં વહેવરાવેલી ભાવસરિતા–જાતકસૃષ્ટિ જાણે સજીવ થઈ ગઈ હતી. નિશ્ચંચલ સંશુદ્ધ ભગવાન તથાગતના ચરણ અશ્રુજલે ધોતી જાણે જગતને કહેતી કે, 'વિશ્વે ભલે તથાગત મેળવ્યા પણ મેં મારા સ્વામી ખોયા ને?' સુજાતાને જોઈ ને એ લગભગ ભાન ભૂલી બોલી ઊઠી: 'સુદત્ત, થાય છે કે મારી પાસે રાજ્ય હોય તો અત્યારે આપી દઉં.'

'હું આથીય ચડી જાય તેવું સ્થાપત્યવિધાન કરીશ–નિર્વાણગિરિ પર. રાજ્ય તો નહિ પણ તારી પાસે હોય તે આપજે.'

'જરૂર, જરૂર! માગી લેજો!' એણે ઘેનભર્યાં નેત્રે હસીને વીંટી કાઢી આપી.

ને સુદત્તે બીજે જ દિવસે પિતા પાસેથી દસ સહસ્ર સુવર્ણ—કાર્ષાપણ લઈને મોગલ્લાનવિહાર શરૂ કરેલો. એમાં એક ખૂણો પણ ખોડવાળો ન રહી જાય એટલા સારુ આ પ્રદેશના જ નહિ પણ કુરુપાંચાલ સુધીના શ્રેષ્ઠતમ શિલ્પીઓને એણે અહીં આણ્યા હતા. એને માટેની સામગ્રી કપીશ, અંગ, વૈદર્ભ, સુરાષ્ટ્ર, શૂરસેનમાંથી એકઠી કરી હતી. રાતદિવસ એ એની પાછળ જ મંડ્યો રહેતો. ખાવાપીવાનું પણ ઘણીવાર ત્યાં પહાડ પર જ મંગાવી લેતો. આખો દિવસ પહાડ ટાંકણાંના અવાજોથી ગાજ્યા કરતો. સુચરિતાને રોજ સાંજે ત્યાં લઈ જઈ થયેલું ને થવાનું કામ એ બતાવતો. જે દહાડે એની પ્રશંસા ન મળે તે દહાડાનું કામ એને નિષ્ફળ લાગતું. સુચરિતા પણ હર્ષિત મને ને પુલકિત આંખે બધું જોયા કરતી—કેવું ભવ્ય કામ થશે!

સુદત્ત એની પાસે શું માગવાનો છે એની ખબર એને નહોતી એમ તો નહોતું, એ જાણતી જ હતી કે એનું ચાલે તો તો આ વિહારનું નામ સુચરિતાવિહાર જ રાખે, પણ એ માગે તે દહાડો તો આવવા દે? હજુ પેલા સંથાગાર કરતાંય શ્રેષ્ઠ થાય ત્યારે છે ને? ને સૃષ્ટિમાં બધાંને ક્યાં સર્વગુણસંપન્ન પતિ મળે છે! એના વિધિએ જો સુદત્તને જ નિર્મ્યો હશે તો એ આનંદથી એના ગળામાં માળા આરોપશે—ત્યાં સુધી આ બધો ઉપહાર, આ આદાનપ્રદાન પાછાં ઠેલવાની શી જરૂર છે?

પણ એક દિવસે આનંદ આવ્યો ને એકાએક એ ચમકી પડી. આનંદ વિષે એણે જે જે બધું સાંભળ્યું હતું—આર્યા સુવ્રતાની કરુણાથી તરબોળ ને પિતાની પ્રશંસાપૂર્ણ વાણી—એણે આ પહેલાં કદી રૂપ નહોતું ધર્યું. માત્ર અનુકંપાના—સમસંવેદનાના—ભાવો જ જગાડ્યા હતા. પણ આનંદને નજરે જોયા પછી એ બધા માધુર્યસિંચિત ભાવો એના ચિત્તના ઊંડાણમાંથી બહાર ધસી આવ્યા ને આ દીર્ઘબાહુ યુવકની આજુબાજુ વીંટળાઈ વળી, એની સાથે એકરસ થઈ, મમતાના ભાવે એને ભરી દીધી. માતૃહીન, પિતાહીન, છતાં પિતાને પણ જેના કૌશલ્યની પ્રશંસા કરવી પડે તેવા સવીર્યવાન યુવકને જ્યારે એણે જોયો ત્યારે પેલી સમ-

સંવેદનાએ આગંતુક જોડે એને બાંધી દીધી. ખબર પડી ત્યારે વિમાસણનો કાંઈ પાર ન રહ્યો. સૌથી દુઃખ ને આશ્ચર્યકારક વાત તો આજે એ લાગે છે કે જરાય આનાકાની સિવાય, હસતાં હસતાં પોતાને બંધાવા દીધી છે. ક્યારેય શંકા પણ નથી થઈ કે આ તો અપરિચિત–કદી જોયેય નથી. પોતાની તરફ કાંઈ વિશેષ સ્નેહ પણ દર્શાવે છે કે નહિ એટલું તપાસી જોવાની સાવધતા પણ નથી રાખી–જાણે ચિરપરિચિત હોય, જાણે પોતાનો નિત્યસંગી હોય, તેમ નિઃસંકોચભાવે એની સાથે એ હળીમળી છે. પેલા ધરા પર જ્યારે એણે ડૂબકી ખાધી તે દહાડે તો પૂરા એક પ્રહરનો પણ પરિચય નહોતો, છતાંય એની ડૂબકી સાથે જ સારું વિશ્વ–પિતા સુદ્ધાં–જાણે ડૂબી ગયું હતું, ને એના બહાર આવતાં સાથે જ જાણે બ્રહ્માંડ નવપ્રકાશથી ઝળહળી ઊઠયું હતું. તે દહાડાનો ભાવ સંભારીને આજેય આનંદનો થરથરાટ ઊઠે છે. એની આજ્ઞા પાળતાં, એને પીરસતાં, એનો વિનોદ કરતાં કેવી પરિપૂર્ણતા–કેવી ભરતી અનુભવી છે! એની ને એની માતા વચ્ચેની દુર્લંઘ્ય ખાઈ પૂરી દેવા સારુ પોતાની જાતને ખાઈમાં ફગાવી દેવાની એને કેટલી તીવ્ર ઇચ્છા થઈ છે! ને જે દિવસે આનંદને જોયો નહોતો ત્યારે પણ એનાં ક્ષેમ–કલ્યાણ માટે એની માતા વતી કોણે વિવિધ અનુષ્ઠાનો કર્યાં છે? સુદત્તની કલા માટે એના હૈયામાં અર્ધ્યસામગ્રી છે, પણ સુદત્તને માટે તો કાંઈ જ નથી, એ વાત એને આનંદના આવ્યા પછી એવી તો સ્પષ્ટ રૂપે દેખાઈ ગઈ છે કે એ ખૂણાની શૂન્યતાથી એ પોતે જ છળી ઊઠી છે. એ શૂન્યને એણે કેવો કોલ આપી દીધો હતો તેનું એને સુદત્તે જ ભાન કરાવ્યું.

ધરામાં મારેલા મગરની વાત એણે ઉત્સાહમાં સુદત્તની પાસે વર્ણવી બતાવી એટલે સુદત્ત કહે:

'તને એ બહુ મોટું પરાક્રમ લાગ્યું?'

'કેમ, એ કાંઈ જેવું તેવું જોખમ હતું? ને છતાંય કેટલી બેપરવાઈ ને સરળતા...'

'ને આ જડમાંથી ચેતન કરવાની કલા?' એણે બંધાતા વિહાર તરફ આંગળી કરીને પૂછ્યું.

સુચરિતા કહે: 'તે તો ભવ્ય છે જ.'

'એમાંથી કયું પરાક્રમ મોટું લાગે છે—મારું કે એનું?' સુચરિતા ચમકી પડી. જેમ આનંદને જોતાં જ સુદત્તમાં વસતા પુરુષે એને ચેતવી દીધો હતો, તેમ જ સુચરિતાની અંદર પડેલ નારીએ એને ચેતવી દીધી—કેટલાક પ્રશ્નોના સ્પષ્ટ ઉત્તર દેવાથી નારીનું કામ સધાતું નથી. એ સરલ ભાવે કહે:

'બંનેનાં.'

'બંનેનાં સરખાં?'

બાલિકાની નિર્વ્યાજતાથી કહે: 'આપણને ભાઈ એવી તુલના કરતાં ન આવડે!'

'શીખવું પડશે.'

'શીખવજો ને?' એણે સહેજ હસીને કહેલું.

સુદત્તનું મોં એ વાક્ય સાંભળી ખીલી ઊઠયું.

'પણ મારી પાસેથી જ શીખવાનું હો? વચન આપો!'

'બાપ રે બાપ! હાલતાં ને ચાલતાં વચન—અવિશ્વાસ બહુ!'

સુદત્તની આનંદોર્મિ પાછી નિરાશામાં પલટાઈ ગઈ: 'મારી તો કોઈ દહાડો આટલી ઉત્સાહપૂર્વક પ્રશંસા નથી કરી.' કહી એ નિસાસો નાખીને ચાલ્યો ગયેલો. થોડા કાળ પછી એક દિવસ આવીને કહે:

'સુચી, તને મારી સાથે ફરવા આવવાનું ગમે કે આનંદ સાથે?'

સુચરિતા ધ્રૂજી ઊઠેલી. એ જ પ્રશ્ન—એ જ ચિંતા—ક્યારે આનો અંત આવશે? એકવાર તો સાચું કહેવું જ પડશે. સત્ય એની જાતે જ પ્રગટ થશે ધારી એણે તો સરલ ભાવે કહ્યું:

'બંનેની સાથે.'

'આજ સંદિગ્ધ જવાબ નહિ ચાલે.'

'શું ?'

'બંનેની સાથે ગમતું તો હશે, પણ વધારે કોની સાથે ગમે ?'

'એવું ન પૂછો.' એના અવાજમાં દુઃખ હતું. સુદત્તનું આનંદ કદાચે પોતાને કારણે અપમાન કરી બેસે, બંને વચ્ચે ઘર્ષણ ન થાય, તેની એણે કેટલી સાવચેતી રાખી હતી ? કદી એકલી આનંદ સાથે ફરવા સુદ્ધાં એ નથી ગઈ. આને એની કિંમત હતી ?

'તને દુઃખ થતું હશે, પણ એ જાણ્યા વિના હું પણ દુઃખી જ રહેવાનો.'

'જાણીને શું સુખ થશે ?'

'તો...કહેને કે તારે કહેવું નથી ?'

'એમ નથી સુદત્ત, હું મને જ નથી સમજી શકતી ત્યાં તને શું કહું ?' એની આંખમાં ઝળઝળિયાં હતાં.

'સમજીશ ત્યારે તારી જાતે જ મને કહીશ ?'

સુચરિતાએ માથું હલાવી હા પાડી.

'તું મને અને તને કયાં ઢસડી રહી છે તેની તને ખબર પડે તો કેટલું સારું !' કહી એ નિસાસો મૂકીને ચાલ્યો ગયો.

સુચરિતાને આ નિસાસાની જ બીક છે. સુદત્ત કેવો આવેશપ્રધાન ને જક્કી છે તેની એને ખબર છે. જે ઘડીએ એ સુચરિતાને મોંએ સાંભળશે કે, 'મને તો આનંદ ગમે છે' તે ઘડીએ એ શું કરશે તેની કલ્પના એને પૂરી નથી આવી શકતી. ઘડીક થાય છે—ટાંકણું ફગાવી દઈ, સંસાર ત્યાગી, ચીવર પહેરી લેશે, કોઈવાર થાય છે કે એ વાકય સાંભળતાં જ એક હથોડો લઈને મોગલ્લાનવિહારની એક એક પ્રતિમાનો તે ભાંગીને ભૂકો કરી નાખશે, તો કોઈવાર થાય છે કે, આત્મહત્યા તો નહિ કરે ? એથી એ ધ્રૂજી ઊઠે છે. વળી થાય છે કે આનંદને તો છોડાય, પણ સ્વાભાવિક રીતે સુદત્ત સાથે કેમ કરી જિવાય ?

શાકલનગર જતાં પહેલાં એ ફરીથી આવ્યો.

'સુચી, આજે શાકલનગર જાઉં છું. શું કામ તે તો તને પાછળથી ખબર પડશે.'

'શું કામ જાઓ છો તે કહો તો?' સુચરિતાએ ચિંતાતુર અવાજે કહ્યું.

'તને ગમું તેવો થવા.'

સુચરિતાએ માથું ઢાળી દીધું.

'હું જાણું છું કે હવે હું તને નથી ગમતો.'

'એવું ન બોલો, સુદત્ત! મેં ક્યારેય એવું કહ્યું નથી.'

'તેં જીભે ભલે ન કહ્યું હોય, પણ મેં તારું હૈયું વાંચ્યું છે. હું શાકલ જઈશ, શસ્ત્રવિદ્યા શીખીશ ને પછી પાછો આવીને આ જ આનંદ જોડે હરીફાઈમાં ઊતરીશ—તે છતાંય તું નહિ માને તો પછી હું મારો રસ્તો ખોળી લઈશ.'

'શું રસ્તો લેશે?' એણે સુદત્તની આંખ સાથે આંખ મેળવીને પૂછ્યું.

'જે મારું હતું—છે—તે જે ઝૂંટવી લેવા આવે છે તેને નહિ ઝૂંટવવા દઉં. બેમાંથી એકનો......'

'શી...શી...કોઈ સાંભળશે! શાકલથી સહેજ ડાહ્યા થઈ ને આવજો!'

'એનો આધાર આ તારા જવાબ પર છે.'

'મને પજવો મા!' પછી કહે: 'તમારી પાસે વચન તો છે, ને તેનો અમલ તો તમારા હાથમાં છે.'

*

સુદત્ત શાકલ તો ગયો પણ જતાં જતાં જાણે સુચરિતા ફરતી આણ મૂકતો ગયો છે. એનાથી ઓરડાની બહાર જ નીકળાતું નથી. આજ સુધી એના મનનો એ ખૂણો કેવળ એ જ જાણતી હતી—ગંધ આવી હતી માત્ર સુદત્તને. આજે એ આનંદની પાસે પણ ખુલ્લો પડી ગયો અને તે ખુલ્લો પાડનાર પણ બીજો કોઈ નહિ પણ સુદત્ત જ. આનંદનેય આખરે ખબર પડી ગઈ છે કે સુચરિતા એને ચાહે છે. છતાં એ જ આનંદે એને શું કહ્યું! 'તમે બંને તો ઘરમેળે સમજી લેશો—મને નિરપરાધીને વચમાં કાં સંડોવો?'

કેવી મશ્કરી ! કેવો ગલીચ ઇશારો ! અપમાનથી એની આંખો બળવા માંડી ને માથું દુઃખવાનું બહાનું કાઢીને એ એક દિવસ પડી રહી. સદ્‌ભાગ્યે બીજે દિવસે મહાકાશ્યપ ઉડુગ્રામમાં મળનારી ગણાધીશોની પરિષદમાં જવાના હતા એટલે જૂઠાણું બોલવાનું ન રહ્યું. બીજે દિવસે પાકશાળામાં રસોઈ કરીને આવતી હતી. પથારીમાં પડયાં પડયાં કયા દુર્દૈવે પોતે આ વમળમાં સપડાઈ તેનો વિચાર કરતી હતી. થતું હતું: અહીં આનંદ જ ન આવ્યા હોત તો ? પિતા તો ત્રિકાલજ્ઞ હતા. એમણે જ મને સુદત્ત સાથે હળતાં–ભળતાં શા સારુ ન અટકાવી ? બધો વાંક એમનો જ છે. જ્યારે પૂછીએ ત્યારે કહે: 'તું કાંઈ બાળક નથી. સારા–નરસાનો વિવેક છે તારી પાસે, જાતે જ નક્કી કર !' વળી થયું શું ? ઉત્સાહમાં એક વખત 'માગશો તે આપીશ' એમ કહી નાખ્યું એટલે શું આવું મંગાતું હશે ? પણ એય શું કરે ? હું જ...ત્યાં બારણામાં ગંભીરમુખે આનંદ ને ચારુદત્ત આવીને ઊભા.

'ચાલો જમવા.'

'તમે જમી લ્યો, મારે આજે જમવું નથી.'

'તે નહિ ચાલે, સુચરિતા ! મને તો આજે ચારુદત્તે કહ્યું કે તમે કાલે પણ નથી જમ્યાં.'

'કાલ તો માથું દુઃખતું હતું.'

'જુઓ મોટી બહેન !' ચારુદત્તે આગળ આવી કહ્યું. 'અમે સૌએ નક્કી કર્યું છે કે તમે નહિ જમવા આવો તો અમે પણ નહિ જમીએ, મેધાતિથિ ને અતિથિઓ વાટ જુએ છે.'

'ચારુદત્ત, અત્યારે જવા દે.'

'હું જવા દઉં, પણ આનંદભાઈ નહિ જવા દે.'

'રહેવા દે, ચારુદત્ત ! તમે સૌ જમી લ્યો.' કહી આનંદ પોતાની કોટડી તરફ ચાલ્યો. એને પોતાની પર ગુસ્સો ચડયો. પોતે જે ટંકે જમવાનો ન હોય તે ટંકે પોતે હાજર હોય કે ગેરહાજર, કુટિરમાં દૂધનો લોટો એ મૂકી જતી તે યાદ આવતાં થયું કે કાલ આખો દિવસ જો અભિમાનમાં

કોટડીમાં ન પડયો રહ્યો હોત તો સુચરિતા ભૂખી છે કે નહિ તેની ખબર પડી હોત. રોષમાં ને રોષમાં જતાં કહે: 'એ એમ સમજે છે કે આશ્રમમાં એ એકલાં જ માણસ છે. બીજા બધાને તો...' પાછા ફરીને કહે: 'બીજાની ઓરડીમાં દૂધના લોટા મૂકી જતાં કાંઈ વિચાર નથી થતો?'

'ભાઈ બાપુ, લાલ ડોળા કાઢો મા. હું આ ચાલી તમારી સાથે.' સુચરિતાએ ફિક્કું હસીને કહ્યું. જમીને પાછી આવતી હતી ત્યારે એને થયું કે આનંદ સીધો મારા ખંડમાં આવશે, પણ એ તો પોતાની કુટિરમાં ચાલ્યો ગયો. ખંડમાં આવીને મનમાં ને મનમાં કહે: 'ખવરાવવાની ગરજ છે.'

લાંબો બપોર કેમ કર્યો જશે નહિ એમ ધારીને એ વીણા લઈને બેઠી, પણ ગળું કે સૂર કાંઈ ચાલ્યું નહિ એટલે માથે એક ભીનો ટુકડો નાખી આર્યા સુવ્રતા આવ્યાં હોય તો ખબર કાઢવા નીકળી પડી. રસ્તામાં થયું કે આર્યાએ જે દુ:ખ વેઠયું હતું તેની પાસે એનું દુ:ખ તે શું હતું? વળી થયું: પણ એમની પાસે માર્ગ તો ચોખ્ખો હતો. મને તો માર્ગ જ નથી સૂઝતો.

ધૂનમાં ને ધૂનમાં એણે પગથિયાં ચડવા માંડયાં. ઉપર જઈને જુએ તો કોઈ નથી. વ્યાખ્યાનખંડમાં કદાચ કોઈ વિહારિક બેઠો હોય એમ ધારી જોવા જાય તો માત્ર એક જ જણ બેઠો બેઠો વાંચે છે—ને તે આનંદ. તડકામાં પહાડ ચડવાથી થાકી ગઈ હતી તોય ઝટ ઝટ પાછી ચાલી જવા કરતી હતી, ત્યાં પોથી બંધ કરી આનંદને ઊઠતો એણે જોયો. આનંદે એને જોઈ હતી.

'હવે...પાછાં ફરો મા. તમારું મોં જ કહે છે કે થાકી ગયાં છો. પેલા ઓટા પર બેસો, ઉપરથી પાણી લઈ આવું.' એણે કહ્યું ને દોરી–ડોલ લઈને ટાંકા પર એ ચાલ્યો. પાણી લાવી આપીને કહે:

'બાને મળવા આવ્યાં હતાં ને? હું પણ એ માટે આવ્યો હતો.' કહી એ બાજુ પર બેઠો. ત્રણ દિવસમાં સુચરિતાનું મોં દૂબળું પડી ગયું હતું—જાણે જિજીવિષા જ ન હોય તેમ થડને ટેકવી તે બેઠી હતી. અવારનવાર

બંને જણાં એકબીજાની સામું જોતાં બેસી રહ્યાં. આવાં સુડોળ નાક, ભ્રમર, લલાટ એણે ક્યાંય જોયાં હતાં ? વનસ્પતિથી ઊભરાઈ ઊઠેલી નીચેની સાંકડી ખીણ અને આ યુવતીમાં કોણ વધુ સુંદર હતું ? આખરે એને કાંઈ નહિ બોલતો જોઈ ને સુચરિતાએ કહ્યું: 'ચાલો, જઈએ.'

'થોડી વાર બેસો. તમે આજે તાપમાં આવ્યાં એટલે ઠીક થાકી ગયાં છો.'

'તમે શું વાંચતા હતા ?'

'રોગનિદાન.'

'ત્યારે...મારા રોગનું નિદાન કરો ને !' કહી એવી રીતે આનંદ સામે એ તાકી રહી કે આનંદને રોમાંચ થયો. કેવું ગંભીર ઊંડાણ હતું એ નજરમાં ! છતાં અંતરનું તળિયું કેવું સ્વચ્છ એમાં દેખાતું હતું ! સુચરિતા શું સુદત્તને નહોતી ચાહતી ? આ આંખમાં પ્રેમીના ઠપકા સિવાય બીજું શું હતું ? પણ પ્રેમ કેવો ? સુદત્ત નહિ ગમવાનું કારણ શું ? વાહિકપ્રદેશની કન્યાઓ વધારેપડતી લજ્જાભારે ચીમળાઈ સંકોચશીલ થઈ જાય તેવી નથી હોતી. એને જે રુચે તે સરલભાવે હસીને કહી નાખતાં એને આવડે છે. એટલે એને આમાં કાંઈ અજુગતું તો ન લાગ્યું, પણ મહાકાશ્યપ એની પાસેથી કયા વર્તનની આશા રાખે ? એને તો તે દિવસે રાતે જ આદેશ મળી ચૂક્યો હતો. ખરેખર જે પોતીકું છે તેને માટે ખેંચતાણ નથી કરવી પડતી. ડાળ પર બેઠેલા એક કાગડાએ પાંખો ફફડાવીને સૂકી ડાંખળી નીચે ખેરવી એટલે એને ભાન થયું કે એણે હજુ કાંઈ જવાબ તો આપ્યો નહોતો.

'હું કાંઈક કલ્પી શકું છું; પણ ગુરુદેવને જ શા માટે નથી પૂછતાં ?'

'કેટલુંક પિતાને કહેવાય નહિ, મિત્રને જ કહેવાય.'

'મને મિત્ર ગણો છો ?'

'તમે મને નથી ગણતા ?'

'મને કાંઈ સૂઝ નથી પડતી. થાય છે કે કોઈ મહાસાગરમાં બે લાકડાં અકસ્માત મળી જાય-ઘડીક સાથે તરંગો પર નાચે ને પછી બીજું જબર-

દસ્ત મોજું આવતાં વિખૂટાં પડી જાય, તેમ કદાચ આપણે બે ક્ષણ માટે જ મળ્યાં હોઈએ. એ થોડી ક્ષણો માટે તમારા જીવનમાં વ્યામોહ ઊભો કરી જવામાં હું શું કમાઈ જવાનો હતો ?'

'સમજી ! સમજી !' એણે નિસાસો નાખીને કહ્યું. 'પણ જેના જીવન-માં ઝંઝાવાત ઊભો થઈ જ ગયો છે એનું શું નિદાન ?'

'વધવા ન દેવો એ તો છે જ, ઉપરાંત હું રહ્યો પક્ષકાર–પક્ષકાર કેવી રીતે ન્યાયાધીશ થઈ શકે ?'

'પક્ષકાર છો ?' એણે ફરી પેલી ઊંડાણવાળી આંખો નોંધી સહેજ આગળ આવી પૂછ્યું.

'તમારાથી કાંઈ અજાણ્યું છે ? મારી સામે તો ધર્માલયમાં આરોપ મુકાયો છે—હું જ કેવી રીતે ન્યાયાસને બેસીને ચુકાદો આપી શકું ?'

'પણ તમારા સામેનો આરોપ ખોટો હોય તો તટસ્થ રીતે મને માર્ગ ન ચીંધો ?'

'મારા સામેનો આરોપ ખોટો છે, પણ હું તટસ્થ નથી.' પછી થોડી વારે કહે: 'કાલ સુધી આટલી ખબર નહોતી, પણ આજે ખબર છે કે સુદત્ત મેં તમને ચડાવ્યા કે એનાથી વિમુખ કર્યાનો આરોપ મારા પર મૂકે છે તે ખોટો છે, પણ એમાં હું નિમિત્ત તો બન્યો જ છું.'

'નિમિત્તને દોષ લાગતો નથી.'

'તો નિર્દોષ છૂટી ગયો !' એણે હસીને કહ્યું.

'પણ મારું શું ?'

'એ ત્રાજવું લેવાનું મારું ગજું નથી. ભૂલભૂલમાંય ચુકાદો મારી તરફેણમાં ન આપી દઉં તેવી આત્મશ્રદ્ધા નથી. તમે જ કહો કે મારે જાણીબૂજીને અસત્યાચરણ કરવું ?'

સુચરિતા પ્રશંસાભરી આંખે એને પી રહી. આનંદ એણે ધાર્યો હતો તેના કરતાંયે મહાન હતો. અન્યને તોળતાં પહેલાં એ પોતાની જાતને

ત્રાજવામાં મૂકવા ઇચ્છતો હતો. એ રસિક હતો છતાં વિલાસી નહોતો. સમયની એને ઓળખ હતી પણ એ તકસાધુ નહોતો.

'વિશ્વંભરના હાથમાં ત્રાજવું આપી દો. એ જે નિર્ણય આપશે તે કલ્યાણકારી ગણીને ઉપાડી લેશું.'

આંખમાં નવા તેજ સાથે એણે કહ્યું : 'એ ઉપાડવામાં મારી સાથે રહેશો ?'

'કાલે કહું તો ?'

'હમણાં જ 'ઉપાડી લેશું' કહ્યું, ને ફરી જાઓ છો ?'

'આવી જ પડયો છું ત્યારે કાંઈ હિસ્સે પડતું દુઃખ સ્વીકાર્યા સિવાય ચાલશે ?'

'પરાણે આવી જ પડયા છો, એમ ને ?'

'સુચરિતા, તમારી મૂંઝવણ વિશેષ છે. પણ મારીયે મૂંઝવણ છે. હું અહીં આવ્યો સત્સંગ કરવા, ને બારણામાં પેસતાં જ જે રૂપ જોયું તે જોઈને દિંગ થઈ ગયો. કેકય ને શિબિની કન્યાઓ તો રૂપગર્વિતા ગણાય છે ને ? યુદ્ધમાંય પુરુષને એ હંફાવે છે. ત્યાંય મેં આવો ભંડાર નહોતો જોયો. સંભવ છે કે મારી આંખ જ તે વખતે ન ઊઘડી હોય! ગમે તે હોય પણ હું એ રૂપથી એવો તો ચકિત થઈ ગયો કે તમે તે દહાડે પૂછ્યું કે, 'કિરણો કેવાં મનોહર છે ?' તો અવશ થઈને બોલી ઊઠયો કે, 'તમારા વાળ જેવાં !'

સુચરિતા મંદ મંદ હસી પડી. 'એક તે દહાડે જ તમને ભાન ખોતાં જોયા છે—તેય પિતાજીની સન્મુખ : વાહરે !'

'હા, બાપે ખૂબ રાજી થાય ! એક દહાડો એ મને પૂછતી હતી કે, સુચરિતા જેવી યથાર્થનામ્ના કન્યા તેં જોઈ છે ?'

'પછી તમે શું કહ્યું ? કહ્યું હશે કે, એવી તો ઘણીયે જોઈ છે !'

આનંદે જોયું કે કહેતાં કહેતાં એના ગાલ હાસ્યથી ભરાઈ ગય હતા. ઘડી પહેલાંની જિજીવિષાશૂન્ય સુચરિતા જાણે પ્રસન્નમુખ અને રમૂજ સુચરિતા બની ગઈ હતી—ને સાથેસાથે એને પણ આ પ્રકૃતિશૃંગારિત એકાંત ને પ્રિયજનના સાંનિધ્યનો કેફ ચડતો હતો. એણે સાવધ થઈને કહ્યું :

'પણ, આ આપણા બેનો જ પ્રશ્ન નથી. સુદત્તનું ભાવિ આમાં સંકળાઈ ગયું છે એટલે હું નિર્ણય કરી શકતો નથી. થાય છે કે મહા કાશ્યપના અંતેવાસીને અનુચિત એવું તો મારા હાથે કાંઈ નહિ થઈ જાય ?'

'સમજી !'

'હું જ એની જગ્યાએ હોઉં ને કોઈ મારા પ્રિયજનને ઝૂંટવી જતું હોય તો ?'

'ઝૂંટવી જ જાય છે.'

'ના, નહિ ઝૂંટવી શકે. હું એ વિષે નિર્ભય છું.' કહી એ ઊભો થયો.

*

તે દહાડે આનંદને સ્વપ્નાં જ આવ્યાં કર્યાં. સુચરિતાની વીણા રાત બધી સંભળાયા જ કરી. ઘડીક વિરહના પ્રલંબને મથી નાખે તેવા સૂરો, ઘડીકમાં વિષાદના મંદ તો ઘડીમાં મિલનના ઉન્માદી, સ્ફૂર્તિપૂર્ણ અને રોમાંચકારી સૂરોથી જાણે એની કુટિર ભરાઈ ગઈ. એકાએક સૂરો બંધ થઈ ગયા. જુએ તો સુદત્ત વીણા તોડી નાખી ક્રોધિત નેત્રે સુચરિતા સામે ઊભો છે, ને સુચરિતા પોતાની તરફ સ્નેહકાતર આંખે સહાય યાચી રહી છે. એણે સુદત્તના રેશમી વાળ પીંખીને ઝૂંટી નાખ્યા છે. એનો રત્નજડિત કમરબંધ લઈને એ એને મારી રહ્યો છે, ને ત્યાં તેજ-આભાસમા ગુરુ આવીને ઊભા રહે છે અને ઠપકાભરી આંખે પૂછે છે :

'મારી આજ્ઞા આટલા દિવસમાં વીસરી ગયો કે ?'

આંખ ઊઘડી ત્યારે જોયું તો સવાર પડવા આવ્યું હતું ને સુચરિતાના ખંડમાંથી વીણાનો ઝંકાર આવતો હતો. તૂંબડામાં સંતાઈને જાણે કોઈ માનવી આર્તસૂરે અનેક પલટા લઈને દેવને પ્રણમી રહ્યું છે. આકાશના

તારા ને આશ્રમવૃક્ષો, અરે ! સચરાચર પ્રકૃતિ જાણે અમૃતકુંભ લઈને ઊભેલા દેવનું સૂર મિલાવી, માથું ઢાળીને સ્તવન કરે છે. આવું પ્રશમનકારી સંગીત એણે કદી સાંભળ્યું નથી.

'આ રત્નભંડાર શું ખરેખર એનો હતો ?' ઘાટ ઊતરતાં ઊતરતાં એને થયું : 'બા જાણે તો કેવી ગાંડી થઈ જાય !'

નાહીને કુટિરમાં પાછો આવ્યો ત્યારે સ્નિગ્ધકેશા સુચરિતા હાથમાં માલતી–ફૂલો લઇને ઊભી હતી. આનંદ દાખલ થતાં જ એના વીખરાયેલી જટા પર એણે ફૂલો વેરી દીધાં. પછી નમન કરી કહે : 'એટલો આશીર્વાદ આપો કે મારો સંકલ્પ અવિચળ રહે.'

આનંદ કહે : 'ભિક્ષુક ક્યાંથી દાતા થઈ શકે ?'

'આ શુભદિને મારી જોડે ઝઘડશો નહિ, ભલે આશીર્વાદ દેવાની યોગ્યતા ન હોય !'

'તો...યોગ્યતા વિનાના આશીર્વાદથી તમને સંતોષ થતો હોય તો અઢળક આશીર્વાદ આપું છું. પણ...સંકલ્પ તો જણાવો ?'

'સુદત્તને જણાવી દઈશ કે એની કલાને હું અભિનંદું છું, પણ એને ચાહી શકતી નથી—ચાહી શકવાની પણ નથી, કારણકે સુચરિતા, આનંદી થઈ ગઈ છે.'

આનંદને આખી રાત ભણકારા વાગ્યા હતા, પણ આ ઘડીએ કેમે કર્યું એનું મન આનંદપુલકિત ન થઈ શક્યું. સુદત્તને એણે કેવી ધરપત આપી હતી, ને આટલા થોડા દિવસમાં ? એના મને કહ્યું કે સુચરિતાનો ને એનો સ્નેહ ગમે તેટલો ગંભીર ને સ્વયંભૂ હોય તોપણ એ આજે અપ્રાસંગિક હતો.

'પણ...'

એને વચમાંથી જ અટકાવીને સુચરિતા બોલી ઊઠી : 'આશીર્વાદ આપીને 'પણ' કહ્યું તો હું માથું પટકીશ. તમને ભય લાગતો હોય તો ચાલ્યા જાઓ અહીંથી, હું એકલી જ માર્ગ કરી લઈશ. એક કાળે એની

કલાની પ્રશંસારૂપે અપાઈ ગયેલા વચન સારુ...' કહી એ અટકી ગઈ. એની આંખમાં ઝળઝળિયાં હતાં.

આનંદને થયું કે આજે જ એને રડાવી? એણે છેક પાસે જઈ એને ખભે હાથ મૂકી ભાવથી થડકાતા સૂરે કહ્યું:

'સુદત્તને આપેલ વચન તમે ન પાળતાં, પણ સુદત્તની પ્રકૃતિની જે મને છાપ પડી છે તે એ છે કે એ કદી તમને સહેલાઈથી નહિ છોડે.'

'મને ભલેને હેરાન કરે, તેમાં તમારે શું છે?'

આનંદે ખભો સહેજ દબાવી કહ્યું: 'મારે બધું જ છે, પણ સુદત્ત પાછળ નગરશ્રેષ્ઠી છે—આખો માલવગણ છે...'

'હા, એની એને ને મને બંનેને ખબર છે. એટલે જ મને કહેતો ગયો છે કે મારી ને એની વચ્ચે તમે નહિ પણ તમારું મડદું જ રહી શકશે.'

'એમ?'

'એ નિષ્ઠુરની સાથે મારે...'

'પાગલ છે એ, ને તમેય પાગલ છો એવું માની લેનાર!'

*

આટલા દિવસ સુધી રહેલો અંતરપટ હવે હટી ગયો છે. આનંદની સૂચનાથી મહાકાશ્યપને જ્યારે કહેવાનો સુયોગ મળે ત્યારે—પણ ચારુદત્તને તો તે જ દિવસે સુચરિતાએ કહી દીધું છે. વૈરાગી પ્રકૃતિના ચારુદત્તે તો માત્ર એટલું જ કહ્યું: 'મોટી બહેન, તમે સુખી થાઓ! આનંદભાઈથી વધારે સુયોગ્ય સંગાથી તમને ન મળત. બાકી મારા ગુરુએ તો મને એક જ મંત્ર શીખવ્યો છે કે એ પ્રેમની કેડી પર પગ દીધા જેવું નથી!'

'કોણે, શીલભદ્રે કહ્યું છે?'

'હા.' કહી એ એક ગીત ગાવા માંડયો.

> પ્રેમનગર મત જાના, મુસાફીર! પ્રેમનગર મત જાના!
> પ્રેમનગરકી ગહરી નદીયાં, લાખોં લોગ ડૂબ જાના, મુસાફીર!

ચારુદત્ત જે કાંઈ કરે છે તેમાં પોતાને અંતરના રસથી મિલાવી દે છે, એટલે આ બે લીટીઓએ પણ સુચરિતાના અંતરને હલાવી દીધું. એણે માથું ઢાળીને કહ્યું:

'ગહરી નદી તો ચારે બાજુ વીંટળાઈને પડી છે, ચારુદત્ત ! પેલા નિર્વાણગિરિનેયે એનાથી અસ્પૃષ્ટ રાખ્યો નથી, તો હું તો કોણ ?'

'ભગવાન તથાગત—એ જ શરણ છે !' કહી એ 'પ્રેમનગર મત જાના' ગાતો ચાલ્યો ગયો.

જમીન સાથે ચોંટેલી નજર ઉપાડ્યા સિવાય ક્યાંય સુધી અન્યમનસ્કની જેમ સુચરિતા બેસી રહી. સવારે કેવી શાન્તિથી—કેવા ભક્તિભાવથી એણે આત્મનિવેદન કર્યું હતું ! આનંદના સ્પર્શે એની દેહવીણાના સાતે તારો કેવા ઝણઝણી ઊઠ્યા હતા ! ને અત્યારે ચારુદત્તે આવીને કેવાં નૈરાશ્ય ને અવસાદ પાથરી દીધાં !

એને થયું—માનવીને નૈરાશ્ય ને અવસાદથી ભરી દઈ, એને છિન્નવિચ્છિન્ન કરી નાખીને, આ બુદ્ધધર્મ શું સાધતો હશે ?

૯

નંદિગ્રામ મહાસમારંભની તૈયારીમાં પડી ગયું છે. ઉડુગ્રામમાં મળેલી વાહિકગણાધીશોની સમિતિએ આ વખતે સમાજ નંદિગ્રામમાં ઊજવવાનું ઠરાવ્યું છે. મહાકાશ્યપ આત્રેયનો સંદેશો લઈને પાછા આવી ગયા છે કે આનંદે રથીઓની સ્પર્ધામાં તો ઊતરવાનું છે જ, ધનુર્વેદવિદ્ ને હસ્તીવશીન્ તરીકે પણ ઊભા રહેવાનું છે. એ સંદેશો સાંભળીને આનંદે કહ્યું: 'બીજી કોઈ આજ્ઞા આપી છે?'

'હા, એમની ઇચ્છા તો છે આવતા વર્ષે જ તને બ્રાહ્મણકોનો ભાર દેવાની, પણ મેં એમને ના પાડી છે. બ્રાહ્મણકગણ તને બહુ નાનું પડે.'

'પણ બ્રાહ્મણકોની સાથે દેવો પણ સ્પર્ધામાં ન ઊભા રહી શકે.'

'તમારી કન્યાઓ પણ શું સફાઈથી પણછ ખેંચી શકે છે! કઠો ને બ્રાહ્મણકો મળે તો ઇંદ્રને પણ ઈર્ષા આવે એવું સૈન્ય બને એમ કઠગણાધિપતિ આસંગ જ કહેતા હતા.'

'મને થાય છે કે આ વખતે સ્પર્ધામાં ન ઊતરું.'

'તો તો બ્રાહ્મણકો નિરાશ જ થવાના, ને મને ઠપકો આપવાના કે નંદિગ્રામનું પાણી પીધું એટલે આવો નિરુત્સાહી થઈ ગયો. એટલે સ્પર્ધામાં ઊતરવું, પણ એની ઘેલછા મનને ન વળગવા દેવી.'

સમાજ આડે હવે બે માસની વાર હતી, એટલે આનંદે પૂર્વતૈયારી કરવા માંડી. ચંદ્રની સાથે આત્રેયે એની અશ્વશાળામાં આવા સમારંભ-પ્રસંગે જ ઉતારવા માટે રખાયેલા ઉત્તમોત્તમ સુરાષ્ટ્રીય ચાર અશ્વો ને પુષ્ય-

સ્યંદન, જે પણ આવી સ્પર્ધા માટે જ ઘડાયો હતો, તે મોકલ્યાં હતાં. સુચરિતા તો એ મેઘલવર્ણું, એનો થનગનાટ, એની પ્રતિબિંબ ફેંકતી રોમાવલિ ને બંકી ગરદન જોઈને જ ખુશ ખુશ થઈ ગઈ. રથ પણ એવો નાજુક ને સુશોભિત હતો કે એનેય સ્પર્ધામાં ઊતરવાનું શૂરાતન ઊભરાઈ આવ્યું.

'આ રથ ને અશ્વની પૂજા કર્યા વિના દાદા કદી રથમાં બેસતા નથી. હું !' ચંદ્રે કહ્યું. 'ને હજુ તમે અમારા કૈલાસ ને અદ્રિને જોજો તો ખરા ! અહોહો... શું એનો દર્પ ને પ્રભાવ છે !'

બીજે દિવસે આનંદે રથની પૂજા કરી. અશ્વને ફૂલમાળ પહેરાવી. પોતાને હાથે જ એને પાક ખવરાવ્યો. સૂર્યને પ્રણામ કરી તાલીમ માટે રથને બહાર કાઢ્યો...રથ જાણે હવામાં નાચતો હતો.

રોજ સવારમાં ચાર–છ કોસ સુધી રથને એ ફેરવતો. અનેકાનેક વર્તુલો–અર્ધવર્તુલોમાં અશ્વને એ ઘુમાવતો. કેટલીક વાર તો રથને હમણાં જ જાણે ભાંગી નાખશે તેમ અશ્વો તોફાને ચડતા.

સાથે જોવા ગયેલી સુચરિતાનો જીવ એવે વખતે અદ્ધર ચડી જતો. એ અંદર બેઠી બેઠી કહેતી : 'હવે આજે રહેવા દ્યો, કાલે થશે.'

'ના, ના. એ તો હમણાં ફેરવ્યા નથી એટલે બાંધ્યા બાંધ્યા જરા હઠીલા થઈ ગયા છે.' કહી ચાબુક ફટકારતો. મજબૂત હાથે રથદંડ પકડીને બેઠેલી સુચરિતા પણ કોકવાર ઊલળી પડતાં માંડ રહી જતી, ને બીજી ક્ષણે અશ્વો પૂરપાટ ઊપડતા.

રોજ આવીને પોતે જ અશ્વોને ધમારતો, ફરી પાક ખવરાવતો ને ચંદ્રે બરાબર રથ ધોયો છે કે નહિ અને ચક્રોને તેલસિંચન કર્યું છે કે નહિ તે તપાસ્યા પછી જમવા જતો. મધ્યાહ્ન પછીની બે ઘડી એમાં રોજ વીતી જતી. સાંજને વખતે રોજ એ ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતો.

થોડા દિવસ પછી ડુંગર જેવા બે પ્રચંડ ગજરાજો પણ એના મહાવતો સાથે આવી પહોંચ્યા. એકને સોનાની અને બીજાને રૂપાની કુંડલીઓ

દંતૂશળે ચડાવી છે. સુચરિતાને લઈને બંનેને સામે લેવા ગયો. આનંદને આવ્યો જોઈ બંનેએ સૂંઢ ઊંચી કરી અભિવાદન કર્યું ને આગલા ઘૂંટણ નમાવી સૂંઢ લંબાવી એટલે આનંદ સહેજ હાથ ફેરવી ઉપર ચડી ગયો, ને કહ્યું: 'અહીં આવો તો?' સુચરિતા અજાણમાં પાસે આવતાં હા–ના કરે તે પહેલાં તેને ઉપર ખેંચી હોદ્દા પર બેસાડી દીધી.

મહાવતને કહે: 'અંકુશ લાવ, આજ હું જ મહાવત થઈશ.' સુચરિતાનું મુખ લજ્જાથી લાલચોળ થઈ ગયું. એનાથી માંડ માંડ બોલાયું: 'મને આશ્રમ બહાર ઉતારી દેજો!'

'કેમ, રથ હાંકતાં શીખવા આવો છો તેમ આ પણ શીખવા આવ્યાં છો એમ કહેજો.' કહી પાછું જોઈ એ હસી પડયો.

'સુંદર લાગે છે ને રેવત?' મહાવતે હસીને હા પાડી ને કહ્યું: 'તમે પણ ખરા છો!'

આશ્રમમાં દાખલ થતાં જ હાથીએ પહેલાં બકુલવૃક્ષ પરથી કુસુમમંજરી તોડી અને એક આનંદને ને પછી હોદ્દામાં બેઠેલ સુચરિતાને આપી. ક્યારા ગોડતો ચારુદત્ત આ જોઈને તાળીઓ પાડી ઊઠયો: 'ધન્ય છે! ધન્ય છે!'

'મને હવે ઊતરવા દો છો કે નહિ? નહિતર અહીંથી ભૂસકો મારીશ.'

'મારે પણ ઊતરવું છે.' કહી એણે બારણા પાસે હાથી ઊભો રખાવી ઠેકડો માર્યો. સુચરિતાને હિંમત ન આવી. આનંદ કહે: 'કૈલાસ સૂંઢ આપે?' તેમ ઊતરવાની પણ સુચરિતાને બીક લાગી.

'કૂદકો મારો! હું ને ચારુદત્ત ઝીલી લેશું.'

સુચરિતાએ આંખ કાઢી, મહાવતને કહે: 'સીડી નથી?'

'અમારે તો કોઈ સીડી વાપરે જ નહિ.'

ચારુદત્ત પાસે આવીને હસતો હતો.

છેવટે આનંદે વૃક્ષની એક ડાળી પકડી નમાવી એ પકડી લેવા કહ્યું, ને પછી ડાળે ડાળે ટિંગાઈ સુચરિતા ભોંય ઉપર ઊતરી. એને સાંભળવું

પડ્યું: 'મોટી બહેન, હાથી પર તો મોટાં માણસ ચડે! આપણે ચડી તો ઊતરવુંય ભારે પડે!'

'તે...આમનાં પરાક્રમ! પોતે હોદ્દા પર ચડી કહે: 'જરા અ આવો તો?' મને શું ખબર કે શા માટે બોલાવે છે? પાસે ગઈ એણે તો સીધી ઉપર જ ખેંચી લીધી!'

'બહુ ખરાબ માણસ છે! પસંદગી ક્યાંથી થઈ ગઈ?' કહી ચા દત્ત નાઠો.

'અરે સાધુજી! તમે ક્યાં વળી આવો રસ લેવા માંડયો!' આ ખૂમ મારી. એ ગયો એટલે સુચરિતા ભવાં ચડાવી કહે:

'નફટ છો! કહે કે, 'ભૂસકો મારો, ઝીલી લઉં.' ડાહ્યા ત્યારે સ ડાહ્યા ને ભાન ભૂલે ત્યારે આસપાસનું પણ ભાન ન રહે!' કહી એ હસ માંડી. ઘરનાં પગથિયાં ચડતાં જુએ તો સામે ઊભો હતો સુદત્ત.

*

આચાર્ય હમણાં બધો વખત ગામમાં જ રહે છે. આવતા સમાજ વ્યવસ્થા કરવામાં એ પડ્યા છે. ઉત્સવ માટે બે કોસ લાંબું-પહોળું ક્ષે સાફ કરી તૈયાર કરાવે છે. ક્ષેત્રની ધારે ધારે અમુક અંતરે કૂવાઓ ખો છે. ક્ષેત્રની અંદર વિભાગો પાડી દીધા છે. પ્રત્યેક ગણનું નિવાસસ્થ એક એક વિભાગમાં છે. એમાં પ્રત્યેક ગણના વાસીઓ સ્પર્ધામાં ઊતર આવ્યા હશે તેને તેમનાં વાહનો સાથે ઊતરવાનું છે. બરાબર મધ્યભાગ મત્સ્યાકારે પ્રેક્ષકગૃહ બંધાય છે. આખું પ્રેક્ષકગૃહ દ્વિતલપ્રાસાદ છે. ન સર્વસામાન્ય જનતાને બેસવા માટેની બેઠકો છે ને ઉપર અટ્ટાલિકા ગવાક્ષવાળા ખંડો છે. વાહિકપ્રદેશોના ધનશ્રેષ્ઠીઓ ને ગણોના પ્રમુ કર્મચારીઓ માટે એ બંધાયા છે. બરાબર મધ્યભાગે હંસાકારે બ સ્પર્ધાઓના નિરીક્ષક ને નિયામકને બેસવા માટેનાં સ્થાન નિયત થયાં સામાન્ય નિયમ એવો છે કે જે ગણોએ સમાજને નિમંત્રણ આપ્યું હ તેઓ જ પોતાના માન્ય પુરુષને આ આદરણીય જગ્યા સુપરત કરે.

સંભળાય છે કે આજિકૃતનું સ્થાન કંટકશોધક નગરશ્રેઠી ધનપાલને અપાવાનું છે. પ્રેક્ષકગૃહની પડખે જ ઘસાઈને રથસ્પર્ધાનો વિશાળ રસ્તો બાંધવાની તૈયારી ચાલે છે. એકીસાથે દસે ગણના રથો દોડી શકે એટલો પહોળો એ રખાયો છે. હસ્તીયુદ્ધ, મલ્લયુદ્ધ ને ધનુર્વિદ્યાના પ્રયોગો માટે વર્તુલાકાર રંગભૂમિ અલગ બનાવી છે. આખું નંદિગ્રામ અત્યારે એકીશ્વાસે એની પાછળ લાગ્યું છે. રાત્રે પણ મશાલો તથા તેલદીપકો બાળીને કામ થાય છે.

મહાકાશ્યપ, નગરશ્રેઠી ને બીજા કર્મચારીઓ રાતદિવસ ત્યાં જ ઊભા રહે છે. સૌ એક જ વાત ભણે છે: માલવગણનું સ્વાગત અનુપમ કરવાનું છે. તેમાં કાંઈ કૃપણતા ન રહી જાય. આ વખતે સુરાષ્ટ્ર, લિચ્છવી, શૌરસેની ને પાંચાલગણ પણ આવવાના છે. વાહિકપ્રદેશમાં કોઈ વખતે આવો ઉત્સાહ જોયો નથી. સમાજમાં કાંઈક નવાજૂની પણ થવાની છે. કોઈ કહે છે કે, મગધરાજનો દીકરો આમાં આવવાનો છે ને કોઈ કહે છે કે, આચાર્ય ગણાધીશોની પાસે સંઘસેના ઊભી કરી તક્ષશિલાને વાહિકપ્રદેશની સીમા તરીકે સ્થાપવાની વાત મૂકવાના છે. કોઈ વળી કહે છે કે, આ બધા ગણો એકઠા તો થઈ રહ્યા છે. સમાજમાં અંદરઅંદર શસ્ત્રો-માંથી કલહ ન થાય તો સારું. ડાહ્યા તો વળી કહે છે કે, મેં તો કાનો-કાન સાંભળ્યું છે કે માલવગણ તકરાર કરવાનો છે—આ બધી અફવા સાંજે આશ્રમમાં પહોંચી જતી, પણ આનંદનું કામ તો નિયમિત ચાલ્યા કરતું હતું. એ રોજ સાંજે બ્રાહ્મણકગણ માટે તૈયાર થતું નિવાસસ્થાન જોવા જતો. ગવાક્ષખંડ તો એણે અગાઉથી જોઈ રાખ્યો હતો. આજિકૃતની બાજુમાંનો જ કમરો એ હતો.

સુદત્ત તે દિવસે આવીને ચાલ્યો ગયો અને પછી ફરી મળ્યો નથી. કહે છે કે, ઘડીનીય વિશ્રાંતિ લીધા વિના પદ્મપાણિની મૂર્તિ કંડારવા પાછળ એ લાગ્યો છે. રાત્રે પણ નિર્વાણગિરિ ટાંકણાંના અવા-જથી ગાજ્યા કરે છે. નગરશ્રેષ્ઠીની ઇચ્છા એ વિહારનું સમાજપ્રસંગે ઉદ્ઘાટન કરાવવાની છે.

સૌ પોતપોતાના કામમાં પડયા છે ત્યારે એકલી સુચરિતાને જ જાણે કાંઈ કામ સૂઝતું નથી. સુદત્ત શાકલમાં હતો ત્યાં સુધી એ આનંદની સાથે વિહારમાં કે ક્રિડાંગણુ પર જતી, પણ હવે તો તેની સાથે નીકળવાની એની હિંમત નથી. અતિથિ વધ્યા કરે છે, પણ એ ભારે એણે મેધાતિથિને માથે નાખી દીધો છે. એ તો બેઠી બેઠી છેલ્લા બે પક્ષમાં માણેલ જીવનની સ્મૃતિ જ વાગોળ્યા કરે છે. ડૂબતા સંધ્યાસૂર્યે જોયેલ એકાદ હાસ્ય, રથની દોડમાં ઓચિંતાના થયેલ સ્પર્શો, સર્વવ્યાપી વાયુ પણ ન સાંભળી શકે તેવા ધીરા સ્વરે બોલાયેલ એકાદું વાકય—આ બધું એ બેઠી બેઠી સંભાર્યા કરે છે–જાણે બે પક્ષમાં એનું સમગ્ર જીવન કોઈ નવીન રૂપ પામી ગયું હોય, જાણે એ પહેલાં એનું જીવન જ ન હોય તેમ બે અઠવાડિયાંના પ્રસંગો એક પછી એક ગોતી ગોતીને એ વાગોળ્યા કરે છે. માત્ર જ્યારે નિર્વાણગિરિ પર જઈ આવેલ કોઇ અતિથિ આવીને સારિપુત્તવિહારનાં વખાણુ એની પાસે કરે છે ત્યારે બહારની દુનિયાનો ધક્કો એને લાગે છે. જ્યારે કોઈ કહે છે: ‘ આહાહા ! જાણે ઇંદ્રાપુરી જ ખડી કરી દીધી છે ! હો...શું અર્હંતસભા કરી છે ! હું તો અવાક્ થઈ ગયો !’ ત્યારે સુચરિતા પૂછે છે:

‘ બહુ સુંદર રચના છે ? ’

‘ શું કહીએ બહેન ! જાણે સ્વર્ગની કારીગરીનો જ કોઇક ખંડ અહીં ખરી પડયો છે ! ’

સુચરિતાને આગળ પૂછવાની હિંમત ન ચાલતી. ટાઢે ધ્રૂજતી હોય તેમ સોડિયું વાળીને એ અંદર ચાલી જતી. છતાંય સાંજે નવા આવેલા અતિથિને નિર્વાણગિરિની શોભા વિષે પૂછ્યા વિના એનાથી રહેવાતું નહિ. ફેરવી—ફેરવીને એ કયાંક ખોડ હોય તો કહેવરાવવા પૂછતી, પણ સૌ કહેતા: ‘ બહેન ! એ માણસનું કામ નથી. દેવશિલ્પી જ કરી શકે ! ’ સરી જતા ધૈર્યને એક જ આશરો આપતાં એ કહેતી કે, ‘ એ બધું સામાન્યજનોને તો ગમે જ, એમને ભિણપોની શું ખબર પડે ? ’

એક દિવસ આનંદને કહે : ‘તમે નિર્વાણગિરિ પર હમણાં જાઓ છો ?’

‘ કાલે ગયો હતો.’

'વિહારનું કામ કેવુંક ચાલે છે?'

'સારિપુત્તવિહારનું? તે તરફ હું ગયો નથી. લોકો પ્રશંસા બહુ કરે છે.'

'તમે એક દિવસ જઈ આવો ને?'

'આપણે કાલે સાથે જ જઈએ.'

સુચરિતાની કહેવાની હિંમત ન ચાલી કે, 'મારા એ તરફ પગ જ ઊપડતા નથી.'

બીજે દિવસે વહેલી સવારે બંને ત્યાં ગયાં ત્યારે વિહારમાં સૂર્યનાં કિરણો હજુ પૂરાં પ્રવેશ્યાં નહોતાં. કેટલાક મજૂરો થાકીને ઊંઘતા હતા. અંતર્ગૃહમાં હજુ પ્રકાશ નહોતો આવ્યો એટલે મશાલને અજવાળે થોડાક શિલ્પીઓ પોતપોતાનું કામ કરી રહ્યા હતા. કોઈ ફૂલ કોતરતા હતા, કોઈ અસ્પષ્ટ મુખાકૃતિઓને સુરેખ કરતા હતા. સ્તંભાવલિ અને કમાનનાં તોરણોની તથા ઘુંમટની રચના એવી હતી કે એક જ મશાલ બિંબપ્રતિબિંબન્યાયે સેંકડો દેખાતી હતી. વિહારિકોને નાહવાના સ્નાનકુંડ પાસે જ સુદત્ત પ્રભાતકિરણના તેજે એક મૂર્તિ ઘડી રહ્યો હતો. ભગવાન તથાગતના ચરણે પોતાનું જીવન ધરતી વૈશાલિની ગણિકા આમ્રપાલીની મૂર્તિનું એ વિધાન કરતો હતો : અહોહો ! શો એનો અંગભંગ—જાણે હમણાં જ એની સુકોમળ કટી તૂટી નહિ પડે ! હાથમાં જીવનના સૂચક ચિહ્ન જેવું કમલ છે, ને ભગવાન જાણે તે સ્વીકારે છે કે નહિ તે જોવા ડોક ઊંચી કરી છે. હા પાડ્યા પહેલાં રખે હાથ ન અડી જાય તેટલે હાથ ઊંચા રાખ્યા છે. કમળની દાંડલી તથાગતના ચરણને અડું—અડું થઈ રહી છે. મોઢા ઉપર શંકા, અનધિકારકૃત્યની હામ ભીડયાનો સંકોચ, ને આંખમાં સર્વાર્પણના ભાવો છે. ને ભગવાન તથાગત ઔદાર્યના સાગરસમા કરુણા વરસાવી રહ્યા છે. બંને જણાંએ કેટલીય ઘડી સુધી એક સ્તંભ આડે ઊભાં રહી જોયા કર્યું. શિલ્પી ઘડીમાં એક જગ્યાએ ઊભો રહીને જોતો—ઘડીમાં બીજી જગ્યાએ એકદમ જઈને એક ટચકો મારતો, વળી દૂર જઈને જોતો

અને પાગલની પેઠે વારે વારે મૂર્તિને નીરખી નીરખીને કંડારતો હતો. વચમાં કોઈ વાર આંખ મીંચી જઈ એ ઊભો રહેતો.

'પદ્મપાણિ ન કર્યા હોય ને આ એક જ વિધાન કર્યું હોય તોય બસ છે.' આનંદે પાછા ફરતાં કહ્યું.

એક શિલ્પીને પૂછ્યું : 'ભગવાન પદ્મપાણિનું ચૈત્ય ક્યાં છે?'

'પ્રતિમોખ્ખ ખંડની પાસે, પણ–પણ હમણાં કોઈને ત્યાં જવા દેતા નથી.'

બહાર નીકળીને આનંદ કહે : 'અહાહા ! શું રૂપનો દરિયો રેલાવ્યો છે ! સુચરિતા, તમે કેમ ડરતાં ડરતાં ફરો છો તે મને સમજાય છે–મને ભય છે કે એ ઝૂંટવી જશે.'

'કોને? મને?' ને પોતે જ ડોકું ધુણાવ્યું.

'આટલી કલ્પનાસમૃદ્ધિવાળો માણસ...'

'એટલો ઉદાર નહિ થઈ શકે?' સુચરિતાએ વાક્ય પૂરું કર્યું.

'અહોહો ! તો તો સદેહે જ નરદેવ થઈ જાય–પણ વિધાતા કાં તો કંજૂસ છે ને કાં તો મૂરખ છે!'

'હા જ તો, નહિતર દરિયો શા સારુ ખારો હોત?' સુચરિતાના કાનમાં ચારુદત્તનું ગીત ગુંજવા લાગ્યું:

પ્રેમનગર મત જાના...

એણે જોરથી આનંદનો હાથ પકડી લીધો. સામેથી આર્યા સુવ્રતા આવતાં દેખાયાં.

સમાજના દિવસો જેમ નજીક આવતા ગયા તેમ તેમ આગંતુકોનો પ્રવાહ મોટો ને મોટો થતો ગયો. સમાજની પાન્થશાળાઓ ભરાવા માંડી હતી. જુવાનો અશ્વારોહણ કરીને આવતા, શ્રીમંતો શિબિકામાં બેસીને, તો જનપદસમાજ ગાડાંમાં બેસીને ઊભરાતો હતો. સમાજના મહાદ્વાર આગળ બેઠેલા પ્રહરીઓ ભેરીધ્વનિથી સૌને કહેતા હતા કે સમાજ આવતી-કાલથી શરૂ થશે. વૃદ્ધ આત્રેય માતલિ અને અન્ય એકશત બ્રાહ્મણુક યુવકો સાથે આવ્યા હતા. કઠગણાધીશ આસંગ પોતાની સાથે પાંચશત કઠધનુર્ધારીઓને ને એકાદશ દેવરથો લાવ્યા હતા. એને હાંકનાર હતી કઠ-કન્યાઓ. લોકો કહેતા હતા કે એક કન્યા સ્પર્ધામાં પણ ઊતરવાની હતી. યૌધેય ગણપતિ મરુત્, શિબિ, ઉશીનર, ત્રિગર્તના અર્જુન, ને કઠસેનાપતિ સંવરણ આજ સાંજ સુધીમાં આવી પહોંચવાના હતા. મલ્લો, નટ, વિટ ને વાદકોથી ક્રિડાંગણ ગાજી ઊઠયું હતું. નગરશ્રેષ્ઠી ધન-પાલ તો ચારે બાજુ હાંફળાફાંફળા દોડ્યા કરતા. માલવયુવકો અતિથિ-સત્કારમાં કયાંય ઊણપ ન દેખાય તે સારુ પ્રત્યેક રાજમાર્ગ પર હાથ જોડીને ઊભા રહેતા ને આવનારને એમને માટે સમાજની બાજુમાં જ ઊભી કરેલી પાન્થશાળાઓ બતાવી દેતા. માલવયુવતીઓ શૃંગાર ને પુષ્પ-ચંદનથી શોભતી શિબિકામાં બેસી કે ચાલતી પોતાના પરિચિત આવ્યા છે કે નહિ તેની તપાસ કરવા આવતી-જતી. કહે છે કે મહાકાશ્યપ લિચ્છવી ને કુરુપાંચાલદૂતોને લેવા સીમાન્તે ગયા હતા.

કાલ સાયંકાલથી ઉત્સવ શરૂ થવાનો હતો. લોકોને મોઢે બે વાતો થતી હતીઃ એક નિર્વાણગિરિ પરના નવા વિહારની, ને બીજી આ વખતની

સ્પર્ધામાં સર્વજયી કોણ થશે તેની. છેલ્લા બે–ત્રણ સમાજથી સર્વજયીનો મુકુટ કઠોને જ જતો હતો, પણ વાત થતી હતી કે આ વખતે તો બ્રાહ્મણકોએ મુકુટ લેવાનું નક્કી કર્યું હતું. ઉપરાંત માલવકો પણ આ વખતે એકાદ માળા મેળવી જવા ધારતા હતા–જુદી જુદી સ્પર્ધામાં જે ગણને વધુમાં વધુ જયમાળા મળતી તે સર્વજયી ઠરતો ને એને અન્યથી શ્રેષ્ઠ ઠરાવવા માટે સુવર્ણમુકુટ મળતો. છેલ્લા બે સમાજથી એ કઠો પાસે જ રહ્યો હતો. ગયે વર્ષે યૌધેયોના હાથમાં આવતાં આવતાં એ રહી ગયો હતો. દરેક પ્રેક્ષકને એનો પોતાનો પ્રિય યોદ્ધો હતો. કોઈ કહેતું શિબિસેનાની અનિરુદ્ધ જ જીતશે, તો બીજો વળી કહેતો યૌધેય પ્રહ્લાદને તેં ક્યાં જોયો છે? ગયે વખતે ધનુર્વેદપારંગત એ જ થયો હતો. કોઈ વળી કેકયકન્યા કૃષ્ણાની જ વાત કરતો–કઠો કોઈ દિવસ પોતાના જૂના યોદ્ધાને ઉતારતા જ નથી, એ તો દર વખતે કોઈક નવા ને નવા ઊભા કરે છે.

સાંજે મહાકાશ્યપ કુરુપાંચાલ ને લિચ્છવીદૂતોને ઉતારે પહોંચાડી ઘેર આવ્યા ત્યારે સુચરિતા કાંઈક ભરતી હતી. મહાકાશ્યપને જોતાં જ એણે એ વસ્તુ સંતાડવા માંડી.

'શું ભરે છે?'

'કાલે આનંદ સ્પર્ધામાં ઊતરવાના છે એટલે રથની ગાદી ભરું છું!'

'એ ક્યાં છે?'

'એમના મણિ–માણેકને તેલ ચોળે છે.'

'એને કહેજે કે કાલે એને હરાવે એવી કેકયકન્યા સ્પર્ધામાં ઊતરવાની છે. તું વીણાવાદન તો કરશેને?'

આનંદે મોડી રાત સુધી એનાં અશ્વો, ગજરાજો ને રથ–હથિયારની સંભાળ લીધા કરી. પાછલી રાતે એ ઊંઘવા જતો હતો ત્યાં પોતાના માણેકને પગ પછાડતો ને છીંકારતો સાંભળ્યો. આનંદને નવાઈ લાગી. ધીમે પગલે અશ્વશાળા તરફ એ ગયો ને જુએ તો બંને ઘોડાઓ હમચી ખૂંદતા હતા ને અંધકારમાં કોઈક ગાંસડી એમની લાતો ખાતી આમ-

તેમ ગબડતી હતી. એને થયું કે ચાર નીરનારે કંઈક ગફલત કરી હશે. ‘માણેક ! માણેક !’ કરતો એ પાસે ગયો, ત્યાં તો ગાંસડીમાં જીવ આવ્યો ને ઊભી થઈને એ નાઠી. આનંદ ક્ષણમાં જ સમજી ગયો. ‘ચોર !’ કહેતો એ શકરાબાજની જેમ તેની પર તૂટી પડ્યો. ઘસડીને ચંદ્રપ્રકાશમાં એને આણ્યો—જુએ તો સુદત્તનો અંગરક્ષક સૂરસેન.

‘તું ?’ આનંદે આશ્ચર્યથી કહ્યું.

‘સેનાની ! ચિઠ્ઠીનો ચાકર છું. મારશો મા ! તમારા અશ્વોએ જ પૂરતી સજા કરી છે.’ કહી એણે પડખાં દબાવ્યાં.

‘હત્...હીચકારા !’ કહી આનંદે ધક્કો માર્યો.

સુચરિતાએ પણ આનંદની ગાદી ને એની ઢાલ ને પિછોડી ભરવામાં ઝોકું નહોતું ખાધું. ને સુદત્તે એના પદ્મપાણિને છેવટની ખાંચખૂંચ શોધવામાં નિદ્રા વિસારી દીધી હતી. સવારમાં આનંદ ને સુચરિતા રથમાં બેસીને નિર્વાણ-ગિરિ પર ગૌતમીને પગે લાગવા જવાની તૈયારી કરતાં હતાં ત્યાં સુદત્ત આવ્યો. એનાં પગલાંમાં વિજયનો નશો ને ગુમાન હતાં. એને આવતો જોઈ આનંદ દૂર ખસી ગયો. સુચરિતાને ભરતભરેલ સાહિત્ય ખસેડવાનો અવકાશ નહોતો એટલે ‘આવો ! ’ કહી સ્વસ્થ થઈને એ બેસી રહી. સુદત્ત પહેલાં થોડીવાર કાંઈ ન બોલ્યો. સુચરિતા ઢાલ લઈને અમસ્તા જ દોરા ભરવા મંડી.

‘ મારું કામ પૂરું થયું.’

‘ સારું ! બહુ ઉજાગરા કર્યા તે ફળ્યું ! લોકો બહુ પ્રશંસા કરે છે.’

‘ તારે હવે વેણ પાળવું પડશે !’

‘ બે દિવસ પછી છે ને ? પિતાજી તો ત્રીજે દિવસે પરીક્ષા કરવાના છે ને ?’

‘ એ તો સંપૂર્ણ જ છે એમ સમજને ! તું મારી થશે ને ? ’

‘ જો સુદત્ત ! આર્યકન્યાઓ એમ સહેલાઈથી નથી રિઝાતી.’

‘ એમ ? ત્યારે તો તું ફરી જવા માગે છે ! ’

'મારે મનથી તો તમારું શિલ્પ ઊતરી જ ગયું છે, છતાં પિતાજીને પરીક્ષા કરવા દો. પછી તમે માગો—મારાથી બનશે તેવું હશે તો ના નહિ પાડું.'

'સુચરિતા! મેં તને આટલી કુચરિતા નહોતી ધારી!' ગુસ્સામાં એણે કહી નાખ્યું. બહાર ઊભેલ આનંદને અંદર ધસી આવવાનું મન થયું, પણ સુચરિતાનું વાકય સાંભળીને એ થંભી ગયો.

'ધન્ય છે, સુદત્ત, તમારી વાણીને! તમારા શિલ્પસંસ્કારને! મને લાગે છે કે પથ્થર સાથે રહીને તમે પથ્થર જેવા થતા જાઓ છો—જે કુચરિતા છે તેને વરીને તમે શું કરશો? તે ભલે એનાં કુચરિતનાં ફળ ભોગવતી.'

સુદત્ત સમજ્યો કે એ ગુસ્સામાં મર્યાદા ચૂકી ગયો હતો. 'કાલ આખી રાત જાગ્યો હતો એટલે આકળો થઈ ગયો.'

'મનેય કાલ આખી રાતનો ઉજાગરો છે—આ ભરવામાં!' કહી એણે આનંદની પિછોડી બતાવી. એણે સુદત્તનો મિજાજ ખોવરાવ્યો. એને થયું—જેને માટે પોતે આખી રાત જાગ્યો હતો તે આખી રાત કોને માટે જાગી હતી? એણે લાલચોળ થઈને કહ્યું:

'આનંદ બહુ ગમે છે?'

સુચરિતાએ આંખ મીંચીને કહ્યું: 'અતિશય! પ્રાણથીયે પ્રિય!' કહેતાં કહેતાં એ હસી રહી.

'હું એને આજ રથસ્પર્ધામાં હરાવું તો?'

'તમે ભૂલો છો સુદત્ત, ભીંત ભૂલો છો. તમે એમ માનો છો કે હું એના શૌર્ય પર મુગ્ધ થઈ ગઈ છું? તો...એમ નથી.'

'તો તું શેના પર મુગ્ધ છે?'

'શેના પર છું એ પૂરેપૂરું જાણી શકું તો તો મુગ્ધાવસ્થા મટી જાય. પણ હું મહાકાશ્યપની પુત્રી છું. એમને ચરણે હાથ મૂકીને કહેવા તૈયાર છું કે છેક હું બાર વર્ષની હતી, ને મા ગૌતમીએ આવીને રડતાં રડતાં એમના આનંદની વાત કરી, ત્યારથી એમને ચાહું છું.'

'તો...મારી જોડે શા માટે આ...'સુદત્તે શોકભર્યા કંઠે કહ્યું.

'મેં કદી ય તમને...ચાહું છું...કે તમારી...રહેવા દો, એ વાત સંભારતાંય મને આજે ભિબકા આવે છે. પણ તમેય તમારી કલાના શપથ લઈને નહિ કહી શકો કે મેં એવું વચન આપ્યું હતું. બાકી હાસ્યવિનોદ કર્યો છે, તમારી કલાની પ્રશંસા—એમ કહોને કે પૂજા—કરી છે. પણ તમને...'

'ધિક્કારે છે, એમ ને?'

'ના, પણ તમારાથી બીઉં છું.'

'તું તારા જ દ્રોહથી બીએ છે.' કહી એ ઊભો થયો. 'હવે તો હું મારો રસ્તો કરી લઈશ.' એ જતો હતો ત્યાં આનંદ અંદર આવીને કહેઃ

'સુદત્ત, કલાકાર જ રહોને?'

'તારે મને રહેવા નથી દેવો.'

'આજે તમે મને રથસ્પર્ધામાં હરાવવાની વાત કરતા હતા ને? જો તમે મને હરાવો તો હું રથ, અશ્વો ને મારાં અસ્ત્રશસ્ત્રો મૂકીને ચાલ્યો જઈશ, બસ?'

'...ને...સુચરિતા!'

'તે કાંઈ મારી સંપત્તિ નથી કે હું દાનમાં આપી શકું. પણ...હું ...રસ્તામાંથી ખસી જઈશ.' સુદત્ત કાંઈક કહેવા જતો હતો ત્યાં આનંદ હાથના ઈશારા વતી કહે: 'હવે જાઓ!'

ડુંગર પર ચડતાં ચડતાં સુચરિતા એનો હાથ ઝાલીને કહે: 'તમને ખાતરી છે કે તમે જ જીતશો?'

'વિશ્વાસ ન હોય એવું જોખમ શા સારું ખેડું?'

'મારો વિશ્વાસ છે?'

'પાગલ!' કહી એણે સુચરિતાનો હાથ દબાવ્યો.

'તમે સ્પર્ધામાં જયમાળ પહેરો પછી હું પિતાજીને કહેવાની છું. પછી એમના દેખતાં મારા ખંડમાં તમે નહિ આવતા.'

'જો...આ સ્નાન માટે આવતાં લાગે છે!' કહી એણે હાથ છોડી દીધો. આર્યાએ એ જોયું–ન જોયું કરી આંખ નીચી ઢાળી દીધી.

આનંદ પગે લાગ્યો એટલે સુચરિતા તરફ જોઈને એ કહે : 'બંનેને આપું કે એકને ?'

બંનેનાં મોં લાલિમાથી છવાઈ ગયાં. સુચરિતાએ લાડથી કહ્યું: 'આર્યાને પક્ષપાત શોભશે ?'

ગૌતમીએ એને ખેંચી સસ્નેહ દાબી કહ્યું: 'શોભશે–તારી તરફ હશે તો !'

'બા, આજ તારે સમાજમાં આવવું પડશે !'

'ભગવાને એ બધું વર્જ્ય ગણ્યું છે.'

'પણ આજે તું નહિ આવે તો મારો ઉત્સાહ મરી જશે.'

'હું મામાને પૂછી જોઈશ.' કહી એ સ્નાન માટે ગયાં.

૧૧

માલવપ્રજા રસિક હતી એટલે આ પ્રસંગને અનુરૂપ સપ્તરંગી વસ્ત્રો સજી, નાજુક શિબિકામાં બેસીને, જોનારાને આંજી દેતી મનોહર માલવ સ્ત્રીઓ, ને ગળાંમાં પુષ્પમાળા ધારી સુવાસિકથી વાતાવરણ મઘમઘાવતા માલવ પુરુષોથી પ્રેક્ષકગૃહ ભરાઈ ગયું હતું. ઉપરની અટ્ટાલિકા ને ગવાક્ષોમાં શ્રેષ્ઠીકન્યાઓ હાથમાં પુષ્પગુચ્છ લઈ ને બેસી ગઈ હતી ને પોતાના પરિચિત કે પ્રિયજન શિબિકામાં નીકળતાં એકાદ ગુચ્છ એના તરફ ફેંકતી. આજિકૃતની અટ્ટાલિકાની બાજુની અટ્ટાલિકામાં ચારુદત્ત, મેધાતિથિ ને બીજાની જોડે સુચરિતા બેઠી હતી. ચારુદત્તના હાથમાં ફૂલનો ગુચ્છ જોઈને એ કહે:

‘મુનિજી! તમે કોને માટે લાવ્યા છો? કોઈ સાધ્વીનાં તપ ફળ્યાં છે કે શું!’

‘કોઈ સાધ્વીનાં તપ વિફળ જવાનાં હશે ત્યારે તમારી આશા ફળશે! હું તો લાવ્યો છું આનંદભાઈને માટે—એનો રથ જ્યારે અહીંથી પસાર થશે ત્યારે કોઈકે તો ગુચ્છ નાખવો પડશે ને!’ મેધાતિથિ ને સુચરિતા મંદ મંદ હસવા માંડયાં.

‘ચારુદત્ત, તું ચારુદત્તા હોત ને મારી સખી હોત તો સારું હતું!’

‘રહેવા દો—તો સંભવ છે કે આપણે સ્પર્ધા કરી હોત!’

લોકો બધા ઊંચાનીચા થતા હતા. આજિકૃતના કક્ષ તરફ આંગળી ચીંધી કહે: ‘આ લોકો હજુ કેમ નથી આવ્યા?’ એટલામાં શંખ ફૂંકાયા, દુંદુભિ ગગડયાં, ને ગણોનો મેઘલરંગનો ચંદ્રાકૃતિઅંકિત ધ્વજ ગણાધીશો આવ્યાના ખબર આપવા ઊંચે ચડાવાયો.

થોડીવારમાં કૃપાણધારી અશ્વારોહીઓથી સંરક્ષિત આઠ અશ્વોથી ખેંચાતો વિશાળ રથ આવ્યો. ગવાક્ષમાંથી નગરશ્રેષ્ઠી ધનપાલ નીચે દોડી આવી પ્રવેશદ્વાર પર સ્વાગત કરવા ઊભા રહ્યા. વયે વૃદ્ધ છતાં ઉત્સાહે જુવાનને ટપે તેવા આસંગ ઠેકડો મારીને ઊતર્યા. લોકો અંદરઅંદર બોલવા લાગ્યા: આ બ્રાહ્મણકના આત્રેય ! આ પેલા ગાલ પર ઘા છે તે યૌધેય ગણાધીશ અર્જુન—એ તો હજુ જુવાન લાગે છે. એણે વિના શસ્ત્રે હાથીને વશ કર્યો હતો. પેલા માંદા જેવા લાગે છે એ કોણ ? એ જ સંવરણ ! બધા ધનપાલનો સત્કાર સ્વીકારી દ્વાર પર ઊભા રહી ગયા. સારથિ રથને દૂર લઈ ગયો.

આ બધા પ્રવેશદ્વાર પર જ કેમ થંભી ગયા ? આમાં પેલા કુરુ-પાંચાલવાળા કોણ ?—એમ સૌ પૂછતા હતા. ત્યાં બીજો સુશોભિત રથ આવ્યો. નગરશ્રેષ્ઠી ને આસંગ આગળ વધ્યા. રથમાંથી જટા, ભસ્મ, ત્રિપુંડ્ર ને યજ્ઞોપવીત વડે શોભતા આજાનબાહુ મહાકાશ્યપ ઊતર્યા. હાથ આપીને એ મહેમાનોએ એમને ઉતાર્યા. ત્રીજો શ્યામવર્ણનો છોકરા સરખો યુવાન તો ઠેકડો મારીને હેઠો ઊતરી ગયો.

'આ કુરુપાંચાલગણના અગ્રદૂતો, ને આ લિચ્છવીગણના દૂત, ને આ અમારા વાહિકપ્રદેશના ગણસંગના પિતામહ–આસંગદેવે એમને નિત્યયુવા બક્ષી છે !' મહાકાશ્યપે પરસ્પરની પિછાન કરાવી.

'ભગવન્ ! આપ પણ અતિશયોક્તિ કરશો ?' આસંગે કહ્યું.

'આ સમુદાયમાં કોઈ આપની સાથે હરીફાઈમાં ઊભો રહે તેવો હું જોતો નથી, ખરું ને આત્રેય !' એમણે અંદર પેસતાં કહ્યું ને ફરી દુંદુભિ ગગડ્યાં. ગવાક્ષમાં સૌ ગોઠવાઈ ગયા. આજ્ઞિકૃતે નિશાની આપી. તરત જ મેઘ ગડગડતો હોય તેવો અવાજ થયો. લોકોએ નજર લંબાવવા માંડી. એક સાથે આંખોને આંજી નાખતા દસ રથો આવીને હંસગવાક્ષ સામે ઊભા રહ્યા. દરેકે માથે મુગટ મૂક્યો હતો. પીઠે વરૂથ બાંધી હતી. વરૂથ પર જે ગણ તરફથી પોતે ઊભો રહ્યો હતો તેનું ચિહ્ન હતું. કોણી સુધી આજીનના હસ્તસંરક્ષક પહેરી લગામ ખેંચીને સૌ ઊભા હતા.

સૌના આશ્ચર્ય વચ્ચે કેકયની પેલી કન્યા કૃષ્ણા પણ હતી. તેનો વર્ણ નામ પ્રમાણે જ હતો. એના અશ્વો પણ તેવા જ વર્ણના હતા. એણે માથે શિરસ્ત્રાણ ઓઢ્યું હતું. દૃઢતાના અવતારસમી તન્વાંગી સૌનું ધ્યાન ખેંચે તેવી જ હતી. સુચરિતાએ જોયું કે એ દસમાં સુદત્ત પણ હતો. એણે માણિકયના બાજુબંધ પહેર્યા હતા, રેશમી ઉત્તરીય વીંટયું હતું, અશ્વોની લગામનેય મખમલથી મઢી હતી. સારા ઉત્તરાપથમાંથી ખોળી કાઢીને એણે પોતાના શ્વેત અશ્વો પસંદ કર્યા હતા. સહુને છેડે ને બરાબર આજિંકૃતના ગવાક્ષની નીચે આનંદ એના પુષ્પરથમાં બેપરવાહીથી બેઠો હતો. એના અંગ પર હસ્તસંરક્ષક સિવાય બીજી કોઈ વિશિષ્ટતા નહોતી, પણ બધો બદલો અશ્વોને શણગારવામાં એણે વાળ્યો હતો—પગે ઘૂઘરા, કાનમાં બહુ અવાજ કે ધૂળ ન જાય તે માટે પડદા ને કોટે સુવર્ણહારો હતા.

હંસગવાક્ષમાંથી નિશાન થયું. 'સાવધાન !' બધા રથીઓ ટટાર થઈ ગયા, પણ આનંદ તો તે જ બેદરકારીથી બેસી રહ્યો. બીજી વખત 'સાવધાન !' બૂમ પડી. ત્રીજી વખતે રથો ઊપડવાના હતા. ત્રીજી વખત 'સાવધાન !' કહે તે પહેલાં આનંદ રથ પર ઊભો થયો. સૌ સાંભળે તેમ તેણે કહ્યું:

'ગણમુખ્યો ને ગણજનો ! હું બ્રાહ્મણકગણનો રથી આથી નિવેદન કરું છું કે આ રથીઓમાંથી એકે કાલે મારો એક અશ્વ ચોરાવવા પ્રયત્ન કર્યો હતો, પણ એમાં એ નિષ્ફળ ગયો છે.'

લોકોમાં 'અરરર ! કેવી દુષ્ટતા !'નો ગણગણાટ થયો.

'પણ નિષ્ફળ ગયો એટલે કદાચ એને હજુ વસવસો રહી જાય એ ગણતરીએ હું એને સ્વેચ્છાથી ૫૦૦ ધનુર આગળ જવા દઈશ. આ બધા થો ૫૦૦ ધનુર આગળ જશે પછી મારો રથ ઊપડશે.' કહી એ બેસી ગયો. પ્રેક્ષકગૃહ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠ્યું.

'એ જ આનંદ !' મહાકાશ્યપ આસંગને ઓળખાવતા હતા.

પડખેની અટ્ટાલિકામાંથી એક પુષ્પગુચ્છ આવીને પડ્યો. એકીસાથે આનંદ અને સુદત્તે જોયું. ત્યાં ચારુદત્ત હસતો હતો. છેલ્લી વખત 'સાવધાન!' કહેતાં પહેલાં આજ્ઞિકૃતે રથીઓને શરતો સંભળાવી : 'સ્પર્ધામાં ઊતરેલા રથીએ આ પ્રેક્ષકગૃહને ફરી વળતા મહાકાશ્યપપથને સાત વર્તુલ મારવાનાં હતાં. દરેક વખતે ભાલાની અણી વતી દ્વાર પાસે પડેલા આમ્રફળના ઢગલામાંથી એક એક આમ્રફળ લેતા જવાનું હતું. બે ઠેકાણે એક ચતુર પહોળી ખાઈઓ હતી, બે જગ્યાએ એક જ રથ એકી સાથે જઈ શકે તેવાં સાંકડાં દ્વાર હતાં, ને એક જગ્યાએ કૃત્રિમ ટેકરો હતો. આમાં જે પ્રથમ આવશે એને આસંગ–જયમાળ મળશે. પ્રત્યેક રથી પોતાની રથદીપિકા પેટાવી લે.' વિવિધરંગી રથદીપિકાઓ ઝગહળી ઊઠી.

'સાવધાન!' કહેતાં જ ધનુષ્યમાંથી બાણ છૂટે તેમ રથો ઊપડ્યા. ગડગડ...ગડગડ... આનંદ હસતો હસતો હજુ બેઠો હતો. લોકો આગળ ગયેલા રથને જોવાને બદલે આ છેલ્લો રથી ક્યારે ઊપડે છે તે જ જોવામાં પડ્યા હતા. ક્યારે ઊપડ્યો ?–લોકોને ખબર પણ ન પડી. રણઝણણ! રણઝણણ! એની મેઘલ રથદીપિકાઓ પ્રેક્ષકગૃહની બીજી બાજુએ ચાલી ગઈ. પ્રેક્ષકોએ પેલી બાજુએ મોં ફેરવ્યાં. ગવાક્ષ ને અટ્ટાલિકાવાળાં પણ સામી બાજુએ દોડ્યાં—અરે! કેકયકન્યાએ બધાને પાછળ પાડી દીધા! ગડડડડ કરતો કૃષ્ણાનો રથ નીકળ્યો. તાળીઓનો ગડગડાટ! ખબડાક–ખબડાક–ખબડાક–આ તો આપણા માલવગણનો રથ–બોલો, સુદત્તનો જય! આ યૌધેય અનિરુદ્ધ–આ પેલો બ્રાહ્મણક છેલ્લો હતો તે ક્યાંથી ચોથો આવી ગયો ? લોકો વળી સામી બાજુએ દોડ્યા. નિમેષમાં દ્વાર પાસે પડેલ આમ્રફળ ભાલા વતી ઉપાડી કેકયકન્યા અદૃશ્ય થતી હતી. સુદત્તને લેતાં વાર લાગી ત્યાં યૌધેય અનિરુદ્ધ આગળ વધ્યો હતો. એની ને કેકયકન્યા વચ્ચેનું અંતર બીજે આંટે કપાયું હતું. ગડડડડ ખડબડ ખડબડ રણઝણણણ કરતાં રથો સર્યે જતા હતા. દસમાંના ત્રણ રથો તો આ પહેલાં જ ઊથલી પડ્યા હતા. ત્રણ તો નિર્વિવાદપણે સમજી ચૂક્યા હતા કે આગલા ચાર સાથે પહોંચવાની આશા રાખવી જ નકામી હતી.

સ્પર્ધા હવે કેકયકન્યા ને અનિરુદ્ધ વચ્ચે, ને સુદત્ત અને આનંદ વચ્ચે જ હતી. ચોથે ફેરે અનિરુદ્ધ કેકયકન્યાની લગોલગ થઈ જવા આવ્યો હતો. સુદત્ત અને આનંદના રથો ક્યારના સાથે જ દોડી રહ્યા હતા. આનંદ હસતો જતો હતો—જાણે એને તો કાંઈ ચિંતા ને શ્રમ જ નહોતાં લાગતાં. પાંચમે વર્તુલે કહે: 'સુદત્ત, મને તારા ઘોડાની દયા આવે છે! બીચારા મરી જશે ને તારા ચાર સહસ્ર કાષાર્પણ છૂટી પડશે!'

સુદત્તે હોઠ પીસીને ચાબુક લગાવ્યો. અશ્વો નસકોરાં ફાટી જાય તેટલા જોરથી દસ ધનુર આગળ વધી ગયા. આત્રેયે ગવાક્ષમાંથી કહ્યું: 'રમત કરે છે કે?'

'એ હવે જોજે, સુદત્ત, આ અશ્વોની ગતિ...' કહી ચાબુક હાથમાં લઈ હવામાં વીંઝયો. 'ફડાક' અવાજ થતાં જ જાણે ચમકીને ગાંડપણ આવ્યું હોય તેમ કાન ઊંચા કરી તોપના ગોળાની જેમ ઘોડા છૂટ્યા. ઝન...ઝન...ઝન...ઝન...ઝન...એક ક્ષણમાં સુદત્ત પછવાડે પડી ગયો. યૌધેય અનિરુદ્ધને ક્યારે મૂકયો તે એને પણ ખબર પડી ન હતી. અશ્વો જાણે પૃથ્વી પર પગ જ માંડતા નહોતા. કેકયકન્યાને એના મણિ–માણિક્ય આંબી ગયા હતા. વીંખરાયલા જટાને એક હાથે સમી કરતો એ કહેતો: 'કૃષ્ણા! તારા અશ્વો મરી જશે. પુરુષ સાથે હરીફાઈ રહેવા દે—ક્યાંક ટંકરાઈ મરીશ!'

કૃષ્ણાનેય જાણે ઉન્માદ ચડયો હતો. શિરસ્ત્રાણ બાજુએ મૂકી એય ઊંધે મોંએ ઘોડાને ઝૂડી રહી હતી. પણ દસ–વીસ–પચાસ–સો–થોડી ક્ષણમાં તો બ્રાહ્મણક–રથી સૌની મોખરે થઈ ગયો હતો. પ્રેક્ષકગૃહ તાળીઓના ગડગડાટ ને આનંદના ચિત્કારથી ગાજતું હતું. ઝનનન...કરતું છઠ્ઠું વર્તુલ થયું. હર્ષઘેલી સુચરિતાએ બીજાં ફૂલને અભાવે ડોકમાં આજે જ પહેરેલ મોતીની માળા તોડી પ્રિયતમના રથમાં વેરી. પાછળ જુએ તો મહાકાશ્યપ અને આર્યા ગૌતમી એ જોતાં હસતાં હતાં. એને શરમાઈ જતી જોઈ મહાકાશ્યપ કહે: 'બરાબર કર્યું તેં! આજે આનંદે વીરકર્મ કર્યું...' ત્યાં તો સાતમે ફેરે કેકયકન્યા ને આનંદ સાથે થઈ ગયાં

હતાં. આનંદના ચહેરા પર ક્રોધ, ચિંતા ને ભયનાં ચિહ્ન હતાં. એના અશ્વોનો વેગ કેમ ઘટી ગયો હતો? આત્રેય હંસગવાક્ષમાં ઊભા થઈ ચિંતાભરી નજરે જોઈ પૂછતા હતા: 'આ શું માતલિ?' માર્ગ પર લોહીની ધાર થઈ હતી. આત્રેયનાં ભવ્ય કપાળ પર કરચલીઓ પડી ગઈ. 'હવે સમજાયું કે અશ્વો કેમ મોળા થયા? કોઈકે અશ્વ પર જ ઘા કર્યો છે, નહિતર કેકયઅશ્વોનું તે ગજું કયું કે એકવાર અંતર પડયા પછી બ્રાહ્મણકઅશ્વોને પહોંચી શકે?' એ ઉતાવળે બીજી બાજુના ગવાક્ષમાં ગયા. હજુય બંને સાથે હતાં. યૌધેય તો હજુ આવ્યો નહોતો, ને માલવકરથ એનીય પછવાડે—જાણે શરત જીતી લીધી હોય તેમ નિશ્ચિંત રીતે આવતો હતો. એને તો હજુ એક ફેરો બાકી હતો.

'આર્ય આનંદ! અશ્વોને લોહી વહી જાય છે તે નથી જોતા?' આનંદને ચાબુક પર ચાબુક મારતો જોઈને કૃષ્ણાએ કહ્યું.

'હેં!' કહી એણે નીચે જોયું. એના માનીતા માણેકની જાંઘમાંથી લોહીની ધાર થતી હતી. હવે એને સમજાયું કે એના અશ્વો કેમ મોળા પડયા હતા, ને કેમ કેકયકન્યા સાથે થઈ ગઈ હતી. એના જ પડખામાં કોઈએ બાણ માર્યું હોય તેવી વેદનાથી એણે કહ્યું: 'એણે છેવટે વેર વાળ્યું!...તું આગળ જા, મારે અશ્વને મારી નથી નાખવો.'

'ના આર્ય! તમે જ આગળ ગયા છો. કેકયો અપ્રમાણિક વિજય નથી ઇચ્છતા.' પેલી કન્યાએ વિવેકથી કહ્યું. પણ એ સાંભળવાને આનંદ ને કાન નહોતા. એની નજર તો દૂર પછવાડે સંતુષ્ટમને નિરાંતે રથને દોડાવતા સુદત્ત પર ઠરી હતી. એણે બહુ સહન કર્યું હતું. પોતાની નિંદા, પ્રિયતમાનું અપમાન, કાલે જ ચોરી કરવાનો પ્રયત્ન—બધું જ ગળી ખાધું હતું. પણ આજ એ દાર્પાળિની પ્રસન્નતા એનાથી સહન ન થઈ. ઝડપભેર જતા અશ્વોની લગામ એણે ખેંચી. ખંચાઈને ઊભી રહેતી કેકયકન્યાને ચાબુક વતી આગળ જવાનો ઇશારો એણે કર્યો. યૌધેયને પણ જવા દીધો. શરતનો ખ્યાલ જ એને ન રહ્યો. સુદત્તને લાગ્યું કે એનો ઘોડો જ થંભી ગયો છે, એટલે એ હસતો હતો, ત્યાં ઓચિંતા એની પીઠે ચાબુકનો ફટકો

પડયો. 'દ્રોહી !' કહી એણે ચાબુક પર ચાબુક મારવા માંડયા. સુદત્તે પણ બીજા ચાબુકે સાવધ થઈ ભાલું ફેંક્યું. આનંદે લગામ મૂકી એ ઝીલી લઈને ચાબુક માર્યો, પણ એ હવામાં વીંઝાણો. લગામ છૂટી જતાં પરાણે રોકાયેલા જાતવંત અશ્વોએ દોટ મૂકી હતી. એમને પણ જાણે અભિમાન હતું કે શું બ્રાહ્મણકઅશ્વો સ્પર્ધામાં હારી જશે ! આનંદ તો ચાબુક ફગાવી દઈ લોહિયાળ ભાલો જોતો જ બેઠો હતો. લગામ તો એણે ફગાવી જ દીધી હતી. ઘોડાઓ એની સ્ફુરણાથી જ દોટ મૂકી રહ્યા હતા. કલહ જોઈને બે ઘડી સ્તબ્ધ બની ગયેલાં લોકોય ઘોડાની સમજણ પર તાળીઓ પાડતાં હતાં. યૌધેય અનિરુદ્ધને પાછળ મૂક્યો. તાળીઓનો વરસાદ ! કેકય-કન્યાએ પાછળ ફરીને જોયું–પાંચસો ધનુર પણ છેટું નહોતું. એણે હવામાં ચાબુક વીંઝયો–પણ તે ચાબુક પડે તે પહેલાં તો બ્રાહ્મણકઅશ્વો આગળ નીકળી ચૂકયા હતા. હંસગવાક્ષમાંના ગણકર્મચારીઓને ઊભા થઈ ગયેલા જોઈ આખું પ્રેક્ષકગૃહ ઊભું થઈ જયનાદ કરતું હતું. પણ વિજયી યોદ્ધો તો નિશાન આગળ પહોંચી ડોક લંબાવી પડેલા અશ્વને ગળે વળગી રડતો હતો.

આત્રેય, મહાકાશ્યપ, આસંગ–સહુ ઊતરી આવ્યા હતા. પ્રેક્ષકગૃહ-માંથી બહાર ધસી આવતા નગરજનોને ધનુર્ધારી સૈનિકો રોકતા હતા. આસંગે આનંદને હાથ પકડી બેઠો કરી જયમાળ પહેરાવી ત્યારે એ કાંઈ જ ન બોલ્યો—માત્ર તેણે લોહિયાળ ભાલો એની સામે ધરી કહ્યું: 'આનો ન્યાય માગું છું !' લોકો સૈનિકોની હારની પેલે પારથી શું બન્યું તે જણાવવાની બૂમો પાડતા હતા. બ્રાહ્મણક સૈનિકો આ દગો જોઈને રાતાતાતા થઈ જઈ 'ન્યાય ! ન્યાય !'ને કેટલાક 'વૈર ! વૈર !'ની બૂમ મારતા હતા. આ સ્થિતિમાં સ્પર્ધા આગળ ચાલે તેમ નહોતું એટલે આજિ-કૃતે ભેરીનિર્ઘોષ દ્વારા સમુદાયને જણાવ્યું કે, 'આજનો ઉત્સવ પૂરો થાય છે. આવતીકાલે પ્રાતઃકાળ પછી ત્રણ ઘટિકાએ અન્ય સ્પર્ધાઓ શરૂ થશે. રથસ્પર્ધામાં જે કાંઈ બન્યું છે તેની ગણાધીશો બરાબર તપાસ કરી જણા-વશે.' આ સાંભળી સૌ વીખરાવા માંડયા. આનંદ પોતાના પ્રિય માણેકને

ઉત્તરીય ઓઢાડી ઉદાસ મને બ્રાહ્મણકોના નિવાસસ્થાને ગયો. બ્રાહ્મણકોને એણે આખી વાત કરી ત્યારે એમના ગુસ્સાની સીમા ન રહી: 'શું સમજે છે એ બધા માલવકો? ખસી જાઓ સમાજમાંથી—નથી ભાગ લેવો આ ઉત્સવમાં! જતાં જતાં એમનેય સ્વાદ ચખાડતા જઈએ!' બધા શસ્ત્ર સજવા માંડયા. વૃદ્ધ આત્રેયે આવીને માંડ માંડ એમને સમજાવ્યા. કહ્યું કે: 'હમણાં જ ગણાધીશો એ માટે મળે છે. એ વખતે સૌને હાજર રહેવા દેવામાં આવશે,' એ શરતે સૌ શાંત થયા. રાત્રે લોકસમૂહ રંગભૂમિ પર થતાં નૃત્યવાદ્ય જોતો—સાંભળતો હતો ત્યારે કઠનિવાસસ્થાનમાં ગણાધીશોની સમિતિ મળી હતી. આનંદ પહેલાં તો એકલો જવા માગતો હતો, પણ બ્રાહ્મણકો તો એને વીંટળાઈને ચાલ્યા. સૌએ કૃપાણ ખુલ્લાં રાખ્યાં હતાં. એમને સમાચાર મળ્યા હતા કે આ કરનાર નગરશ્રેષ્ઠીનો દીકરો હતો, ને માલવકો એનો પક્ષ લઈને બ્રાહ્મણક–વિજેતાને મારવા તૈયાર થયા હતા, એટલે માલવકોને કૂણા કરવા માટે એમના હાથ સળવળી રહ્યા હતા. આસંગના નિવાસસ્થાન બહાર કડક મુખમુદ્રાવાળા કઠસૈનિકો ધનુષ્બાણ લઈને ઊભા હતા. મેદાનમાં કઠસૈનિકોની એક ટુકડી શસ્ત્રસજ્જ અવસ્થામાં બેઠી હતી. મધ્યમંડપમાં આસંગને ઊંચા આસને બેસાડી બાકીના ગણાધીશો નીચે બેઠા હતા. એમના ચહેરા પર પણ રોષ હતો. ગણજનોનો વ્યવહાર પરસ્પરની પ્રમાણિકતા માટે મશહૂર હતો. સામાન્ય સંજોગોમાં ગણજન પોતાના જ ગણવાળાને દગો દે તે સૌથી મોટો ગુનો ગણાતો. વિશ્વાસ ને અન્યોન્ય સમાન આદર પર આ તંત્ર નિર્ભર હતું. તેનો જો આવા સર્વમાન્ય ઉત્સવ વખતે છડેચોક ભંગ સહન કરવામાં આવે તો પછી અન્ય રાજવી રાજ્યોની જેમ જ કૂટનીતિપ્રયોગ ને ગુપ્ત વધ થતાં શું વાર લાગે? એટલે જ આ બધા ગણાધીશોએ નૃત્યવાદ્યની સ્પર્ધામાં જવાનું માંડી વાળી રાત્રે જ અપરાધીને હાજર કરવાનું ફરમાન છોડયું હતું. મંડપના એક ખૂણામાં માલવક સૈનિકોથી વીંટળાયલા સુદત્તની જોડે મહાકાશ્યપ વાત કરી રહ્યા હતા:

'સુદત્ત, તારું શિલ્પ—તારી કલાસમૃદ્ધિ—કરતાં તું મોટો છે એમ સમજ. આજે તેં કર્યું તે કઈ જાતની કલા?'

'તે...સુચરિતાને પૂછજો.'

'સુદત્ત ગાંડો થઈ ગયો છે; ભગવન્ ! એની સાથે વાત રહેવા દો !' પાસે ઊભેલ ધનપાલ નગરશ્રેષ્ઠીએ કહ્યું. 'તું છેવટ ગણરાજ્યમાં જન્મ્યો છે તે તો યાદ કર. તું આ શું કરી બેઠો ?'

'હું બિલકુલ દોષિત નથી—એ જ દોષિત છે.' સુદત્તે બરાડો નાખ્યો.

નગરશ્રેષ્ઠી અને મહાકાશ્યપ નિરાશ ચહેરે પાછા આવીને બેઠા. આસંગના અંગરક્ષકે હાથ ઊંચો કરી સૌને શાંત રહેવા આજ્ઞા કરી.

આસંગે અપરાધીને 'ઈશ્વર અને ગણને અનુસરીશ' તેવી પ્રતિજ્ઞા લેવરાવી અને પછી મશાલોના પ્રકાશમાં ન્યાયાલયનું કામ શરૂ થયું.

'અપરાધી ! તારી સામે માલવગણના કંટકશોધક શ્રેષ્ઠી ધનપાલનો આરોપ છે કે તેં આજ સાંજની સ્પર્ધામાં ગણસંઘના નિયમોનો ભંગ કરી બ્રાહ્મણક-રથી આનંદના અશ્વને સ્પર્ધા દરમિયાન ભાલો માર્યો છે, ને એમ અપ્રમાણિક રીતે સ્પર્ધામાં મોખરે આવવાનો અપરાધ કર્યો છે. એ સંબંધમાં અનુશાસન પ્રમાણે તને દંડ થાય તે પહેલાં તારે કાંઈ વાદ કરવો છે ?'

સુદત્તે આગળ આવી કહ્યું: 'હું માલવગણનો નગરશિલ્પી છું. અમે બંને મહાકાશ્યપના......'

''ભગવાન મહાકાશ્યપ' બોલ !' આસંગે કહ્યું.

'હા, ભગવાન મહાકાશ્યપના આશ્રમમાં ભણીએ છીએ. ત્યાંના નિવાસ દરમિયાન મને ખબર પડી કે બ્રાહ્મણક--સેનાની તરીકે ઓળખાતો આનંદ એ ગણસંઘનો છદ્મ અપરાધી છે.'

'એને આની સાથે શું સંબંધ છે ?' આત્રેયે વાંધો ઉઠાવ્યો.

'સંબંધ છે, ગણાધીશ આત્રેય, ઉતાવળા ન થાઓ ! તમારે પણ સંબંધ છે એ અપરાધમાં.' વક્રવાણીમાં એ બોલ્યો.

'જૂઠા ! પિશુન !' કહી એક બ્રાહ્મણક સૈનિક સુદત્તને પ્રહાર કરવા દોડયો. આસંગ કંઈ કહે તે પહેલાં આત્રેયે બૂમ મારી:

'ગોપાલ ! બહાર જા, ને સંશોધન પૂરું ન થાય ત્યાં સુધી બહાર અવળે મોંએ ઊભો રહે. હથિયાર મૂકતો જા.'

બ્રાહ્મણક–સૈનિક એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના હથિયાર મૂકી બહાર ચાલ્યો ગયો.

'આગળ ચાલ, ત્વરાથી !' આસંગે કહ્યું.

'તે દરમિયાન ખબર પડી કે કહેવાતો સેનાની આનંદ બ્રાહ્મણક હતો જ નહિ, એ તો કઠ હતો. શાકલનગરમાં જ એનો જન્મ થયો હતો ને એની માતા એને લઈને શાકલમાંથી નાસી છૂટી હતી.

બધા બ્રાહ્મણકો બોલી ઊઠ્યા: 'ઘોર જૂઠાણું !'

'સાબિત કરી આપો ત્યારે ને !' સામેના માલવકોએ સામે જવાબ આપ્યો.

'આ ઘડી પછી જે કોઈ ધર્માસનની અનુમતિ વિના બોલશે તેનાં હથિયાર આંચકી લેવામાં આવશે.' આસંગે કઠોર અવાજે કહ્યું ને પછી કહ્યું : 'ગણપ્રજાજનો ધર્માસનની મર્યાદા પણ ભૂલી ગયા છે ?'

'મને ખાતરી થઈ કે આનંદની માતા એના જન્મ પછી નાસી છૂટી હતી, કારણકે જન્મ વખતે એના દીકરાનું શરીર નિર્બળ હતું. કઠગણના નિયમ મુજબ જો એ તપાસાય તો એને ટેકરી પરથી ફગાવી દેવાય તેમ હતું.'

'એમ હોય તોપણ આજના પ્રસંગ સાથે એને શું સંબંધ છે?'

'સંબંધ હમણાં જ કહું છું. આપણા ગણસંઘના નિયમ મુજબ આવા ભાગી છૂટેલા અપરાધીને અન્ય ગણોએ કે ગણજનોએ આશ્રય નહિ આપવો જોઈએ, છતાં બ્રાહ્મણકગણાધીશ આત્રેયે ને ભગવાન મહાકાશ્યપે એને આશરો આપ્યો હતો. સંઘના અનુશાસનનું આ ઉલ્લંઘન હું આવતીકાલે આ સમિતિ પાસે રજૂ કરી અપરાધીને દંડ અપાવવાનો હતો. અપરાધી એ જાણતો હતો, એટલે આજે દ્વંદ્વના મા્ર્યા એણે મારા પર સ્પર્ધા દરમિયાન હુમલો કર્યો. મારી આંખ ફોડી નાખી.' કહી એણે બાંધેલ પાટો બતાવ્યો. 'પછી મેં એને ભાલો માર્યો તે અનાયાસે એને ન વાગતાં

એના અશ્વને વાગ્યો. સંઘના અનુશાસનનો ભંગ કરનારને શોધતાં આંખ ખોઈ...ને એ પછી, સ્વરક્ષણ માટે પ્રતિકાર કરવો એ જો અપરાધ હોય, તો હું દંડને પાત્ર છું.'

'હવે સેનાની આનંદ પ્રતિવાદ કરે!'

આનંદ તો સુદત્તનો વાદ સાંભળીને સહેજ ગૂંચવાઈ જ ગયો હતો. એમાં રહેલી દુષ્ટતા ને ઝેર તો એને દેખાયાં, પણ જો એ વાત સાચી ઠરે કે માતા રીતસરના પ્રમાણપત્ર કે પરવાનગી સિવાય શાકલનગરમાંથી નાસી છૂટી હતી, તો કોયડો ભારે મુશ્કેલ અવશ્ય બને, કારણકે પૃથક્ પૃથક્ ગણોને જ્યારે સંયુક્ત કરી વાહિકપ્રદેશગણસંઘ બનાવ્યો ત્યારે મહા-કાશ્યપે જ એવું પહેલું જ એક નિયમન મૂકયું હતું કે એક ગણનો અપરાધી નાસીને બીજામાં જાય તો એને કોઈ ગણ આશરો ન આપી શકે. આશ્રય આપે તો સંઘનિષ્ઠાનો એ ભંગ કર્યો ગણાય. આ રીતે તો આત્રેય દાદા જ ગુનેગાર હતા. પણ મા એવી રીતે નાસી છૂટી હતી એની કયાં સાબિતી હતી?

એણે કહ્યું : 'સુદત્તે હું શાકલનગરથી નાસી છૂટેલો અપરાધી છું એવી વાત કરી તેની મને જાણ નથી. મારો જન્મ શાકલનગરમાં થયેલો તે વાત સાચી છે. આજે સ્પર્ધામાં એણે મારાથી આગળ રહેવાનું મારી સમક્ષ સવારે જ પણ લીધું હતું, ને જ્યારે એ આગળ ન થઈ શકયો ત્યારે એણે મારા અશ્વને ભાલો માર્યો.'

'કયારે?' આસંગે પૂછયું.

'એની મને પણ ખબર નથી.'

'સંભવ છે કે તમે એને ચાબુક માર્યો હોય ત્યારે પણ માર્યો હોય!'

'ના, એ સંભવિત નથી, કારણકે મારા અશ્વોને પચાસ કોસની યાત્રામાંય કદી મેં થાકતા જોયા નથી. એટલે એમાંના એકને હાંફતો ને ધીરો પડતો જોયો ત્યારે જ મને કાંઈક શંકા થઈ. એટલામાં કૃષ્ણાએ જ મારું ધ્યાન ખેંચ્યું—જોયું તો એની જાંઘમાં લોહી વહેતું હતું. મને તરત

જ કલ્પના આવી ગઈ. કૃષ્ણાને આગળ જવા દઈ, અશ્વો થોભાવી, મેં સુદત્ત આવ્યો ત્યારે એના પર ચાબુકના ઘા કર્યા. એણે ભાલો ફેંક્યો એ મેં પકડી લીધો. એ વખતે જ એના પર લોહીના ડાઘ હતા. એને સ્પર્ધા–ચંક્રમણ સમયે જ મારીને મેં ગણુશાસનનો અપરાધ અવશ્ય કર્યો છે. એ માટેના દંડ તરીકે આ મારી જયમાળ હું સંઘને ચરણે મૂકું છું. ભલે મારી પછીની અધિકારિણી કન્યાને એ મળે.' કહી એણે જયમાળ કાઢવા માંડી.

'નહિ! નહિ!' આસંગે કહ્યું. 'એ ભલે તમને જ શોભતી. હવે કંટકશોધક નિવેદન કરે.'

ધનપાલ નગરશ્રેષ્ઠી ઊભા થયા. એકવાર સુદત્ત સામે તિરસ્કારભરી નજરે એમણે જોયું: 'હું નગરશ્રેષ્ઠી છું, કંટકશોધક પણ છું, પણ પ્રમુખતઃ તો હું ગણુસેવક છું.'

'સાધુ! સાધુ!' મહાકાશ્યપ બોલી ઊઠ્યા.

'ગણોની સેવા કરીને જ મારું ધન ને યશ મેં સંપાદન કર્યાં છે. આ ગુરુદ્રોહીનું શિલ્પ પણ મારી ગણુનિષ્ઠાને જ આભારી છે. આનંદને લઈને એની માતા કઠ–અનુશાસનનો ભંગ કરીને નાસી છૂટી હતી કે કેમ તે હું જાણુતો નથી–એમ હોય તોપણ, ધર્માસનની ક્ષમા માગીને કહું, કારણકે એ પ્રશ્ન આખરે કઠન્યાયાલયનો છે–મને એમાં કંઈ કહેવાનો અધિકાર નથી–છતાં ક્ષમા માગીને કહું કે, એમાં બાળકનો અપરાધ ન ગણાય. ને માતા તો આપણા શાસનના હાથ ન લંબાય તેવા સ્થળે ભગવાન તથાગતના ચરણુમાં છે. પણ, એ ગમે તે હોય, સંઘપતિ યોગ્ય લાગે તે કરે. આ પ્રસંગ પૂરતી તો મેં અત્યારે જ મશાલના અજવાળે આસંગપથ પર તપાસ કરી છે, કારણકે જો આપણે લોહીની ધાર ક્યાંથી શરૂ થઈ તે જાણી શકીએ તો અપરાધશોધનમાં મદદ થાય. મને આશ્ચર્ય-સહ ખબર પડી કે અપરાધી સુદત્તે એને ચાબુક માર્યા પહેલાં જ ભાલાનો ઘા કર્યો હતો. લોહીની એ પૂરી ધારા છે, એટલે છઠ્ઠા વર્તુલ વખતે એણે ઘા કર્યો હતો. જાતવાન અશ્વે એક વર્તુલ સુધી એ કળાવા જ નહોતું દીધું.'

'તું આ અપરાધ કબૂલ કરે છે?' આસંગે પૂછ્યું.

'જરાય નહિ. હું તો એટલું જ કહું છું કે દ્વેષના માર્યા આનંદે જ મારા પર હુમલો કર્યો હતો, ને મેં તો માત્ર સ્વરક્ષણ કરવા જતાં એને લગાડી દીધું છે—આની ખાતરીરૂપે હું આનંદની માતા ગૌતમી ને શાકલ-વાસી રત્નભદ્ર, જે બહાર છે, એને પૂછવાની વિનંતિ કરું છું.'

આનંદને હવે સમજાયું કે સુદત્તે એક મહિનામાં શાકલમાં શું કર્યું હતું.

આસંગે રત્નભદ્રને હાક મારી. એણે ગણસંઘ ને ઈશ્વિર સમક્ષ રાખી કહ્યું: 'હું શાકલમાં તરત જન્મેલાં બાળકોનો પરીક્ષક ૩૦ વર્ષથી છું. ૨૫ વર્ષ પહેલાં મારી પાસે ગૌતમી કરીને એક બ્રાહ્મણપત્ની એના બાળકને તપાસાવવા આવેલી. એ બાળકનાં ફેફસાં નબળાં હતાં એટલે મેં એને પસાર કરવાની ના પાડી. માએ વચન આપ્યું કે હજુ દસ દિવસ જ વીત્યા છે, ને બે મહિનામાં એણે પોતાના બાળકને પરીક્ષામાં પસાર થાય તેવું કરી નાખવાનું સ્વીકાર્યું, એટલે મેં એ લખાણ પર ગૌતમીની સહી લઈને સંમતિ આપી. આજે પણ શાકલના મારા નિવાસ-સ્થાનમાં ગૌતમીના હસ્તાક્ષરવાળું એ તાડપત્ર પડ્યું છે. બે મહિના પછી મેં તપાસ કરાવી તો ખબર પડી કે બાઈ તો ક્યાંક ચાલી ગઈ છે.'

આસંગ ઘડીવાર વિચારમાં ડૂબ્યા. પછી કહે: 'આનો નિર્ણય સમાજને અંતે આવશે, ત્યાં સુધી વાદી–પ્રતિવાદી સૈનિકસંરક્ષણ નીચે રહેશે..' કહસૈનિકો બંનેને વીંટળાઈ ચાલવા જતા હતા ત્યાં 'એ બંને માલવ અને બ્રાહ્મણકગણની શોભા છે. એ નહિ નાસી જાય તેની ખાતરી હું આપું છું. આપ એમને હમણાં મુક્ત કરો એવી મારી વિનંતિ છે.' એમ મહાકાશ્યપે ઊભા થઈને કહ્યું.

'એમને હમણાં મુક્ત રહેવા દો!'

બધા વીખરાઈ ગયા એટલે આસંગ ધર્માસન પરથી ઊતરી સૌની સાથે ગાદી પર બેઠા અને તકિયા પર માથું નાખી કહે:

'મહાકાશ્યપ! આ તો તમારા ને આત્રેય પર ઊતર્યું!'

'હું કે આત્રેય કાંઈ જ જાણતા નથી. તમે જાણો છો કે મને તો એ નિયમ સામે જ કેવો મોટો વાંધો છે? દુનિયામાં બલિષ્ઠોને જ જીવવાનો અધિકાર, એવું મારી તો જીભે જ ન ચડે.'

'પણ છતાંય બલિષ્ઠો જ હમેશાં ધરાસ્વામી રહી શકયા છે!' યૌધેય ગણાધીશે કહ્યું.

'નિર્બળને ધરાસેવક તરીકે તો જીવવા દો! એ અધિકારે ખૂંચવી લ્યો તો મરનાર અબોધ—અબોલ બાળક તો શું કરી શકે? પણ સ્વરુધિરથી જ જેણે ઘડયો છે તે મા તો આડી ઊભી જ રહે ને? મારી કન્યાને તો હું ત્યાં ન આપું.'

'મહાકાશ્યપ! અભંકમૃત્યુપત્ર નીચે સહી કરતાં મનેય ઘણી પીડા થાય છે, પણ એમ ન કરીએ તો કપીશ, ગાંધાર ને મગધ—બધાં ખાઈ જાય.'

'આ અનુદાર અનુશાસનને જોરે તમે ચવાઈ જતાં અટકશો એમ ન માનતા. એ તો સંઘબળે જ બનશે. સંઘસેના સિવાય એમાં ઉદ્ધાર નથી.'

'એ તો સૌને પૂછી જોઈએ, પણ આનું શું?'

'આજે જ્યારે એક થવું છે ત્યારે આપણે આને મોટું મન રાખીને ગળી જઈએ.'

'એ ન બને! લોકો કહે કે મારો દીકરો આવ્યો એટલે મેં આંખમિચામણાં કર્યાં, ત્યારે મારે જીવતે મરવા જેવું થાય.'

'પણ માલવકો ગુસ્સે થવાના હો! આજે જ ન જોયું?' આસંગે કહ્યું.

'છો થતા. ધર્મદંડ એવી તે બીક રાખતો હશે?'

'એમ કરો. સુદત્તને બે વર્ષ માટે દેશનિર્વાસન આપો, ને કોઈ સુયોગ જોઈને એ પાછું ખેંચી લેવાશે!' મહાકાશ્યપે કહ્યું. 'કેમ આત્રેય?'

'ઠીક છે, અમારા માતલિ છે તીખા, પણ એ તો હું સમજાવી લઈશ.'

'ને આ આનંદની ગૂંચ પડી એનું શું?' આસંગે પૂછ્યું.

'એનું શું હોય? મને કે મહાકાશ્યપને થોડી જ ખબર હતી કે એણે

શાકલ ગુપ્ત રીતે છોડયું છે? એનો પતિ એને છોડીને સાધુ થઈ ગયેલો એટલે અહીં આવી હશે એમ ધારીએ ને?'

'તમે ને મહાકાશ્યપ તો નિર્દોષ જ છો.' ઉશીનરે કહ્યું.

'ને માતા તો વિહારમાં સાધ્વી છે!'

'પણ અમે જો એમ ને એમ સહન કરી લઈએ તો અનુશાસન શા કામનું?' આસંગે કહ્યું. 'ભંગનો કંઈક દંડ તો થવો જ જોઈએ.'

'મને એમ થાય છે કે એને એક વર્ષ માટે નિર્વાચન આપો.' મહાકાશ્યપ બોલ્યા.

'માના વાંકે દીકરાને?' આત્રેયે બેઠા થઈ કહ્યું.

'તમારે ત્યાં જ અપરાધી નાસી જાય ત્યારે એનાં સ્વજનોને બાંધી રાખો જ છો ને?' પ્રહ્લાદે કહ્યું.

'અમારા બ્રાહ્મણકોએ કદી...'

'તમે સાંભળો તો ખરા!' મહાકાશ્યપે કહ્યું. 'કઠગણ એક વર્ષ માટે એને નિર્વાચન કરે, કારણકે એ તો કઠગણનો અપરાધી છે. ને ગમે તો સંઘ ને ગમે તો બ્રાહ્મણક ને માલવકગણ એને હરૌવતી ને ગાંધારમાં પોતાના પ્રતિનિધિ તરીકે મોકલે. બ્રાહ્મણક અને કઠ બંનેનાં મોં ઊજળાં કરે એવો કુલચંદ્ર એ છે.'

'એનો પિતા કોણ?'

'કોણ કેમ? આચાર્ય શીલભદ્ર!'

'આચાર્ય શીલભદ્ર?' આસંગ તથા અન્ય ગણાધીશો બોલી ઊઠયા.

'મૈનેન્દ્રના વર્તમાન...' મહાકાશ્યપે ધીમેથી બોલવા માંડયું. સૌ સહેજ નજીક ખસી આવ્યા. આસંગે એક ક્ષણ મૂંગા રહેવાનું કહ્યું ને પ્રતિહારીને બૂમ મારી: 'હમણાં કોઈ અંદર ન આવે.' ગયો એટલે કહે: 'કહો!'

'મૈનેન્દ્ર આર્યાવર્ત પર આવવા જ માગે છે—એ વાત નક્કી છે. મહર્ષિ એલે જ સંદેશ મોકલ્યો છે. એને આવતાં એક વર્ષ હજી જશે. એ દરમિયાન મારી ધારણા તો એવી હતી કે આપણે સંઘસેના તાલીમ-

બદ્ધ કરી લેવી—ને એ સોંપવું આનંદને.' કેટલાકને ડોકું ધુણાવતાં જોઈ કહેઃ 'તમે એની રથવિદ્યા તો જોઈ. કાલે ધનુર્વિદ્યા ને માતંગવિદ્યા જોશો એટલે ખબર પડશે. વાહિકપ્રદેશમાં એનો જોટો નહિ જડે. કઠ અને બ્રાહ્મણુક બંને રુધિર એમાં મળ્યાં છે. એને ભુલાવે એવા હતા આસંગ...'

મહાકાશ્યપે ઉત્તરરૂપે સહેજ સ્મિત કર્યું ને આગળ કહ્યુંઃ

'ને તું પણ કાશ્યપ...' આસંગ બાલમિત્રને કોઈ વાર 'તું'કારે બોલાવી લેતા.

'પણ વચમાં આ અણધાર્યું નીકળ્યું એટલે હવે એને આપણા જ તરફથી હરૌવતી મોકલો. એ મૈનેન્દ્રનું તળિયું જોઈ લેશે.'

'સાપ મર્યો નહિ ને લાકડી ભાંગી નહિ!' નગરશ્રેષ્ઠીએ કહ્યું.

'પણ જેને અમે નિર્વાચન આપીએ તેને જ દૂત તરીકે નીમીએ તે સારું લાગશે?'

'તો કાલે જો સર્વજયી થાય તો એનો સંઘસેનાના સેનાપતિ તરીકે અભિષેક કરો ને પછી આનો નિર્ણય આપતાં વર્ષ માટે પદચ્યુત કરી દેશાવર મોકલો. મારી નજરે તો એને સજા કરવી એ જ એક અપરાધ છે—આ તો માત્ર કઠગણને સંતોષવા જ હા ભણું છું, કેમ આસંગ?'

'તમારી આજ્ઞા સંઘે કયારે ઉથાપી છે? હવે ઊઠો, એતું થઈ રહેશે. નહિતર માલવકોનાં નૃત્યગીત સાંભળ્યા વિનાના જ રહી જશું!'

સહુ ઊઠયા. જતાં જતાં આસંગ મહાકાશ્યપના કાનમાં કહેઃ 'પેલા કુરુપાંચાલમાં કાંઈ તેલ છે?'

'લાગતું નથી.'

'ને લિચ્છવી?'

'તે દૂત જ કયાં છે? તે તો છે...' કહી એણે કાનમાં જ કંઈ કહ્યું.

આસંગના મોં પર આશ્ચર્ય પથરાયું ને એ બેસી પડ્યા. બંને વૃદ્ધ વચ્ચે વાત થઈ.

'એ તો શુંગસમ્રાટનો ભાઈ છે.'

'વસુમિત્ર ?'

'હા, અહીં આવ્યો છે–મૈત્રી સાધવા ને આપણું બળાબળ તાગવા.'

'કેમ જાણ્યું ?'

'એણે જ કહ્યું. ને મૈત્રી સાધી આપું તો મગધનું રાજગુરુપદ બક્ષવાની લાલચ આપી. અગ્નિમિત્રને એના પિતાની જેમ ચક્રવર્તી થઇ રાજસૂયયજ્ઞ કરવો છે.'

'આપે શું કહ્યું ?'

'કહ્યું કે રાજગુરુ થાય તે તો નરકે જાય, પણ મગધસેનાની અમારી મૈત્રી યાચવા આવે એથી રૂડું શું ? કહ્યું–સૌને વાત કરી જોશું.'

'પણ આપણી મૈત્રી સારુ થઈ અહીં સુધી પગ ઘસવાની એમને શું જરૂર પડી ?'

'પહેલું તો કઠ તથા અન્ય ગણોનું શૌર્ય, બીજું મૈનેન્દ્રના આક્રમણનો ભય, ને ત્રીજું ભૂમિલિપ્સા. કોશલ લીધું, મલ્લો ને વજ્જીઓને ગળ્યા, શાક્યોને રોળ્યા, કુરુપાંચાલને છત્ર નીચે આણ્યા, હવે મગધહસ્તીઓને સિંધુ–સમુદ્રમાં સ્નાન કરાવવાની એમને હોંશ થઈ છે.'

'આપણને ભીંસી નાખવા જ માગે છે એમ ધારો છો ?' આત્રેયે પોતાની લાંબી તલવારની કોટી બાંધછોડ કરતાં પૂછ્યું.

'ના, હમણાં તો એ આપણને મોખરે રાખી મૈનેન્દ્રને જ ધકેલવા માગે છે. રહેંસાશું આપણે ને જીતનો યશ ને ફળ એ ભોગવશે.'

'કેવી રીતે ?'

'એ રીતે કે મૈનેન્દ્ર ગયા પછી આપણા ક્ષીણ બળ પર એ તૂટી પડશે અને મગધની આણ સપ્તસિંધુ પર ફેલાવશે.'

'એના પિતાએ એના જ રાજવીને ક્યાં નહોતો રહેંસી નાખ્યો ?'

'જીવનદાતાનાં શબો ઉપર જ સમ્રાટનાં સિંહાસનો રચાય છે–એટલે તો આપણે કોઈ સમ્રાટને નમવા નથી માગતા–ચાહે તો મૈનેન્દ્ર હોય કે અગ્નિમિત્ર.'

'પણ મૈનેન્દ્ર આવશે ત્યારે?'

'આલિકસુંદર વખતે આપણે ક્યાં મગધની વાટ જોઈ'તી ?'

'પણ તો તો આપણો સંહાર થઈ જશે.'

'એ સંહારમાંથી ઊભા થવાશે, પણ આ સામ્રાજ્યની ચૂડમાં ફસાયા તો છટકવું મુશ્કેલ થશે. એ આપણને બટકું-કટકું નાખી કૂતરાંઓની પેઠે લડાવશે.' કહી એમણે છેક આસંગના કાન પાસે મોં રાખી કાંઈક વાત કરી. આસંગે માથું હલાવી કહ્યું: 'બરાબર, બરાબર. જે હશે તે ખબર પડી રહેશે.'

૧૨

યુદ્ધમાં આનંદે કૃષ્ણાને વિજયમાળ અપાવી તે રાતની વાત છે. ઉનાળાની રાત હતી. અરધી રાત વીતી ગઈ હતી છતાં ઘામ થતો હતો. પથારીમાં તો જાણે બફાઈ જતી હતી, એટલે એણે બહાર આવીને ટહેલવા માંડયું. એ અહીં એના ગુરુ શાસ્ત્રનિધિ ઐલના કહેવાથી સમાજ જોવા આવી હતી. આ વાહિકપ્રદેશમાં જ નહિ પણ આખા ઉત્તરાપથમાં ઐલનું નામ બહુવિધ દંતકથાઓ સાથે જોડાયેલું હતું. તક્ષશિલા તૂટયા પછી યવન રાજ્ય નીચે રહેવાનું નાપસંદ કરીને જ્યારે બધા આર્યો પંચનદ-પ્રદેશમાં આવતા રહ્યા ત્યારે એ એકલા જ ત્યાં રહેલા ને પોતાનો વિદ્યા-દાનનો વ્યવસાય ચાલુ રાખેલો. કેટલાક એમ કહેતા કે એમણે પોતાની વિદ્યા યવનોને વેચી હતી, પણ મોટા ભાગના તો એમને તક્ષશિલાનાં ખંડેરો સાચવવાની ઘેલછા લાગી છે એમ જ કહેતા. એમનું જ્ઞાન બૃહ-સ્પતિસમું ગણાતું. મેધા અગસ્ત્ય જેવી લેખાતી. મૈનેન્દ્રના આક્રમણના સમાચાર પણ એમણે જ કૃષ્ણા જોડે મોકલ્યા હતા. કૃષ્ણાએ મહા કાશ્યપને તેનો સંદેશો આપ્યો હતો, પણ એકવાર બધા જ ગણમુખ્યોને એકઠા કરી એ સંદેશો સંભળાવવાની એની ઇચ્છા હતી. શું કહેવું—કેમ કહેવું એનો એ વિચાર કરતી હતી ત્યાં એને કાને શબ્દો પડયા:

'આ પળ ફરી નહિ આવે, ઉશીનર ! હું ત્રણ અક્ષૌહિણીનો સેનાપતિ— મને ભય નથી આ મૂઠી જેવડા ગણોનો ! વિદર્ભ-કોશલ રોળાયાં.'

'ધીમે, ધીમે, કુમાર ! '

એ થંભી ગઈ. પાસેના શિબિઓના નિવાસસ્થાનમાં વાત ચાલતી

હતી–' કોણ અક્ષૌહિણી સેનાનો સેનાપતિ, કુમાર કોણ, એનો અવાજ કોના જેવો લાગ્યો ? '

'મને ભય નથી આ મૂઠી જેવડા ગણોનો. વિદર્ભ ને કોશલ જેવાં રોળાયાં.' ફરી સંભળાયું.

કોણ હતો આ ગણદ્વેષી—નગુણો ? વિદર્ભ ને કોશલને રોળનાર અહીં કયાંથી ? નક્કી કાંઈક ષડયંત્ર રચાતું હતું. જે વટવૃક્ષની છાયામાં એ ઊભી હતી તેની જ એક ડાળ તંબૂ પર જતી હતી. એ સપાટાબંધ ઝાડ પર ચડી અને વાંદરાની જેમ તંબૂ પરની ડાળે પહોંચી જોવા લાગી. તંબૂમાં રેશમી ગાલીચા પર એક કાળા સરખા જુવાનની ફરતા સાત–આઠ જણ બેઠા હતા. એ જુવાન તો હતો લિચ્છવીનો દૂત. એના મોં પર ધવાયેલ અભિમાનનો તાપ હતો. એની આજુબાજુ બેઠેલામાં હતા ત્રિગર્ત ગણાધીશ ઉશીનર અને શિબિગણાધીશ અર્જુન. એણે આશ્ચર્ય સાથે જોયું તો કઠ-સેનાપતિ સંવરણ પણ ત્યાં હતો. મૌચકર્ણીઓનો સેનાપતિ પણ એની બાજુમાં જ બેઠો હતો. કોપેલો અગ્રદૂત જાણે એ સૌને આજ્ઞા કરતો હોય તેમ કહેતો હતો:

' હું...હું...ચતુરંગ અક્ષૌહિણી સેનાનો સેનાપતિ આ વાત મૂકું છું. તમે એને હડસેલી મૂકવાની ધૃષ્ટતા કરો છો ? ઉશીનર, ત્રિગર્ત કોશલથી કેટલુંક દૂર ? '

' ધીરે, કુમાર વસુમિત્ર, ધીરે ! ' એની પાસે બેઠેલ એક વૃદ્ધ રાજ-પુરુષે કહ્યું. 'એમને પણ આપણી વાત પર વિચાર તો કરવો જોઈએ ને ?'

' વસુમિત્ર ? મગધરાજવી અગ્નિમિત્રશુંગનો નાનો ભાઈ ? અહીં કેમ ? ' કૃષ્ણાને થયું.

'અમે પણ એ જ કહીએ છીએ કે, આવી ગંભીર વાત વિષે કાંઈ તત્કાળ ઉત્તર અપાય છે ? મહાકાશ્યપને તો પૂછી જોઈએ ?' મૌચકર્ણી સેનાપતિએ કહ્યું.

' મહાકાશ્યપને પૂછીને જો તમે પાણી પીવાના હો તો તમારી તરસ છિપાઈ રહી ! એને તો માલવગણને સાચવવો છે. માલવો તો તમને

અમારી સાથે ભેખડાવી મારશે. તમે લોહી રેડશો, ને એ બહુ બહુ તો પૈસા આપશે.'

'...ને તેય સૂક ભઈને હં!' રાજપુરુષે કહ્યું.

'મહાકાશ્યપની સલાહ પ્રમાણે તમારે ચાલવું હોય તો મારા તંબૂનાં બારણાં ખુલ્લાં છે—આનંદથી જાઓ, પણ તો તો સંધિ લખાશે અસિ-ધારે રણક્ષેત્ર પર. મારે મહાકાશ્યપનું કે આત્રેયનું કે બીજાનું કામ નથી, એમની સાથે મગધનરાધિપ ભરી પીશે. તમારા ગણો અમારા માર્ગમાં...'

'...ને મૈનેન્દ્રના માર્ગમાં પણ...'વૃદ્ધ રાજપુરુષે ઉમેર્યું.

'હા, મગધ તેમ જ મૈનેન્દ્રના માર્ગમાં પહેલાં આવે છે, એટલે તમને પહેલાં પૂછું છું.'

'પણ વાહિકસંઘની અનુમતિ તો અમારે લેવાની રહેશે ને?'

'સંઘ-બંધ હું નથી જાણતો. તમને, ઉશીનરને ને સંવરણને ઓળખું છું. મગધ મહારાજ્યનો હાથ પાછો ઠેલવો છે?'

બધા ચૂપ રહ્યા.

'જુઓ સંવરણ, તમે કઠોને મનાવી શકો તો મૈનેન્દ્રને પાછો કાઢયા પછી હરૌવતી સુધીનો અધિકાર તમને જશે. ઉશીનર ને અર્જુનને ભાગે કપીશ દેશની સમસ્ત નીચલી ભૂમિ જશે, વિજીત કે તમારી એકે ભૂમિમાંથી મગધ કાંઈ નહિ લ્યે-બોલો, શો વિચાર છે?' રાજપુરુષે હાથ લંબાવી આમંત્રણ આપ્યું.

'મને તો એ વિચાર રુચે છે. આર્યાવર્ત પરના અસુર-આક્રમણમાં હું તો આપની સાથે, માત્ર મારે મારા ગણની અનુમતિ લેવી પડશે. તે સિવાય તો મારાથી શું બને? આપ જાણતા હશો કે અમે ગણાધીશ નામના જ હોઈએ છીએ, ખરી રીતે તો અમે ગણભૃત્ય જ છીએ.' ઉશીનરે કહ્યું.

'હા...હા...હા...!' જુવાન ખડખડ હસ્યો ને કહે: 'ઉશીનર, તમારી દીનદશા જોઈને મને હસવું આવે છે! ગણો તમારું માને નહિ

તો પછી મોવડીપણું ફગાવી દોને ! આ વિશાળ બાહુ જ્યાં હશે ત્યાં આદર મળી રહેશે.'

ઉશીનરે દાઢી પંપાળતાં કહ્યું: 'આ અવસ્થાએ કાંઈ એવો વિચાર શોભે છે ?'

'...ને...અર્જુન, તમે ?'

'જેમ ઉશીનરે કહ્યું તેમ જ. માત્ર શિબિઓને સમજાવવા કઠિન છે.'

'અમારે ત્યાં આવીને થોડી વિદ્યા શીખી જાઓ !' વસુમિત્રે કહ્યું.

'ગણોનું એ જ દુ:ખ છે. એમાં નાનામોટા સહુ સરખા ગણાય. એમાં ગુપ્ત કાંઈ રહે નહિ—થાય નહિ. એમાં માથાં તેટલાં મતમતાંતર. ગણના મોવડી થવું એટલે શૂળીની પથારીએ જ સૂવાનું—ને અંતે પણ અપજશ. જ્યાં સરદાર ને સૈનિક બેઉ સમકક્ષ ત્યાં કોણ આજ્ઞા કરે ને કોણ આજ્ઞા પાળે ? એટલે તો શાસ્ત્રજ્ઞોએ એ પ્રથા સેવનાર નરકે જાય એમ કહ્યું છે !' વૃદ્ધ રાજપુરુષે કહ્યું.

'મૌચકર્ણીઓ...?'

'અમે તો ત્રિગર્તના પડોશી છીએ—એમની નીતિ તે અમારી નીતિ.'

'બસ, બસ. હવે મૈનેન્દ્ર મૂઓ જ સમજો, આર્યાવર્તનાં ભાગ્ય હજુ તપે છે !' વૃદ્ધે કહ્યું.

'મગધ સામ્રાજ્યનાં પણ...' ઉપર ડાળ પર બેઠાં બેઠાં કૃષ્ણા બબડી. એણે જોયું તો બધા એક આળેખ જોવામાં પડ્યા હતા—મગધની ભાવિ વિજયયાત્રાનો એ આળેખ કદાચ હશે. હવે કાંઈ સાંભળવાનું રહ્યું નથી એમ ધારી એ પાછી ફરી ને સરીને નીચે ઊતરી પડી.

વાહિકસંઘને છિન્નભિન્ન કરવાની કેવી જાળ બિછાવાતી હતી ! મૈનેન્દ્ર તો આવતાં આવશે, જીતતાં જીતશે, પણ મગધ તો અર્ધો વાહિકપ્રદેશને વગર લડયે જ જીતી ચૂકયું હતું.

એને થયું કે કાલે સમાજ પૂરો થાય તે પહેલાં જ એણે મહા-કાશ્યપને આ ખબર આપી દેવા જોઈએ.

વહેલી પરોઢમાં એ આશ્રમે ગઈ. મહાકાશ્યપ સ્નાન કરવા ગયા હતા એટલે એ આશ્રમ જોવા નીકળી. માર્ગમાં જ આનંદ ને સુચરિતા એને મળ્યાં. એકબીજાના હાથમાં હાથ પરોવી એ આવતાં હતાં.

સુચરિતાએ ઉત્તરીય તરીકે રેશમી વસ્ત્ર ઓઢયું હતું. એના ને આનંદ-નાં ગળાંમાં આનંદે જીતેલ વિજયમાળાઓ હતી. શિથિલ વેણીમાં મધુ-માલતીનાં શોભન ફૂલો ગૂંથ્યાં હતાં. ઝાકળભીની પ્રકૃતિના જેવી જ એ સ્વપ્નસોહામણી ને પ્રેમભીની હતી. એની આંખો કહેતી કે પૂનમના ચંદ્રની જેમ જ એમણે બંનેએ કોઈક નિભૃત વનકુંજમાં અખંડ જાગરણ કર્યું હતું. કૃષ્ણાને જોઈ સુચરિતાએ આનંદનો હાથ મૂકી દીધો ને વિજયમાળા ઉત્તરીય નીચે છુપાવવા માંડી.

'છુપાવો મા, સુચરિતાબહેન ! હું કાંઈ એમાં ભાગ નહિ માગું !' એણે હસીને કહ્યું, ને સુચરિતા પાસે જઈ એને ભેટી પડતાં કહે : 'આર્ય આનંદે બીજા કોઈ ને આ આપી હોત તો મેં એને અરસિક કહ્યા હોત.'

'તમને જ કાલે એક માળા આપી ને ?' સુચરિતાએ હસીને કહ્યું.

'ઈર્ષા કરતાં નહિ હો ? એ તો દાન હતું. હું કયાં વિજેતા હતી ? તમને તો એમણે ખંડણી આપી છે !'

'પણ કૃષ્ણાબહેન ! તમારીયે યુદ્ધવિશારદતા અદ્‌ભુત છે. તમે જીત્યાં હોત તોય મને આનંદ જ થાત.'

'કેમ ?'

'હુંય કન્યા છું. એક કન્યા આમના પૌરુષને શરમાવે તે જોઈ ને મને અભિમાન ન થાત ?'

'અભિમાન શું કામ નથી લેતાં ? એક કન્યાએ તો એમને અભિભૂત કરેલ છે—અમસ્તું કોઈ વિજયમાળા બીજાને આપી દેતું હશે ?'

સુચરિતાએ હસીને કૃષ્ણાનો હાથ તરછોડી કાઢયો.

'મારો હાથ તો તરછોડો—પેલો......'

સુચરિતા કાંઈક પ્રત્યુત્તર આપવા જતી હતી ત્યાં દૂર મહાકાશ્યપને આવતા જોઈ ઉતાવળી ઉતાવળી પોતાના ઓરડામાં પેસી ગઈ. આનંદ પણ આડોઅવળો ચાલ્યો જવાનો વિચાર કરવા માંડયો. આમ સુચરિતાના સંગમાં પકડાઈ જવામાં માધુર્ય તો હતું, પણ શિષ્ટતા નહોતી એટલે 'હમણાં આવું' કહેતો કૃષ્ણાને એકલી મૂકીને જ પાછલી કુટિરમાં ચાલ્યો ગયો.

'વાહ! વાહ! બંને જણાં ચાલ્યાં જશો?' કહેતી કૃષ્ણા ખડખડાટ હસવા માંડી. મહાકાશ્યપને પાસે આવેલા જોઈ ચરણધૂલિ લઈ કહેઃ 'આપને પ્રાતઃકાળમાં જ હેરાન કરવા આવી છું.'

'બાળક એના પિતાને પજવે તેમ ને!' કહી મહાકાશ્યપે એને અંદર બેસાડી.

કૃષ્ણાએ આખી વાત કરી એટલે નિસાસો મૂકી કહે: 'આવું જ કાંઈક ધારીને બેઠો હતો. હવે સમાજ નિર્વિઘ્ને વીખરાય ત્યાં સુધી મૌન જાળવજે ને તક્ષશિલા જા ત્યારે શાસ્ત્રનિધિને વાત કરજે. એઓ અહીં હોત તો મારો કેટલોય બોજો ઓછો થાત. સંવરણ! સંવરણ!' કહી એ ચૂપ રહ્યા.

'હવે શું કરશો?'

'શું કરું? પેલા જુગારીઓની માતા જેવું છે. એકેનું અહિત નથી ઇચ્છાતું—એકેનું હિત થઈ શકતું નથી.' મહાકાશ્યપના કંઠસ્વરમાં ખેદ હતો. કેટલાં વર્ષોની એમની મહેનત પર મગધ સામ્રાજ્ય આજે પાણી ફેરવવા બેઠું હતું!

૧૩

સમાજ નિર્વિઘ્ને પતી ગયો હતો. નગરશ્રેષ્ઠી સમાજનો મંડપ ઉપ-ડાવી લેવડાવવામાં પડ્યા હતા. લોકો ઊભાં કરેલ રંગભૂમિ ને પ્રેક્ષકગૃહ વીંખાતું જોઈ ઉત્સવની વાતો કર્યા કરતા. આવેલ અતિથિઓ સ્વસ્થાને ગયા હતા પણ મહાકાશ્યપે ગણાધીશોને તેમ જ ગણસેનાના નાયકોને બે દિવસ વધુ રોકયા હતા. એ બધા સવાર–સાંજ નંદિગ્રામના રાજમાર્ગો પર પોતાના મિત્ર, બાંધવો તથા અંગરક્ષકો સાથે નીકળ્યા એટલે હજુ ઉત્સવ ખલાસ નથી થયો એવું લાગતું. આજ સાંજે મહાકાશ્યપે એ બધાની સમિતિ સુદત્તપ્રાસાદમાં બોલાવી હતી. માલવકગણના લબ્ધપ્રતિષ્ઠ શ્રેષ્ઠી-ઓને પણ એમાં નિમંત્ર્યા હતા. લોકો કહેતા હતા કે વાહિકસંઘની સંઘસેના ઊભી કરવા માટે સૌ મળવાના હતા. પણ મહાકાશ્યપ જ્યારે આમંત્રિતોને ઉદ્બોધન કરવા ઊભા થયા ત્યારે જ સૌને ખબર પડી કે કારણ તો બીજું જ હતું. એકઠા મળેલાંમાં આનંદ હતો, કૃષ્ણા પણ મહાકાશ્યપની 'કદાચ તારો ખપ પડે' એ સૂચના મળતાં આવી હતી, સુદત્ત અજાણ્યો હોય તેમ એક ખૂણામાં બેઠો હતો, સુચરિતા કૃષ્ણાની બાજુમાં જ એની સોડમાં લપાઈને બેઠી હતી. અર્ધપખવાડિયા જેટલા સમયમાં બંને ગોઠણો થઈ ગઈ હતી. કૃષ્ણા ત્યાં જ જમતી–સૂતી ને આનંદ તથા સુચરિતાને ખીજવતી. અત્યારે પણ એના કાનમાં કહેતી હતીઃ 'જરાક ઊંચું માથું રાખીને બેસ–સુદત્તની સામે બરાબર બેસ. એ તને શું કરવાનો હતો ? હું તારી જગ્યાએ હોઉં ને બહુ તડફડ કરે તો કહી દઉં કે, 'હા, ચાહતી હતી એટલે વચન આપ્યું હતું–હવે નથી ચાહતી. તારાથી થાય તે કરી લે !'

મહાકાશ્યપની પાસે એક ઉચ્ચ આસન પર આસંગ, વસુમિત્ર તથા પેલો વૃદ્ધ રાજપુરુષ બેઠા હતા. મહાકાશ્યપે ઊભા થઈને કહ્યું:

'આજ સુધી તો આપણા સમાજમાં વાહિકપ્રદેશના જ આમંત્રિતો આવતા, પણ આ વખતે આપણે અહોભાગી છીએ કે દૂરના અતિથિઓ પણ આપણે ત્યાં પધાર્યા છે. આપણો ને એમનો પરસ્પર પરિચય થાય એ માટે આપ સૌને બે દિવસ વધુ રોકવાનું માલવસંઘે ઠરાવ્યું હતું. ગણાધીશ આસંગની બાજુમાં બેઠેલ યુવાન અતિથિ એ અંગથી આનર્ત ને વિંધ્યથી હિમાલયવ્યાપી મગધ સામ્રાજ્યના પ્રતિનિધિ છે.'

'છદ્મવેશી!' સૌએ જોયું તો કૃષ્ણા બબડતી હતી.

'એ આપણો સમાજ જોવા આવેલા. એમને એક અગત્યની મંત્રણા કરવાની છે એટલે આપણે સૌ એકઠા થયા છીએ. સંઘના વતી હું કુમાર વસુમિત્રનો સત્કાર કરું છું ને વીનવું છું કે એમને ભવિષ્યમાં જ્યારે જરૂર જણાય ત્યારે વગર સંકોચે નિર્ભયપણે વાહિકસંઘના અતિથિ બને. દેવાનાં-પ્રિય મહારાજ અશોકવર્ધનના સિંહાસને વિરાજનાર રાજવીના ભાઈ અમારે મન માનાર્હ છે ને રહેશે!' કહી એ બેસી ગયા.

વસુમિત્રે પહેલાં તો ઉત્સવની પ્રશંસા કરી, માલવસંઘે કરેલ આતિથ્ય માટે ફૂલ વેર્યાં, પોતે ગુપ્ત વેશે આવેલ તે સંકોચ કે ભયને લીધે નહિ પણ પોતાને ઠઠારો ગમતો નહોતો ને સહજરૂપે સૌને જોવાનો એનો સ્વભાવ હતો એટલા સારુ એમ જણાવ્યું—ને છેવટ મૂળ વાત કરી.

'પણ હું ખાસ તો આવ્યો છું સમ્રાટ અગ્નિમિત્ર તરફથી મૈત્રીનો સંદેશો લઈને. આ શૌર્ય ને ધૈર્ય દેવોને પણ દુર્લભ છે. એમાં જો મગધની સંયોજન-શક્તિ ભળે તો આર્યાવર્તની આણ દસે દિશામાં પ્રવર્તે. તમારે કાને પડયું હશે કે બર્બર મૈનેન્દ્ર એના રાક્ષસોનું સૈન્ય લઈને આર્યાવર્ત તરફ ધસી આવે છે. પાર્થિયા પડયું છે. ફારસની શહેનશાહતે દંડ ભર્યો છે. સુગ્ધ-બખ્ત્રીશ ધરાશાયી થયાં છે. આલિકસુંદર પાસે હતું તેના કરતાંય વિશેષ સૈન્ય આની પાસે છે—એથીય વિશેષ ઝનૂન એના શકોમાં છે. આખા

ઉત્તરાપથ પર એ તૂટી પડશે, નગરો ભસ્મિભૂત થશે, આર્યકુલવધૂઓ શકોની દાસીઓ–ઉપવસ્ત્રો થશે, બ્રાહ્મણ–ગાય–સ્ત્રી કે બાળક કોઈની શકોને દયા નથી. ચારે બાજુ હાહાકાર થવાનો. એમાંથી આર્યદેશને ઉગારવા માટે સમ્રાટ અગ્નિમિત્રે પ્રતિજ્ઞા લીધી છે. મગધસેના તો કદાચ નીકળી ચૂકી હશે કે નીકળવાની હશે–એમાં તમને સાથ આપવાનું કહેવા હું આવ્યો છું. વિપત્તિ પહેલાં તો આવશે આ સુંદર પ્રકૃતિવિભૂષિત પંચસિંધુના પ્રદેશ પર. સંભવ છે કે મગધ સુધી તો મૈનેન્દ્ર પહોંચે પણ નહિ–આ પ્રદેશથી જ એની ભૂખ પૂરી થાય કે થાકી જાય–પણ તે છતાંય સમ્રાટ અગ્નિમિત્રને તો આર્યાવર્તનો એક ખૂણો કોઈ દબાવે તોય એનું હૈયું દબાવ્યું તેમ લાગે, એટલે કેવળ આર્યાવર્તના રક્ષણ માટે થઈને એમણે આ અસુર સાથે બાથ ભીડવાનું નક્કી કર્યું છે. એમાં તમે સહાયરૂપ થશો તેવો સંદેશો લઈને હું કાલે પ્રયાણ કરવા ધારું છું.'

ઓરડામાં નિસ્તબ્ધ શાંતિ પથરાઈ ગઈ–જાણે સૌ દૂર દૂર હિંદુકુશના પહાડોમાંથી ધનધાન્યપૂર્ણ ફળફૂલે લચી રહેલ પ્રદેશ પર હિમનાં મોજાં પેઠે ઊતરી આવતા વિશાળકાય કુરૂપ બર્બરોને કલ્પનામાં જોઈ રહ્યા.

'બોલો ઉશીનર! બોલો અર્જુન! આ વખતે મન મૂકીને જે કહેવું હોય તે કહી નાખો!' વૃદ્ધ રાજપુરુષે કહ્યું.

ઉશીનરે આંખો નીચે ઢાળીને જ કહ્યું : 'મને તો એમ સૂઝે છે કે આ ઘડીએ આપણે હોંસાતોંસી મૂકી, જૂની વાતો ભૂલી જઈ, મૈનેન્દ્રને હરાવવા કટિબદ્ધ થવું જોઈએ. વિપત્તિ મુખ્યત્વે આપણા વાહિકદેશ પર છે એટલે મગધ સમ્રાટે જે સંદેશો મોકલ્યો છે તે મને તો ઈશ્વરી સંદેશ જ લાગે છે. આપણે એમને મદદ કરવી જોઈએ.'

'ને અર્જુન, તમે?' આસંગે પૂછ્યું.

'મનેય એમ જ લાગે છે. અત્યારે તો આપણે દૂધમાં જેમ પાણી ભળી જાય છે તેમ એકરૂપ થઈ જવું જોઈએ. ઘરના કજિયા પછીથી પતાવાશે. પણ શકોનો પગ એકવાર આર્યાવર્તના હૃદય પર પડયો તો પછી ખસેડાવો મુશ્કેલ છે.'

'હા, બરાબર. ને સંવરણ, તમે ક્યાં બેસવાના?' આસંગે પૂછ્યું. એમના અવાજમાં રહેલો વ્યંગ સંવરણથી અજાણ્યો ન રહ્યો. શું આસંગને એના અભિપ્રાયની જાણ થઈ હતી?

'આપ જ કહોને, આપ ગણાધીશ છો!'

'ના, આવા કસોટીકાળે તો સેનાનાયકનો અભિપ્રાય જ ખપનો. તમે કહો તેના પર મારે વિચાર કરવો ઘટે.'

'મને તો લાગે છે કે જ્યાં શિબિ, જ્યાં ત્રિગર્તો, જ્યાં યૌધેયો ત્યાં આપણે. જુદા પડવામાં શી શોભા?' સંવરણે મહામહેનતે કહ્યું.

'એનું નામ જ સંઘનિષ્ઠા.' રાજપુરુષે કહ્યું.

'ને...આત્રેય, આપ?'

'પરિપાટી મુજબ તો જ્યાં મહાકાશ્યપ ત્યાં બ્રાહ્મણકો-ગણપતિએ અમને એમને ભળાવ્યા છે.'

'છતાં તમારો અભિપ્રાય તો કહો?' મહાકાશ્યપે કહ્યું.

'ભગવાનથી શું અજાણ્યું છે? અમે બ્રાહ્મણકો તોરી, મિજાજી ને ફાટેલ મગજના ગણાઈએ છીએ. સિંધુ-સમુદ્રનું પાણી જ એવું છે. પણ....' કહેતાં એ ટટાર થયા:ને કહ્યું: 'મને તો કોઈની છત્રછાયા રુચતી નથી. વડના છાયામાં તો ઊલટા છોડ ઠીંગરાઈ જાય. અમે તો એકલપંથી છીએ.'

'પણ આત્રેય, એકલા તો તમે ભિસાઈ જશો. ભોં-ભેગા થવાના.' વસુમિત્રે કહ્યું.

'કોણ નથી થવાનું? એ તો સૌ લખાવીને જ આવ્યા છે. સામ્રાજ્ય કે ગણરાજ્ય-મોત તો અમારો મહાઉત્સવ છે એ દીર્ઘદર્શી આપથી ક્યાં અજાણ્યું છે? છતાં ગણાધીશ આસંગ કહે તે અમારે કબૂલ થશે.'

'હું કહું? મને છેલ્લો રાખ્યો હોત તો ઠીક થાત, પણ પૂછ્યું તો કહી નાખું-અમે મગધ સામ્રાજ્યની મૈત્રીથી બીએ છીએ. મૈત્રી તો સમોવડિયા વચ્ચે શોભે. મૈનેન્દ્રને હરાવવો તે અમારો ધર્મ છે, આપે

અમને એ વિષે જગાડવાપણું જ ન હોય. કઠગણુમાં એક પણ યુવક–યુવતી હશે ત્યાં સુધી મૈનેન્દ્રનો પગ આર્યાવર્ત પર નહિ ઠરે.'

સૌ 'ધન્ય–ધન્ય, સાધુ–સાધુ' બોલી ઊઠયા.

'એવી ઘડીએ જરૂર લાગ્યે અમે આપને સહાય માટે સંદેશ મોકલશું. આર્યાવર્ત આપનો પણ હોય તો આવી લાગજો ને અમારે માગે ચાલ્યા આવજો.'

વસુમિત્રનું મોં તપેલ તાંબાના જેવું લાલ થઈ ગયું હતું. એનાં ભવાં સંકોચાતાં હતાં, નીચલો હોઠ રોષમાં એ કચડતો હતો. વૃદ્ધ રાજપુરુષ આસંગના ભવ્ય ને આત્મશ્રદ્ધાએ તપતા મોં તરફ સહેજ ચિંતાની નજરે જોતો હતો ત્યાં વસુમિત્ર પડખે મૂકેલ શિરસ્ત્રાણ માથા પર મૂકી એકદમ ઊભો થઈ ગયો—જાણે ચાલવાની જ તૈયારી કરવા મંડયો.

'મને જવાબ મળી ગયો. તમે સમ્રાટના સંદેશાને માથે ચડાવવાને બદલે પગ નીચે કચડો છો.' એ ક્રોધથી ધ્રૂજતો હતો.

'અમે ભગવાન સિવાય કોઈનો સંદેશાને માથે ચડાવતા નથી.' કૃષ્ણાએ કહ્યું.

બધા બોલી ઊઠયા: 'એ કોણ છે? કોણ બોલે છે એ?' વસુમિત્રે કૃષ્ણા તરફ ક્રોધપૂર્ણ આંખો ઠેરવી કહ્યું: 'જો હું માલવસંઘનો અતિથિ ન હોત તો આ જગ્યાએ જ મેં સમ્રાટના અપમાનનો બદલો લીધો હોત.'

'હજુયે લઈ શકાશે. હું તમારી સાથે માલવસીમાના અંત સુધી આવવા તૈયાર છું.' કૃષ્ણાએ ગોઠણભેર થતાં કહ્યું.

વસુમિત્ર 'આહ્વાન સ્વીકાર્યું' એમ કહેવા જતો હતો ત્યાં મહાકાશ્યપે કહ્યું: 'કુમાર વસુમિત્ર અતિથિ છે. એમનું અપમાન સંઘનું અપમાન ગણાય.'

'હું પણ અતિથિ છું.' કૃષ્ણા ગણગણતી બેસી ગઈ. એ દરમિયાન વૃદ્ધે વસુમિત્રના કાનમાં કાંઈક કહી લીધું. પછી વસુમિત્રે પરાણે સ્વસ્થ થઈ કહ્યું: 'કોશલ–અંગ–વંગ–મધ્યદેશ–અવન્તી–આનર્ત ને કુરુજેતા

ચક્રવર્તી અગ્નિમિત્રે તમારી સામે હાથ લંબાવ્યો ને તમે એને ધુત્કારી કાઢ્યો ?' પેલો રાજપુરુષ વસુમિત્રના ઉત્તરીયનો છેડો ખેંચતો હતો. 'હજુ વેળા નથી ગઈ. હું એ અપમાન ભૂલી જવા તૈયાર છું. જો આર્યાવર્તનું કલ્યાણ થતું હોય તો હું સમ્રાટના વતી ફરી મૈત્રીની માગણી કરું છું. મગધસેના પાસે પંદર સહસ્ર હસ્તી છે, શત સહસ્ર અશ્વારોહીઓ છે, એથી બમણા પદાતિ છે ને હસ્તીદલ જેટલું રથીદળ છે. એ સેના રણે ચડે છે ત્યારે દિશાઓ ધૂંધળી થઈ જાય છે. રેણુનું વાદળ બંધાય છે. આ સેનાની તમે અવગણના કરો છો ? એની મૈત્રી નથી જોઈતી ? એ તમને આલિંગન આપવા આવે છે—તમે એને ધક્કો મારો છો.'

'આલિંગન ? ધૃતરાષ્ટ્રે ભીમને આપ્યું હતું તેવું. તમારા આલિંગનમાં અમે ભિસાઈ ન મરીએ તેની શી ખાતરી ?' કૃષ્ણાએ પૂછ્યું.

'અવિશ્વાસ ! અવિશ્વાસ ! આર્યોનો સ્વભાવ કાંઈ જાય ? આફત વખતે પણ એ અવિશ્વાસ એમને એક ન થવા દે.' રાજપુરુષે કહ્યું.

'અમારે ભૂમિનો લોભ નથી, ફક્ત આર્યાવર્તને પરચક્રમાંથી બચાવવું છે.'

'તો તો પછી અંગને સ્વતંત્ર કરી દો. વજ્જીઓ, ભોજકો, શાક્યો— એ બધાને મુક્ત કરો. એની ભૂમિ શા સારુ દબાવી છે ?' કૃષ્ણાએ ઊભી થઈને પૂછ્યું.

'તું પર્વતવાસી કેકય છે. તને અહીં બોલવાનો શો અધિકાર છે ?' પુદત્તે ખૂણામાંથી પૂછ્યું.

'નગરશિલ્પી, તમે ભૂલ્યા. સમાજમાં જે જયમાળ વરે તેને વાહિકદેશના કોઈ પણ નગરપાલ જેટલું સન્માન મળે છે. તે દાવે હું ઊભી છું, કારણ કે ભક્ષ્ય–ભક્ષક વચ્ચે પ્રીતિ શી ને મૈત્રી શી ?'

'યથાર્થ ! યથાર્થ ?' આત્રેયે કહ્યું.

'વાઘ કોઈ નાના વનચરને કહે, 'તને બીજો વાઘ ખાઈ જશે માટે ચાલ હું તારી સાથે બોડમાં રહું' તો બોડનું ને પોતાનું બંને જોખમ એ વનચર વહોરે છે.' કહી એણે હલકભેર ગાયું.

शत्रुणा न हि संदध्यात् सुश्लिष्टेनापि संधिना ।
सुतप्तमपि पानीयं शमयत्येव पावकम् ॥

'કુમાર, આ શ્લોક તો તમને યાદ હશે. એ તો તમારા ભગવાન આચાર્ય વિષ્ણુશર્માએ કહ્યું છે.'

સૌનાં મગજમાં એકદમ જાણે પ્રકાશ પડયો. મહાકાશ્યપ પણ મંદમંદ હસી રહ્યા.

વસુમિત્ર દાંત કચકચાવીને બેસી રહ્યો. એની બાજુને ઊંધી વાળતી આ છોકરીને મસળવા એના હાથ ચળવળવા માંડ્યા—પણ અહીં હાથથી કાંઈ પ્રયોગ થાય તેમ નહોતો.

અહીં તો જીભ વડે જ જીતવાનું હતું એટલે કાંઈક જવાબ ખોળવા માંડયો. ત્યાં વૃદ્ધ અમાત્યે કહ્યું: 'સાચો શ્લોક તું ભૂલી ગઈ છે.' કહી સહેજ ખોખરા સાદે ગાયું:

सुहृदां हितकामानां यः शृणोति न भाषितम् ।
विपत् संनिहिता तस्य स नरः शत्रुनंदनः ॥

પછી સમિતિ તરફ ફરીને કહે: 'મને આ છોકરીની સાવચેતી ગમી છે. અમારે ત્યાં એવી છોકરીઓ ઓછી હોય છે, પણ એણે શાસ્ત્રાભ્યાસ ખોટો કર્યો છે. એટલુંય એ ન સમજી કે મૈનેન્દ્ર આવતાં આવશે પણ મગધનો રોષ તો એની વાણીએ વહોરાવ્યો. મગધ તમને ન ગળી જાય તે તો તમારે જોવું, પણ મગધ આખરે નાની આફત છે—મોટી આફત તો આવનારી છે. મગધ તમારો સર્વનાશ કદી નહિ કરે—આ તો નામ-નિશાન નહિ રહેવા દે. તમે ગણતરી ગણો, તમારી જાતને સાચવવાનો વિચાર કરો: તોયે તમારે મગધ પડખે જ રહેવું પડશે—સ્વેચ્છાએ કે અનિચ્છાએ. આખા આર્યાવર્તનું ભવિષ્ય તોળાતું હશે, જ્યાં આખી સંસ્કૃતિ માથે સંકટ આવશે, ત્યાં કોઈ એકાદ કૃષ્ણા કે એકાદ આત્રેયનો હિસાબ, આ વયે મારાથી ખોટું નહિ બોલાય, સમ્રાટ એ પળે એવાં નાનાં રાજ્યોનો હિસાબ નહિ ગણે. જે અન્ય ગણરાજ્યો સામ્રાજ્યમાં ભળી ગયાં છે તે તો સ્વેચ્છાથી. તમારી સૌની ઇચ્છા સિવાય તમને મગ-

ધમાં ભેળવવાનો વિચાર કોઈ કરશે, ને હુ આ જગ્યાએ બેઠો હોઈશ, તો હું તમારી સાથે રહીને લડીશ. આથી વિશેષ શું કહું ?' બોલતાં બોલતાં અમાત્યની નજર સુદત્ત પર ઠરી હતી.

એ ઊઠવા જતો હતો ત્યાં આનંદ ઊભો થઈ કહેવા લાગ્યો : 'રાજ-પુરુષોની વાણી લપસણી હોય છે, ઝાલી ઝલાતી નથી. અમાત્ય કહે છે કે- 'મગધ નાની આફત છે' તેનો અર્થ હું એટલો જ કરું છું કે, અમે તમને ફૂંકી ફૂંકીને ખાશું ને મૈનેન્દ્ર તમને એકી સપાટે ખાઈ જશે.' એ વધુ બોલતો હતો ત્યાં સુદત્ત એકદમ ઊભો થઈ અધવચ્ચે જ કહેવા લાગ્યો: 'મગધનો મહાઅમાત્ય—આ મૂઠી જેવડા સંઘ આગળ આટલી વિનમ્રતાથી માગણી કરે, આવી સ્પષ્ટ બાંયધરી આપે, છતાં એમાંથી આવા કલ્પનાતીત અર્થો કઢાય એ અસહ્ય છે.'

'હોય, હોય, એ બાળક છે.' અમાત્યે વચમાં કહ્યું.

'બાળકોને સભામાં બોલવાનો અધિકાર નથી. મારું નાનું ક્ષુદ્ર વ્યક્તિત્વ જાળવી રાખવા કરતાં હું તો વિશાળ પ્રતિભામાં મારી જાતને ખુડાડી દેવાનું પ્રસંદ કરું. મગધ વતી અમાત્ય બાંયધરી આપે છે, પણ કદાચ એ ન પળાઈ તોપણ હું તો બર્બર દસ્યુ મૈનેન્દ્ર કરતાં મગધરાજવીને પસંદ કરું. મગધમાં કોઈક દિવસ પણ અશોક પાકશે—પણ શકો ? ગંદા—દુષ્ટ ને રાક્ષસી શકોમાં તમે કયો રાજા પસંદ કરશો ?

'મગધરાજવીઓએ કઈ હત્યા કરવી બાકી રાખી છે ? શાકયોને કોણે ખાધા ? કલિંગ કોણે ઉજ્જડ કર્યું ?' કૃષ્ણાએ પૂછયું.

'તને ઉત્તર ન આપીને જ નિરુત્તર કરવા માગું છું.' કહી એણે વસુમિત્ર તરફ જોતાં કહ્યું: 'માલવગણસમસ્ત વતી તો હું નહિ કહું, પણ ઘણા માલવો વતી કહું કે, એ તો આ ધર્મયુદ્ધમાં આપની પડખે રહેશે.'

ઘણી વાર સુધી કોઈ ઊઠયું નહિ. સૌ મહાકાશ્યપ તરફ તાકી રહ્યા હતા. મહાકાશ્યપે કહ્યું :

'કુમાર વસુમિત્ર, છેવટનો અભિપ્રાય સહુ ગણાધીશો પોતપોતાના ગણોની સભાની સંમતિ લીધા પછી જ આપશે. સંભવ છે કે માલવસંઘ મારું ન માને ને સુદત્ત જ સૌને દોરી જાય, સંભવ છે કે આસંગનો મત કઠોને ન રુચે–એટલે જ્યાં સુધી ગણસભા એનો નિર્ણય આપને ન મોકલાવે ત્યાં સુધી આપ ને સુજ્ઞ અમાત્ય કોઈ જ પ્રતિકૂળ લાગણીઓને આપના ચિત્તમાં સ્થાન નહિ આપો. હવે સમિતિને મારો અભિપ્રાય : સુજ્ઞ અમાત્યે સાચું જ કહ્યું છે કે નાની ને મોટી આફત વચ્ચે તફાવત પાડવો જ જોઈએ, તેમ જ આવનારી ને આવી પડેલી સ્થાયી ને અસ્થાયી આફતો વચ્ચે પણ તફાવત કરવો જોઈએ. ઉશીનરે કહ્યું છે તેમ આર્યાવર્તની આફત વખતે તો આપણે દૂધ–પાણી જેમ મળી જવું જોઈએ, પણ ઉશીનરે એ યાદ રાખવું ઘટે કે, મિશ્રણ ચૂલા પર ચડે છે ત્યારે પહેલાં પાણી જ બળી જાય છે–પાણી બળીને ખલાસ થાય પછી જ દૂધનો વારો આવે છે.'

વૃદ્ધ અમાત્ય આશ્ચર્યથી મહાકાશ્યપ સામે જ જોઈ રહ્યો હતો. આ ત્યાગી–વૈરાગી દેખાતો શાસ્ત્રી આવી મર્મપૂર્ણ શ્લેષમય ભાષા વાપરી શકતો હશે તેનો એને ખ્યાલ પણ નહોતો.

મહાકાશ્યપ આગળ કહેતા હતા : 'આસંગ ને આનંદની વાત પણ સાચી છે, ને સુદત્તની વાતમાં પણ સત્યનો અંશ છે. મને લાગે છે કે જેમ કુમાર વસુમિત્રે કહ્યું ને સુજ્ઞ પ્રભાકરદેવે જે સમર્થન આપ્યું તે પ્રમાણે જો આ કેવળ નિસ્વાર્થભાવે જ સંગ્રામ લડવાનો હોય–ભૂતકાળમાં ભલે ને મગધ સામ્રાજ્યના ગર્ભમાં બીજાં ગણરાજ્યો સમાઈ ગયાં–તોપણ આ વખતે જો એવો કશો જ હેતુ ન હોય તો માર્ગ કાઢવો શક્ય છે. સુજ્ઞ પ્રભાકરદેવે સૂચન કર્યું તેમ ગણરાજ્યો પોતાની સરહદો વધારવા તો નથી ઇચ્છતાં, કારણકે ગણરાજ્યોના પાયામાં પ્રામાણિકતા, અન્યના અધિકારોનો સ્વીકાર ને તે માટે આદર છે.

'એટલે, અમે જે દિવસે હદ વધારશું તે દહાડે તો ગણરાજ્ય ને સામ્રાજ્ય વચ્ચે કાંઈ ફેર નહિ રહે. અમે કોઈને ગળવા ઇચ્છતા નથી, તેમ

કોઈ અમને ગળી જાય તે પણ સહેતા નથી. એટલે કોઈ અમને ભૂમિદાન કરશે તોય અમે એના સાચા હકદારને પાછી પહોંચાડશું. પણ અમારી ભૂમિનો તસુ પણ કોઈ નહિ દબાવે તેની અમને પ્રતીતિ થવી જોઈએ. વચનથી પ્રતીતિ થતી હોય તો વચન આપવું, નહિતર જેના વડે પ્રતીતિ થાય તે બધું જ કરવું. કુમાર વસુમિત્રે કહ્યું તે હું માની લઉં છું–આર્યાવર્તને બચાવવાની જ એમને તૃષ્ણા છે–બીજી કશી જ નહિ. અમારે પણ મગધની કે મૈનેન્દ્રની કોઈની તસુ જમીન જોતી નથી. અમને મગધ સામ્રાજ્યે માત્ર પ્રતીતિ જ કરાવી આપવાની રહે છે. એ પ્રતીતિ બીજાં ગણરાજ્યોને ફરી મુક્ત કરીને થાય તો તો હું તો સતયુગ જન્મ્યો કહું, પણ એ ન બની શકે તેમ હોય, ને રાજકારણ વિકટ છે એટલે ન પણ બને–સદિચ્છા છતાં ન બને–તો પછી એટલું કરે કે મૈનેન્દ્રના સામના માટે સૈન્ય તૈયાર રાખે, વાહિકસંઘની સરહદથી સંઘ સૂચવે તે અંતરે રાખે, ને વાહિકસંઘના સેનાપતિ નીચે લડે. મગધ–સૈનિકોનો ભોજનખર્ચ, માર્ગવ્યય, રણમાં હણાયલાનાં કુટુંબીને વેતન–એ બધામાં વાહિકસંઘ ½ ભાગ આપે, કારણકે આફત પ્રથમતઃ અમારા ઉપર છે; બાકીનો ½ ભાગ મગધ સમ્રાજ્ય આપે, કારણકે આર્યાવર્ત પરની આફત ટાળવામાં મદદ કરવાનો એમનો ધર્મ છે એમ એ પણ સ્વીકારે છે. વાહિક–ભૂમિ પર એ સૈન્ય હોય ત્યાં સુધી એનો સત્કાર તેમ જ એનું સંચાલન વાહિકસંઘ કરે. મૈનેન્દ્રને હરાવતાં જે ધન મળે તે મગધનું ને જે ખર્ચ થાય તેમાં ½ અમે આપીએ ને ½ મગધ આપે. મને લાગે છે મારી આ ન્યાયી વાત કુમાર વસુમિત્રને ગળે ઊતરશે ને એ તથા સુજ્ઞ પ્રભાકરદેવ સમ્રાટ અગ્નિમિત્રને આ સંદેશો પહોંચાડશે. કુમાર વસુમિત્ર હૈયે ધરપત રાખે કે મગધ અમને મદદ કરે કે ન કરે તોપણ આફત સામે અમે લડશું જ–કોઈ ભૂલિપ્સા કે ધનલોભ માટે નહિ, પણ અમારા ધર્મ માટે થઈને લડશું. મગધને એનો ધર્મ લાગે તો મદદે આવે–શરત માત્ર એટલી જ છે કે સંઘ સૂચવે તેટલે અંતરે સેના રાખે ને સંઘની ભૂમિ પર હોય ત્યાં સુધી સંઘસેનાપતિ નીચે લડે. બધો ખર્ચ

સંઘનો ને વિજેતાનું બધું ધન મગધનું એમ પણ હું તો કહેવા તૈયાર છું, માત્ર અમને પ્રતીતિ થવી જોઈએ. એક વીર જાતિને શોભે તેમ અમે હાથ લંબાવીએ છીએ. હું ધારું છું કે મગધરાજ એ હાથ સાથે હાથ મિલાવશે.'

વિરામઘર તાળીઓથી ગાજતું હતું.

ઉશ્કેરાયલો વસુમિત્ર 'મગધસૈનિકો ગણસેનાની નીચે લડે? મગધની અક્ષૌહિણી સેનાનો નાયક માલવક?' બબડતો રસ્તામાં આવતી ચીજોને ઠોકરે લેતો, અમાત્યને લગભગ ઘસડતો, બહાર જતો હતો.

ને વૃદ્ધ આસંગ મહાકાશ્યપને ખભે હાથ મૂકી ખડખડાટ હસતા કહેતા હતા :

'તેં આજ પ્રભાકરવર્ધનને પાણી પાઈ દીધું!'

આનંદ શાકલ જવા નીકળતો હતો. ચંદ્રને રથ તૈયાર કરવાનું કહેતો હતો ત્યાં મહાકાશ્યપે એને એકાંતમાં બોલાવ્યો.

'સુચરિતા તને સહધર્મિણી તરીકે ગમે કે ?'

આનંદે નીચું મોં રાખી નમ્ર સ્વરે કહ્યું: 'તેમ બને તો દેવગણોની હું કૃપા થઈ સમજું !'

'તો હું મુહૂર્ત જોવરાવું ?'

'ભગવન્ ! એમાં થોડીક...' કહી એ અટક્યો. સુચરિતા જ એ કહે તે વધારે યોગ્ય નહોતું ?

'ગૌતમી ને આત્રેય સંમત જ છે. એમણે તો કદાચ મુહૂર્ત જોવડાવી રાખ્યું હશે–પછી તો તું ગાંધારમાંથી પાછો આવે ત્યારે થાય.'

'એનો આધાર મારા પર નથી, સુચરિતાએ સુદત્તને એક વચન આપ્યું છે.'

મહાકાશ્યપ ચમક્યા: 'શું ?'

આનંદે આખી વાત કહી.

'અંગૂઠી પણ આપી છે ?' કહી મહાકાશ્યપ મૂંગા થઈ ગયા. ક્યાંય સુધી માથું ધુણાવ્યા કર્યું. ઊભા થઈને થોડીવાર આંટા માર્યા. આનંદે જોયું કે મહાકાશ્યપ અસ્વસ્થ થઈ ગયા હતા.

'બધો આધાર આપના પર છે. આપને મૂર્તિ અપૂર્ણ લાગે તો કાંઈ વિઘ્ન જ નથી.'

'પણ એ તો હું કાલે સાયંકાળે જ જોઈ આવ્યો...' આંટા મારતાં થોભીને નિર્વાણગિરિ તરફ મીટ માંડીને કહે : 'મૂર્તિમાં તો કાંઈ જ ખામી નથી—જાણે વિશ્વકર્માએ ઘડી હોય તેવી અલૌકિક છે.' પછી વળી આંટા મારતાં કહે : 'અલૌકિક કળાનો સ્વામી કેવો ક્ષુદ્ર !'

'સુચરિતા !'

અર્ધખીલી પોયણીસમી સ્વપ્નાલોકમાં ચાલતી સુચરિતા આવી. મહાકાશ્યપ અનિમેષ નયને એની સામે જોઈ રહ્યા.

'સુચરિતા, હું પદ્મપાણિનાં દર્શન કરી આવ્યો.'

'તમને મૂર્તિ કેવી લાગી ?' સુચરિતા શ્વાસ રૂંધીને તાકી રહી.

'અલૌકિક !'

સુચરિતાના મોં પરનું તેજ ઊડી ગયું—આંખમાંનું ભાવદર્શન ઊડી ગયું. નિશ્ચલ ભાવહીન આંખો નોંધી રાખી તૂટતા સ્વરે પૂછ્યું:

'કાંઈ જ ખોડખાંપણ નહિ ?'

'જરાય નહિ, બહેન !' આચાર્યે ભાવભર્યા સ્વરે કહ્યું ને સુચરિતાને માથે હાથ મૂકી આશ્વાસન દેવા આગળ વધ્યા. ત્યાં તો ધબ દઈને એ પડી ગઈ.

*

મેધાતિથિ ને ચારુદત્ત સુચરિતાને માથે તેલ ઘસતા હતા. આર્યાને તે ખબર પડતાં એ વિહારમાંથી ઊતરી આવ્યાં અને સુચરિતાનું માથું ખોળામાં લઈ એમણે ઘસવા માંડ્યું. હજુ એને શુદ્ધિ આવી નહોતી.

બાજુના ખંડમાં મહાકાશ્યપ અસ્વસ્થ થઈ ગયેલા આનંદને સ્વસ્થ સૂરે કહેતા હતા :

'તું તારે નિશ્ચિંત—મને જા. સુચરિતાના લલાટમાં લગ્ન દેખાતું નથી. ઈશ્વરની લીલાની કોને ખબર છે ! ઘડી પહેલાં હું એનું પાણિગ્રહણમુહૂર્ત જોતો હતો...' આનંદની વિકલતા પારખીને કહે: 'સંભવિત છે કે ઈશ્વર

તારી ને સુચરિતાની પરીક્ષા જ લેતો હોય! સુદત્તની તો લીધી–ને ભેળસેળિયું સોનું નીકળ્યું. તું ને સુચરિતા કસોટીએ ચડયાં છો.'

'સુદત્તને વચન આપ્યું તે જ અયોગ્ય નથી કર્યું?'

'તું કહેવા તો એ માગે છે ને કે અયોગ્ય હોય તો એને શા સારુ વળગી રહેવું–એમને?'

આનંદે માથું હલાવ્યું.

'અયોગ્ય કાર્યના પરિણામમાંથી છટકી જવું એ રસ્તો નથી—તો તો અવિવેકની સજા જ વિશ્વમાં ન હોત. એનો રસ્તો હસતાં હસતાં પરિણામો વેઠવાં એ જ છે. હવે તો સુદત્તને સદ્બુદ્ધિ સૂઝે તે જ એક આશાદીપક!'

'તો તો સુચરિતાને સુદત્તવધૂ થવું પડશે?'

'જો જીવતી રહેશે તો–' મહાકાશ્યપે કાળવાણી ઉચ્ચારી.

આનંદ માથું ધુણાવતો ધુણાવતો કહેવા માંડયો: 'એ તે કદી બને ભગવન્? એ તે સહન થાય? એવું તે શું પાપ કરી નાખ્યું છે?'

'સુદત્તની આશા ભાંગવી એ શું ઓછું પાપ લાગે છે, આનંદ? તારી પોતાની જ વ્યથા પરથી તો કલ્પી જો—એણે ન્યાયાલયમાં 'તમે મને ગાંડો કર્યો છે' એમ કહ્યું ત્યારે નહોતો સમજ્યો ને ઊલટો એને વઢેલો, પણ આ વાત સાંભળ્યા પછી મને દીવા જેવું દેખાય છે કે એની વાતમાં તથ્યાંશ છે. માનવીનું હૈયું ભાંગી નાખવા જેવું પાપ બીજું કયું છે?'

'પાપ?'

'પાપ નહિ તો અપરાધ–ભલેને અજ્ઞાનમાં થયું હોય, પણ સુદત્તે કાંઈ માત્ર અંગૂઠીને લીધે જ આશા નહિ બાંધી હોય–અંગૂઠી આપતાં પહેલાં અને પછી અનેક તાર વીંટાયા હશે.'

'તો તો આપ બધો વાંક સુચરિતાનો જ કાઢો છો?'

'ના, બંનેનો છે. બંને અધીરાં થયાં—અસ્પષ્ટ રહ્યાં—અવિવેકી કે અનુદાર થયાં—બંને ફળ ભોગવે છે.'

'ને હું શા માટે ભોગવું ?'

'પ્રેમનો મહિમા ગાવા.' પછી થોડીવાર થોભીને ભાષ્ય કરતા હોય તેમ કહે : 'ઈશ્વરની દુનિયામાં એક કૃત્યની એક જ અસર નથી હોતી. સૂર્યનાં કિરણો કેટલાં બળોને મુકત કરે છે! એ એકલું અંધારું નાશ કરીને નથી બેસી રહેતાં, ચરાચરને પ્રવૃત્તિશીલ કરે છે. એમ જ કર્મ અનેક સ્થળે અનેક ભાવે વ્યાપે છે.

'જો આમ ન બન્યું હોત તો તું હરૌવતી કેમ જઈ શકત ? મૈનેન્દ્રનાં યવનદળોની ભાળ કાઢવાનું તારે માટે નિર્માયું લાગે છે.'

'મૈનેન્દ્ર ?'

'હા, મૂળ વાત તો એ કરવા બોલાવ્યો હતો. નીકળી પડયું શું ? અરે ચારુદત્ત !'

'મોટી બહેનને ફેર છે. આંખો નથી ઉઘાડી, પણ નાડી સમધારણ થતી જાય છે.' ચારુદત્તે આવતાં જ કહ્યું.

'મૈનેન્દ્ર શક મહારાજ આવે છે. દારયવહુ હાર્યો ને મરાયો છે. પાર્થ-પ્રદેશમાં એનાં સૈન્યો છે ને ગાંધાર–કેકય દેશોમાં એના દૂતો ફરે છે. તારે હરૌવતી જવાનું છે—આ બધાની તપાસ રાખવા.' કહી એમણે ગણાધીશોને સમજાવેલ આખી વાત કહી સંભળાવી ને છેલ્લે કહ્યું : 'તને ઉતાવળે આવવાની જરૂર લાગે તો આવી શકે છે, તે જાતની આજ્ઞા કહો જ તને આપશે, નહિતર વર્ષને અંતે તો આપણે મળશું જ. હવે આર્યાને પ્રણામ કરી તું નીકળ !'

આનંદે ગૌતમીને દંડવત કર્યા. બેભાન સુચરિતાને મર્યાદાઉલ્લંઘન કરીનેય વારે વારે જોઈ. પીઠ ફેરવી ત્યાં થયું : ફરી આવીશ ત્યારે આ જોવા મળશે ? ઉંબરામાં ઊભા રહી ફરી એકવાર એ બીજકલાસમી તન્વાંગી તરફ નજર નાખી. બેઠેલ ગળાને ખંખારી ચારુદત્તને બોલાવ્યો. ખૂણે ભરાયેલ પાણી સાફ કરી ગળાની જયમાળ આપી કહ્યું : 'એને આપજે !'

અશ્વો એને ને રથને ખેંચવા માંડ્યા.

આનંદ શાકલ ગયો પછી થોડી વારે સુદત્ત આચાર્યને વિહાર જોવાનું નિમંત્રણ દેવા આવ્યો ને કહ્યું કે, 'પદ્મપાણિની મૂર્તિનું પરીક્ષણ કરવાનું છે.'

આચાર્યે માથું ધુણાવીને ના કહી: 'તું જે હેતુથી કહે છે તે પતી ગયો છે. મૂર્તિ સંપૂર્ણપણે નિર્દોષ છે.'

સુદત્તનો ધ્યેયસિદ્ધિનો આનંદ આચાર્યથી અજાણ્યો ન રહ્યો.

એ કહે: 'તારે સુચરિતા પાસે જે માગવાનું છે તે માગજે, પણ એને જરાક ઠીક થવા દે.'

'મારે તો એક સપ્તાહ પછી જવાનું છે.'

'કેમ?'

'આપે મને દેશનિર્વાસિત કર્યો છે ને?'

આચાર્ય એ ભૂલી ગયા હતા. 'સુદત્ત, તું ગુરુદક્ષિણા આપ્યા વિના તો નહિ જાય ને?'

'એક વસ્તુ સિવાય જે માગશો તે આપીશ—ને તે સુચરિતાને વચનમુક્ત કરવાની. હું એના જેટલો ભોળો થવા નથી માગતો.'

'હં...ત્યારે તો ભોળપણ એ જ એનો અપરાધ. ઠીક, તું હવે જા...સુદત્ત!'

'કેમ, આપે ગુરુદક્ષિણા નથી માગવી?'

'હમણાં બાકી રાખું છું. ભગવાન તને તારી કલા કરતાંય ઊંચો બનાવે!' એમણે આશીર્વાદ આપ્યા.

*

સુચરિતાએ આંખો ઉઘાડીને ચારુદત્તને પાસે બોલાવી ધીમેથી પૂછ્યું: 'આનંદ ગયા?'

ચારુદત્તે 'હા' કહી એટલે એ ફરી આંખો મીંચી ગઈ.

ચારુદત્તે ધીમેથી કાનમાં કહ્યું: 'મોટીબહેન, આનંદભાઈ જયમાળ તમને આપતા ગયા.' સુચરિતાએ આંખો ખોલ્યા વિના હાથ લંબાવ્યો—

મૂઠી વાળીને જયમાળ પકડી અડધી ઘડી સુધી પડી રહી. પછી આંખો ખોલી ચારુદત્તને કહે: ' આ લઈ લે! અને એણે માળા છોડી દીધી.

' કેમ ? '

' હવે એનો શું અર્થ છે? પિતાજી કાંઈ કહેતા હતા ? '

' એ દિવસથી કોઈની સાથે બોલતા નથી. મૂંગા મૂંગા કામ કરે છે. પરમ દિવસે આનંદ ગયા ત્યારે ઘણી વાત કરેલી.'

' તું હતો ? '

' હતો નહિ, પણ થોડું સાંભળેલું–પણ તે કહેવાનીય હિંમત ચાલતી નથી.'

' તોય કહે–કાંઈ આરો જ દેખાતો નથી ? '

' પિતાજી તો કહેતા હતા કે સુચરિતાએ વચન પ્રમાણે તો સુદત્તવધૂ થવું પડે ! '

' મારું હૃદય ફાટી જાય છે, ચારુદત્ત ! '

' મારું પણ, મોટીબહેન ! આના કરતાં પ્રવ્રજ્યા શું ખોટી ? ન કોઈનો હક–દાવો પહોંચે, ન કોઈની આણ ચડે...'

' પછી...આનંદે કાંઈ કહ્યું ? '

' એ શું કહે ? આચાર્યના નિર્ણયને કોઈએ ઉથાપ્યો જાણ્યો છે ? '

' કાંઈ ન કહ્યું ? એક શબ્દે ન બોલ્યા ? '

' હું સારવારમાં હતો, મોટીબહેન. મેં સાંભળ્યું નથી. પણ જતી વખતનો એમનો ચહેરો જોયો હોત તો તમને ખબર પડત.'

' ત્યારે...પિતાજી તો સુદત્તના પક્ષે છે, ખરું ને ? '

ચારુદત્તને લાગ્યું કે સુચરિતાને તાવનું ઘેન ચડવા માંડયું હતું.

એણે આંખો દબાવી કહ્યું: ' તમે સૂઈ જાઓ.'

સુચરિતાએ હાથને ઝટકો મારી ખસેડયો ને અર્ધી બેઠી થઈ: ' પહેલાં એ કહેને કે પિતાજી પણ મને છોડી સુદત્તને પક્ષે ગયા છે ? '

' બહેન, એ તો તમારે પક્ષે છે.' કહી એણે એને પરાણે સુવાડી દીધી.

બીજે દિવસે એને જરા ઠીક હતું. આનંદની જયમાળ હાથમાં લઈ ફળિયામાં જોતી હતી. આત્રેયની સાથે આવેલા માણસો તંબૂ ઉખેડીને વીંટતા હતા. ગાડાંમાં સામાન ભરાતો હતો. મહાવતો કૈલાસ ને અદ્રિને લઈ જતા હતા. એના જીવનનો ઉત્સવ પણ આમ જ ત્રણ દિવસ ઉજવાઈ ને પૂરો થઈ ગયો? આ જ કૈલાસે નાખેલ પેલી પુષ્પમંજરી એ સ્વપ્ન હતું? 'ધન્ય છે! ધન્ય છે!' પોકારતો ચારુદત્ત—પોતાને કૂદી પડવાનું કહેતો આનંદ—એ બધા જ શું ગયા? ગત સ્વપ્નની જેમ એ ફરી આવશે જ નહિ કે ગત ઋતુની પેઠે ફરી એક કાળે એના જીવનમાં વસંત આવશે? કુસુમસૌરભ ને મદનશારિકાનાં કૂજનથી એનું વન શું ગાજી ઊઠવાનું કે? પેલી તૂટેલી વીણાના તાર ફરી એ વિશ્વના જાદુગરને હાથે સંધાઈ જઈ ઝણઝણી ઊઠવાના કે પેલા મરેલ મગરની જેમ એણે રંગવિહીન—રૂપવિહીન—સીમાહીન આકાશ સામે ડોળા ફાડી રાખીને જ જીવન વિતાવવાનું? તંબૂ શું ઊપડી જ ગયા? ફરી બજાર ભરાવાનું જ નહિ?

દૂરથી સુદત્તને આવતો જોયો. એ ધ્રૂજી ઊઠી. ચારુદત્તને બોલાવીને કહે: 'સુદત્તને કહે કે, 'બે દિવસ પછી આવીને જવાબ લઈ જાય.' સ્વાસ્થ્ય જોવા આવ્યો છું એમ કહે તો કહેજે કે, 'સારું છે.''

ચારુદત્તને પાછો જતો જોઈ નિશ્વાસ નાખીને કહે: 'આમ પહેલે જ દિવસે એને પાછો વાળી શકી હોત તો? આવો જ નિષ્ઠુર છતાં સ્પષ્ટ જવાબ આપી શકી હોત તો કેવું સારું થાત! બંને જણ વ્યથામાંથી ઊગરી જાત. હવે? બે દિવસ પછી તો એ આવીને ઊભો રહેશે—આ વખતે બંનેમાંથી એકેયને નવી વ્યથા ઊપજવાનું ન રહે, આશા—નિરાશા, આનંદ—કલહ કે સુખ—દુઃખના દોર પર ઝૂલવાનું જ ન રહે, તેવો જ અસંદિગ્ધ જવાબ આપવાનો રહેશે ને? પિતાએ તો અસંદિગ્ધ જવાબ આપી જ દીધો કે, 'જીવે તો સુદત્ત...' પછીનો શબ્દ વિચારવાને બદલે એણે જીભ કચરી... થવું જ પડે. હા, પણ જીવું તો ને? પિતાના ખંડમાં વિવિધ પ્રકારનાં વિષ પડ્યાં છે. એક લઈને જ સૂઈ જાઉં કે આનંદનેય વેદાય લીધા વિના ગયાનો પશ્ચાત્તાપ રહી જાય, ને સુદત્તનેય સ્પષ્ટ—જેમાં પૂછવાનુંય ન રહે તેવો—જવાબ મળી જાય.'

– અત્યારે ઘરમાં કોઈ નથી. ઠીક તક મળી હતી. એ ધીરે રહીને ઊઠી. વચમાં વચમાં ભીંતનો ટેકો લેતી પિતાના ઓરડામાં એ ગઈ. દેવદારુમંજૂષા ઉઘાડી. થોડીક ડબ્બીઓ તપાસી. એક ડબ્બી પર લખ્યું હતુંઃ 'કાલકૂટ.' હસતી હસતી મૂઠીમાં સંતાડી ઓશીકા નીચે સંતાડી દીધી.

'પિતાજીનેય સવારે ખબર પડશે—એય સજાના લાગના છે. જાણે મારી ભૂલ અક્ષમ્ય જ હોયને.'

થાકીને જરાક ઊંઘી ગઈ. ઊઠી ત્યારે એની બાજુમાં જ મહાકાશ્યપ બેઠા બેઠા પંખો નાખી રહ્યા હતા. સુચરિતાએ એક હાથે પંખો ઝૂંટવી લીધો એટલે મહાકાશ્યપે હસતાં હસતાં પોતાના ઉત્તરીયના છેડા વડે પંખો નાખવા માંડયો.

આ પિતા એ મરી જાય તેમ ઇચ્છે? એણે સહસા પૂછી નાખ્યું: 'હું મરી જાઉં એમ તમે ઇચ્છો છો, પિતાજી?'

'કેવું ગાંડા જેવું બોલે છે! તારા પિતા એક જંતુ પણ મરી જાય તેમ ઇચ્છે છે કદી?'

સુચરિતાને થયું કે એને કેમ યાદ ન રહ્યું કે પિતાથી કોઈનુંય દુઃખ જોયું નહોતું જતું? મરતી ગાયની પીડા જોઈનેય એમની આંખમાંથી પાણી પડી જતાં તે તે આવું બોલે?

'તો...તમે એમ ઇચ્છો છો કે મારે સુદત્તને પરણવું?'

'જરાય નહિ.'

'તો મારે શું કરવું?' એણે અકળાઈને પૂછયું.

'શાંત તો થા, પછી કહું.'

'કહો.'

'શાંત છે? મનથીયે શાંત છે કે?' સુચરિતાએ મનમાં મનમાં શાંતિમંત્ર જપ્યો. 'शान्तिरेव शान्ति!' પછી કહે:

'કહો!'

'મારી જેમ સંન્યાસી થઈ જવું. આશામુક્ત, ઋણમુક્ત, નિર્બંધ, નિર્દ્વંદ્વ!' કહી એ જ્ઞાનધારા વર્ષાવતી આંખે આંખો બંધ કરીને પડી રહેલી સુચરિતા તરફ જોઈ રહ્યા.

સુચરિતાને થયુંઃ કાલ ચારુદત્ત એ જ કહેતો હતો ને?–'મોટી બહેન, પ્રવ્રજ્યા લઈ લો ને! કોઈનો હક્ક–દાવો ન પહોંચે, કોઈની આણ ન પહોંચે.' પણ એ પ્રવ્રજ્યા હતી શું? આનંદનો વિચાર ન કરવો? ભૂતકાળની સાંકળ એકી ઝટકે તોડી! જ્યાં સંબંધ નથી, સ્નેહ નથી, કોઈનીય ચિંતા–કોઈનોય ભાર નથી એવા શૂન્ય અવકાશમાં સદાય ઘૂમ્યા કરવું? એના કરતાં તો કાલકૂટ શું ખોટું? એણે બે હાથે માથું ઢાંકી રડતાં કહ્યું.

'એ તો નહિ, પિતાજી! મારાથી એની માયા–સ્નેહ નહિ મુકાય!'

'મુકાશે મુકાશે–માયા તો મૂકવી જ પડશે. સ્નેહ નહિ છોડે ને વધારશે તોય ચાલશે, આર્યા ગૌતમીને તો યાદ કર, બહેન!'

આર્યા ગૌતમી? હા, એ પ્રવ્રજ્યા હજી શક્ય હતી. પુત્રસ્નેહે ભીનાં છતાં પુત્રસ્નેહે પરવશ નહિ, પતિપરાયણ છતાં પતિપરાધીના નહિ, સૃષ્ટિના સ્નેહમાધુર્યથી ભરેલાં છતાંય તિતિક્ષા, તપ ને વિશ્વંભરનિષ્ઠાથી રક્ષાયલાં ગૌતમીને પગલે પગલે ચાલવું એ જ એનું કઠિન કર્તવ્ય હતું. કાલ સવારે ઊઠીને સુદત્ત આવશે તો એ કયા મુખે કહેવાની હતી કે, 'ના, મેં વચન નથી આપ્યું?' અંગૂઠી બતાવશે તો થોડું જ એનાથી કહેવાવાનું હતું કે, 'નથી પાળતી વચન?' મહાકાશ્યપદુહિતાનું ગૌરવ સંન્યાસિની થવામાં જ હતું. આનંદ એનો પરલોકનો–પરભવનો સ્વામી થશે, પણ આ જન્મે તો રહેશે માત્ર એનો સહયાત્રી–જો એની ઇચ્છા હશે તો.

એણે હાથ ખસેડી સ્પષ્ટ–મૃદુ સ્વરે કહ્યુંઃ 'પિતાજી, ક્યારે પ્રવ્રજ્યા આપવી છે?'

મહાકાશ્યપ રોગદુર્બલ દીકરીનું માથું સૂંઘી, આંસુ લૂછતા બોલ્યાઃ 'ચિરસૌભાગ્યવતી થા, બહેન! આજે સાંજે જ.'

ચારુદત્તને બોલાવી સુચરિતાએ પોતાનાં વસ્ત્રાભૂષણો એક પેટીમાં

ગોઠવાવ્યાં. સુખડની એક નાનકડી પેટીમાં પેલી જયમાળ મુકાવી બાજુ પર રાખી. કોણ જાણે કોનેય બે હાથ જોડયા ને કહેઃ 'મારા પહેલાં તારે મળવાનું થાય તો એમને કહેજે કે પિતાજીએ પ્રવ્રજ્યા વખતે ચિરસૌભાગ્યવતી થવાનો આશીર્વાદ આપ્યો છે. સુચરિતા ભગવાનની થવાથી એમની મટી નથી એના ચિહ્નરૂપે ઘરમાંથી આ સુખડની પેટી જ લઈ ગઈ છું.'

ચારુદત્તને રડતો જોઈ કહેઃ 'વાહ વાહ! મારો ગુરુ થઈને તું જ રડે છે! પ્રવ્રજ્યાની વાત તો તેં જ મને યાદ આપી હતી?'

'મોટી બહેન, મેં તમને પ્રવ્રજ્યા અપાવી?'

'નહિ ભાઈ, મારી વિધાતાને ઇર્ષા આવી એટલે.'

ઠરાવેલ દિવસે સુદત્તે આવીને પૂછ્યુંઃ 'સુચરિતા ક્યાં છે?' ચારુદત્તે નિર્વાણગિરિ તરફ આંગળી ચીંધી.

નિરાભરણા, આગલાતમુંડિતા, ચીવરધારિણી સુચરિતાને જોતાં જ તેના પગ પૃથ્વી સાથે ચોંટી ગયા. કોઈકે જાણે મીઠા સ્વરે કહ્યુંઃ 'આવો સુદત્તભાઈ! મારી શક્તિ મુજબનું માગી લ્યો.'

*

ચારુદત્તે આનંદને વિસ્તારથી પત્ર લખ્યો. તેના જવાબમાં સંદેશો મળ્યોઃ 'સુચરિતા જેટલું ધૈર્ય મારામાં છે કે નહિ તે તો ભગવાન જાણે, પણ હું એની પાછળ જ આવું છું એમ જાણજે. એ માર્ગે આવતાં એ કે વિધાતા અટકાવશે તો ઝઘડો કર્યા વિના નહિ રહું. બાકી એ સુકેશીને આજે તો કેશવિહીન કલ્પી શકતો નથી. પ્રવ્રજ્યામાં એટલોય અવકાશ ન રાખ્યો?'

સુચરિતા વાંચીને હસી. પત્ર નીચે સાફ અક્ષરે લખ્યુંઃ

> यो हि दत्वा द्विपश्रेष्ठं कक्षायां कुरुते मनः
> रज्जुस्नेहेन किं तस्य त्यजतः कुञ्जरोत्तमम् ॥*

---

* અયોધ્યાકાંડ—રામાયણ

દીપનિર્વાણ

ખંડ ૨

શાકલનગરમાંથી આનંદ હરોવતી જવા નીકળ્યો ત્યારે એનું મગજ ચિંતાથી ભરેલું હતું. સુચરિતાની પ્રવ્રજ્યાએ એના હૈયામાં શૂળા પરોવ્યા હતા. પહેલી ક્ષણે જે ધૈર્યપૂર્વક સમાચાર સાંભળી લીધા હતા તેની જાણે એક એક કાંકરી ખરતી જતી હતી. શતદ્રુમાં ઊગતાં ગુલાબી કમળ જેવું એ સુષ્ઠુ મુખ જ્યારે જ્યારે એ માર્ગમાં કોઈ ભિક્ષુણીને જોતો ત્યારે એને ઠપકો આપતું હતું. નહિ સેંથામાં સિંદૂર હશે—અરે! કેશ જ નથી!—નહિ વીણા, નહિ વસ્ત્રાભૂષણો, નહિ એ મુક્ત મનનું હાસ્ય. અવનતમસ્તકે, અવસાદમ્લાનમુખે, ખિન્નમને એ શું જપતી હશે? આના કરતાં એને લઈને નાસી ગયો હોત તો શું ખોટું હતું? કઈ સિદ્ધિને ખાતર એ ને એની સુચરિતા આ મહાત્યાગ કરતાં હતાં? ગણકન્યાને શું એના સંગીની પસંદગીને પણ અવકાશ નહોતો? વંચક—ચોર— પિશુન સુદત્તને જ એણે પરણવું નહિતર એણે ભિક્ષુણી રહેવું એમ કોણે લખી આપ્યું હતું? હવે જ્યારે જ્યારે કષાયવસ્ત્રધારી સાધુ—સાધ્વીઓને જોતો ત્યારે એના હૈયામાં એક જાતની વરુવૃત્તિ જાગી ઊઠતી—થતું કે એ બધાં વસ્ત્રો ચીરી નાખું. એ ધર્મે એના પિતાને ઝૂંટવ્યા હતા, માતાને ઝૂંટવી હતી, એથીય ન ધરાતાં એની પ્રિયતમા—એના આનંદ-પ્રાણને ઝૂંટવી લીધો હતો. શું બગાડયું હતું એણે કે હોઠ સુધી આવેલો અમૃતનો પ્યાલો ઝૂંટવી લેતા હતા? થતું કે આ ઘડીએ જ રથ પાછો વાળું ને નિર્વાણગિરિ પર જઈ એને રથમાં નાખી દૂર દૂર કયાંક ચાલ્યો જાઉં—જ્યાં કોઈ જનપદ-સંચાર જ ન હોય: પંખીનાં ગાન, સરિતાનો કલરવ ને પ્રકૃતિના કાવ્યને

આશ્રયે બંને જણાં હૈયે હૈયું દબાવીને પડયાં રહીશું. પણ એવા વખતે તરત એની નજર સામે તેજ:પુંજસમા મહાકાશ્યપ એના માર્ગ વચ્ચે ખડા થઈ જતા, ને દૂરદૂર સૂકા પહાડોની વચ્ચે પડેલ એક વિશાળ સૈન્યના પડાવ તરફ આંગળી ચીંધી કહેતા :

'અરે સ્વાર્થી ! એક સુચરિતાના દુઃખે આટલો બધો ગળી જાય છે ને અનેક સુચરિતાને જન્મ આપતી આ ભૂમિને રોળવા આવતા અરિદળને થોભાવતી વખતે જ તારું હૈયું કાંઈ પીગળતું નથી ?' એ નિસાસો મૂકીને સ્વપ્નાંને દૂર હડસેલી આજુબાજુની દુનિયા જોવા માંડતો.

મોટા ભાગના લોકોને તો હજુ ખબર જ નહોતી કે પંચનદપ્રદેશ ઉપર સંકટનું વાદળ તૂટી પડવાની અણી પર હતું. કેટલાક ડાહ્યાઓ તો એમ જ કહેતા કે, મહાજેતા આલિકસુંદરને જ્યાં પાછું ફરવું પડયું હતું ત્યાં આ શકસરદાર તે શી વિસાતમાં ? આર્યોને દેવતાઓનું રક્ષણ હતું. એ અવગણીને જે આવશે તેનો એ દેવો જ બલિ લેશે. શાકલમાં એને એ પણ ખાતરી થઈ કે વાહિકપ્રદેશના રાજપુરુષોમાં પણ બે તડ હતાં— એક તડ મગધની રાજસત્તા સાથે મળીને રહેવા માગતું હતું ને બીજું તડ શક ને મગધ બેમાંથી એકે સત્તાની મદદ લેવા કે દેવાની વિરુદ્ધ હતું. આનંદ એવા રાજપુરુષોને કહેતો કે આપણે બધાએ એક થઈને જેમ એક કાળે આલિકસુંદરના ક્ષત્રપને કાઢી મૂકયો તેમ જ ફરી એક થઈએ તો શકો તેમ જ માગધો બંનેની ભૂલિપ્સાને બરાબર દંડી શકીએ.

સિંધુને પેલે કાંઠેથી તો નાનાં નાનાં યવન–રાજ્યો શરૂ થતાં હતાં. સિકંદરના વિજયમંદિરના રડયાખડયા અવશેષો જેવાં એ રાજ્યો આ અથવા પેલી તરફની પ્રબળ સત્તા ઉપર નભતાં.

આ કાંઠે આવેલ તક્ષશિલા નગરી પણ એવા પુરુષપુર રાજ્યને તાબે હતી. મૌર્ય સામ્રાજ્ય ખખડતાં તક્ષશિલા યવનોના હાથમાં ગયું ને ત્યાંનું સુપ્રસિદ્ધ વિશ્વવિદ્યાલય બંધ થયું. એના સુવિખ્યાત પંડિતો મધ્યદેશ– કુરુ–પાંચાલ કે અંગમાં પથરાઈ તક્ષશિલાનું સંભારણું રાખવા મથતા હતા. પણ શાસ્ત્રનિધિ ચૈલે અનેક જગ્યાએથી આદરભર્યાં આમંત્રણો આવતાં

છતાં તક્ષશિલા ન છોડયું. એક વાર તો ખુદ મહાકાશ્યપે પણ એમને શાકલમાં આવીને વસવા નિમંત્રણ આપ્યુંઃ 'શાકલસંતાનો તમારી વિદ્યાનું પયઃપાન કરવા આતુર છે.' ત્યારે એમણે કહ્યુંઃ ' વિદ્યાના અધિકારી તો અહીં પણ વિદ્યા શોધતા આવશે. અહીંની ભૂમિમાં જે સંસ્કારભંડાર વિદ્યાપીઠના આચાર્યો મૂકતા ગયા છે તેને સાચવતો આર્યોના સીમાન્ત પ્રતિનિધિ તરીકે હું પડયો રહીશ. '

વર્ષોથી એ તક્ષશિલામાં જ પડયા રહ્યા હતા. જેની નજર નીચે બબ્બે હજાર વિદ્યાર્થીઓ અધ્યયન કરતા તેની પાસે આજે રડયાખડયા પાંચ-દસ વિદ્યાર્થીઓ હતા. તોયે જાણે એક સહસ્ર છાત્રોને ઉપદેશતા હોય તેવી જ ચીવટ-ધીરજથી પ્રસન્નમને એ શીખવ્યે જતા હતા.

આનંદને ઘણા વખતથી એમને જોવાની ઇચ્છા હતી. મનમાં ઘણીયે વખત કાળયવનોની વચ્ચે દૃઢપણે ઊભેલા શૈલની કલ્પના પણ કરી હતી. કોઈક વાર અન્યની પેઠે થતું પણ ખરું કે યવનોની વચ્ચે કેમ કરીને આર્યોનાં પાવિત્ર્ય ને ઉજ્જવલતા સાચવી રાખ્યાં હશે? યવનોએ એમને કનડયા નહિ હોય? કેટલાક કહેતા એમ એમણે પોતાનો વિદ્યા યવનોને વેચી દીધી હશે? પણ આચાર્યે જ્યારે જ્યારે એમને સંભારેલા ત્યારે જાણે પુરાણકાળના પ્રાતઃસ્મરણીય કવિને સંભારતા હોય તેવા ભક્તિભાવે સંભારેલા, એટલે વિદ્યા વેચ્યાની કલ્પના તો આવીને ઊડી જતી.

જેમ જેમ આનંદ તક્ષશિલાની નજીક આવતો ગયો તેમ તેમ એનું મન શાસ્ત્રનિધિને નીરખવા તલપાપડ થઈ રહ્યું. તક્ષશિલા એને પતિવિહીના રાણી જેવી લાગી. ભગ્નગૌરવ, ઉદાસ, છતાં સુધૈર્યા મહિષીની જેમ શેષ સંપત્તિને સાચવીને એ બેઠી હતી. એણે પહેલી જ વાર યવનોને જોયા. એ એના ધાર્યા પ્રમાણે કાળા કે બર્બર નહોતા, એના જેના જ ગૌરવર્ણા ને સુડોળ આકૃતિવાળા હતા—હા, જરાક અભિમાનનો અંશ એમના હોઠ ઉપર દેખાતો, બાકી જંગલીપણાનું કાંઈ નિશાન નહોતું. લોકમુખે એણે બે શતક પહેલાંના આક્રમણની જે વાતો સાંભળી

હતી તે પરથી તો એને એમ જ હતું કે યવનો સૃષ્ટિમાં જે બધી કુરૂપતા, કુત્સિતતા ને કુઆચાર છે તેના પ્રતીકસમા હશે. વીર માલવો ને મૌચકર્ણિકોના આલિકસુંદરના યવનોએ કરેલ અમાનુષી સંહાર સાથે આ માનુષી રૂપ બંધબેસતું નહોતું.

એણે રથ ઊભો રાખી એક યવનને પૂછયું : 'શાસ્ત્રનિધિ ઐલનું ઘર કયાં ?'

પેલો પુરું સમજ્યો હોય એમ ન લાગ્યું, એટલે ફરી પૂછયું: 'છાત્રો જેની પાસે ભણે છે તે કયાં રહે છે ?'

'ઈલ્લાકસ કહેને, ઈલ્લાકસ ! અહીં ડાબે હાથે ગામ બહાર નીકળી જા, એટલે એ જ્ઞાનીનું જીમનશ્યમ આવશે.'

નગરના એ છેડા પર આવીને જોયું તો જાણે કોઈ વિશાળ વટવૃક્ષ ઝંઝાવાતમાં ભાંગી પડયું હોય તેમ ચારે બાજુ ભાંગેલા એક–બે કે કયાંક ત્રણ માળના આવાસો પથરાયા છે. ડૂબતા સૂરજનાં છેલ્લાં કિરણોમાં આ જનશૂન્ય વિદ્યાપીઠ જોતાં એના હૈયામાં વ્યથા ઊભરાઈ આવી. ચારે બાજુ ઘૂંટણસમું ખડ ઊગ્યું છે. માનવપદસંચારના ચિહ્નરૂપ એકાદ કેડીય દેખાતી નથી. એણે ધીમે ધીમે રથ હાંકયો. કોઈની દીવાલ પડી ગઈ છે, કોઈકનું છપ્પર તૂટી પડયું છે. ખંડમાં અહીંતહીં મૂર્તિઓ રઝળે છે. વિદ્યાર્થીનિવાસમાંથી થોડી થોડી વારે ચામાચીડિયાંનાં ટોળાં રાત્રિની સફર મારવા બહાર નીકળે છે. એકવાર ઘંટનાદ ને સાયંસંધ્યા તથા યજ્ઞના ધ્વનિથી ગાજતી આ વિદ્યાપીઠ ફરીથી શું એ આનંદપુણ્યનિકેતન નહિ બને ? કેવા કેવા આચાર્યોની પદરજ અહીં પડી હતી : આચાર્ય અગ્નિવેશ, આચાર્ય આસંગ, આચાર્ય વિષ્ણુશર્મા, ભગવાન પાણિની, ભગવાન પતંજલિની ચરણધૂલિ અહીં વેરાયલી હતી–કેવા કેવા એના શિષ્યો હતા: જીવક, એના પોતાના પિતા, એના ગુરુ મહાકાશ્યપ ને શાસ્ત્રનિધિ.

આ જગ્યાએ એ અભિમાનીની પેઠે જતો હતો ? એકદમ એ નીચે ઊતરી ગયો. ઘૂંટણપૂર ને કયાંક કેડે પહોંચવા મથતા ખડ વચ્ચે એણે

અશ્વોને દોરવા માંડયા. બાજુમાં જ એક વિશાળ સ્થંભ દેખાયો. એના પરની તકતી જોઈને વાંચ્યું :

'હે ચક્રવર્તી ! આ જગ્યાએ જ્ઞાનની અધિષ્ઠાત્રી, આજીવન બ્રહ્મચારિણી, સર્વવત્સલા સરસ્વતીનું ઉપાસનાસ્થાન છે, એટલે અહીંની શાંતિને અભંગ રાખવા માટે તારા સપ્તસિંધુઓનું જલ પીધેલા ઘોડાને અહીં બહાર જ વિશ્રામ દેજે. તારાં દેદીપ્યમાન અસ્ત્રશસ્ત્રોનો ભાર અહીં જ રથમાં ઉતારી નાખજે. ને તારા રાજવીમદમર્દનનો અહંભાવ અહીં જ મૂકીને આ અંતર્વેદીમાં પગ મૂકજે.'

સંવત્સરો પહેલાં થયેલી આ આજ્ઞાને યંત્રવત્ અનુસરી એણે ધનુષ્ય ને કૃપાણ રથમાં મૂકયાં ને આગળ વધ્યો. મેદાનમાં અહીંતહીં ઝાડોની છૂટક છૂટક ઘટાઓ હતી. ફરતા ઓટાઓ હતા ને એમાંથી ઈંટો ખસવા માંડી હતી. એને થયું કે અહીં બેસીને વેદાધ્યયન થયું હશે. સવિતા-નારાયણને અર્ઘ્યપ્રદાન થતું હશે. એને થયું કે યવનોએ કેવો ઉચ્છેદ કર્યો હતો !

દૂરથી ઘંટડી વાગવાનો અવાજ સંભળાયો. એને થયું : હા, આ ખંડેરોની પણ કોઈક પૂજા કરતું હતું ખરું. શાસ્ત્રનિધિ શા માટે અહીં પડયા હતા તે જાણે એને આ ઘંટડીએ સમજાવ્યું.

જે ગયું તેની સ્મૃતિ પણ ખોઈ બેસીએ તો વર્તમાન રહ્યો જ શું ? સ્મૃતિના અમરત્વ સિવાય સંસ્કૃતિ સંભવે શી રીતે ? એને થયું કે શાસ્ત્રનિધિ અહીં રહી માત્ર અવશેષોને સાચવનાર ભૂતકાળના પ્રતિનિધિ ન હતા, પણ કાલાતીત સંસ્કૃતિના સંગોપનકાર હતા.

એણે જઈને જોયું તો મેદાનની મધ્યમાં એક બહુ મોટુંય નહિ, છતાં નજરમાં ન વસે તેવું નાનુંય નહિ, એવું સુગઠિત મંદિર સ્તવનથી ગાજતું હતું. એ પાદત્રાણ બહાર મૂકી ઉપર ચડયો. સભામંડપ અનેક તૈલ-દીપકોથી ઝળહળી રહ્યો હતો, ને ગર્ભદ્વારની પાસે એક શ્યામવર્ણી રથદંડ-સમી ટટાર યુવતી હાથ જોડીને પ્રાર્થના કરતી હતી. આશ્ચર્યસહ મનમાં

કહ્યું: 'આ તો પેલી કેકયકન્યા કૃષ્ણા ! એક થંભ આડે ઊભા રહી ગર્ભ-દ્વારમાં જોયું તો મૂર્તિસ્થાને નથી બુદ્ધ, નથી શિવ, નથી મૈત્રાવરુણ. ત્યાં તો ગાંધારી કલાની અનુપમ કૃતિસમ ધવલવસ્ત્રધારિણી સુહાસિની વરદા સરસ્વતીની મૂર્તિ છે,ને ભીષ્મપિતામહસમો એક પ્રચંડ વૃદ્ધ એની આરતી ઉતારી રહ્યો છે.

બેમાંથી એકેયને મંડપમાં ત્રીજાના અસ્તિત્વનો ખ્યાલ જ નથી. દેવીની આરતી ઉતારીને વૃદ્ધ ધ્યાનમાં ચાલતો હોય તેમ બહાર આવ્યો. મંદિરના પ્રાંગણ પર ઊભા રહી ચારે દિશામાં પથરાયલા વિદ્યાપીઠના આવાસોની આરતી કરી જ્યારે ઉંબરા ઉપર આરતી મૂકી ત્યારે પેલી કન્યાનું ધ્યાન પૂરું થયું.

'આજે તારે ખૂબ મોડું થશે, પણ કાંઈ સરસ્વતીનો પ્રતિષ્ઠાદિન ઊજવ્યા સિવાય ચાલે ?' વૃદ્ધે એને પ્રસાદ આપતાં કહ્યું.

'ના રે ઐલદાદા ! હું તો આજે મારી બાને કહીને જ આવી છું કે આજ મંદિરમાં સૂવાની.' ત્યાં તો પડછાયો જોતાં જ કહ્યું, 'ત્યાં કોણ ઊભું છે ?'

આનંદ થંભની આડશેથી બહાર આવ્યો ને શાસ્ત્રનિધિને સાષ્ટાંગ-દંડવત્ કરી રહ્યો.

'કોણ અત્યારે ?' ઐલે આશીર્વાદ આપતાં પૂછ્યું.

ત્યાં કૃષ્ણા કહે : 'અરે ! આ તો આર્ય આનંદ ! તમે ક્યાંથી ?'

'બ્રાહ્મણક આનંદની તું વાત કરતી હતી તે ? આવ ! આવ ! કૃષ્ણાના વિજેતાને તો મારે બરાબર જોવો પડશે.' કહી એમણે આનંદના મોંને દીવાના પ્રકાશમાં આણ્યું ને સ્વયમેવ કહેવા માંડયા :

'વાહ ! શું મુખાકૃતિ છે ! લલાટની ભવ્યતા ! ને તારો હાથ લાવ તો જરી !' કહી હાથ પકડી આંગળાં તપાસી જાણે વેપારી તોળતા હોય તેમ હાથ તોળવા માંડયા : 'વાહ વિધાતા, વાહ !'

કૃષ્ણા મંદ મંદ હસતી હતી. અંગૂઠો જોતાં વૃદ્ધને એકદમ ગંભીર થઈ ગયેલો જોઈ કહે: 'કેમ એલદાદા!–અંગૂઠો આંગળી સાથે શોભતો નથી, ખરું? કાપી નાખવો પડશે કે?' આનંદને સમજાયું નહિ, પણ કન્યાનું હાસ્ય એવું મુક્ત ને ચેપી હતું કે તે પણ મંદ મંદ હસવા લાગ્યો.

'ના, પણ...અંગૂઠો...પણ...વિવાહ થયો છે કે?'

આનંદને થયું કે શાસ્ત્રનિધિમાં બહુ વખત આ નિર્જન એકાંતમાં રહેવાથી કાંઈક ઘેલછાનો અંશ આવી ગયો લાગે છે, એટલે હસતાં હસતાં કહ્યું:

'હા.'

થોડીવાર રહીને કહે: 'તું ખોટું કહે છે.'

'થયોય છે ને નથીય થયો.'

'ઠીક ઠીક, પ્રસાદ લઈને ચાલ ઘરમાં, કૃષ્ણા!' કહી એ આગળ થયા. પ્રાંગણના સ્થંભ પાસે મૂકેલ દંડ લીધો ને ધીમે ધીમે પગથિયાં ઊતરવા માંડયા. કૃષ્ણા એક દીપક લઈને આગળ ચાલતી હતી–એને જોતાં જ આનંદને સુચરિતા યાદ આવવા માંડી.

એણે અંદર જઈને મહાકાશ્યપનો પત્ર આપ્યો. શાસ્ત્રનિધિ તે વાંચીને કહે: 'તું ચાલીને આવ્યો?'

'ના ભગવન્! હું રથમાં આવ્યો.'

'રથ વિદ્યાપીઠની મર્યાદા બહાર રાખ્યો છે.' સાંભળીને કહે: 'જા, સત્વર લઈ આવ, હવે કયાં એવું રહ્યું છે?'

એ રથ લેવા ઊઠયો. કૃષ્ણા એની સાથે દીવો લઈને ચાલી.

'તમે શું ભણો છો?'

'હું?' એ ખડખડ હસીને કહે: 'મીંડું! એલદાદાની સારવાર કરું છું. પિતા મરી જતાં બા નિરાધાર થઈ પડેલી, ત્યારે બાને એમણે અહીં વાળવા–ચોળવાનું કામ આપેલું.'

'પણ આ શસ્ત્ર...'

'તેય કોઈ વાર ઐલદાદા બહુ હઠ કરું ત્યારે બતાવે, બાકી એમ ને એમ.'

'અહીં કેટલા જણ વિદ્યાભ્યાસ કરે છે?'

'કાલે જોજે, દસ–વીસ જણા આવે છે.'

ઘોડા બાંધીને એ પરવાર્યો એટલે ઐલે એને બધાના ખબર પૂછ્યા. ગણરાજ્યોનું બળાબળ જાણ્યું.

'સહેજે ત્રીસ સહસ્ર પદાતિ ને એકાદ સહસ્ર હસ્તીદળ નીકળે, પણ બંને બાજુએ કેવી રીતે લડી શકાય તેની ચિંતા છે. એક બાજુ મગધ-મહારાજ ને બીજી બાજુ શકસેનાપતિ.'

'શકસેનાપતિ સામે હસ્તીદળ નકામું. પુરુની ભૂલ હજી તમને સમજાઈ નથી લાગતી.'

'શું ભગવન્?'

'હયદળ–હયદળ વધારવું એ જ ઉપાય છે. હાથી એ અગતિક–અદોદળું–પ્રાણી છે. એ ભડકે ત્યારે આપણને જ મૂંઝવે.'

'મહાકાશ્યપે તો શકસેનાપતિ સામે આપના જ અભિપ્રાયને અનુસરવું એમ કહ્યું છે.'

'હં. તેં ઘણા દિવસથી આરામ નથી લીધો એટલે થોડા દિવસ રોકા. એ દરમિયાન હુંયે તપાસ કરાવું. પુરુષપુરમાં. આમ તો એ રાજદંડવિદ્યામાં હું નથી પડતો, પણ મહાકાશ્યપ જેવો આર્યશ્રેષ્ઠ દુર્લભ છે.'

'આપ ક્યાં સુલભ છો?'

'હું?' વૃદ્ધ ઐલ હસીને કહે: 'હું ક્યાં આર્ય જ છું! મને તો સૌ ત્યાં યવનક્રીત જ ગણે છે.'

'કોઈક અજ્ઞાની ગણતા હશે.'

'અજ્ઞાની શાના ? ભલભલા સમાજમાં એમ જ કહેતા હતા. એટલા માટે તો મારે કેટલી વાર ઝઘડવું પડયું.' કૃષ્ણાએ હોઠ ચાવતાં કહ્યું.

'પણ તું ઝઘડી શા માટે ? હું યવનક્રીત હોઉં કે ન હોઉં—આર્ય તો નથી જ.'

'એમ કેમ બોલો છો ભગવન્ ?'

'આર્યો તો હું આર્યક્રીત રહું ત્યારે જ આર્ય ગણે તેવા છે.'

'પણ મહાકાશ્યપે તો મને...'

'મહાકાશ્યપ ! એ તો મહાન છે. પણ મને આર્ય ગણાવાની હોંશ જ નથી.'

'અહીં આર્યો વિદ્યાભ્યાસાર્થે નથી આવતા તેથી આપને વિષાદ આવ્યો લાગે છે.'

વૃદ્ધ શાસ્ત્રનિધિ એની સામે જોઈ રહ્યા. પછી કહે: 'એમ પણ હોય. હું કેટલી બૂમો મારી મારીને થાકયો, કેટલાં કહેણો મોકલ્યાં, કહ્યું—આવો, અહીંનો ભંડાર સડી જશે, અહીંનું જ્ઞાન લૂંટાઈ જશે, પણ ન કોઈ રાજપુત્ર આવ્યો, ન કોઈ શ્રેષ્ઠીપુત્ર આવ્યો—કોઈ રાજાએ આ વિશ્વવિદ્યાલય સમરાવવા—સ્વચ્છ રાખવા—એક કાર્ષાપણ પણ ન મોકલ્યો.'

'પણ એમણે આપને કેટલાં આમંત્રણો મોકલ્યાં ?'

'હા, પણ હું શા સારુ અહીંથી હઠું ? સરસ્વતી એ રાજવીની દાસી નથી કે નથી પરીણિતા જે એને અનુસરે. એના પ્રદેશમાં જઈને વસું તો જ જે દ્રવ્યદાન કરે એવા નૃપતિઓ વાગીશ્વરીની ચરણધૂલિના પણ અનધિકારી છે.'

'પણ અહીં યવનોના રાજ્યમાં રહેવામાં પણ આપની પ્રતિષ્ઠા શું ? વળી એમના દ્રવ્યદાને મુખ્યત્વે યવનો જ અહીંયાં ભણે.'

'હું કોઈના રાજ્યમાં નથી રહેતો—અહીં તો સરસ્વતીનું રાજ્ય છે. બહારનાં રાજ્યો તો કંઈક બદલાશે, મને એ ગણવાનીય ફુરસદ નથી,

ને તમારા દ્રવ્યે યવનો ભણી જાય તેથી બળી શા સારુ ઊઠો છો । અહીં તો શતકોથી જ્ઞાનની પરબ માંડી છે–હરકોઈ તૃષાર્ત આવીને પી જાય. અહીં તો ચીની પણ ભણી ગયા–પાંડયો ને કિરાતો પણ ભણ્યા.'

'પણ અહીં તો લૂંટારા આવીને બધું છિન્નભિન્ન કરી નાખે, મધ્યદેશમાં તો પહોંચતાંય વાર લાગે.'

'ઠીક તેં વાત કાઢી–લૂંટારા આવશે તો લૂંટારાનેય હું તો ભણાવીશ.'

'પણ એ શાના ભણે? આનો સર્વનાશ જ નહિ કરે?'

'છતાં એ જ યવનો, તું જોઈશ કે, અહીં ભણવા આવે છે!'

'પણ કેટલા ઓછા?'

'છો ને ઓછા હોય, પણ...'

'એ તો યવનરાજ કહે છે કે વિશ્વવિદ્યાલય યવનાધિપતિને નામે કે આશ્રયે ચલાવો. દાદા એ સ્વીકારે તો હમણાં સેંકડો વિદ્યાર્થીઓ થઈ જાય.' કૃષ્ણાએ કહ્યું.

'ને આપ ના પાડતા હશો.'

'હા, મારી મા સરસ્વતી કોઈની અનુચરી થવા નથી જન્મી. હું એને નથી આર્યોની બનાવવા માગતો કે નથી યવનોની. એ તો સર્વ-વત્સલા છે, ને હું એનો ભક્ત, નથી આર્ય કે નથી યવન–હું માત્ર છું સારસ્વત.'

'પણ અહીં લૂંટારાઓ એને ક્યાં વિકસવા દે છે?'

'આર્યો પણ ક્યાં કમ છે? એય એમની વાડમાં માને પૂરવા ઇચ્છે છે. ને મારુંય એક સ્વપ્નું છે.' કહેતાં કહેતાં એમનું મોં ભવ્ય ને અપાર્થિવ બની ગયું. દૃષ્ટિમાં ઋષિની પારગામિતા દેખાણી. આનંદને થયું કે આટલો શ્રદ્ધાભરપૂર સ્વર કદી સાંભળ્યો નથી.

'અહીં આ ગાંધારપ્રદેશમાં જ જન્મીને ઘરડો થયો છું. બહારની આંખે ઝાંખપ આવી લાગે છે, પણ માની કૃપાથી અંદરના દીવા તો

ઝાકમઝોળ બળે છે. આ બધા જેને બર્બરો, અસુરો ને રાક્ષસો કહે છે તેને સહાયે આપણે નહિ પહોંચીએ તે તો તુંય જાણે છે. નહિતર સુરાષ્ટ્ર ને મીનનગર એમના હાથમાં ન હોત. તેમ જ એમનાથી આમ અભડાઈને ભડકીને પાછા ભાગશું તેય નહિ પોસાય. તેમને વશ કરવા પડશે. તેમને સંસ્કારવા પડશે. સહસ્રબાહુ જનાર્દનના એય હાથ છે–વાઢ્યે નહિ વઢાય, હું એને સંસ્કારીશ–એમ કરતાં હું એમની પાસેથી કાંઈક શીખીશ : જેમકે અશ્વવિદ્યા. શકો એ વિદ્યાના સ્વામી છે. ને પછી એને કહીશ–જા, તારે વિજયતૃપ્તિ કરવી હોય તો તારા ભાઈઓને કાપ. પણ અભેદ થયો હોય ત્યાં કોણ કોને મારે ?' કરી એ કાંઈ અવનવીન દૃશ્ય જોતા હોય તેમ દૂર તાકી રહ્યા. પછી કહે:

'બૌદ્ધોની જેમ જ આર્ય સંન્યાસીઓએ આ બધા સંસ્કારહીન–જાતિચ્યુત ભાવનાચ્યુત વર્ગની વચ્ચે જવું પડશે. લાખો સૈનિકોથી જે ભય ન ટળે તે ગણ્યાગાંઠ્યા શ્રમણો ને સાધુઓથી ટળે છે. ને વળી આપણે જ્ઞાનોપાસકને निस्त्रैगुण्ये पथिविचरतां को विधिः को निषेधः–જાતિ શું ને વર્ણ શું ? નહોતું તો નિઃસંકોચપણે લીધું–માગ્યું ને હતું તો આપી દીધું ને ચાલ્યા આગળ. આવા સંન્યાસીઓ પૃથ્વીપટે નહિ વિચરે ત્યાં સુધી વિજિગીષુ ચક્રવર્તીઓનાં રક્તાચર્ચિત રથનાં પૈડાં વડે જ કેડીઓ પડવાની.' કહી એ ઊઠીને પોતાના ઓરડા ભણી ચાલ્યા ગયા.

આનંદ મૂંગો મૂંગો ક્યાંય સુધી બેસી રહ્યો. કેવું ભવ્ય હતું એનું સ્વપ્ન ને કેવું સ્પષ્ટ દર્શન ! કેવી અતુલ શ્રદ્ધા ! એકલે હાથે એ સમગ્ર આર્યાવર્ત ઉપર ધસી આવતાં દળોને થંભાવવા ઊભો હતો. એની પડખે કોઈ નહોતું–નહોતું એના હાથમાં કોઈ અસ્ત્રશસ્ત્ર : માત્ર સરસ્વતીના વીણાનાદે એ તોફાની ગેંડા ને હાથીઓને વશ કરવાનો મનોરથ સેવતો હતો. ને એમ બનેય. જો એ બધા આર્ય જેવા જ સંસ્કારી બને તો લડવું શા માટે ? પછી તો કોશલનો પ્રસેનજિત હોય કે શકસરદાર મેનેન્દ્ર હોય તે સરખું જ છે. જે આર્ય થાય તેનો આર્યાવર્ત પર નભવાનો હક્ક નહોતો ? ખુદ એના પોતાના ગણમાં કૂકૂરગણુ તૂટતાં આભીરો આવીને નહોતા ભળ્યા ?

ગણરાજ્યમાં ઊછરેલા એને આ સારસ્વતપ્રયોગ પણ ગમ્યો. જાતિ–વર્ણનો પણ એકાધિકાર શા સારુ ? જ્ઞાન જ મારું સ્વામી–જ્યાં જ્ઞાન મળે ત્યાં મારું તીર્થ–મારી સ્વજાતિ.

એકતંત્રી સત્તાના વિરોધી વાતાવરણમાં ઊછરેલા એને આમાં કાંઈ અશક્ય–અયોગ્ય ન લાગ્યું. જ્ઞાનની દેવી માટે આ વિકટ પ્રદેશમાં લડી રહેલા આ શાસ્ત્રનિધિને એણે મનમાં મનમાં અનેક પ્રણામ કર્યા. જો કૃષ્ણાએ એને 'રાત બહુ ગઈ છે' એમ ન કહ્યું હોત તો એણે ક્યાંય સુધી વિચાર કર્યા કર્યો હોત.

સવારમાં ઊઠીને જુએ તો શાસ્ત્રનિધિ નાહી–ધોઈ મંદિરનાં પગથિયાં વાળી રહ્યા છે. કૃષ્ણા એને ઘેર ગઈ લાગે છે. 'લાવો, મને આપો ભગવન્!' એણે જઈને માગણી કરી.

'તું શૌચાદિથી પરવાર, મારો તો એ રોજનો વ્યવસાય છે.' આનંદે ઘણો આગ્રહ કર્યો પણ શાસ્ત્રનિધિએ સંમાર્જની ન જ આપી. 'ગ્રંથાલય ને આ દેવાલય બેની સુઘડતા રાખવાનો તો મારો પુણ્યાધિકાર છે. તે અધિકાર મેળવતાં તો તમને સૌને બહુ વાર લાગશે.' કહી એ બાજુના જ વિશાળ ભવનમાં ગયા.

આનંદ શૌચાદિથી પરવારીને ગયો તો એ વિશાળ ખંડ ગ્રંથોથી ભર્યો હતો. ઉપરથી તે તળિયા સુધી ફલકો પર ગ્રંથો ગોઠવ્યા હતા. શાસ્ત્રનિધિ માતા જે સાચવણથી સંતાનને સાફસૂફ કરે તેવી મમતાથી પુસ્તકોની ધૂળ ખંખેરતા, ઝાપટતા, કોઈને ફરીથી બાંધતા, કોઈનું વળી એકાદ પાનું વાંચતા ખંડમાં ફરી રહ્યા હતા. યવનપ્રદેશમાં કોણ અભ્યાસ કરવા જાય તે ગણતરીએ અહીં નહિ આવતા આર્યો પર એને ચીડ ચડી. અહીં જ્યારે આર્ય–સંસ્થાન હતું ત્યારે અન્ય જાતિના--અન્ય પ્રદેશના છાત્રો શું નહોતા આવતા ? યવનો આવતાં શું વિદ્યા પણ વટલાઈ ગઈ?

કૃષ્ણા ગામમાંથી દૂધ લઈને આવી ત્યાં સુધી આનંદે શાસ્ત્રનિધિને આ ગ્રંથભંડારને ગોઠવવામાં મદદ કર્યા કરી.

દૂધ લેતાં લેતાં એણે પૂછ્યું: 'ભગવન્ ! આ વિદ્યાભ્યાસ ને સંસ્કારિતા લીધા પછી શું આ મ્લેચ્છોનો ભય મટી જશે ?'

'મ્લેચ્છોનો મ્લેચ્છો તરીકેનો ભય મટી જશે, બાકી તો આર્યાવર્તના આર્ય રાજાઓ જેમ અંદર અંદર કલહ કરે છે તેવો કલહ અહમહમિકાનો તો આત્મસ્વરૂપ સૌ નહિ થાય ત્યાં સુધી રહેશે. સંસ્કૃતિનો કલહ મટશે, બાકી મને વિદ્યોપાસકને કોણ રાજા છે, કયા વર્ણનો કે કયા કુલનો, તેની કંઈ પડી નથી. કેવી સંસ્કારિતાવાળો છે તે જ હું તો જોઉં. ને એ સંસ્કારિતાનું આ મૂળ સ્થાન છે. અહીં ભણનાર સૌ સારસ્વત થાય તે મારું તો સ્વપ્ન.'

ને આનંદે એ જોયું કે મહર્ષિ ઐલનું એ સ્વપ્ન સાવ એળે નહોતું ગયું. એને ત્યાં વિદ્યા શીખવા આવતા દસ–વીસ વિદ્યાર્થીઓની જીવનચર્યા ને વિવેકવિચાર જોતાં એનો ઐલ પ્રત્યેનો આદર સહસ્રગણો વધી ગયો. એમાંના એક–બે કામ્ભોજના છે, એક–બે કેકયવાસી છે, બાકીના બધા યવનો છે. એણે એક યવન છાત્રને પૂછ્યું:

'તમારો ધર્મ કયો ?'

'સારસ્વત.'

'જાતિ ?'

'યવન.'

'તમારી જાતિ સાથે ધર્મ અથડાતો નથી ?'

'ના, કારણકે અમે જાતિને સર્વોપરી નથી ગણતા. જાતિ મારા જન્મનું–કુલનું લક્ષણ છે, ને સારસ્વતધર્મ તો મારા આંતરસ્વરૂપનું લક્ષણ છે.'

ઐલની જોડે એમાંનો એક વાત કરતો હતો:

'આપને અરસ્તુ કેવો લાગ્યો ?'

'સ્મૃતિરત્ન.'

'ફિલસૂફ નહિ ?'

'ના, વિદ્યાવારિધિ ખરો.'

'ને અફલાતૂન ?'

'ફિલસૂફ ખરો, પણ સાન્તમાં વધારેપડતી શ્રદ્ધાવાળો. તમારા બધા જ વિચારકો તંત્રમાં વધારેપડતી શ્રદ્ધા રાખવાવાળા દેખાય છે. જનચિત્તમાં જે અનંત મંગલ પડયું છે તેમાંથી ઊઠતી શ્રદ્ધાનો અવાજ અહીં જેવો નિર્ભય રીતે સંભળાય છે તેવો તેમાં નથી સંભળાતો.'

'તંત્ર પર તમને શ્રદ્ધા જ નથી ?'

'ના, અનંત પરની શ્રદ્ધામાંથી જે તંત્ર જન્મે તે તો મને વંદનીય લાગે છે, પણ તમે તો પહેલાં અમુક શુભાકાંક્ષા કે જેની સાથે જ એ તંત્રમાં ગોઠવનાર આણુ પ્રત્યે અશ્રદ્ધાનું બીજ પડયું છે તે આકાંક્ષાથી તંત્ર રચો છો. અમારા ઋષિઓ તો તંત્ર રચતા નથી, એ તો માનવ-ચિત્તને મઠારે છે, જાગ્રત કરે છે ને જાળાં કાઢી નાખે છે. પછી તંત્ર રચવાનું એને જ સોંપે છે. અમે કોઈ તંત્રના આશ્રિત થતા નથી.'

'ને સુક્રતુ ?'

'હા, એ ખરો. એ બરોબર અમારા બંધુસંઘનો. પણ ભાઈ, વાણી બહુ કટુ, અથવા તો એ કટુતાની મીઠાશ સમજવા જેટલો અધિકારે કોનો ? સંભવ છે કે અફલાતૂનનો પણ નહિ.'

આનંદે જોયું કે આ બધા વિદ્યાર્થીઓ અહીં સવારમાં આવે છે ને છેક સાંજે પાછા જાય છે. બપોરનું ભોજન તક્ષશિલાનો યવન વ્યાપારી સંઘ આપે છે. એ બધા વ્યાપારીઓ એમની પાસે પ્રસંગોપાત આવે છે. થોડાઘણા આર્યો જે અહીં રહ્યા છે તે પણ ઐલ પ્રત્યે સદ્ભાવ જ ધરાવે છે. યવનક્ષત્રપે તો ઐલને ઘણી વખત રાજ્યાશ્રય આપવા હા પાડી છે. પણ ઐલે દર વખતે એટલું જ કહ્યું છે: 'સરસ્વતીભક્તનું ગૌરવ ખોઈને મારે તંત્રની પણ મદદ ન ખપે. સરસ્વતીને રાજ્યલક્ષ્મીના બંદીખાને નાખીને કયા ભવે છૂટું ? વિદ્યાપીઠ કેવળ સરસ્વતીના ઉપાસકોની જ રહેશે.'

એની પાસે વિદ્યા લેવા આવનારને પણ એ ઉપાસક છે કે નહિ તેની કસોટી લીધા સિવાય પાસે બેસવા પણ દેતા નથી. આ બધા વિદ્યાર્થીઓ પણ રોજ સવારે આવી વિદ્યાલયના સારી હાલતમાં રહેલા આવાસોને હમેશાં જાણે વર્ગો ચાલવાના જ હોય તેમ વાળે છે, બગીચાને પાણી પાય છે, ફૂલો વીણી પુજા કરે છે, મેદાનમાંથી ખડ વાઢે–નીંદે છે. આ બધું ન કરનાર ઐલની પાસે ટકી શકતો નથી. ઐલ એમને શિલ્પ શીખવે છે. વૈદક ને ઉપરાંત જ્ઞાનચર્ચા તો સાંભળનારની કક્ષા મુજબ ચાલ્યા જ કરે છે.

આનંદે બીજે જ દિવસે જોયું છે કે અહીં જ્ઞાનનાં બારણાં ચારે દિશાઓથી ખુલ્લાં છે. યવન, ઋષિક, તુખાર હરકોઈ જાતિનું જ્ઞાન અહીં ગુરુ–શિષ્ય વચ્ચે ઠલવાય છે ને પછી એમાંથી જે તોલનમાં રહે તેટલું સર્વનું થઈ જાય છે. આમ તો તક્ષશિલાની એ પરંપરા છે, કારણકે તક્ષશિલાનું વૈદક આયોનિયન વૈદક, આર્યન વૈદક ને ઇરાનિયન વૈદકનો સંગમ છે. તક્ષશિલાની ગાંધારી કલામાં પણ તેમ જ ત્રિવેણીસંગમ થયો છે–જાણે આર્યાવર્તના સીમાદ્વાર પર બેસીને આર્યાવર્તનું અન્ય દેશો સાથેનું મિલન સ્વાભાવિક રીતે સાધી દેવું તે એનું અવતારકૃત્ય હોય એમ આનંદને લાગે છે.

આ સમન્વયકારી વિદ્યા ઐલ પાસેથી લઈ ને છેલ્લાં વીસ વર્ષમાં સો-એક વિદ્યાર્થીઓ આજુબાજુની પર્વતીય ઉપત્યકાઓમાં પાછા ચાલ્યા ગયા છે–અરે, શકસેનાપતિ મૈનેન્દ્ર પણ એમની પાસે બે સંવત્સર રહી ગયો છે એમ જ્યારે આનંદે કૃષ્ણા પાસેથી સાંભળ્યું ત્યારે તેનું મન નવીન આશાથી નાચી ઊઠ્યું.

એણે થોડા દિવસો પછી કહ્યું: 'ભગવન્ ! હવે હું અહીંથી નીકળું.'

'ભલે, કાલે તું પ્રસ્થાન કર. અને ત્યાં સુધી દૂરથી જ બધું નિરીક્ષણ કરજે. હમણાં તો હજુ એ શકસ્થાનમાં છે. એ અહીં પહોંચે તોય છ-એક મહિના થશે. તે દરમિયાન તો તું પાછો વાહિકપ્રદેશમાં પહોંચી ગયો હોઇશ.

જ્યાં ત્યાં કાંઈ આફત આવે તો મૈનેન્દ્રની સમક્ષ જઈને કહેજે કે, ઐલનો શિષ્ય છું, એટલે બહુ અંશે તો વિઘ્ન ટળી જશે. બાકી તો ઈશ્વરેચ્છા! ને પાછું મળવાનું ન થાય તો વાહિકવાસીઓને કહેજે કે શકો સાથે તલવારો—ભાલાં વતી લડવા કરતાં બૌદ્ધ સાધુ—સંન્યાસીઓ વડે જીતવા તે સહેલું છે. હં, ને જો, ખોટાં જોખમો આ ઋતુમાં ખેડતો નહિ.'

તે રાત્રે એ અશ્વોના પગ ચોળતો હતો ત્યાં કૃષ્ણા આવીને કહેઃ

'મને સાથે લઈ જશો?'

'તમને? મારી સાથે? શું કામ?'

'મૈનેન્દ્રને જોવો છે!'

'શકોને નથી જોયા?'

'શકોને જોયા છે, ને એનેય જોયો છે, પણ બહુ વર્ષ થયાં. થાય છે—મોટો સેનાપતિ થયો છે ને આર્યાવર્ત પર આક્રમણ કરવા મનસૂબો કરે છે તે પાણી માપી આવું.'

'મહર્ષિ ને તમારી માતા સંમત હોય તો મને વાંધો નથી. માત્ર જોખમ...'

'હું ઊલટી મદદરૂપ થઈશ, દાદાને પૂછી જોઉં.'

થોડી વારે દોડતી આવીને કહે: 'દાદાએ હા પાડી.'

બીજે દિવસે એ રથ સજ્જ કરતો હતો ત્યાં શાસ્ત્રનિધિ ઐલના નામની તપાસ કરતો એક સારથિ આવ્યો. પછવાડે રથમાંથી ઊતરીને ચારુદત્ત આવતો હતો.

'અરે!'

'અરે શું? દોડી દોડીને થાકી ગયો. ઠીક થયું કે મળ્યા, નહિતર ક્યાં ડુંગરામાં પત્તો ખાત?'

ચારુદત્તે ખબર આપ્યા કે મગધમહારાજ કુરુ—પાંચાલોની મદદ લઈને એક માસ પછી નીકળશે—કઠ સિવાયના ગણો ખસી ગયા છે.'

એ કેમ બન્યું ?'

'સુદત્તે બેસાડ્યા. એ જ મગધરાજને જઈને મળી ગયો છે. તમારો નિર્વાસનનો હુકમ પાછો ખેંચાઈ ગયો છે. તમે ગમે ત્યારે પાછા ફરી શકો છો. મોટી બહેને કહ્યું છે કે પાછા આવો, ને કાશ્યપભગવાને કહ્યું છે કે મૈનેન્દ્રનો તાગ લેતા આવજો–ત્યાંની ચિંતા ન કરતા.'

એણે સુદત્ત પર દાંત ભીંસ્યા, પણ મૈનેન્દ્રનો તાગ લીધા વિના પાછા જવાનું મન એને ન થયું. ને હજી મગધરાજ એક માસ પછી નીકળે ને વાહિકપ્રદેશમાં પહોંચતાં બીજા ત્રણ માસ જાય–યુદ્ધ શરૂ થતાં સુધીમાં તો એ આવી જશે.

'તું થાક ખાઈ, બે દિવસ મહર્ષિની સેવા કરીને પાછો જજે. હું વખતસર મૈનેન્દ્રને જોઈ આવીશ.'

'અહીંયાં કોણ પાછું જવાનું છે! મને તો તમારી સાથે રહેવાનું કહ્યું છે.'

'કોણે ?'

'મોટી બહેને.' કહી તે રથમાં જ ચડી બેઠો.

'મોટી બહેન તારાં ભગવાન લાગે છે!' કહી એણે અશ્વો જોડવા માંડ્યા.

'તારો રથ અહીં જ મૂકી રાખ, વળતી વખતે લેતા જશું.'

ચારુદત્તે રથ આશ્રમમાં મૂક્યો, ઐલને આ નવા સમાચાર આપ્યા ને રથમાં ચડી બેઠો.

'હાંકોને હવે!'

આનંદે કહ્યું: 'થોડી વાર છે.' એ કૃષ્ણાની રાહ જોતો હતો.

થોડી વારમાં ઐલની સાથે ઘરમાંથી એક જુવાન ગાંધારવાસી પેટી લઈને નીકળ્યો. પેટી રથમાં મૂકી ઐલને પ્રણામ કરી રથમાં ચડ્યો. ઐલે છેલ્લે કહ્યું : 'જોજે, તારો ગ્રહયોગ છે–તું એકલી નહિ હોય!'

ગાંધારયુવક હસી પડયો. ચારુદત્તને આશ્ચર્ય થયું કે મહર્ષિ કોને સંબોધીને બોલ્યા ?

'વૈદરાજ કયાંના છે ?' ચારુદત્તે રસ્તામાં પૂછયું. આનંદ હસ્યો, પણ કૃષ્ણાએ ગંભીર સ્વરે કહ્યું:

'હું અહીંનો જ છું, ને હવે પુરુષપુર વ્યવસાયાર્થે જાઉં છું.'

ચારુદત્ત પણ વૈદકનો શોખીન હતો એટલે જુવાન વૈદરાજ સાથે એણે ઘણીયે વાતો રસ્તામાં કર્યા કરી. વૈદ્ય પણ અનુભવી ને જ્ઞાની લાગ્યા, કારણકે રસ્તામાં ઘણીયે વાર રથ ઊભો રખાવી, વિવિધ છોડો ઉપાડી, રથમાં બેઠા બેઠા એના ગુણદોષો એ ચર્ચી બતાવતા. તક્ષશિલાના આયુર્વેદ-શાસ્ત્રનો ગ્રંથભંડાર એણે ઉખેળી નાખ્યો લાગ્યો. રથ તથા અશ્વો હોડીમાં ચડાવી સિંધુ પાર કરી. જોકે જુવાન વૈદરાજે તો અશ્વોની પીઠ પર ચડીને નદી પાર કરવાનો બહુ આગ્રહ કર્યો, પણ આનંદે પાણીનો પ્રચંડ મારા જોઈને ચોખ્ખી ના પાડી દીધી. પેલે કાંઠે ઊતર્યા પછી ચારુદત્ત કહે : 'ચાલો, સિંધુમાં સ્નાન કરી લઈએ.'

આનંદે હા પાડી, પણ જુવાન વૈદરાજ કહે : 'તમે નાહી આવો ત્યાં હું અશ્વોને આટલામાં ચરાવી લઈશ.' આનંદે 'ભલે!' કહ્યું, પણ ચારુદત્તને એ મિત્ર વિના નાહવું ન ગમ્યું એટલે એ આગ્રહ કરવા લાગ્યો તેમ તેમ યુવકે શરદી, અનિચ્છા એવાં બહાનાં કાઢવા માંડયાં. છેવટે ચારુદત્ત એને ધક્કો મારવા જતો હતો ત્યાં ખેંચતાણમાં માથાની પાઘડી પડી ગઈ ને કૃષ્ણાના લાંબા વાળ નાગફણાસમા ખભા પર ઝૂલી રહ્યા. ચારુદત્ત તો આભો જ બની ગયો, પણ કૃષ્ણા હસતી હતી :

'ધન્ય છે માલવજનની પરીક્ષણશક્તિને !'

'હજુય નથી ઓળખતો ? કૃષ્ણા, સમાજમાં જે રથસ્પર્ધામાં ઊતરેલ તે !' આનંદે કહ્યું.

'મને ક્ષમા કરજો, કૃષ્ણાબહેન !' ચારુદત્તે ગળગળા થઈને કહ્યું. એણે આયુભરમાં કદીય કોઈ સ્ત્રી સાથે ધક્કાધક્કી કરી નહોતી.

નાહીને રથમાં બેસતાં આનંદ કહે :

'ચારુદત્ત સ્ત્રીઓથી બહુ બીએ છે !'

'કેમ, કોઈએ ડંખ માર્યો છે કે ?'

'હું તો ભગવાન તથાગતને પ્રતાપે બચ્યો છું, પણ બીજાને મારેલા ડંખ જોયા તો હોય ને ! પૂછો અમારા આનંદભાઈને !' એણે હસીને કહ્યું.

'ચારુદત્ત તો આજીવન સાધુ છે.' આનંદે બંધ વાળ્યો.

૨

એમણે પુરુષપુર વટાવ્યા પછી આર્યાવર્ત છોડયો હોય તેમ લાગ્યું. ચારે બાજુ પાર્થવો ને યવનો જ દેખાતા. મૈનેન્દ્રની વાતો પણ લોકો કરતા હતા. કોઈ કહેતા કે એણે શકસ્થાન છોડી દીધું છે ને હરૌવતી તરફ આવે છે. એની સાથે વીસ સહસ્ર તો અશ્વારોહીઓ છે. પાર્થવોને એણે સંહાર્યા ને યવનોનો સંહાર કરી એ આર્યાવર્તમાં આવવાનો છે. પાર્થવોને કેમ સંહાર્યા તેનું પણ લોકોના રોમાંચ ખડા થાય તેવું વર્ણન કરતા.

પુરુષપુર પછીનો આખો પ્રદેશ ડુંગરાળ હતો. અનેક નાના મોટા ડુંગરાઓ પથરાયા હતા. ભાગ્યે જ રસ્તો અરધો કોસ પણ સપાટ આવતો. નદી—નાળાં ને ડુંગરા—ખીણ જોઈ આનંદે રથ એક ગ્રામીણને સોંપ્યો ને અશ્વારોહી થઈને તેઓ જમણે ચાલ્યા.

આ પ્રદેશમાં રહેનારામાં આવતી ચડાઈમાં કાંઈ ભય દેખાયો નહિ. તે લોકો તો જાણે આવી ચડાઈઓથી ટેવાઈ ગયા હતા. કેટલાય યવનો ને પાર્થવોએ આ રસ્તે થઈને કૂચ કરી હતી—કોઈ વાર પાછા ભાગી જતાંય જોયા હતા ને કોઈ વાર એમના જ ધણીરણી થઈ પડતા. એ પ્રકૃતિપૂજકોને ખાસ કાંઈ ધર્મ હોય તેમ દેખાયું નહિ. કોઈક વાર રડયો-ખડયો બૌદ્ધ સાધુ દેખાતો.

સ્વાત નદી વટાવ્યા પછી એમને ખબર પડયા કે મનેન્દ્ર પંજશિર નદીની ખીણ સુધી પહોંચ્યો હતો ને પુરુષપુર કુસુમગ્રામ તેમ જ અન્ય નાનાં રાજ્યોના યવનક્ષત્રપો એની સાથે સલાહ કરવા ભેટો લઈને ગયા હતા. કૃષ્ણા સાથે હોવાથી એમને કોઈએ અટકાવ્યાં નહિ. પુરુષપુરના

સુપ્રસિદ્ધ વૈદરાજ તરીકે એ વાહ્લિકપ્રદેશના બે રાજપુરુષોને મૈનેન્દ્રની પાસે જ વાટાઘાટ માટે લઈ જતી હતી એવી સીધી વાત એ કોઈ શક ગુપ્તચર મળતો તો કહેતી.

પંજશિરની ખીણથી બે–એક દિવસની મજલ પર રહ્યાં એટલે એમનો વિચાર હવે અહીં જ રહીને આજુબાજુ ફરીને મૈનેન્દ્રના લશ્કર વિષે ભાળ કાઢવાનો હતો. કૃષ્ણાએ વૈદું શરૂ કર્યું ને આનંદ તો સાધુના ઉપાસકની જેમ રહ્યો. ગામ ખીણના મુખ આગળ જ હતું. પંજશિરની ફળદ્રુપ ખીણનો વ્યવહાર આની મારફત થતો. ફળફળાદિનું મોટું બજાર ભરાતું. મૈનેન્દ્રના લશ્કરના માણસો કોઈ કોઈ વાર એ લાલચે અહીં સુધી આવી ચડતા. અહીં એમણે પહેલવહેલાં શક સૈનિકોને જોયા. તેઓ જંગલી ઘોડા પર સવાર થઈ ને આવતા. જેવા એમના ઘોડા જંગલી હતા તેવા જ પોતે હાથમાં લાંબો ભાલો ને કેડે મોટી ફરશી લટકાવીને ફરતા. પછવાડે મોટી ઢાલ ને તીરનો ભાથો રહેતો. ઘોડાના જીન સાથે ધનુષ્ય બાંધી રાખતા. આનંદે યવનો વિષે સાંભળ્યું હતું તે તો સાચું નહોતું નીકળ્યું, પણ શકો વિષે જે સાંભળેલ તેમાંનું બહુ ઓછું ખોટું નીકળ્યું. તેમનાં મોં–દાઢી એવાં જ વિકરાળ હતાં. જડબાં વાનરની જેમ પહોળાં બેઠેલ હતાં. પગના નળા લાંબા ને કપાળ ટૂંકાં હતાં. સૈનિક કરતાં વધારે તો એ લૂંટારાના નામને યોગ્ય હતા. ધાડપાડુની પેઠે ગમે તે ગામ પર એ તૂટી પડતા. લોકો જો લૂંટ ને અત્યાચાર સહન કરી લેતા તો કામ પૂરું થયે ચાલ્યા જાય. પણ સામા થવા જાય તો માર ને આગ વતી ગામ આખું સાફ કરીને જતા. મૈનેન્દ્રની પાસે આવા ૮૦ હજાર યોદ્ધા હતા. એમાં વીસ હજાર અશ્વારોહી ને બાકીના પાયદળ તેમ જ તીરવાહી હતા.

એક દિવસ ચારુદત્ત અને આનંદ બહાર ગયા હતા ને કૃષ્ણા ઘરના બારણા ભીડી અંદર નાહતી હતી. એવામાં ખુમરાણ સંભળાણી. લોકો નાસભાગ કરવા લાગ્યા. શક–ઘોડેસવારોની દોડાદોડી સંભળાણી. એ ઝટ-ઝટ નાહી પુરુષનાં લૂગડાં પહેરવા જતી હતી ત્યાં બારણા પર ભાલાંનો થડકારો સંભળાયો.

અંગરખું પહેર્યું—ન પહેર્યું ત્યાં તો બારણા પર કુહાડીના ઘા થયા, ચિરાયું ને પાણીનાં મોજાં પેઠે શક-સવારો ધસી આવ્યા. આજુબાજુના ઓરડામાંની સામગ્રી લૂંટવા માંડયા. કૃષ્ણા ગભરાણી. એનાં ધનુષ્યબાણ પાસેના ખંડમાં હતાં, પાઘડી પણ ત્યાં જ હતી–ત્યાં તો ટુકડીના નાયક જેવો દેખાતો શક અંદર આવ્યો. છૂટા વાળ જોતાં જ સમજી ગયો કે પુરુષવેશમાં આ સ્ત્રી જ છે. કૃષ્ણા ઠેકડો મારીને બહાર કૂદવા જાય ત્યાં વાળ ઝાલીને એણે એને પકડી લીધી. કૃષ્ણાને ખેંચતો એ અંદરના ઓરડામાં ચાલ્યો. કૃષ્ણાને એકાએક સૂઝયું.

‘ પણ પેલા તમારી સાથેવાળા બધું સુવર્ણ લઈ લેશે. હું કયાં નાસીને જવાની હતી ? ’

‘ કયાં છે ? કયાં સંતાડયું છે ? કહી દે ? ’ પેલા પશુએ કટાર કાઢી. એની સુવર્ણભૂખ પણ ઓછી નહોતી.

‘ ચાલો મારી સાથે. ’ કહી એ બહાર આવી. ફળીમાં આવેલ કૂવા પાસે આવી કહેઃ ‘ તમારા લશ્કરની બીકે બધું સુવર્ણ આ કૂવાના સામેના ગોખલામાં મૂકી રાખ્યું છે. ’

‘ કયાં ? ’ કહેતો પેલો નાયક કૂવામાં જોવા ગયો તે સાથે જ ‘ ત્યાં ’ કહી કૃષ્ણાએ એને પગ ઝાલીને કૂવામાં ધકેલી દીધો ને દોડતી નાહતી હતી તે જ ઓરડામાં નાયકનો ભાલો હતો તે ઊંચકી ઉપરના માળે ચડી ગઇ અને બારણાં ભીડી દીધાં. એને આશા હતી કે ચારુદત્ત ને આનંદ આવશે ત્યાં સુધી કોઈ રીતે ટકી જઈશ. કૂવામાં પડેલ નાયકની બૂમો સાંભળીને લૂંટફાટમાં પડેલા સૈનિકો બહાર આવ્યા, નાયકને દોરડે બાંધીને બહાર કાઢયો ને આ હાલહવાલ થવાનું કારણ પૂછયું. કારણ સાંભળીને પેલા તો હસવા માંડયા, પણ નાયકના મોઢા પર ગુસ્સો ભાળી ‘ એ જાદુગરણી કયાં ગઈ ? ’ કહેતાં શોધવા નીકળ્યા. નીચેનું તળિયું જોઈ વળ્યા પણ ત્યાં એ નહોતી, ને ઉપરનું બારણું વાસેલું જોતાં સમજ્યા કે ત્યાં જ હશે, એટલે ધીમે ધીમે એક પછી એક સીડી પર ચડવા માંડયા.

કૃષ્ણા મૈનેન્દ્ર જોડે નાનપણમાં રમી હતી. મૈનેન્દ્રના પિતાએ એની યવન માતાના આગ્રહથી એલ પાસે મૂકેલો ત્યારે એ ચૌદ વર્ષનો હતો ને કૃષ્ણા બાર વર્ષની. પોતાના કુટુંબ–કબીલાથી છૂટા પડેલા બાળકની આ બાલિકાએ ખૂબ સ્નેહ–સંભાળ લીધી હતી. અંતેવાસ પૂરો કરીને જ્યારે મૈનેન્દ્ર ગયો ત્યારે કહેતો ગયેલો કે, 'કૃષ્ણા, તને નહિ ભૂલું.' એ વેણુની યાદે આજ દસ વર્ષે એ મૈનેન્દ્રને જોવા, જૂની ઓળખાણ છે કે નહિ તે તપાસવા, ને એ દાવે બનતું હોય તો આક્રમણ રોકવા આવી હતી. પણ એના સૈનિકો જોતાં એને મૈનેન્દ્ર પર ઘૃણા આવી.

શકને ગમે તેટલો સંસ્કારો તોય મૂળ સ્વભાવ કાંઈ જાય? આનો સરદાર થઈને બેઠો છે! એનું ચાલે તો આમાંના એકએકને એ તીરે વીંધી નાખે. કેટલાં ગામો આ હેવાનોએ ઉજ્જડ કર્યાં હતાં!

પેલો સૈનિક ઉપર ચડી રહે તે પહેલાં જ એ મેડી પરથી અંદર જવાનો બીજો દાદરો ઉઘાડી ખંડમાં જઈને પોતાનું ધનુષ્ય, ભાથો તથા શિરપેચ લઈ આવી ને પેલો નાયક, જે હજુ પોતે પીધેલ પાણી ઓકયા કરતો હતો, તેની આજુબાજુ ઊભેલ ટોળામાંથી બેને વીંધ્યા. 'બાપ રે!' કરતા બીજા ભાગ્યા. સીડીના છેલ્લા પગથિયા સુધી આવેલ સૈનિક પણ ભડકીને નીચે ગબડી પડ્યો ને ગબડતો ગબડતો બીજા એક–બેને પણ લેતો ગયો.

સૈનિકોએ એક સાથે બારી પર તીર વરસાવ્યાં. કૃષ્ણા ખસી જતાં બધાં અંદરની દીવાલ સાથે ભટકાઈને પાછાં ફર્યાં. ઊભા થવામાં તો ક્યારે બાણ વીંધી નાખે તે નક્કી નહોતું એટલે ગબડતાં ગબડતાં બીજી બારી પાસે જઈ એકને વીંધી નાખ્યો ને વળી ભોંયે પેટભેર ચાલતી ત્રીજી બારી પાસે પહોંચી. નાયકને હવે જરાક ઠીક થયું હતું. એ કહે: 'આમ એ ડાકણી હાથ નહિ આવે. અંદરની ને બહારની બેય સીડીએ એકી સાથે ચડો.' કૃષ્ણાએ પણ એ સાંભળ્યું. એણે બહારની સીડીનું બારણું બરાબર ભીડયું ને ઓરડામાંથી આવતી સીડીના દાદરે જઈને ઊભી. સૈનિકો

હુમલાની તૈયારી કરતા હતા ત્યાં નવા સૈનિકો સાથે બીજો નાયક આવ્યો. એ વધારે નબળો હતો. એની સાથે કેટલાક કેદીઓ પણ હતા. ચારુદત્ત અને આનંદ પણ રસ્તામાં આવતાં પકડાઈ ગયા હતા. એ બંને મામલો સમજી ગયા અને પકડનાર નાયક પાસે જઈને નમનતાઈથી સમજાવ્યું કે બાઈ આ પ્રદેશમાં મશહૂર રૂપવતી હતી. એને જીવતી પકડીને લઈ જશો તો મૈનેન્દ્ર ખુશી થશે. આમાં તો બાઈ મરી જશે ને સિપાહીઓ થોડા ઓછા થશે. એણે કહ્યું, 'તું સમજાવ.' નાયકે સિપાહીઓને થોભવા કહ્યું. આનંદે આગળ જઈને હાક મારી: 'કૃષ્ણા !' કૃષ્ણા આનંદને જોઈ હસી પડી. 'તમે પણ ઝપાટામાં આવી ગયા !' આવી કટોકટીની સ્થિતિમાં પણ એ હસતી હતી.

'હવે ઊતરી આવો—મૈનેન્દ્રની ભેટ આવી રીતે થવાનું લખ્યું હશે.'

રાજવંશીની છટાથી એ ખભે ધનુષ્ય-બાણ ને હાથમાં ભાલો લઈને ઊતરી. પેલો નાયક એની પાસેથી હથિયાર આંચકવા જતો હતો ત્યાં ભાલાની અણી તાકી 'દૂર રહેજે' કહી નવા આવેલ નાયકને ભાલો તથા બાણ-ભાથો સોંપ્યાં.

ગામમાંથી પકડેલા બીજા કેદીઓનાં રોતાં સ્વજનોની મશ્કરી કરતા સૈનિકો એમના પડાવ તરફ વળ્યા. રાત એકાદ ગામમાં રોકાઈ સવારે પડાવ-સ્થાન પર પહોંચી ગયા. નદીની એક શાખાને કાંઠે વિશાળ છાવણી નાખી હતી. સફેદ તંબૂઓનું જાણે શહેર વસ્યું હતું. કેટલાક સિપાહીઓ ઘોડા ખેલવવા નીકળ્યા હતા, કેટલાક તડકામાં લાંબા થઈને સૂતા હતા, થોડાક નદીમાં તરતા હતા, થોડાએક ટેકરી પર તીરંદાજી કરતા હતા. રસ્તાની બંને બાજુએ અશ્વારોહીઓને ભાલાં સાથે ખડે પગે રાખ્યા હતા. એક-બે અશ્વારોહી ટુકડીઓ આજુબાજુના પ્રદેશમાં રંજાડ કરવા નીકળતી હતી. આનંદને હાથી ક્યાંય નજરે ન ચડયો.

હયદળનો પાર નહોતો. અશ્વો પણ એને ત્યાંના જેવા ઊંચા ને સોહામણા નહોતા, પણ એમના સવારના જેવા જ બેડોળ છતાં ખડતલ દેખાયા.

કેટલાક સૈનિકો તો એના ઉપર ઊભા રહીને ભાલો ફેંકવાની તાલીમ લેતા હતા. આખી છાવણીમાં ક્યાંયે સ્ત્રીજાતિ નજરે ન પડી. એક બાજુ અનાજનાં ગાડાં પડયાં હતાં.

સામાન્ય સૈનિકોનો પડાવ વટાવીને તેઓ નદીકાંઠાની એક મોટી ભેખડ પર આવ્યાં. ભેખડ નાના ચોગાન જેવી હતી, એના પર વધારે સુઘડ એવા થોડાક તંબૂઓ હતા ને છેક ભેખડને કાંઠે, જ્યાંથી નીચે વહેતી નદીમાં ભૂસકો મારી શકાય તેમ હતો, તે જગ્યાએ અન્ય કરતાં સહેજ મોટો છતાં બીજા કરતાં જરાય વિશેષ ભભકા વગરનો એક તંબૂ હતો ને તેમાં શકજાતિનો દીપડાના ચટાપટાવાળો ધ્વજ ફરકતો હતો. આખા ચોગાન ફરતો સૈનિકોનો કોટ હતો. આનંદ-કૃષ્ણાને લાવનાર નાયક આગળ ગયો ને રક્ષકોના ઉપરી સાથે થોડી વાતચીત કરી, એટલે રક્ષપાલ અંદર જઈ રજા લઈ આવ્યો. ગામમાંથી પકડેલા કેદીઓને ત્યાં જ બેસાડી આ ત્રણ જણને અંદર લીધાં.

ચોગાનમાં એક ઘુંમટ જેવા આકારના ચિનારવૃક્ષ નીચે જાજમ પાથરીને એકાસને આઠ-દસ જણા બેઠા હતા. એની આજુબાજુ પાંચ-સાત વરુ જેવાં કૂતરાંઓ ચુપચાપ લેટયાં હતાં. પોશાકમાં ખાસ વિભિન્નતા નહોતી. સૌએ ઘેટાના ચામડાના કોટ પહેર્યા હતા, રૂંછાંવાળી વાંકી ટોપીઓ ઓઢી હતી, કેડના પટ્ટામાં ટૂંકી તલવારો ખોસી હતી. શક-સેનાપતિ વયે જુવાન છે એ જાણતા ન હોય તો મૈનેન્દ્રને પોશાક પરથી ઓળખી કાઢવો કઠિન હતો. આનંદે ધારેલું કે અહીં તો ડંકા-નિશાન વાગતાં હશે, હાથીઓ ઝૂલતા હશે, કદાચ મદિરાની પ્યાલીઓ પણ ફરતી હશે; પણ અહીં તો સાવ સાદાઈ અને કડકાઈ જોઈ. અત્યારના પહોરની ઠંડીમાં કેટલાક નદીમાં તરવા પડયા હતા. તંબૂઓ પર નહોતું રેશમ કે જરિયાન. અહીં સેનાપતિને બેસવા નહોતું સિંહાસન. એક સાધારણ આર્યના ઘરમાં હોય તેવી સાદડી પાથરીને સૌ બેઠા હતા. એ બધા સરદારોના તંબૂ ને સૈનિકોના નિવાસ વચ્ચે ફેર માત્ર એટલો જ હતો કે સૈનિકોના તંબૂઓ કાણાંવાળા હતા જ્યારે આ બધા તંબૂઓ સુઘડ દેખાતા હતા.

આવનાર નાયક જોડે વાત કરનાર યુવક સરદાર તરફ એનું ધ્યાન ગયું. બીજાના કરતાં એ કાંઈક ગોરો હતો. એની આંખ તીક્ષ્ણ અને નાક ફારસીઓના જેવું માપસર હતું. એ એની યવન માતાનો વારસો હશે—આનંદે ધાર્યું. એના અવાજમાં પ્રતાપ હતો કે મિજાજ તે એ નક્કી ન કરી શકયો, પણ મૈનેન્દ્રના મોઢા પર ક્રૂરતાની છાપ બિલકુલે નહોતી એ એને નવાઈ જેવું લાગ્યું. એની જેમ જ બીજું એક જણ મૈનેન્દ્ર તરફ ટીકી ટીકીને જોઈ રહ્યું હતું તેની તેને ખબર નહોતી. કૃષ્ણા આજના મૈનેન્દ્રને દસ વર્ષ પહેલાંના મૈનેન્દ્ર સાથે સરખાવી રહી હતી.

એ પેલા નાયકને ચારુદત્તનાં પીળાં વસ્ત્રો જોઈ કહેતો હતો: ‘ આમને શા સારુ પકડયા ?’ ને પછી કૃષ્ણા તરફ આંગળી ચીંધી કહે:

‘ આ સ્ત્રી છે એમ તું કહે છે ?’

‘ હા મહાક્ષત્રપ ! એ સ્ત્રીએ જ આપણા સૈનિકોને વીંધી નાખ્યા. ખાતરી ન થતી હોય તો એનો શિરપેચ ખેંચી લઉં.’

મૈનેન્દ્રે માથું હલાવી હા પાડી એટલે પેલો આગળ વધ્યો. ત્યાં કૃષ્ણાએ પડખેના અસાવધ સૈનિકનો ભાલો આંચકી નાયક સામે તાકયો: ‘ ત્યારે તો બચી ગયો, હવે બચશે નહિ.’ કહી પોતાના હાથે જ શિરપેચ ઉપાડી સમુદ્રમાંથી પ્રગટતી ઉષા જેમ માથું હલાવ્યું. લાંબી વેણુ ખભા પર સરી પડી. પછી મૈનેન્દ્ર તરફ તિરસ્કારભરી નજર ફેંકી શુદ્ધ આર્ય કંઠસ્વરે કહ્યું: ‘ આર્ય સ્ત્રીઓનો સ્પર્શ કરવો સહેલો નથી.’

સૈનિકો એની પાસેથી ભાલો આંચકવા જતા હતા. મૈનેન્દ્રે તેમને અટકાવ્યા ને બે ડગલાં આગળ આવી કહ્યું:

‘ તમે મારાં કેદી છો. આર્ય સ્ત્રીને કોઈ એની મરજી વિરુદ્ધ સ્પર્શી શકતું નથી. ભાલો પાછો સોંપી દો.’ એના અવાજમાં ઍલે પાયેલી સંસ્કારિતા હતી. કૃષ્ણાએ ભાલો અસાવધતાની ભોંઠપથી ધ્રૂજતા સૈનિકને પાછો આપ્યો.

‘ આર્યાનું શુભ નામ જાણવાને પાત્ર છું ખરો ?’

'તમારી બંદી છું એટલે કહું છું, નહિતર તો પાત્ર નથી.' કૃષ્ણાએ એ જ તિરસ્કારની નજર નોંધીને કહ્યું : 'શ્યામા.'

મૈનેન્દ્ર આવી સાફ બોલીથી ગુસ્સે થવાને બદલે ઊલટો પ્રસન્ન થયો દેખાયો. 'તમારા જેવી નિર્ભીત સ્ત્રીઓ આર્યોમાં કેટલીક છે?'

'ગણી ન ગણાય તેટલી.'

'તો તો અહીંથી પાછું ફરવું પડશે, ખરું!' એણે હસીને સાથે બેઠેલ સરદારોને કહ્યું.

'મહાક્ષત્રપ, એ તો તમારી સજ્જનતાનો ઉદ્ધતાઈથી જવાબ આપે છે. કોઈકને સોંપશો એટલે સીધા જવાબો આપશે. આર્યોનું ગુમાન એમની જીભમાં જ છે.'

'જીભમાં છે કે બાહુમાં તે તમારા મહાક્ષત્રપને જ વધારે ખબર છે.' કહી એ મૈનેન્દ્રના લલાટ સામે જોઈને અદ્ભુત રીતે હસી રહી. મૈનેન્દ્રે ત્યાં કાંઈ ઘાસનું તરણું ચોટયું હશે એમ ધારી હાથ ફેરવ્યો એટલે તો એ ખડખડ હસી પડી. મૈનેન્દ્રના અંતેવાસ દરમિયાન એણે લડાલડીમાં એના કપાળમાં પથરો મારેલો તેનું ત્યાં નિશાન હતું. આનંદને પણ લાગ્યું કે આટલું બધું હસીને અપમાન કરવામાં કૃષ્ણા ગેરડહાપણ તો નહોતી કરતી? પણ છેવટે તો એણે બચવા માટે એક યુક્તિ રાખી હતી તે યાદ કરીને પાછો સ્વસ્થ થઈ ગયો.

'તમને હસતાં જરૂર આવડે છે કે બીજું કાંઈ? આ મારો નાયક કહે છે કે તમે બે સૈનિકોને વીંધી નાખ્યા તે સાચી વાત?'

'તમને પણ શંકા જાય છે ત્યારે કહું કે મારું ગુમાન જીભમાં છે કે બાહુમાં તે જોવું હોય તે મારી સાથે ખુશીથી યુદ્ધમાં ઊતરે! માત્ર તે પહેલાં હું ધનુર્વિદ્યાનો જે પ્રયોગ કરું તે એણે કરી બતાવવાનો રહેશે.'

બે-ત્રણ સંરક્ષકોએ કહ્યું: 'કહો.'

'પેલી લીંબુડીમાંથી લીંબુ લાવો.' એણે રાજમહિષીની જેમ પડખે ઊભેલ સૈનિકને આજ્ઞા કરી, ને પેલો મૈનેન્દ્રની સંમતિની રાહ જોતો

ઊભો રહ્યો એટલે કહેઃ "એની હા જ છે, તું જાને !' લીંબુ આવ્યું એટલે હાથમાં લઈને કહેઃ 'આ લીંબુ હું એક માણુસના માથા પર મૂકું ને પચાસ ધનુર છેટેથી એ લીંબુને ઉડાડી મૂકો. બરાબર બે અરધા કટકા થવા જોઈએ ને માણુસને કાંઈ જ ઇજા ન થવી જોઈએ.' સરદારો દિગ્મૂઢ થઈને સાંભળી રહ્યા. 'એ તે કદી બની શકે ? ઝાડ ઉપરથી નાળિયેર પાડવાની વાત સાંભળી છે, પારલીકનગરમાં કોઈકે જોઈ પણ છે, પણ લીંબુ ઉડાડવું—પચાસ ધનુર છેટેથી—ને તેય માણુસના માથા પર રાખીને—ને તે પણ સરખા ભાગ થવા જોઈએ છોકરી કાંઈ ગાંડી તો નહોતી ? આંખો તો પાગલના જેવી જ ચમકતી હતી.'

'કેમ, કોઈ તૈયાર થાઓ, પછી દ્વંદ્વયુદ્ધની વાત કરીએ.'

'તું જ કરી દેખાડ.' એકે કહ્યું.

'હા, પણ તો પછી સામે લીંબુ લઈને તો ઊભા રહો.' એણે કહ્યું, ને સરદારોના ચહેરા જોઈને ખડખડાટ હસી પડી. ને કહેઃ 'કોઈકે માથે લીંબુ તો રાખવું પડશે ને—કાંઈ મારે માથે રાખીને હું નહિ વીંધી શકું !'

'મિનેન્દર, છોકરી પાગલ લાગે છે.' એક વૃદ્ધે કહ્યું.

'ના મહાક્ષત્રપ, એ ભારે શેતાન છે. એને છટકી જવું છે—એણે વાત જ એવી મૂકી કે કોઈ કરી શકે નહિ ને એણેય કરવી પડે નહિ. કારણકે કોણ એના બાણુથી વીંધાવા જાય ?' બીજાએ કહ્યું.

'લીંબુ વીંધી ન શકે પણ આપણામાંથી એકાદને વીંધી શકે.' ત્રીજાએ કહ્યું.

'ધન્યવાદ છે તમને !' પછી મૈનેન્દ્રને કહેઃ 'આ બધાનું પાણી તો મપાઈ ગયું, હવે તમે કરો !'

મૈનેન્દ્ર એના સરદારોની નબળાઈ ને આ યુવતીની ચતુરાઈ જોઈ ચિડાઈ ગયો. એણે કહ્યું, 'બાઈ ! મારી પાસે ?'

બધા સરદારો ઊભા થઈ ગયા : 'ના, ના, એમ ન થાય...'

'જુઓ, તમે ભૂલથી હલી ઊઠો ને મારું બાણુ વાગી જાય તો મારી જવાબદારી નહિ.' કૃષ્ણાએ કૃત્રિમ ગંભીરતાથી કહ્યું.

'નહિ મહાક્ષત્રપ, એ દુષ્ટાનું આ કાવતરું છે—આ રીતે તમને વીંધી નાખવાનું.'

'છો વીંધી નાખતી.' મૈનેન્દ્રે અકળાઈને કહ્યું ને પછી આંખમાં શકની વિકરાળતા લાવી કહ્યું: 'મૈનેન્દ્રને ભય નથી. એ ડગશે નહિ. છતાં જો ઈજા થઈ તો કૂતરાંની પાસે ફડાવી નાખીશ.' એણે લીંબુ બરાબર તપાસ્યું ને આગળ જવા જતો હતો ત્યાં ચારુદત્ત આગળ આવીને કહે:

'લાવો, હું જ ઊભો રહીશ.'

'કેમ, તમને મૃત્યુભય નથી?' મૈનેન્દ્રે પૂછ્યું.

'સાધુને વળી ભય શું? કાયા જ મારી નથી!'

'ના, સાધુને હું શું કામ મરવા દઉં?' કહી એ જતો હતો ત્યાં આનંદ કહે:

'તો મને આપો, હું તો સાધુ નથી.'

'તો કોણ છો?'

કૃષ્ણા વચમાં જ કહે: 'મારા શસ્ત્રગુરુ છે.'

મૈનેન્દ્ર આનંદની સામે જોઈ રહ્યો. ભૃત્યના પોશાક નીચે છુપાયલી ધીરતા ને ઉદારતાનું માપ એ કાઢતો હતો. આનંદે કહ્યું: 'આપ સેનાપતિ છો એટલે આવું જોખમ ખેડાય નહિ. ઉપરાંત તમને ટેવ નથી એટલે કદાચ ધ્રૂજી જશો.' મૈનેન્દ્ર મક્કમતાથી ના પાડી ને પચાસ ધનુર દૂર જઈ લીંબુ માથે મૂકીને ઊભો રહ્યો. કૃષ્ણાએ દરવાજા પર રોકેલાં પોતાનાં ધનુષ્ય–બાણ મંગાવ્યાં ને ભાથામાંથી સુચ્યાગ્રસર ગોતીને નિશાન લેવા ઊભી. શક-સરદારો કાંઈ દગો થાય તો તરત બદલો લેવા ફરશીઓ તોળીને ઊભા રહ્યા. સામે મૈનેન્દ્ર પથ્થરના પૂતળાની જેમ પાંપણનો પલકારોય માર્યા વિના ઊભો હતો. ક્યારે એના માથા પરથી બાણ ગયું એની ખબર પણ એને ન રહી, આંખે પૂરું જોયું પણ નહિ, માત્ર કાને કાંઈક સુસવાટ સાંભળ્યો ને લીંબુ બે ફાડિયાં થઈ ને ઊડી પડ્યું. સરદારોને તો એ જ્યારે

હાથમાં લીંબુની ફાડ લઈને હસતો હસતો આગળ આવ્યો ત્યારે ખબર પડી—છોકરી ખરેખર જાદુગરણી હતી.

'તમારી ધનુર્વેદકુશાગ્રતાનાં વખાણ કરવા માટે દૈવી વાણી જોઈએ. તમને ત્રણેને હું મુક્ત કરું છું.'

'શક–સેનાપતિનો હું આભાર માનું છું, પણ હું મુકત જ થવા આવી નથી, હું તો દંડ લેવા આવી છું–અપરાધી તમે છો.'

'હું? જણાવો!'

એણે નાયકે પોતાના પર કરેલ હુમલાની ને પોતે પછી કેમ છેતરીને એને કૂવે લઈ જઈ કૂવામાં નાખ્યો તે વાત કરી.

મૈનેન્દ્ર પેટ પકડી ખડખડાટ હસતો હતો, બીજા સરદારો પણ નાયકની દુર્દશાનું વર્ણન સાંભળી હસ્યા વિના ન રહી શકયા.

વાત પૂરી કરીને કૃષ્ણા કહે: 'જેમ બેકાબૂ અશ્વો માટે સારથિ અપરાધી ઠરે, નિરંકુશ હસ્તી માટે મહાવત દંડપાત્ર ગણાય, તેમ આ અત્યાચાર માટે તમારે દંડ આપવો જોઈએ.'

'તેય હું આજે આપીશ. આ નાયકને લઈને નદી વચ્ચે ડુબાડી દો, ને ગ્રામજનોને પકડયા હોય તેને મુક્ત કરી દો—ને તમને તો મુક્ત કર્યાં છે.'

'છતાં આપણાં આદરણીય અતિથિ તરીકે રહેશે તેવી આપણે આશા રાખશું.' એક વૃદ્ધ સરદારે વચમાં જ કહ્યું.

કૃષ્ણા, આનંદ અને ચારુદત્તને એક સુઘડ તંબૂ મળી ગયો ને રક્ષા તથા પરિચર્યા માટે સૈનિકો મુકાઈ ગયા.

થોડા દિવસ પછી એક સવારે ઊઠીને આનંદ જુએ તો ચારે બાજુ મોટી મોટી હોળીઓ સળગાવી છે, સૈનિકો કિકિયારીઓ પાડતા એ હોળીઓમાં તંબૂમાંથી લાવી લાવી કાંઈક હોમી રહ્યા છે. એણે પોતાની પરિચર્યામાં મુકાયલા સેવકને પૂછ્યુંઃ 'આ શું છે?'

'આર્યદેશ પર જતાં પહેલાં નકામી ચીજોનો ભાર ઓછો કરે છે.'

'આર્યદેશનું આક્રમણ નક્કી થઈ ગયું?'

'હા, પરમદિવસ સવારે પ્રયાણ થશે.'

એને થયું કે હવે તો એણે અહીંથી જલદી છૂટવું જોઈએ. કેમ કરી રજા માગવી તેના વિચારમાં આંટા મારતો હતો ત્યાં જુએ તો આજુ-બાજુના તંબૂઓમાંથી વિવિધ પ્રકારની ચીજોનો ચોગાનમાં ઢગલો થવા માંડયો. વિવિધ પ્રકારના મલમલ, જરિયાનના પોશાકો, મૂલ્યવાન શિર-પેચો, કીમતી ઉત્તરીયોનો ઢગલો થયો. એને થયું :

'આ બધી નકામી ચીજો હતી?'

થોડી વારમાં મૈનેન્દ્ર પચીસેક ગુલામો પાસે પોતાના તંબૂમાંથી ઈરાનિયન ગાલીચા, અત્તરના કૂપાઓ, સુખડ ને ચાંદીનાં વાસણો, સુગંધની શેતરંજીઓ ને શિરપેચો, કમરપટાઓ, ભરતભરેલ મોજડીઓ ને ભાત-ભાતની વિલાસ–સામગ્રી ઉપડાવીને ચોગાનમાં આવ્યો. પેલા ઢગલા ભેગું નખાવીને ગુલામને મશાલ સળગાવવા આજ્ઞા કરી.

'આ શા માટે?' આનંદે પૂછ્યું.

'આથી વધારે મળવાનું છે એટલે નકામા ભારથી શા સારુ ઘોડાને લાદવા ?' એણે હસતાં હસતાં કહ્યું.

'આર્યાવર્ત એમ સહેલાઈથી જિતાશે ?'

પોતાના સરદારો ને સિપાહીઓ તરફ જોઈ ને કહે :

'આમનું પરાક્રમ જ એનો જવાબ આપે તે જ યોગ્ય છે.'

'નથી તે લેવા જતાં છે તેય જશે એમ નહિ બને ?'

'દેવપુત્ર મૈનેન્દ્ર અજીત છે !' એણે ગુમાનથી કહ્યું.

આટલા દિવસમાં એણે મૈનેન્દ્ર વિષે જે સાંભળ્યું છે તે પરથી એણે જાણ્યું છે કે મૈનેન્દ્ર બે છે—આમ તો માણસ માત્રમાં બે જણા વસતા જ હોય છે, પણ કોઈકમાં એક પ્રબળ નથી હોતો ને કોઈકમાં એક પ્રબળ ને એક મંદ હોય છે એટલે આ ઝટ ઊડીને આંખે વળગતું નથી. પણ મૈનેન્દ્રમાં એ બંને પ્રબળ છે. એક મૈનેન્દ્ર છે શક પિતાનો, શક કબીલાનો ને શક ટોળાનો અધિપતિ શકક્ષત્રપ મિનિન્દર. એને રખડપાટ વિના જંપ નથી. જે વિશાળ બીડમાં એની જાતિનો ઉછેર થયો છે એ બીડે એને રઝળપાટનો અંશ આપ્યો છે. એ રઝળુને આદિ—અંતના સાતત્યની કાંઈ પડી નથી. એને તો ગતિ સાથે સંબંધ છે—પછી ઉદ્દેશ હોય કે ન હોય તેનું કાંઈ નથી. એ શક મિનિન્દર જ્યારે જાગી ઊઠે ત્યારે એને રોકવો એ કોઈનું ગજું નથી. તે દિવસે એક ક્ષણમાં જ નાયકને ડુબાડીને મારી નાખવાની આજ્ઞા સાંભળી તેવી આજ્ઞાઓ તો પછી ઘણીયે સાંભળી છે. બે ઘોડાઓ વચ્ચે બાંધી માણસોને ફડાવી નાખવાની બર્બર શિક્ષાઓનો અમલ પણ એ જાતે જોવા જાય છે, ભસ્મીભૂત થતા ગામને જોઈ ને વિનાશના દેવતાને કર્તવ્યપાલનનો સંતોષ થાય તેવો સંતોષ એના ચહેરા પર એ વખતે પથરાઈ જાય છે. ખૂંચવી લેનાર, ઝઘડનાર, અવિરત ઘૂમ્યા કરનાર આ શક મિનિન્દર છે. એની સામે જ કોઈ કોઈ વાર, ને હમણાં હમણાં વારંવાર, જાગી ઊઠે છે ચવનો અંતેવાસી સંસ્કૃત મૈનેન્દ્ર. એ જ્યારે જાગે છે ત્યારે ફિલસૂફી, વિજ્ઞાન, જીવનનાં આદિ ને અંત

વિષે વાતો ચાલે છે. આદિ, મધ્ય ને અંત વચ્ચે સાતત્ય રહે છે કે નહિ તે જોવાય છે, કેમ—ક્યાંથી, શા સારુ એ બધા પ્રશ્નોને અવકાશ રાખીને ગતિ—પ્રવૃત્તિ થાય છે. આંખોમાં લજ્જા ને ચહેરા પર પેલા અસંસ્કારીતાના પ્રદર્શન માટે સંકોચ પણ દેખાય છે.

એના પિતાએ નાનપણમાં એલ પાસે વિદ્યાભ્યાસ કરવા માટે મોકલીને એનામાં આ નવા મૈનેન્દ્રને જન્મ આપ્યો છે. એક વખત એ ચારુદત્તને કહે:

'શ્રમણનું નામ શું?'

'આ દેહ ચારુદત્તને નામે ઓળખાય છે.'

મૈનેન્દ્ર કહે : 'એ દેહનો કોઈ માલિક છે કે નહિ?'

'દેહનો સ્વામી દેહ!'

'પણ એની અંદર?'

'તમે લડાઈમાં જાઓ છો ત્યારે શામાં બેસો છો?'

'આ રથમાં!' એણે પડખે પડેલ રથના પૈડા પર હાથ મૂકી કહ્યું.

ચારુદત્ત રથ પાસે જઈને કહે: 'એ તો પૈડું છે, એ રથ ક્યાં છે?'

'રથની અંદર બેસે છે.'

'અંદર બેસો છો તે ગાદી છે—રથ નથી.'

હું સમજ્યો: 'ચાક, ધૂંસરી, છત્ર, ગાદી બધું ભેગું મળીને રથ થાય છે.'

'એમ જ પાંચ સ્કંધો એકઠા થાય છે ત્યારે દેહ થાય છે. એ પરિણામને પછી આત્માનો જન્મ કહેવો હોય તો કહો!'

'પણ એ પાંચ સ્કંધોને કોઈકે એકઠા તો કર્યા હશે ને?'

'ખબર નથી, પાણી સહજ રીતે ઢાળ તરફ વહે છે તેમ સહજ રીતે મળ્યાય હોય ને કોઈકે મેળવ્યા પણ હોય, પણ એની સાથે મારે સંબંધ નથી. મારા દુ:ખવિનાશના માર્ગમાં એ જાણ્યા વિના ચાલે છે એટલે અનાવશ્યક બોજ હું ઉઠાવું તો અવિવેકદોષ થાય.'

'તમે બૌદ્ધો અનાત્મવાદી–અકર્મવાદી કહેવાઓ છો !'

'બ્રાહ્મણોના અર્થમાં અનાત્મવાદી છીએ, બાકી કશાયનિવારણ ને કરુણાવિસ્તારનું કર્મ તો કર્યા જ કરીએ છીએ.'

આવી ચર્ચાઓ એ અવારનવાર અતિથિઓના તંબૂમાં આવીને કરે છે. એક દિવસ એ તંબૂમાં આવે તો આનંદ ને ચારુદત્ત નાહવા ગયેલા. એકલી કૃષ્ણા આંટા મારતી હતી. ઘડીક વાર એને પાછા જવાનું મન થયું. છાવણીની ચતુર્દિશામાં સ્ત્રીઓના સહવાસ ને સ્પર્શ વિષે મૈનેન્દ્ર ને એના સાથી–સરદારો ભારે કડકાઈ રાખે છે. ઐર્યાનના શહેનશાહોની છાવણીઓમાં સ્ત્રીઓની સોબતે કેવું સત્યાનાશ વાળ્યું હતું તેની એમને ખબર છે, એટલે મૈનેન્દ્રે છેક વાર્કાન સાગરથી તે હિંદુકુશ પહાડ સુધીના વિસ્તારને વશ કરવા છેલ્લાં દસ વર્ષમાં જે યુદ્ધો ખેલ્યાં તેમાં કદી સ્ત્રીઓને સાથે રાખવા દીધી નથી. એટલે આ અતિથિ યુવતી પાસે વગર કારણે એકાંતમાં બેસવામાં એના નિયમનપ્રિય મને અનુમતિ ન આપી. પણ ઘણાય દિવસથી એના મનમાં એક પ્રશ્ન થયો છે. એને થાય છે કે આ કૃષ્ણવર્ણ યુવતીને ક્યાંક જોઈ છે, એની સાથે વાતો કરી છે, ઝઘડ્યો છું, એનો સ્વર સાંભળ્યો છે, પણ ક્યાં તે યાદ આવતું નથી. થાય છે કે યુવતીની અપ્રતિમ યુદ્ધકુશળતાએ એને જે આકર્ષણ કર્યું છે તે આવી મધુર–મોહક સ્વપ્નજાળ તો નહિ ઊભું કરતું હોય? કે કોઈક પરજન્મની એ સંબંધિની હશે? એની નિર્ભીકતા, એની ધરાના વમળ જેવી નિગૂઢ ને સપડાયા પછી ન છૂટકાય તેવી કાળી આંખો, એનું મંત્રમુગ્ધ કરી દે તેવું હાસ્ય, એના પર જાણે કાંઈક હક્ક હોય તેવો રુઆબ–આ બધાંએ એને ઘણીવાર એ તંબૂમાં જવા ધકેલ્યો છેઃ થયું છે કે એકવાર પૂછી લઉં કે આ મોહક અસ્ત્રશસ્ત્રો સાથે કયા પૂર્વપરિચયે તું આવીને મારા ઉંબર પર ઊભી છે? પણ એ કેમે કર્યો પેલા નિયમનનો ઉંબરો ઓળંગી શક્યો નથી. આજે પણ પાછો જતો હતો ત્યાં કૃષ્ણાએ જ કહ્યુંઃ

'આવોને, હું કાંઈ વાઘ–સિંહ નથી કે તમને એકલા જોઈને ખાઈ જઈશ !' વળી પેલું નિગૂઢ હાસ્ય ફરક્યુંઃ 'અમે આર્ય કન્યાઓ–અમે એકાંતથી

ભડકતાં નથી.' કહેતાં એણે મૈનેન્દ્ર માટે આસન બિછાવ્યું, ને કહેઃ 'મારે ત્યાં અતિથિ આવ્યા હોત તો ગાલીચો પાથરી દેત, અહીં તો તમે સુખના શત્રુઓ છો.'

'અમારે તો ઘોડાનું જીન તે જ ગાલીચો !'

'શું સુખ મળે છે તમને આ બધી દોડધામ, મારફાડ ને પરસ્પરની હત્યામાં ?'

'મારું દુર્ભાગ્ય એ છે કે મને ફિલસૂફીનો શોખ પાછળથી જાગ્યો, સમય હતો ત્યાર જાગ્યો નહિ—કેવા સુંદર વિદ્યાગ્રહ હતા !'

'તમારે ત્યાં તો કોઈ સુવિખ્યાત વિદ્યોપાસક જાણવામાં નથી.'

'એ જ દુઃખ છે ને ? અમારે ત્યાં તો છે મારામારી—કોઈ વાર અંદર ને કોઈવાર બહાર !'

'તમે ક્યાં શીખવા ગયેલા ?'

'તક્ષશિલામાં શાસ્ત્રનિધિ ઐલની પાસે.' એણે તંબૂની બહાર જોતાં કહ્યું. વારેવારે આ યુવતીની સામે જોયા કરવું એ જોખમ હતું—નહોતું છોડાય એમ, નહોતું ઝડપાય એમ.

'એ તમને યાદ રહ્યું છે ખરું ?' બદલાયલો કંઠસ્વર સાંભળી એણે કૃષ્ણા તરફ જોયું. એ કંઠસ્વરમાં સ્વજનના ઠપકાનો ભાસ કેમ થયો ? એની આંખોમાં આવું અસહ્ય આકર્ષણ ને આવો છૂપો મર્મ કેમ છે ? એને થયું કે આજે સંશય ભાંગવો જ પડશે.

એ કહેઃ 'કેમ, એ યાદ પણ ન રહે ?'

'તમારા જેવા બહુ વ્યવસાયી યુદ્ધમતિ સેનાનાયકને કાંઈ યાદ રાખવાનું બીજું ઓછું હોય છે ? શાસ્ત્રનિધિ ઐલે કહેલી બધી વાતો તમને યાદ છે ? એણે આર્યાવર્ત પર ચડાઈ કરવાનું કહ્યું છે ?'

એને થયું કે એ આર્યાવર્તની જાસૂસ જ હતી. એના સરદારોની શંકા ખોટી નહોતી. ગમે તે રીતે એ એને અટકાવવા માગતી હતી. એણે મિજાજમાં કહ્યુંઃ 'શાસ્ત્રનિધિને દક્ષિણા ચૂકવીને આવ્યો છું—હું ઋણમુક્ત છું.'

'વાહ વાહ ! વિદ્યાનું ઋણુ તો એ સુવર્ણ-રજતના ટુકડા આપ્યા એટલે ચૂકવાઈ જતું હશે કે ? સ્નેહ, ઔદાર્ય, કરુણા—એ બધાંનું દ્રવ્ય સાથે તોળવાનું તમે ત્યાં જ શીખ્યા છો કે? તમે માંદા પડયા હશો, કાળજ્વર વળગ્યો હશે, તમારા ગુરુએ, કોઈક સહાધ્યાયી કુમારે કે કન્યાએ તમારી શુશ્રૂષા—'

એકદમ એની વિસ્મૃતિનો પડદો ઊંચકાઈ ગયો. એકવાર પોતાને કાળજ્વર આવતો હતો—ઊઠી ઊઠીને ભાગતો, કપડાંનુંય ભાન નહોતું, શરીરધર્મો પણ નહોતા સચવાતા—એ વખતે એક કન્યાએ એના ખાટલાની રાતદિવસ ચોકી કરી હતી. એ હેતાળ, હસમુખી ને તોફાની છોકરી એને યાદ આવી ગઈ—ને એ સાથે જ એ તાકી તાકીને જોવા લાગ્યો. પણ દસ વર્ષનો કાળ ને પુરુષવેશ એની સ્મૃતિને વારંવાર દગો દેતા હતા. છતાં એણે કૃષ્ણાને વચ્ચે જ અટકાવીને પૂછયું:

'તમે મને ઓળખો છો ?'

'વાહ ! તમે વિખ્યાત છો. કેટલીય સ્ત્રીઓ તમારી સેનાનું નામ સાંભળતાં જ થરથરતી હશે.'

એણે સ્મૃતિને મનમાં જ સંકેલતાં કહ્યું: 'તમને કયાંક જોયાં છે એમ વારંવાર થયા કરે છે.'

'એવું ઘણીવાર થાય છે. હું એ છોકરાને નાનપણમાં ઓળખતી હતી. દસ વર્ષ પછી મળ્યો ત્યારે એમ જ થતું કે આને કયાંક જોયેલ છે.'

મૈનેન્દ્રથી ન રહેવાયું: 'તમે કૃષ્ણા તો નહિ ?' કહી એ કૃષ્ણાનો હાથ પકડવા ગયો.

કૃષ્ણાએ સહેજ ખસીને હસતાં કહ્યું: 'અજબ સ્મરણશક્તિ છે તમારી હં !'

'તને કેટલાં વર્ષો સુધી યાદ કરી છે તેની કેમ ખાતરી કરાવું !'

'એટલે જ કહું છું કે અજબ સ્મરણશક્તિ છે !'

'દિમિત્રને બોલાવ !' એણે બહાર ઊભેલ એક સૈનિકને કહ્યું.

થોડી વારે એક જુવાન સરદાર આવ્યો.

'દિમિત્ર, કૃષ્ણાની મેં તને વાતો કરેલી એ યાદ આવે છે?'

'તમે ભણવા ગયા હતા તે આશ્રમની ને? બીડમાં ઢોરની તપાસ માટે જતાં તમે ઘણીયે વાતો કરતા.'

'ઠીક, જા!' કહી એ કૃષ્ણા તરફ ફર્યો. 'હવે ખાતરી થઈ?'

એણે હસીને કહ્યું: 'નથી થતી, ને થાય તોય મારે શું કામ છે? આ લોહી-કીચડના વ્યાપારમાં માણસ તથ્યાતથ્ય વીસરી જાય એમાં નવાઈ શું છે?'

'તને આર્યાવર્ત પર હું ચડાઈ કરું તે નથી ગમતું ને? તું પણ મને ભૂલી ગઈ હતી અને આજે સ્વાર્થવશ યાદ આવ્યો!'

'હું ભૂલી ગઈ હતી કે કેમ એ તો ઐલદાદાને પૂછજો—હા, હું સ્વાર્થવશ આવી છું એની ના નહિ પાડું, પણ એ સ્વાર્થ તો તમને એક વાર જોવાનો હતો. અહીં આ બર્બરતા-કીચડ જોયાં એટલે એમાંથી તમને ઊંચકી લેવાનો સ્વાર્થ વધ્યો એ વાતે સાચી, પણ આર્યાવર્ત લૂંટાઈ જવાનો બીજાને ભય હશે—મને નથી, ત્યાં પણ હજુ તમારી સાથે ટક્કર ઝીલે તેવા માણસો પડ્યા છે.'

'તે તો ક્ષેત્ર પર પરખાશે. હજુ સુધી તો શકોને કોઈએ ખાળ્યા નથી!' એણે સાભિમાન કહ્યું.

'...ને કદાચ ન પણ ખાળી શકાય. કદાચ માટીમાં આર્યાવર્ત માનો કે રગદોળાઈ પણ જાય—તોય શું? ખૂંટ એકાદ સાધુ કે પંડિતને ઢીંક મારી પછાડી દે તેથી ખૂંટ કાંઈ શ્રેષ્ઠ ઠર્યો?'

મૈનેન્દ્રે હસીને કહ્યું: 'કૃષ્ણા, તારી જીભ હજુયે તેવી જ છે. દસ વર્ષ પહેલાં જેમ તું ચેલા ખાલી છાત્રનિવાસમાં હાથતાળી આપીને દોડાવતી ને ખીજવતી તેવી જ તું છે!'

'હું તો તેવી જ છું, માત્ર તમે જ તેવા સરલ ને સેવાભાવી નથી રહ્યા. ઐલદાદાની સાથે પેલી વિષૂચિકાના રોગમાં તમે કેવા ઘરેઘર ભૂખ્યા ભૂખ્યા ભટકતા !'

'અમારો ધંધો જ એવો છે !' કૃષ્ણાએ જોયું કે એના ચહેરા પર ખેદ ને લજ્જા હતાં.

'શાનો ધંધો ? બીજા રાજાઓ શું આમ ધાડાં લઈને પૃથ્વી રંજાડતા ફરે છે ? એ તો શિલ્પ, ધર્મદાન ને સ્થાપત્યનાં મંદિરો રચે છે.'

'અમારી જાતિ જ અસ્થાયી ને અસંસ્કારી છે—રાજાએ એને અનુસરવાનું, ને અમારો એ મુલક તેં જોયો છે–વેરાન–વેરાન ?'

'તલવારોને બદલે હળ પકડાવોને આ બધાને ? અમારા ઋષભદેવે શું કર્યું હતું ?'

'તને મને પાછો વાળવા જ આર્યાએ મોકલી લાગે છે !'

'આર્યાએ તો મોકલ્યા છે આનંદને.'

'એની સાથે તું ક્યાંથી ?'

'એ તો રસ્તામાં મળ્યા. હું તો આવી હતી મહાક્ષત્રપના સિંહાસને બેસી શાસ્ત્રનિધિ ઐલના જ્ઞાનનું દાન કરતા–વિસ્તારતા રાજર્ષિ ભરતસમા મારા મૈનેન્દ્રને જોવા–પણ અહીં...'

'...આવી જુએ છે તો મૈનેન્દ્ર...' વચમાં મૈનેન્દ્રે ઉપાડ્યું.

'મારો મૈનેન્દ્ર મરી ગયો છે.' કૃષ્ણાએ પૂરું કર્યું ને પછી ભારે નિશ્વાસ મૂકી ભોંય સાથે મોં જડીને બેસી રહી.

'બહેન, અંદર આવું કે ?' તંબૂના દ્વારમાં ચારુદત્તનું હસતું મોં દેખાયું.

મૈનેન્દ્ર કાંઈ જ બોલ્યા–ચાલ્યા વિના ઊઠીને બહાર ચાલ્યો ગયો.

મૈનેન્દ્ર ગયો તે દિવસનો ફરી દેખાયો નથી. સવારી તો નક્કી કરેલે દિવસે ઊપડી ચૂકી છે ને નિયતક્રમ પ્રમાણે જ કૂચ ચાલે છે, પણ મહાક્ષત્રપ એના તંબૂની બહાર ભાગ્યે જ દેખાય છે. કૂચમાં પણ એ એનો અશ્વ અલગ ને અલગ તારવતો દેખાય છે—જાણે સૌની સાથે બોલવાનું જ બંધ કર્યું છે. ઘણી વાર આમ બનતું: મૈનેન્દ્રની મરજી વિરુદ્ધ જ્યારે કાંઈ બન્યું હોય, ધાર્યું હોય તેના કરતાં કાંઈક ઊંધું જ પરિણામ આવ્યું હોય, ત્યારે એ દિવસો સુધી તંબૂમાં પડ્યો રહે, ખાવાનું પણ ખાય કે ન ખાય, સરદારોને તો તંબૂમાં પ્રવેશ પણ ન કરવા દે—મિત્રોને પણ તેની પાસે જતાં સંકોચ થાય, એવે પ્રસંગે શું થાય તે કોઈથી કહેવાય નહિ—કોણ જાણે કોનાય માથે વાદળ તૂટી પડે, કોને માથે રોષ ઊતરશે તે ભયે સૈન્ય—સરદારો—મિત્રો થરથરતા. કોઈ વાર તો એ બધો રોષ શત્રુની એકાદ નગરી પર પણ ઊતરતો, પણ શત્રુની નગરી નજીક ન હોય તો ગમે તે નિર્દોષનું પણ આવી બનતું. એવે વખતે અવસ્થા, જાતિ કે સંબંધનો ભેદ ન રહેતો. એટલે આ વખતે પણ સૈન્યનો એકેએક જણ મનમાં ફફડતો હતો. આજ દસ દિવસ થયા મહાક્ષત્રપે એક ટંક દૂધ સિવાય કાંઈ લીધું નહોતું, કોઈ સરદારોને મુલાકાત આપી નહોતી. તંબૂમાં જ બેસી રહેતો. સૈન્ય ઊપડે ત્યારે બહાર નીકળતો. તંબૂમાં એ શું કરે છે તે કોઈ નહોતું જાણતું. પહેરેગીરો કહેતા કે ઘડીક આંટા મારે છે, તો ઘડીક સૂએ છે. સામાન્ય રીતે પહેલાં તો આવા પ્રસંગે કૂચમાં કોઈ સૈનિકની પડખે થઈને એનો ઘોડો પસાર થતો ત્યારે

સૈનિકનો જીવ ઊંચો થઈ જતો. કોઈકના પોશાકમાં, કોઈકની બેઠકમાં, કોઈકના હથિયારનો દોષ એક ક્ષણમાં એ શોધી કાઢતો ને પછી તો શું સજા થશે તે થોડું જ કહેવાય એમ હતું ? કોઈકનો ઘોડો જ ખૂંચવાઈ જતો–દિવસોના દિવસો સુધી એણે ખભા પર બોજો લઈ ને કૂચ કરવી પડતી, તો કોઈકની પીઠ પર સીધો ફટકો જ પડતો. પણ આશ્ચર્યની વાત એ હતી કે આ દસ દિવસ દરમિયાન એવી બેશુમાર સજાઓ થવાનો જ્યારે સંભવ હતો ત્યારે કોઈ ને કાંઈ પણ સજા નહોતી થઈ. કેટલીયે વાર કેટલાયની આગળથી એનો અશ્વ પસાર થયો હતો, પણ જાણે એનું ધ્યાન જ કોઈક અવનવી દિશામાં ચાલ્યું ગયું છે. માત્ર એક જ વખત એક સજા થઈ છેઃ એક સૈનિકનો કમરબંધ છૂટી જવાની અણી પર હતો, તલવાર ને ફરશી નીચે પડું પડું હતાં, ને મહાક્ષત્રપનો ઘોડો નીકળ્યો.

'તમારો કમરબંધ જોયો ?' એણે પૂછ્યું.

સૈનિક થરથરી ઊઠયો.

'મહાક્ષત્રપ ! દયા...!' એણે હાથ જોડયા.

મહાક્ષત્રપ કાંઈ જ કહ્યા સિવાય એની પાસે ગયો. સૈનિકને લાગ્યું કે મોત આવી રહ્યું છે. એણે ભયમાં આંખો મીચી–ઉઘાડી, ને જુએ તો મહાક્ષત્રપ એનો કમરબંધ સરખી રીતે બાંધી આપતો હતો.

'આ ગાંઠ ખોટી મારી છે એટલે સરી ગઈ હતી, હવે નહિ સરે.' કહી એણે ઘોડો આગળ હાંકયો.

આ દસ દિવસ દરમિયાન આ એક જ સજા થઈ છે. મુકામ પર પહોંચતાં જ એ બીજા દિવસનો માર્ગ દિમિત્રને આપી દે છે. પીવાના પાણીની જગ્યા ને ચોકીદારોનાં થાણાં જોઈ આવે છે. બસ, પછી તંબૂમાં પેસી જાય છે તે પછી નીકળે છે બીજે દિવસે કૂચને જ વખતે. દિમિત્ર એનો બાલમિત્ર છે. અનેક તડકા–છાંયા, દગા–ફટકામાં એ એના પડછાયાની જેમ રહ્યો છે. એ પણ એની પાસે જઈ ને બેસવાની હિંમત કરતો નથી. એક વાર ગયો, પણ મૈનેન્દ્રની આંખ જ જાણે એને જોતી ન હોય, એની

હાજરીની એને જાણે ખબર ન હોય, તેમ એ પડયો રહ્યો. દૂધ પણ કોઈ વાર પીએ છે તો કોઈ વાર ફેંકી દે છે. એક વાર ઓચિંતાના દ્વિમિત્રને બોલાવીને કહે:

'આપણા સૈનિકો માર્ગમાં કોઈ સ્ત્રીઓને રંજાડે છે?'

'ના.'

'જો કોઈ રંજાડયાના ખબર આવ્યા તો તને કૂવામાં ફેંકાવી દઈશ.'

દ્વિમિત્ર કાંઈ કહે તે પહેલાં જ સંભળાયું: 'ના.'

જેમ જેમ તક્ષશિલા નજીક આવતું ગયું તેમ તેમ એનું મૌન વધતું ગયું. મૌનનાં અનેક પડ જાણે એને વીંટી લીધો. બીજી બાજુએ દેહ-દમન પણ વધતું ચાલ્યું. છેલ્લા બે દિવસથી કાંઈ લીધું નથી. આંખો ઊંડી ઊતરી ગઈ છે. આજે ઘોડા પરથી પડતાં પડતાં માંડ રહી ગયો.

દ્વિમિત્રથી આ નથી જોવાતું. એને ખબર નથી કે મહાક્ષત્રપ આમ શા માટે કરે છે પણ એટલી જ ખબર છે તે દિવસે તંબૂમાંથી પાછા ફર્યા પછી આ શરૂ થયું છે. ને એની જેમ જ એક બીજું જણ પણ મહાક્ષત્રપની ચિંતા કરે છે. પેલો શ્રમણ હમેશ એની પાસેથી મૈનેન્દ્રના સમાચાર લઈ જાય છે. કોને માટે તે એ કલ્પી શકે છે, કારણકે શ્રમણ ચારુદત્તને માટે થઈને તો મૈનેન્દ્ર ઉપવાસ ન જ કરતા હોય. ને એ કન્યાની નજર કૂચ દરમિયાન કોના પર મંડાયેલી હોય છે? એની પાસે દૂધ લઈ જઈને એ જ તંબૂમાં ઉકાળાય છે. ત્યાં પણ એક જણ આની જેમ જ દૂધ પર રહે છે. આની જેમ જ એની નજર સીમાતીહીન શૂન્યમાં ભમ્યા કરે છે. પણ મહાક્ષત્રપને એ કહે કોણ? ને એને એમ પણ કોણ કહેવા જાય કે મહાક્ષત્રપના રોગનું મૂળ તું છે? દ્વિમિત્રને જેટલી મહાક્ષત્રપની બીક લાગે છે તેથી કૃષ્ણાની કાંઈ ઓછી બીક લાગતી નથી. એણે એનું ઉગ્ર રૂપ પેલા નાયક પર ભાલો ઉગામતી વખતે જોયું છે.

સંધ્યા પથરાઈ ગઈ હતી. એ મૈનેન્દ્રના તંબૂમાં દીવો મૂકી આવી બહાર આંટા મારતો હતો ત્યાં કૃષ્ણાને આવતી જોઈ. સંધ્યાની જેવી જ વિષણ્ણ ને તેવી જ ગૂઢ વાતાવરણને આવરી લેતી એ કન્યાએ કહ્યું:

'મહાક્ષત્રપે આજે દૂધ નથી પીધું?'

'કાલે પણ નથી પીધું.'

'બે દિવસથી કાંઈ નથી લીધું? મને કહેવરાવ્યું કેમ નહિ!'

દિમિત્ર શું જવાબ આપે? એ જાણે એને ખબર આપવા બંધાયો ન હોય!

'હું અંદર જાઉં છું. આર્ય આનંદને બોલાવીને અહીં બારણા પાસે ઊભા રાખ!' કહી એ પહેરેગીર અટકાવે તે પહેલાં જ તંબૂમાં પેસી ગઈ.

ઘોડાના જીનની દરી, રૂંછાંવાળો કોટ ને તે પર વાઘનું ચામડું પાથરીને તૈયાર કરેલ પથારી પર મૈનેન્દ્ર સૂતો હતો. માથા આગળ મૂકેલ દીવાના પ્રકાશે કંઈક જોતો હતો. કૃષ્ણા પહેલી જ વાર આ તંબૂમાં આવી. ચારે ખૂણે જોયું તો હથિયારો, એક–બે જોડ જોડા, એક–બે મોટા કોટ ને શક–કબીલાનો નિશાન–ડંકો ને મહોર એટલી જ સામગ્રી હતી. કૃષ્ણા જતાંવેંત જ મૈનેન્દ્રની પથારી પાસે બેસી પગ દબાવવા મંડી. વીજળી પડી હોય તેમ ચમકીને મૈનેન્દ્રે કહ્યું:

'શું કરે છે કૃષ્ણા?'

'કાંઈ નહિ, તમારે ઉપવાસ છે ને, એટલે પગ કળતા હશે!'

'પણ તને કોણે અંદર આવવાની અનુમતિ આપી?' એણે સામે ધ્રૂજતા સૈનિક સામે જોયું. સૈનિકે ખુલાસો કર્યો:

'મહાક્ષત્રપ, એ ભાલો હડસેલીને આવી.'

'મને રોકી એ માટે એને સજા કરો!' કૃષ્ણાએ હસીને કહ્યું. મૈનેન્દ્રે ઇશારો કર્યો એટલે સૈનિક ચાલ્યો ગયો. થોડી વાર પગ ખેંચવા માટે રકઝક ચાલી, છેવટે મૈનેન્દ્રે પગ એમ ને એમ રહેવા દીધા.

'શા માટે ખાતા નથી?'

'તપ કરું છું.'

'ઉમાએ કર્યું''તું–શંકરે કર્યાનું સાંભળ્યું નથી.'

'તો સાંભળીશ.'

'મને કહ્યા સિવાય?'

'તને કહેવા કોણ બંધાયું છે?'

'તમે.'

'ક્યારે?'

'તમને યાદ નહોતું ત્યારે!' કહી એ ફરી હસી પડી.

'તું કાંઈક દૂબળી પડી લાગે છે.'

'કમળો હોય તે પીળું ભાળે!'

'સાચે સાચું કહે?'

'આ દસ દિવસમાં શું અત્યારે જ મારી સામે જોયું?'

'હા, મારું મન સ્વસ્થ નથી, પણ તું દૂબળી કેમ લાગે છે?'

'તમે દૂબળા કેમ લાગો છો?'

'હું તો અલ્પાહાર કરું છું.'

'હું પણ નિરાહાર કરું છું.'

'શું વાત કરે છે!' મૈનેન્દ્રે પગ ખેંચી લેતાં કહ્યું.

'એમાં પગે શું વાંક કર્યો છે? વાંક તો મેં કર્યો છે.' કહી કૃષ્ણાએ પગ ખેંચ્યો, પણ આ વખતે મૈનેન્દ્ર ઘૂંટણ વાળીને બેસી રહ્યો.

'તેં આપણી શરત તોડી છે.'

'કઈ વળી?'

'તે દિવસે એકાદશીનો ઉપવાસ પરાણે કર્યો ને પછી ઊલટી થઈ ત્યારે મેં કહેલું કે મારી ના છતાં કર્યો એટલે આ થયું, ત્યારે તેં કહેલું કે હવે તમારી સંમતિ વિના નહિ કરું—ખરું કે?'

'તમને ક્યાંથી યાદ રહે છે? કે જોડી કાઢો છો? પણ એ પછી આ ઉપવાસ શા સારુ કરો છો?'

'તું રોજ પગ દબાવવા આવે તેટલા માટે.'

'તો તો...લ્યો!' કહી એણે હાથ ઉઠાવી લીધા. 'પણ સાચું કહો.'

'સાચું કહું? કાંઈ સૂઝ નથી પડતી. થાય છે કે પાછો દસ વર્ષ પહેલાંનો મૈનેન્દ્ર થઈ જાઉં ને પેલી આંબલીઓની ઘટામાં તારી સાથે આંધળો પાડો રમવા માંડું. હું ઐલદાદા પાસે ભણતો હોઉં ને તું આવીને પોથી ઉપાડી જાય, ઐલદાદા કહે—પકડી આવ એ કાબરને! પછી તો કેવી દોટમદોટ થતી ત્યારે!'

'મંદિરની અગાશી પર ઝાલકો દાવ રમતાં એ સાંભરે છે તમને?'

'ઓલી આંબલી હજુ ઊભી છે ખરી? એની એક ડાળ અગાશી પર પડતી હતી. તું એના પર એક દિવસ ચડવા જતી હતી ને મેં પકડીને નીચે ખેંચેલી.'

'એ વખતે જ આ કપાળ પર પાણો ટીચેલો ને!'

'ને રેણુકા છે કે?'

'રેણુ ગયે વર્ષે જ મરી ગઈ—એની વાછડી અત્યારે દૂઝે છે.'

'મહાદેવ?'

'હવે ઘરડો થવા આવ્યો છે.'

'પણ તારા ભાગનું પાણી હું ભરી દેતો હં!'

'હા, ને હું તમારા ભાગનું વાળતી તે—તમે કોઈનું કાંઈ મફત કરો તેવા નથી તો!'

'ને તું પણ ક્યાં ઓછી સ્વાર્થી છે—છેક આજે અહીં આવી!'

'તે પણ ખવરાવવા જ.' કહી એ સરલ રીતે હસી પડી. 'ના, એ નથી કહેતો, હું તો બીજું કહેતો હતો, પણ કાંઈ નહિ.'

'ના ના, કહોને?'

'ઊંહું.'

'હું સમજી ગઈ. તમે એમ સમજો છો ને કે હું તમને ખરેખર ચાહતી નથી, પણ આર્યાવર્તને બચાવવા આ બધો વેશ...' બોલતાં બોલતાં કૃષ્ણાના કંઠમાં રોષ ને ખિન્નતા ઊભરાયાં. આટલા દિવસ સુધી સંઘરી રાખેલી વિરહવ્યથા આંસુ બનીને ટપકવા માંડી. કેવા જતનથી એણે આ દસ

વર્ષોથી મૈનેન્દ્રનાં સ્મરણોને સાચવ્યાં હતાં! એક દી પણ વાસી ન થાય—રજે ભરાઈ ને એ ઝાંખાંય ન પડે—તે સારુ થઈને કેવા ઊંડાણમાં એને સંઘર્યાં હતાં! વારે વારે એને આંસુસીંચન કર્યું હતું. મૈનેન્દ્ર નજર બહાર ન ચાલ્યો જાય એટલે એને કેડી—શોધ્યો રાખવા કેવી મથામણ કરી હતી! એની વિજયયાત્રાને પગલે પગલે એના સૈન્યથીય છેવાડે કઈ નારી ચાલી હતી? શકના એકેએક કબીલાની એણે શા સારુ હમેશાં ખોજ રાખી હતી? એક જ કારણે કે રખેને બેદરકારીમાં એના મૈનેન્દ્રને એક દિવસે મળવાની વાટ એ ખોઈ બેસે! એની શસ્ત્રોપાસના, એનું વૈદું, એનું સ્વપ્ને—છાયું યૌવન, એનું પ્રેમળ હૈયું કોને માટે અખંડ ને અઘાત રાખ્યાં હતાં? ને એ મૈનેન્દ્ર—એ જ મૈનેન્દ્ર—એને શું ધારતો હતો? આર્યાવર્તની એક ગણિકા, ને તે પણ બહાર દ્વારપાળ ને આનંદ સાંભળતાં? આ તો અસહ્ય હતું. ધ્રસકાને અટકાવી ઝડપથી એ ઊભી થઈ બારણા તરફ ચાલી. એનો પાલવ પકડીને કોઈક રોકતું હતું—' કૃષ્ણા, માન કે મારી ભૂલ થઈ!'

' છોડી દો.' કહી એણે ઝટકો મારી પાલવ છોડાવ્યો. રુદનભર્યા કંઠે સંભળાવ્યું: ' હજી તો 'માન કે ભૂલ થઈ'!'

થોડી વારે દિમિત્ર આવીને કહી ગયો:

' એમણે કહેવરાવ્યું છે કે ખાઈ લો તો મારા પર મોટો અનુગ્રહ થાય—એથી વધુ કાંઈ નથી જોઈતું.'

' લાવ ખાવાનું દિમિત્ર, ને એને ખબર આપ કે હું પણ માણસ છું, એટલે ખવરાવનારે પાછું એટલું જાણવાનું મન તો થશે ને? કહી આવ કે માનવા માટે નહિ પણ સાચોસાચ ભૂલ થઈ છે.'

મૈનેન્દ્રે ખાધું, પણ કાંઈ ભાવ્યું નહિ. એની કલ્પનામાં તો જાજ્વલ્યમાન માનિનીનો એ રોષપૂર્ણ અભિનય ને ' હજુ તો માન કે...' વાક્યની હલક જ રમી રહી. બે ક્ષણ માટે આ તંબૂમાં આવીને એ જાણે તંબૂનું વાતાવરણ બદલી ગઈ હતી. જાણે આ તંબૂ જ એનો હતો. જાણે મૈનેન્દ્ર

પર એનો ઈશ્વરદત્ત અધિકાર હોય તેમ આવીને એ પથારી પાસે બેસી ગઈ હતી. નિઃસંકોચપણે પગ ખેંચીને દાબવા મંડી હતી–પણ એને સંકોચ વળી કયે દિવસે હતો ? તક્ષશિલામાં કેટલી વાર એને માર્યો છે, ગૂંદ્યો છે, ખીજવ્યો છે ને પછી પાછો એને મનાવ્યો છે–શુશ્રૂષા કરી છે. મૈનેન્દ્ર ને એની વચ્ચે અંતરપટ હોય એમ આ છોકરીએ ક્યારેય સ્વીકાર્યું નહોતું. તે જ્યારે ઘેર જવા નીકળ્યો ત્યારે કેવી રડી હતી એ કન્યા! કેટલા દિવસથી એણે ખાધું નહોતું ! પોતે સમ દઈને એને ખવરાવેલું. આજ દસ વર્ષે પણ એ તો એની એ જ છે, પણ પોતે ? રખડપાટ, કાપાકાપી, કાવતરાં ને રુધિરાભિષિક્ત રણભૂમિએ એને કેવો નઠોર, સંકુચિત ને જડ બનાવી દીધો છે! પણ ઔલે દીધેલાં મૂલ્યાંકનો ને કૃષ્ણાએ દીધેલ સ્નેહછાયા એને શું કાંઈ જ મદદગાર નથી નીવડયાં? એક વાતની એને ખાતરી થઈ ગઈ કે કૃષ્ણાને એ ભૂલી ગયો હતો તે વાત ખોટી હતી. એ તો એના અંતરના કોઈક પડમાં સૂક્ષ્મ રૂપ લઈને સમાઈ ગઈ હતી. એટલે તો આ અનાચાર ને પાશવતાના મહાનદ વચ્ચે ગળા સુધી ડૂબેલ પોતે માંડમાંડ માથું ઊંચું રાખી શકયો હતો. એણે પોતાના સૈનિકોને અત્યાચાર કરતા રોકયા નહોતા, પણ પોતે કદીય કોઈ સ્ત્રીને સ્પર્શ્યો નહોતો. એના સરદારોએ એને હોંશે હોંશે ધરેલ પારસિક, બાલ્હિક ને બાખ્ત્રી કન્યાઓને એણે છોડી દીધી છે, વૈરથી ઘેરાયલી પળોમાં પોતાના સૈનિકો વચ્ચે વહેંચી દીધી છે, પણ કદી પોતાના તંબૂમાં પેસવા દીધી નથી. દિમિત્રે એકવાર એક રૂપસંપન્નાને એના તંબૂમાં રાત્રે ધકેલેલી ત્યારે એ એને મારી જ બેઠેલો. દિમિત્ર જો એ વખતે હાજર હોત તો એને પણ મારી બેસત તેવી ચીડ એને ચડી હતી. શા માટે તે તો તે વખતે નહોતું સમજાયું, પણ આજે એના રોમેરોમે કહી દીધું કે એનું કારણ હૈયામાં બેઠેલ કૃષ્ણા હતી. એને ખબર ન પડી ને એ તંબૂની બહાર નીકળી પડ્યો.

અંધારી રાતમાં ઊંચા પહાડો વચ્ચે ખળખળખળ વહી જતી નદીકાંઠેની એક શિલા પર બેઠો–જાણે કૃષ્ણા જ નિગૂઢ અંચળો ઓઢીને બેઠી હોય એમ તેને લાગ્યું. વાદળાં–સોંસરવા ચમકતા તારા જાણે એ

અંચળો ઉપાડી લેવાનું આમંત્રણ દેતા હતાઃ 'વાહ રે વિજેતા આટલી જ હિંમત છે કે?'

ક્યાંય સુધી એ સૂનમૂન બેસી રહ્યો. એને થયું કે થોડે દૂર બીજી શિલા પર પણ કોઈક બેઠું બેઠું વાત કરી રહ્યું છે. અવાજ આનંદનો લાગ્યો.

'કૃષ્ણાબહેન રડે છે.' ચારુદત્ત કહેતો હતો.

'એમના ભાગ્યમાંય રડવાનું આવ્યું ખરું? વિધાતા...' કહી એ ચૂપ રહ્યો.

'તમે શું ધારો છો?'

'શામાં—આ કૃષ્ણાબહેન વિષે?' મૈનેન્દ્રે કાન તીવ્ર કર્યા. 'જો તક્ષશિલા આવ્યા પહેલાં આ સાંભળ્યું હોત તો મેં તિરસ્કારથી કદાચ મરડાઈ જાત, પણ શાસ્ત્રનિધિએ મને નવો પ્રકાશ—'પ્રકાશ' શબ્દ પણ એણે જે આપ્યું છે તે માટે લંગડો લાગે છે—નવું જ દર્શન આપ્યું છે. એટલે હું મૈનેન્દ્ર ને કૃષ્ણાબહેન પર ફૂલ વેર્યા સિવાય નથી રહી શકતો.'

'પણ આર્ય ને શકને ફાવે?'

'એ તું પૂછે છે કે કૃષ્ણાબહેન?'

'હું.'

'કૃષ્ણા તો સમર્થ છે. તારા કરતાં તો નહિ કહું, પણ મારા કરતાં તો સમર્થ છે જ. ને મૈનેન્દ્ર પણ શું કમ છે? એની ઉચ્છૃંખલતા ને એનો સંયમ એ બંને જોઈને તો હું દિંગ થઈ ગયો છું.

'આ ઉંમરે આવડા સૈન્યનો—આટલી ધરાનો—સ્વામી છતાં નથી એની પથારીમાં રૂની તળાઈ, તેમ નથી એના તંબૂમાં એકાદો ગાલીચો. અને કૃષ્ણાબહેન સાથે ઊભાં રહે—સાથે અશ્વો પર ચડે—તો અહાહા...દેવોમાં પણ એવું જોડું નથી : હા, એ બંનેને સાંધનાર—રેણ પૂરનાર—કોઈ જોઈએ ખરા.'

'તો તમે જ બંનેને સમજાવીને સાંધી દો ને?'

'મારે સાંધવાપણું રહ્યું જ નથી—વિશ્વકર્માએ જ સાંધ્યાં છે. આપણે બંનેએ મંગલ કામના જ આપવાની રહે છે.'

'તમે જાણે વૃદ્ધ અનુભવીની જેમ કહો છો !'

આનંદ થોડી વાર શાંત રહીને કહેઃ 'વાત સાચી છે. મેં એ વેદના કેવી છે તે અનુભવી છે એટલે હું કૃષ્ણાબહેનનું દુઃખ કલ્પી શકું છું. મૈનેન્દ્રનો તરફડાટ મારા અંતરને વલોવે છે. એ ધારે તો અનેક સ્ત્રીઓ મળે. એની જાતિના આચાર પ્રમાણે એમાં કશું અજુગતું નથી. એ વિજેતા છે, આપણે એના પંજામાં છીએ, છતાંય એ નથી કશું દબાણ કરતો—નથી આપણા પ્રત્યેનો આદર ઓછો થતો. શાસ્ત્રનિધિ ખરેખર ઋષિ છે. પારસમણિની વાત તો સાંભળી છે, પણ અહીં તો પ્રત્યક્ષ જોઉં છું.'

અંધારામાં દૂરની શિલા પર બેઠેલ મૈનેન્દ્રનું હૈયું સબહુમાન સ્નેહ ને સ્વાભિમાનથી છલકાઈ ગયું. એક આર્યશ્રેષ્ઠ પણ એને અભિનંદતો હતો—એની ને કૃષ્ણાની વચ્ચે સેતુ થવા તૈયાર હતો. એણે જોયું તો વાદળાં હટતાં જતાં હતાં, આકાશ નિરભ્ર થતું હતું. શું પેલો નિગૂઢ અંચળો તૂટવાની અણી પર હતો ?

આનંદથી કૃતકૃત્ય હૈયે એ આવીને સૂતો. સવારે ઊઠીને એણે આનંદને બોલાવી મણિમાળા આપતાં કહ્યું : 'કાલ રાતે કરેલ ધમ્માપણિકતાનું આ મૂલ્ય !' આનંદ સમજ્યો કે કૃષ્ણા જોડે એને મોડે સુધી જે વાતો થઈ હતી તે શું મહાક્ષત્રપે સાંભળી હતી ?

'મૂલ્યની આશાએ મેં વાત કરી નહોતી.'

'...એટલે તો વળી વિશેષે લ્યો.'

'કૃષ્ણાબહેન ને તમે સાથે મળીને આપજો, હું એને હમણાં મોકલું છું. ઉપરાંત આ મણિમાલા તો તમે કોનીય લૂંટી હશે !'

'પાર્થિઆના વિજય વખતે મળેલી છે.'

'અમને ગણરાજ્યોમાં રહેવા ટેવાયેલને તો વિજય એ પ્રસ્થાપિત લૂંટ જ લાગે છે.'

'...ત્યારે તમારા શાસકોનું ધન ?'

'અમારા શાસક પાસે ધન હોતું નથી. રાજ્યભંડારનું ધન તો ગણ-સમસ્તનું છે, ને શાસક જે કાંઈ લે છે તે તો પ્રજાએ સ્વેચ્છાએ કરેલ કરારનું ફળ હોય છે ને તેમાં અનિચ્છા થતાં ગમે તે ફેરફાર થઈ શકે છે.'

'તમે મારા સરદારો સાથે કોઈક વાર વાતો કરો ને ! એ બધા માત્ર બે પગે ચાલે છે એટલું જ, બાકી તો ચારપગાં જ છે.'

'ત્યાં જ જાઉં, અહીં આવવા કોઈ બીજું રાહ જુએ છે !' કહી એ હસતો હસતો બહાર નીકળ્યો.

'પણ કાલે શું વાત થઈ તે તો કહેતા જાઓ !' પાછળથી સંભળાયું.

'મારા કરતાં જેની વાણી મધુર લાગે છે તે જ કહેશે !'

થોડી વારે કૃષ્ણા મંદ મંદ હસતી આવી. બારણા તરફ ઇશારો કરી ધીમેથી કહેઃ 'ત્યાં ચારુદત્ત ઊભા છે.'

મૈનેન્દ્રે હાથ વતી જ પૂછ્યું: 'શું કામ ?'

મૈનેન્દ્રની પથારી પરથી વાઘનું ચામડું લઈ બેસતાં કહેઃ 'ઐલદાદા જોયા છે ? એકાંતમાં તમને મળી એ જાણે તો મારી જ નાખે.'

'તું તો કહેતી હતી ને કે આર્યકન્યાઓ એકાંતથી ભડકતી નથી ?'

'તમારા જેવાથી ભડકવું જ સારું !' કહી સરલ રીતે એ હસી પડી. કાલના ગુસ્સાનું નામનિશાન ન જોઈ કહ્યું:

'ગુસ્સો શમી ગયો ?'

'યાદ કરો, ક્યારે નથી શમ્યો ?' પછી કહેઃ 'પણ આ તો આનંદ-ભાઈએ શમાવ્યો, નહિતર તક્ષશિલા જાત ત્યાં સુધી તો ચાલત જ.'

'આનંદને મારે પૂજવો પડશે !'

'મશ્કરીમાં કહો છો કે સાચે જ ?'

'ના, સાચું કહું છું.'

'એ ઉદારચરિત છે. એની સુચરિતા પણ એવી જ છે.'

'કોણ ?'

'સુચરિતા...એની. શું કહું, હવે કાંઈ જ નથી રહ્યું. એની પ્રિયતમા–કામ્યા–વધૂ થઈ શકી જ નહિ. એની સખી...' કહી એણે આખી વાત કરી ને પછી કહે: 'એ સુદત્ત આજે મગધરાજને માલવગણ પર ચડવાનું નોતરું આપવા ગયો છે.'

મૈનેન્દ્ર થોડી વાર ચૂપ બેસી રહ્યો. એ કલ્પનામાં મહાકાશ્યપપુત્રીની આકૃતિ ને આશાભગ્ન વેદનાભર્યું મુખ જોવા મથી રહ્યો હતો. 'કૃષ્ણા, એ સમદુઃખિયાં જ બીજાની પીડા પારખી શકે.'

'હા. આનંદભાઈએ પણ એ જ કહ્યું. એ કહે : 'કૃષ્ણાબહેન, જાતિ–વર્ણ ગૌણ વસ્તુ છે ને સંસ્કારિતા જ પ્રધાન છે એ તો તમે મહર્ષિ એેલ પાસેથી શીખ્યાં હશો. પણ પ્રેમ જ સંસ્કારિતાનો દાતા–જનક–જે કહો તે છે. એ પ્રેમને તમે જાતિ–કુલ–વર્ણ કે સંસ્કારિતાને નામે ન અપમાનતાં. મૈનેન્દ્રને સંસ્કારિતા ઐલે આપી છે એમ બીજા ભલે કહે, પણ હું તો કહું છું કે એને સંસ્કારિતા તમે આપી છે. તમને ભલે ઐલ પાસેથી એ મળી હોય, પણ તમારા પ્રેમ વિના એ શક બાળક કરમાઈ જાત—સંસ્કારિતા તો ઝીલી શકત, પણ એનું પોતાપણું ખોઈ બેસત. તમારાં મસ્તી, તોફાન ને ઉન્મુક્ત હાસ્યપ્રેમે એને ખાંચખૂંચ કાઢી નાખી દશે દિશાએથી ઘડી દીધો છે. આ શિલ્પ આગળ સુદત્તનું શિલ્પ ફિક્કું પડી જાય છે. તમે એવા પ્રબલ પ્રેમને કોઈ પણ આચાર–વિચારને નામે રૂંધો તો તો મારું અંતર રડી ઊઠે.' મૈનેન્દ્ર આંખો મીંચીને એ સાંભળતો હતો. એ અચાનક બોલી ઊઠ્યો :

'સાચી વાત છે, કૃષ્ણા ! હું સરસ્વતીના પગે હાથ મૂકીને કહેવા તૈયાર છું કે તારા પ્રેમે જ મને સંસ્કારિતા આપી છે. ઓહો, કેવું દીવા જેવું દેખાય છે ! એ નદી, મંદિરનો ઘાઓ, ગૌશાળા, ઐલદાદા, પાઠશાળા-એ બધાંની સાથે તેં જ મને સાંકળ્યો હતો. એ સાંકળનાર તું ન હોત તો હું પ્રકાશથી વંચિત જ રહી ગયો હોત. આનંદ દ્રષ્ટા છે...' કહેતાં કહેતાં એનાં મોં–આંખો પર જાણે પ્રકાશ ને પ્રસન્નતાનો ઓઘ ફૂટી નીકળ્યો. કૃષ્ણા પણ એ તેજે–મઢ્યું મોં જોઈ ને પ્રસન્ન થઈ ગઈ.

'તમને પણ દર્શન થયું લાગે છે!' એણે કહ્યું. 'પણ એક વાત સાંભળો. આર્ય આનંદે મારી પાસે એ તો નક્કી કરાવ્યું કે મારે મારા પ્રેમને ન રૂંધવો...પણ, મેંય એમની પાસે એક નક્કી કરાવ્યું.'

'શું?'

'આપણું લગ્ન તમે આર્યાવર્ત પરનું આક્રમણ પૂરું કરી લો તે પછી કરવાનું.'

'શું...આપણાં?'

મૈનેન્દ્રની હર્ષપુલકિત આંખો સામે જોઈ લોટપોટ પડી હસતી કૃષ્ણાએ કહ્યું:

'ફરી સાંભળવું છે? લગ્ન–લગ્ન–બસ, ધરાઈ ગયા!'

'ખરેખર તું કહે છે?'

'હા, ઍલદાદાએ નીકળી ત્યારે ગ્રહ જોઈને કહ્યું હતું કે, તું પાછી વળીશ ત્યારે સજોડે આવીશ.'

મૈનેન્દ્ર કૃષ્ણાનો હાથ ઝાલીને બહુ વાર સુધી મૂંગો રહ્યો. હર્ષે એના હૈયાને હિલોળે ચડાવ્યું હતું. એના પરનો કાબૂ નહિ રાખે તો પાળો તોડી નાખશે એમ તેને લાગ્યું.

કૃષ્ણાને મરક મરક હસતી જોઈ કહે: 'તું હમણાં હસ નહિ, નહિતર હું ગાંડો થઈ જઈશ.'

'ગાંડા તો છો જ, હવે તો ડાહ્યા થવાનું છે!'

'પણ તું આક્રમણ પતી જાય પછી શા માટે કહે છે?'

'કારણકે તમને શંકા છે કે હું તમને આર્યાવર્ત પર જતા રોકવા માગું છું...આ તમે છૂટા!'

'લગ્ન પછી કાંઈ ન જવાય?'

'ના, કોઈનેય હેરાન કરવા જતા હો તો ન જ જવા દઉં.'

'તો તો કરવું શું?'

'વાહ! કોઈને હેરાન કરવું એ શું રાજાનો ધંધો છે? રાજા તો ભૂમિભાગ લે, દાન આપે, ન્યાય કરે—પણ તમને કાંઈ ન સૂઝે તો મારી સામે બેસી રહેજો ને?'

બંને જણાં હસી પડયાં.

'મને સ્વીકાર્ય છે તારી વાત—આક્રમણ પછીથી.'

'જીવતી રહીશ તો!'

'કેમ એમ બોલે છે?'

'જીવતી હોઈશ તો જ ને! યુદ્ધમાં કોણ રહેશે ને કોણ મરશે તે કેમ કહેવાય?'

'કાંઈ સમજતો નથી.'

'તમે આક્રમણ કરશો ત્યારે આર્યાવર્ત રક્ષણ તો કરશે ને! ને હું પણ એ રક્ષણ કરવામાં હોઈશ ને! તમારે હાથે જ મરવાની! કોઈના ઘા કરતાં તમારા ઘાથી મરું તો છેલ્લે છેલ્લેય તમને જ જોતી જાઉં ને?'

મૈનેન્દ્ર આ અણધાર્યા પલટાનો આઘાત સ્વસ્થતાથી સહન કરી ન શકયો: 'તું મશ્કરી તો નથી કરતી?'

'ઈશ્વર—સાક્ષીએ સાચું કહું છું. પરણ્યા પછી તો આપણાથી તકરાર થાય નહિ. પહેલા જ દિવસથી તમારું માથું ખાવાનું શરૂ કરું તો તો કુભાર્યા ગણાઉં. બીજી બાજુ, જેણે તમારું બગાડયું નથી એ આર્યો પર તમે તૂટી પડો તે જોયા કરું તેમ કેમ બને? તમને સમજાતું તો ગુપ્તચર લાગું. પરણ્યા પછી જવા દઉં તો ધર્મ તેમ જ રાષ્ટ્રદ્રોહ કરું. એના કરતાં તો તમે સૌને રંજાડીને જાઓ પછી જીવતી હોઉં તો લગ્ન કરીશું.'

'તું તેવી જ ચપળ રહી છો—કદી હાથમાં આવવાની જ નહિ—તને કદી નહિ જિતાય!'

'આવતી લડાઈમાં તમે જ જીતશો. હું મન દઈને લડીશ જ નહિ. તમારા પહેલા જ ઘાએ...'

'મને ગૂંગળાવ મા!' કહી મૈનેન્દ્ર ઊઠી ગયો.

૫

બીજે દિવસે આખા સૈન્યમાં મહાક્ષત્રપની પ્રેયસીની સૌને જાણ થઈ ગઈ. શક-કબીલાના રિવાજ મુજબ વયોવૃદ્ધ સરદારોએ આવીને કૃષ્ણાને નાની-મોટી ભેટ ધરી એમની પહાડી ભાષામાં ચારુદત્તના કહેવા મુજબ નીચેના આશીર્વાદ આપ્યાઃ 'અમારા કબીલાને તું આવીને સમૃદ્ધ કર ! અશ્વ જેવાં વેગીલાં ને સિંહ જેવાં શક્તિશાળી સંતાનોની માતા થા ! પ્રસૂતિ વખતે તને પીડા ન થાય !' કૃષ્ણા મોંએ ડૂચો દઈ ને હસ્યા કરતી. એમના આશીર્વાદોમાં ગ્રામ્યતા ખૂબ હતી, પણ પ્રેમ પણ ખૂબ દેખાતો. શકને આર્યકન્યા વરે ને તે પણ આવી ભલભલા શક-સરદારોનેય ભૂ પાય તેવી એ મહાન ઉત્સવનો પ્રસંગ હતો. દિમિત્રે જે સૌ મળ્યા તેને ઇતિહાસ કહ્યો હતો. મહાક્ષત્રપ તક્ષશિલાથી જે વિદ્યા લાવ્યો તે તો નહોતી રુચી, પણ આ વહુ લાવ્યો તેથી સારું વળી ગયું. કૂચ દરમિયાન બંને જોડા-જોડ અશ્વો પર ચઢતાં. મૈનેન્દ્ર ચાલતે ઘોડે બને તેટલાની કૃષ્ણાને ઓળખાણ આપતો.

કોઈ એને અભિનંદતું, કોઈ એને પસાર થતી જોઈ જયધ્વનિ કરતું. કૃષ્ણાને એ બધા અબુધ-પ્રાથમિક છતાં ભોળા ને પ્રેમાળ લાગતા. એને થતું-હવે તો એ એના મૈનેન્દ્રની જાતિના એટલે એના કુટુંબીઓ ગણાય ને ! ચારુદત્ત એ બધાને બતાવીને કહેતોઃ

'એ તમારું શ્વશુરકુલ, આર્યકન્યાએ ગોતી ગોતીને શું ગોત્યું ?'

આનંદ પણ એવી ગમ્મતમાં ભાગ લેતોઃ 'એ તો હજુ એની સાસુ-ઓનો સમુદાય જોશે ત્યારે તાલ થવાનો !' ત્રણે જણ ખડખડ હસી પડતાં.

તને ખબર છે ચારુદત્ત, શક સ્ત્રીઓની સુઘડતા–રસદૃષ્ટિ બહુ ઉચ્ચ કોટીનાં હોય છે. કૃષ્ણાબહેન, તમને ખબર છે કે શક સ્ત્રીઓ વસ્ત્ર સંબંધમાં ઉદાસીન હોય છે? લગભગ નિર્ગ્રંથોની દશાએ પહોંચેલી.' મૈનેન્દ્રનું કૃત્રિમ ગાંભીર્ય પણ સરી જતું.

'શક સ્ત્રીઓને સારુ થઈને બીચારા નિર્ગ્રંથોને શું કામ નિંદો છો? તમને શક સ્ત્રીઓ વિષે ખબર જ નથી. લોકો કહે છે તે જ માની લ્યો છો.' મૈનેન્દ્ર કહેતો.

'લગભગ નહિ, પણ નિર્ગ્રંથો જેટલી કક્ષાએ છે એમ સુધારવું છે તમારે?' ચારુદત્ત કહેતો.

કૃષ્ણા આંખ કાઢીને કહેતી: 'સાધુને આમાં ભાગ લેવો તે વ્રતભંગ ગણાય–હં ચારુદત્ત!'

જોકે કૃષ્ણા હવે મૈનેન્દ્રને એકાંતમાં ભાગ્યે જ મળતી, છતાં કોઈ વાર મળી જતાં તો એક જ સવાલ પૂછતો:

'પેલી વાત સાચી છે?'

'કઈ?'

'આક્રમણ પત્યા પછી જ લગ્ન કરવાની?'

'અધીરા શું કામ થાઓ છો? જેટલાં વર્ષો ગયાં તેટલા મહિના નહિ જાય!'

'પણ તું કહે છે તેમ થાય તો?'

'મહાક્ષત્રપે મૃત્યુથી ડરવું ન શોભે. ઉપરાંત મહાક્ષત્રપને ધર્મપત્નીનો કંઈ દુકાળ નહિ પડે.' કદી સીધા જવાબ મળતા નહિ એટલે મૈનેન્દ્ર એકવાર આનંદને કહે: 'તમે એને સમજાવો કે, લગ્ન ભલે આક્રમણ પત્યે કરે પણ યુદ્ધમાં ન ઊતરે.'

આનંદ મૈનેન્દ્ર સામે તાકી રહ્યો. ત્યાં આર્ય ને પાર્થવોનો કાળ મહાક્ષત્રપ મિનિન્દર નહોતો, ઐર્યાન–વિજેતા ચકસેનીની નહોતો. એની બલોરી કાચ જેવી નિર્મળ આંખોમાં તો એક નિષ્કલંક ચિંતાતુર પ્રેમી

બેઠો હતો. એને સુચરિતા યાદ આવી—એને પણ એની આવી જ ચિંતા ન થાય?

'તમે એને ગુપ્તચર કહીને આ મુશ્કેલી ઊભી કરી છે. હવે જો એ આજે લગ્ન કરે ને પછી તમને આક્રમણ કરવા જાઓ ત્યારે અટકાવે તો એ શંકા તમારા સૌનાં મનમાં દૃઢ થાય—એ તમારી ધર્મપત્ની છે ને તમે અધર્મ કરવા જાઓ છો એટલે અટકાવે છે એમ ન ગણે, ઊલટું આ અટકાવવા માટે જ એ ધર્મપત્ની થઈ હતી તેવું કલંક એને માથે ચડે. એના કરતાં તો આ માર્ગ જ સારો છે. પણ મહાક્ષત્રપ, તમને હું ધરપત આપું છું કે કૃષ્ણાને એવા જોખમી સ્થળે હું મૂકીશ જ નહિ. કૃષ્ણા છેલ્લી હરોળમાં રહેશે. અમારા આર્યોનું એ રત્ન છે. એને ગમે તેમ નાશ પામવા નહિ દઉં.'

'ને તમે કઈ હરોળમાં હશો?'

'મોખરાની.'

'તમને જવા જ નહિ દઉં તો? તમે પણ આર્યમણિ છો. તમનેય હું નાશ પામવા નહિ દઉં.'

'પ્રકૃતિએ દશે દિશામાં મૃત્યુનાં બીજ વેર્યાં છે, ત્યાં કોણ કોને બચાવી શકે? આપણે ફાંફાં મારી જોઈએ એટલું જ.' આનંદે અપ્રગટ રીતે કહ્યું ને પછી પ્રગટપણે કહે: 'તમે કૃષ્ણાના મૃત્યુના ખ્યાલે કંપી ઊઠો છો, પણ તમારું આક્રમણ કેટલીય કૃષ્ણાનો કાળ થશે તે તમને નથી સાલતું. તમે બૈલ પાસે રહ્યા, પણ જે લેવું જોઈએ તે ન લીધું. પણ હું ભૂલ્યો, તમે કૃષ્ણાને જ લીધી—લીધી તો ખરી, પણ હવે એને સાચવી જાણો તોય ઘણું છે.'

'સાથે છીએ ત્યાં શીખવી દો ને! હું તો કહું છું હવે સાથે જ રહો ને! અમારે ત્યાં તમારા જેવા સંસ્કારવાળા દુર્લભ છે. તમારી જ જગ્યાએ કોઈ અમારો શક હોત તો, ને કૃષ્ણા એનું વેણ લોપવાની નથી એમ ખાતરી હોત તો, શું સલાહ આપી હોત? લઈને જ ગચ્છંતિ કરી ગયો હોત.'

'એ જ આર્યોની સંસ્કારિતા છે. એકાંતે કે સંઘમાં પરદ્રવ્ય કે પર-દારા વિષે કુવિચાર આર્ય સેવતો જ નથી. ને એ વિચારો જ વિશ્વકલહ-નું મૂળ છે.'

તક્ષશિલા સુધીમાં કોઈએ આ મહાસૈન્યને રોકયું નહિ. ઊલટું, જે યવન કે પથક રાજવીઓ મળ્યા તે બધા આ મહાસાગરમાં સાથે ભળી ગયા. તક્ષશિલા પાસે આવતાં મૈનેન્દ્રે એની ફોજનો મુખ્ય ભાગ પછવાડે રાખ્યો ને થોડાકને જ આગળ લઈને એણે તક્ષશિલામાં પ્રવેશ કર્યો.

આનંદે એને આગલે દિવસે જ કહી દીધું હતું કે તક્ષશિલાથી એ જુદો પડવાનો હતો. એણે સાંભળ્યું હતું કે મગધની ફોજ શકોની ભેટ શાકલ આગળ કરવા ધારતી હતી, ને એ જ ફોજનો નાનો એવો એક ભાગ બંડખોર માલવગણ તેમ જ બ્રાહ્મણકગણનો પરાભવ કરવા દક્ષિણ વાહિકપ્રદેશ તરફ જતો હતો. મન હવે ઊચક થઈ ગયું હતું એટલે છેલ્લા ત્રણ દિવસથી એ તથા કૃષ્ણા મૈનેન્દ્રના મુખ્ય સૈન્યને પાછળ રાખી આગળ ધસી રહ્યાં હતાં. એનું મન મૈનેન્દ્રની વાતોમાં પરોવાતું નહોતું. ઐલને મળીને એ સિંધુને કાંઠે કાંઠે ઝટ નંદિગ્રામ પહોંચવા અધીરો થયો હતો. તક્ષશિલાને પાદરે યવનસામંત એમનો સત્કાર કરવા ઊભો હતો. મૈનેન્દ્ર ને એના સમુદાયને માટે એણે પોતાના મહાલયમાં તૈયારી કરી રાખી હતી. મૈનેન્દ્રે પહેલાં ત્રણ દિવસ પછી પહોંચનાર સૈન્ય માટેના પડાવ માટેની જગ્યાની પૂછપરછ કરી. સામંતે માથું નમાવી કહ્યું: 'બધી જ ગોઠવણ થઈ ચૂકી છે.'

'મહર્ષિ ઐલની ભૂમિ તો અસ્પર્શ્ય રાખી છે ને?' એણે સીધું પૂછ્યું.

'એણે ના પાડી હતી, ને કહ્યું કે આ ભૂમિ પર એક પણ અશ્વા-રોહીનો દાબડો પડયો તો હું અનશન કરીશ.'

આનંદે કહ્યું: 'પ્રણામ મહાક્ષત્રપ! હવે તો રણાંગણે મળશું. આવતી ક્ષણથી આપણે દુશ્મન! વિધિની લીલા છે ને!' કહી એણે પીઠ ફેરવી. ચારુદત્ત ને કૃષ્ણા પણ એની પાછળ ચાલ્યાં. મૈનેન્દ્રે મૂંઝવતી નજરે એકવાર એમની પાછળ જોયું ને પછી અશ્વને એડી મારી.

ત્રણે જણાં જઈ ને જુએ તો ઐલ પેલા મંદિરના પ્રાંગણમાં એના શિષ્યોને પ્રસ્થાનત્રયીમાંથી કાંઈક સમજાવી રહ્યા છે. આખા પ્રદેશને ઊથલપાથલ કરી મૂકતો વા–વંટોળ જાણે આ નાના એવા મંદિરને સ્પર્શ્યો જ નથી.

'કેમ, મારી ભવિષ્યવાણી સાચી પડી ને ?' એમણે પગે પડતી કૃષ્ણાની પીઠ થાબડી કહ્યું. શિષ્યો આ ત્રણેને આવેલ જોઈ સ્નાન–ભોજનાદિની વ્યવસ્થા કરવા ઊઠી ગયા.

ભોજનથી પરવારી મહર્ષિએ કૃષ્ણાને કહ્યું: 'જા, મૈનેન્દ્રને કહી આવ કે આર્યકન્યા કૃષ્ણાના શકક્ષત્રપ મૈનેન્દ્ર જોડે થનાર વિવાહની વધાઈમાં આજે બધા શક–સરદારોને ઐલને ત્યાં ભોજન–નિમંત્રણ છે.'

'આવી કે પજવવા માંડી!' કહી વંટોળની પેઠે એ નાસી ગઈ.

'જા ચારુદત્ત, તું જઈ ને કહી આવ. નગરશ્રેષ્ઠીને ને યવનસામંતને પણ કહેજે, ને કૃષ્ણાને કહી દે કે મિષ્ટાન્નની તૈયારી કરે. સુંદર ને અન્ય સૌ એને મદદ કરે, ને તું આનંદ, મારી સાથે ચાલ તો !' કહેતાં વૃદ્ધ મહર્ષિ આગળ થયા. આજે જાણે દુહિતાવિવાહોત્સવે એમના પગમાં જોર આણ્યું હતું. ગૌશાળાની પછવાડેનું ખેતર વટાવી બીડમાં પેઠા. ત્યાંથી આમલી, વડ, બોરડીનું મોટું જંગલ શરૂ થતું હતું. ઘણાં વર્ષોથી આ બાજુ કોઈનો પગ પડયો હોય તેમ લાગતું નહોતું, કારણકે આ હદ હજુ વિદ્યાપીઠની હતી. છેલ્લાં પચ્ચીસ વર્ષોથી આમાં અનેક જીવ-જંતુઓ નિર્વિઘ્ને વસતાં–કોઈએ એમનું નામ લીધું નહોતું. ઐલને આ બાજુ આવવાની ફુરસદ નહોતી, ને એના શિષ્યો તો આ હદ વિદ્યાપીઠની છે કે અન્યની તે પણ જાણતા નહોતા એટલે ઘણાં વર્ષે થયેલ પદસંચારે પક્ષીઓને ચમકાવ્યાં.

માર્ગમાં પડી ગયેલ એકાદ ઝાડને ટપતાં, છાયામાં નિરાંતે ઊંઘતા સર્પથી તરીને ચાલતાં, ભડકીને એકાએક ભાગતા સસલાને જોઈને હસી પડતાં બંને જણ એકાદ કોસ નીકળી ગયા. રસ્તામાં મહર્ષિએ મૈનેન્દ્ર તથા એના સૈન્ય વિષે એની પાસેથી જાણી લીધું ને છેવટ પૂછયું:

'ત્યારે...તને મૈનેન્દ્ર ગમ્યો, ખરું ?'

'કૃષ્ણાબહેન ને એનું યુગલ દીપશે !'

રસ્તામાં ચારે તરફ કોઈ ને કોઈ ખંડેરો દેખાતાં. ઈંટ ને પથ્થરના ઢગલા, એકાદ સ્થંભ, કયાંક સ્થંભની હારો, તો કયાંક પડું પડું થતી ઇમારત—ઐલ એને બધું ઓળખાવતા હતા. આ બધો અધ્યાપકનિવાસ હતો. અહીં એકસો શ્રોત્રીયો રહેતા. પેલી સ્તંભાવલિ રહી તે સૂતિકાગૃહ હતું. સામે પડું પડું થતો આવાસ છે તે ઉન્મત્ત–નિવાસ. ભ્રાંતચિત્ત થયેલાને ત્યાં રાખીને ચિકિત્સા થતી. એક બહુ વિશાળ આવાસ જોઈ ને કહે—

'પેલું શું ?'

'એ ઔષધિ–ઉદ્યાન હતું. ત્યાં સર્વૌષધિસંવર્ધન થતું. એની ફરતી લોહજાલિકા હતી. કોઈ પશુ અંદર પેસીને એ કીમતી ઔષધિઓ ન ખાઈ જાય તે માટે.'

એમ કરતાં બંને જણા એક નાના મંદિર આગળ આવ્યા. ઐલ પગથિયાં પર ચડતાં કહે: 'આ દેવ ધન્વંતરિનું મંદિર !'

ગર્ભદ્વારમાં પેસતાં આનંદે પૂછયું: 'મૂર્તિ કયાં ?'

'આર્યાવર્તમાં સાથે લેતા ગયા. હું નવી ઘડાવું છું હમણાં.' દેવમંદિરમાં પેસતાં મહર્ષિએ એક ક્ષણ માટે ઉંબર પર માથું ટેકાવ્યું. મનમાં મનમાં બોલ્યા 'આજ્ઞા !' આનંદને પાછળ આવવા ઇશારો કરી અંદર પેઠા.

પહેલાં મૂર્તિ જે જગ્યાએ હશે ત્યાં કાકડો સળગાવી કાંઈક તપાસ્યું, પછી સાથે લાવેલ અણીદાર ખીલાને એક જગ્યાએ ભરાવી જોર કર્યું. આનંદના આશ્ચર્ય વચ્ચે પથરો ખસતો લાગ્યો. થોડીવારમાં માણસ જાય તેટલી જગ્યા થઈ.

'થોડીવાર બેસીએ, ભૂગર્ભગૃહમાં હવા જવા દે.' થોડી વારે કાકડો સળગાવી અંદર પેઠા. આનંદે જોયું તો મંદિરનો નીચેનો આખો ભાગ પહોળો હતો. કોઈક એને અવારનવાર સાફ રાખતું હોય તેમ લાગ્યું. એમાં ચારેબાજુ પુસ્તકાલયની જેમ પોથીઓને ગોઠવી હતી. થોડીક અનુપમ મૂર્તિઓ પણ દેખાણી.

'પેલું આખું પુસ્તકાલય નાશ પામે તોપણ આટલાથીય આપણું વિદ્યાધન બચી જાય.' કહી એમણે એક ઘોડો ખસેડ્યો. પછવાડેની દીવાલમાંથી પૂર્વવત્ એક પથરો ખસેડી આનંદને પોલાણમાં બે પેટી બતાવીને ઊંચકી બહાર કાઢવા કહ્યું. પેટીઓ વજનદાર હતી. એકલા આનંદથી ઊંચકાય તેમ નહોતી, એટલે બેલે એક હાથ વતી ટેકો આપી બહાર ખેંચી કાઢી. ધૂળ ખંખેરી ઉઘાડી તો એકમાં હતાં ઝળહળતાં રત્નો. એની અનેકરંગી આભાથી ભૂગર્ભગૃહની દીવાલો પણ ચમકી હતી. એમાંનાં થોડાં રત્નોને એક પોટલીમાં બાંધી લેવાનું કહી બેલે બીજી પેટી ઉઘાડી. એમાં હતાં સુવર્ણ તથા રત્નના ટુકડાઓ. એની બીજી પોટલી બાંધી. ફરી પાછી પેટી; હતી ત્યાં મૂકી પથ્થર ખસેડી પુસ્તકના ઘોડાને યથાસ્થિત ગોઠવ્યો.

'આ છે વિદ્યાપીઠનો ધનભંડાર!' કહી ઘોડા પરથી એક પુસ્તક બગલમાં મારી બંને બહાર નીકળ્યા.

આનંદ એવો તો મંત્રમુગ્ધ થઈ ગયો કે અરધા રસ્તા સુધી કશું બોલ્યો નહિ. નહિ નહિ તોય માલવગણ તો ખરીદી શકાય તેટલી કિંમતનો એ રત્નસંગ્રહ હતો.

'આટલું ધન છતાં આપ કેમ વિદ્યાલય ઊભું કરતા નથી?'

'વિદ્યાલય મારા પર ઊભું કરવા માગું છું–ધન પર નહિ, એટલે...'

'આ છે છતાં તમે નગરભિક્ષા પર શા સારુ નભો છો?'

'એ જ અમારું ગૌરવ ને મૂડી છે. ઉદરપોષણ માટે રોજ ભિક્ષા માગતાં અમને શરમ કે કંટાળો આવશે તે દિવસે સરસ્વતી રિસાઈ જશે. સરસ્વતી વાસી અન્ન પર નથી નભતી!'

*

સાંજે સૌ આમંત્રિતો આવવાની વેળા થઈ હતી. બધા જ શિષ્યો, આનંદ ને ચારુદત્તે ફળિયું વાળીને સાફ કર્યું હતું. પાણી છાંટી રંગાવલિ પૂરી હતી. આસનો પાથરી દીધાં હતાં. જુદા જુદા ઓટા પર તક્ષશિલાના

મશહૂર ધૂપનાં કોડિયાં સળગાવ્યાં હતાં. ઐલે આજે કૃષ્ણાને આગ્રહ કરી કરીને સજાવી હતી. તોય એમને સંતોષ નહોતો થતો. આમંત્રિતો આવી ગયા. યવનસામંત ને એના સાગરીતો બરાબર બનીઠનીને આવ્યા હતા.

શક–સરદારોએ પણ સુઘડ દેખાવામાં કાળજી રાખી હતી. માત્ર મૈનેન્દ્ર રોજના કરતાં ઊલટો સાદો દેખાતો હતો. એણે પાસે કાંઈ હથિયાર રાખ્યું નહોતું. પાદત્રાણ પણ આવાસ પર મૂકીને અડવાણા પગે જ આવ્યો હતો. ઐલને જોતાં જ એ દંડવત પડી ગયો.

'મૈનેન્દ્ર, તું તો હવે બહુ મોટો થઈ ગયો !' એને ઊભો કરતાં મહર્ષિએ સ્નેહથી કહ્યું. શક–સરદારો પણ એમના ક્ષત્રપને યથારીતિ અનુસર્યા. યવન–સામંતને પણ નછૂટકે અનુસરવું પડયું.

મૈનેન્દ્ર ને એના સરદારોની પંક્તિ એક રાખી હતી. અન્ય સૌ સામી પંક્તિમાં બેઠા હતા. થોડી વારે અંદરથી પિરસાઈ ને થાળ આવવા માંડયા. સૌને નવાઈ લાગી કે શક–સરદારોના થાળમાં ભોજનસામગ્રીની જગ્યાએ રત્નો અને સુવર્ણ–રજતના કટકા પીરસ્યાં હતાં. અન્ય સૌના થાળમાં હતો કંસાર. શક–સરદારોએ પહેલાં તો ભોજનની સાથે આ ભેટ તરીકે હશે એમ ધાર્યું, પણ બધાને પિરસાયું છતાં એમના થાળમાં કશું જ બીજું ન આવ્યું ત્યારે વિચારમાં પડયા. ત્યાં તો ઐલે કહ્યું:

'હાં, શરૂ કરો જમવાનું !'

વિદ્યાર્થીઓ જમવા માંડયા. યવન–સામંત ને એના સરદારો મહા-ક્ષત્રપનું રખે અપમાન ન થઈ જાય એ બીકે હાથમાં જ કોળિયો રાખીને બેસી રહ્યા. ઐલ તો નિરાંતે નીચું જોઈને જમતા હતા. મનેન્દ્ર નીચું જોઈને બેઠો હતો. તેના મોં પર વાદળી પથરાઈ હતી. ઓચિંતાના ઊંચું જોઈને શક–સરદારોને શાસ્ત્રનિધિએ પૂછ્યું: 'અરે, આપ જમતા નથી ? કૃષ્ણા, અતિથિઓને આટલું જ કેમ પીરસ્યું–વધુ સામગ્રી લાવ તો બહેન !'

રાંધણિયામાંથી બે હાથમાં રત્ન તથા સુવર્ણના થાળ લઈ ને શોભન-મુખ કૃષ્ણા બહાર આવી. મૈનેન્દ્રને લાગ્યું કે કૃષ્ણાની આજની શોભા

આગળ રત્નો ફેંક્યાં હતાં. એક પછી એક થાળમાંથી રત્નો ને સુવર્ણ પિરસાયાં.

'હાં, શરૂ કરો!' ઐલે ફરી કહ્યું. કૃષ્ણા હોઠ દબાવી હસતી હતી.

એક યવન–સરદારે કહ્યું: 'આમાં શું ખાય?'

'કેમ, આપને જે રુચે તે, રત્ન–હીરા–પોખરાજ–સુવર્ણ!'

'એ તે ખવાતું હશે?'

'એ નથી ખવાતું તમારે ત્યાં? શું આ કહે છે, મૈનેન્દ્ર? તમે સુવર્ણ–રજત ખાતા નથી?'

'અમે તમારી જેમ અન્ન જ ખાઈએ છીએ.'

ઐલે જાણે માનતા ન હોય તેમ ડોકું ધુણાવ્યું:

'બને નહિ!'

બધા કહે: 'અમે તમારા જેવું જ અન્ન ખાઈએ છીએ.'

પછી ગંભીર થઈ ને કહે: 'તમારે ત્યાં વરસાદ વરસે છે?'

'અહા! આપણે ઢંકાઈ જઈએ તેવું ખડ ઊગે છે.' એક વૃદ્ધે કહ્યું.

નિસાસો મૂકીને થોડી વારે ઐલે પૂછ્યું: 'તો તમારે ત્યાં ગાયો છે ખરી?'

એક વૃદ્ધે હસીને કહ્યું: 'આપ શું ધારો છો? તમારી જેવી જ ધરતી–ગાયો–મેઘ ને મેદાનો છે અમારે ત્યાં.'

ઐલે વધુ મોટો નિસાસો મૂકીને કહ્યું: 'હં...હવે સમજ્યો!' મૈનેન્દ્ર ગુરુની રીતથી સાવ અપરિચિત નહોતો. એ સમજ્યો–મહર્ષિ કંઈક ઉપદેશવા જ માગે છે. એણે હાથ જોડીને કહ્યું: 'અમે બધા સાવ જડસુ છીએ. સૂત્રમાં કહો તો અર્ધપશુઓને નહિ સમજાય.'

ઐલે શક–સરદારો તરફ જોઈ ને કહ્યું:

'મેં જ્યારે સાંભળ્યું કે તમે ગામો બાળતા, લોકો પીડતા, લક્ષ્મી લૂંટતા ફરો છો ત્યારે ધાર્યું કે તમારે ત્યાં સોનુંરૂપું ખાવાનો ચાલ હશે, ને ત્યાં પૂરતું નહિ હોય એટલે આમ કરતા હશો. એટલે તો તમને એ પીરસ્યું. પણ જ્યારે મેં જાણ્યું કે તમે તો અમારા જેવું અનાજ જ ખાઓ છો ત્યારે વળી થયું કે કદાચ તમારી તરફ વરસાદ જ નહિ થતો હોય. પણ એય થાય છે એમ જાણ્યું, અન્ન પાકે છે એમ સાંભળ્યું, ત્યારે મને થયું કે જેને ત્યાં ધરતી છે—મેઘ છે—વનૌષધિ છે, છતાંય જે બીજાના મુલકનો સર્વનાશ કરતા આવે છે એમને ત્યાં ભગવાન શા સારુ વરસાદ વરસાવતો હશે ? એટલે મેં પૂછ્યું કે તમારે ત્યાં ગાયો છે ?—તમે હા કહી ત્યારે મને સમજાયું કે ભગવાન તમારા જેવાને ત્યાં શું કામ વરસાદ વરસાવે છે ? વરસાદ વરસે છે તે તમારે માટે નહિ પણ પેલી અબોલ ગાયો માટે—તમે તો ભગવાનની દયાને પાત્ર નથી.'

'ઐલના ગંભીર અવાજમાં આજે પુણ્યપ્રકોપ દેખાતો હતો. આશ્રમનાં વૃક્ષો પાંદડું હલાવ્યા સિવાય એને સાંભળતાં હતાં. સામેની ગૌશાળાની ગાયોએ પણ જાણે એ તરફ કાન માંડ્યા હતા. મૈનેન્દ્ર જાણે એ વેણે વેણે ઘવાતો—પીડા પામતો ને વારે વારે પુનર્જીવન પામવા મથતો હતો. ઐલ બોલી રહ્યા ને ચિત્રલેખા જેવી કૃષ્ણાના હાથમાંથી ખણ ખણ ખણ કરતા બંને થાળ છૂટી પડ્યા. સુવર્ણ, રજત ને હીરા ચારેબાજુ ધૂળમાં રોળાયાં.

મેનેન્દ્રને તે દિવસે ખાતરી થઈ ગઈ કે આર્યાવર્તને જીતવો સહેલ હતો, પણ આર્યસંસ્કૃતિને હરાવવી મુશ્કેલ હતી. ઐલ–આનંદ–કૃષ્ણા–ચારુદત્ત એ સૌને મારી તો શકાય, પણ જીતવાં હોય તો તો સારસ્વત થયા સિવાય આરો નહોતો. જે જે જાતિઓ આર્યાવર્તમાં જઈને વસી હતી તે વહેલી કે મોડી નામરૂપ તજીને આર્યસાગરમાં ભળી ગઈ હતી. જો એ આર્યાવર્તમાં સ્થાયી થવા માગતો હોય તો એની પુરોગામી જાતિઓનું જે થયું તે જ એનું નિર્માણ હતું, ને જો માત્ર એક ધૂમકેતુ જેમ ક્ષણવાર માટે હાહાકાર બોલાવી પાછો ફરી જવાનો હોય તો એવડા મોટા ઉત્પાત ને રક્તપાતથી શું સિદ્ધિ એને મળવાની હતી ? ત્યાંથી લઈ આવેલ હીરામોતી કેટલાંક વર્ષો ચાલશે ? ને એ લૂંટી લાવેલ સમૃદ્ધિ માટે વળી પાછી અંદર–અંદર લૂંટફાટ નહિ ચાલે તેની શી ખાતરી ? બહાર કે અંદરની લૂંટફાટનો સ્થાયી વસવાટ, શાંત–રમ્ય ગૃહજીવન, સૌમ્ય ને ભદ્ર ધર્મજીવન–એ ત્રિવેણીસંગમ સિવાય બીજો કોઈ માર્ગ નહોતો. ને જે કોઈ આર્યાવર્તમાં સ્થાયી થયા હતા તે તો આર્ય બની ગયા હતા. ઋષિક, તુખાર, હુણ–બધા ધીમે ધીમે આ મહાસાગરમાં ઓગળતા જતા હતા. તો પછી અહીં જ આર્ય બનવું શું ખોટું ? આટલું જીત્યું. તે પણ સચવાય તોપણ ક્યાં ઓછું હતું ? શકોનું તે કાંઈ જીવન હતું ? કલહ, મારામારી, દોડધામ ને આસવ સિવાય ત્યાં હતું શું ? નહિ શિલ્પ, નહિ સ્થાપત્ય, નહિ ચિત્રાલેખ, નહિ કાવ્ય કે સંગીત, નહિ ગઈ સંધ્યાનો મેળ કે આવતી ઉષાનું સ્વપ્ન–સ્થૂળ માટે ખેંચતાણ ને સ્થૂળ માટે દોડધામ.

કૃષ્ણાને આમાં જિંદગી કાઢવી પડશે એ ખ્યાલે તેનાથી નિસાસો મુકાઈ ગયો. આમાંથી કોઈક માર્ગ તો કાઢવો જ જોઈએ. શંકાના આ અસ્થાયી જીવને હમેશાં અન્ય ઉપર, કાં પોતા પર આફત આણી હતી.

શા માટે ઐલને જ ન પૂછવું ? મહર્ષિની દિવ્યદૃષ્ટિ આનો કોઈ ઉકેલ કાં ન ગોતે ? એના પગ અનાયાસે વિદ્યાપીઠ તરફ વળ્યા. ત્રણ સંવત્સર જે ભૂમિ પર ગાળ્યા હતા તેના પર પગ પડતાં કેટલાંય સ્મરણો જાગી ઊઠયાં. પેલા બીડમાં એ પહેલે દિવસે ગાયો ચારવા ગયો હતો ને માર્ગ ન સૂઝતાં ગભરાઈને ડૂસકાં ભરતો હતો ત્યાં ઐલને લઈને આ જ કૃષ્ણા આવી હતી. ઐલ એકવાર એના પર ગુસ્સે થયેલા ને પોતે સામેના છાત્રનિવાસમાં સંતાઈ ગયો હતો. છેક રાત્રે એના નામના સાદ પાડતું અંધારામાં સમ દેતું કોણ આવ્યું હતું ? અહીં એક વર્ષે ડાંગર વાવી હતી, ત્યાં શાકભાજી કરી હતી. સવારમાં એ ને કૃષ્ણા સાથે જ ભાજી વીણવા ને ફૂલ ચૂંટવા આવતાં. પગ વચમાં પરિચિત ઓટો કે વૃક્ષ આવતાં એ થંભી જતો...પણ સ્મરણોની માળા ચાલ્યા કરતી. બારણામાં પેસતાં જ સામે રેણુની વાછડી મળી. આને એણે ચરાવી હતી. એ આવી ત્યારે એણે ને કૃષ્ણાએ શરત કરી હતી કે વાછડો આવશે કે વાછડી ? વાછડી આવે તો એણે ને વાછડો આવે તો કૃષ્ણાએ રાખવાની બોલી કરી હતી.

આંગણામાં જોયું તો આનંદ રથ તૈયાર કરતો હતો, ચારુદત્ત અશ્વોને પાવા લઈ જતો હતો. ઓરડામાં દાખલ થાય તો મહર્ષિ નહોતા પણ કૃષ્ણા વાંસો વાળી ચોટલો ગૂંથતી હતી. દર્પણમાં એનું પ્રતિબિંબ પડતાં જ એણે ચમકીને માથે ઓઢી લીધું. કૃત્રિમ રીસ કરીને કહે :

'બહારથી જરાક અવાજ તો કરવો'તો ! હમણાં બહુ ચમકાવો છો તમે !'

'એમાં શું ? તારા વાળ તો બહુયે જોયા છે-ખેંચ્યા છે !'

'તે દિવસની વાત જુદી.'

એ બહાર જતો હતો ત્યાં રસ્તા વચ્ચે ઊભાં રહી પૂછ્યું:

'હું સામા પક્ષે જાઉં છું તેનું દુઃખ નથી થતું ને?'

મૈનેન્દ્રે ધીમેથી કહ્યું, 'ના, ના!'

'જરાય નહિ?'

મૈનેન્દ્રથી ઉત્તર ન દેવાયો, માત્ર માથું ધુણાવ્યું, અને મનમાં મનમાં કહ્યું: 'મનેય કેમ નથી લઈ જતી?'

'હું સામે આવું તો અંચકાતા નહિ હં! ઘા ધરજો કે ઝટ પાછી જન્મીને તમારી પાસે પહોંચી જાઉં.'

મૈનેન્દ્રે પાસેની ભીંતે માથું ટેકવી દીધું. એને થયું–પુરુષો પણ કોઈ વાર રડી શકતા હોય તો કેટલું સારું! કૃષ્ણાને કેમ સમજાશે કે મને એ બધું સાંભળતાં શું થાય છે? એને ઘણુંય કહેવાનું મન થયું કે–કૃષ્ણા, ચાલ ને ક્યાંક નાસી જઈએ! ખાડામાં પડયા શકો ને ભાડમાં પડયા આર્યો. પણ એના મોંમાંથી એક શબ્દ પણ ન ઉચ્ચારાયો. ઊલટું કહ્યું: 'ઐલદાદા ક્યાં છે?'

'મંદિરે ગયા છે, હમણાં આવશે. ઊભા શું કામ છો? બેસો ને!' કહી એણે આસન પાથર્યું. મૈનેન્દ્ર નિર્જીવની જેમ ધબ દઈને બેસી ગયો. કૃષ્ણાએ ઘણા સવાલો કર્યા પણ એણે કાંઈ જ ઉત્તર આપ્યો નહિ. 'હમણાં મને પૂછ મા, મારું માથું દુઃખે છે. દાદાને બોલાવી લાવ.'

ઐલે ઓરડામાં પેસતાં જ સાંભળ્યું:

'દાદા, મેં આર્યાવર્ત પર જવાનું માંડી વાળ્યું છે—જો મારા સરદારોને તમે સમજાવી શકતા હો તો...'

'તું હમણાં સૂઈ જા, મૈનેન્દ્ર! એ બધું મેં વિચારી જ રાખ્યું છે. તારા સરદારોય માનશે. કૃષ્ણા, હમણાં એનું માથું દાબ!'

આનંદના નામની બૂમ મારતા મહર્ષિ બહાર ચાલ્યા ગયા.

'એકાએક શું સૂઝ્યું?' માથું દબાવતાં કૃષ્ણાએ પૂછ્યું.

'તેં–આનંદે–દાદાએ સહુએ મળીને મારી હામ ભાંગી નાખી છે.'

'વાહ, વાહ! આખરે અમારો દોષ નીકળ્યો!'

'હા, તું ન આવી હોત, આનંદે મારો ને તારો મેળ ન સાધ્યો હોત, ને બૌલદાદાએ આ બધું ન કર્યું હોત તો હું...'

'હમણાં બહુ બોલો મા, નહિતર માથું દુઃખશે.'

મૈનેન્દ્ર ચુપચુપ પડયો રહ્યો. થોડીવારે પૂછયું:

'હવે ક્યારે?'

'અત્યારે જ!' કહેતી કૃષ્ણા પ્રિયતમના મુખ પર લળી પડી.

*

બીજે દિવસે બૌલે તક્ષશિલામાં મૈનેન્દ્રનો યથાવિધિ અભિષેક કર્યો ને વાહિકગણના પ્રતિનિધિ તરીકે આનંદને સ્વીકારી એની સાથે તક્ષશિલા મૈનેન્દ્રના રાજ્યની સીમા ગણાય ને શક-રાજધાની હરૌવતી રહે તેમ ઠર્યું.

સાંજે મૈનેન્દ્ર ને કૃષ્ણાનો વિદ્યાપીઠની ભૂમિ પર વિવાહ-સમારંભ કરી પેલાં રત્નો ને સુવર્ણ કન્યાદાનમાં આપ્યાં. મૈનેન્દ્રે એ માથે ચઢાવી સરસ્વતીને ચરણે માથું ધરી: કહ્યું: 'પ્રસન્ન થયા જ હો તો આપના જેવો એકાદ બ્રહ્મજ્ઞાની આપો, જેથી અમારી જાતિ તરી જાય!'

'એટલા માટે તો કૃષ્ણાને આપી છે!' એક યવન સારસ્વતે કહ્યું.

'આ રત્નોથી સરસ્વતીની પુનઃપ્રતિષ્ઠા નહિ થાય, ને એ તો મેં કન્યાદાનમાં આપ્યાં છે એટલે તારે ન ખપતાં હોય તો મારા વતી આ બધા સરદારોને ભેટ ગણજે. એમનો અહીં સુધીનો ધક્કો સાવ એળે ન જાય.' કહી એમણે ઝળહળતો થાળ શક-સરદારો પાસે મૂકી દીધો ને ઉમેર્યું: 'પણ એક શરતે આપું છું હો? તમારાં સંતાનોને અહીં જ ભણવા મોકલવાં પડશે.'

શક-સરદારોએ માથું નમાવી પ્રણામ કર્યા.

આનંદે કહ્યું: 'અહીં આવવા નીકળ્યો ત્યારે તો મનમાં વિધાતાને શાપ દેતો હતો, પણ આ પરમમંગલ દૃશ્ય જોઈ ને દેવાધિદેવની ઇચ્છા તે જ શ્રેષ્ઠ છે એ ઋષિવાક્ય મને સમજાય છે. અહીં જે સમજ્યો છું તે જો જ્યાં

જવાનું છે ત્યાં પહોંચતાં ખોવાઈ ન જાય તો સારું. વાહિકગણ વતી તો બોલવાનો મારો અધિકાર નથી, પણ બ્રાહ્મણકો વતી કહું છું કે શકોને જ્યારે આવવું હોય ત્યારે સિંધુના બંને કાંઠા એમને માટે ઉઘાડા જ પડ્યા છે. ખુશીથી તક્ષશિલામાં જ હથિયારો ભાંગી નિર્ભય થઈ ને ચાલ્યા આવે. મા સિંધુ ને મા ધરતીને ખોળે આર્ય ને શકના ભેદભાવ ગળી જશે. મારું આ કાયમી આમંત્રણ એ મહર્ષિ ઐલને બ્રાહ્મણકગણ તરફથી દક્ષિણા !'

મૈનેન્દ્રે પાસે આવી કહ્યું: ' એક બીજો પણ અનુગ્રહ કરો !'

' આજ્ઞા !'

' થોડાક બૌદ્ધ સાધુઓ આપો. મારે સુગ્ધ ને બાખ્ત્રિયામાં વિહાર બંધાવવા છે.'

' નહિ ભૂલું.'

' ને મારા પર પણ એક અનુગ્રહ...' કૃષ્ણાએ માગ્યું.

' તમે પણ માગી લો, આજે હું પ્રસન્નતાથી છલકાઉં છું.'

' સુચરિતાબહેનને મારા જેવું જ સૌભાગ્ય મળે તેમ કરજો.'

' એ જ્યાં છે ત્યાં મારું કશુંય જોર ચાલે તેમ રહ્યું નથી, કૃષ્ણાબહેન !' કહી એ આડું જોઈ ગયો.

કુશાગ્રબુદ્ધિ મહાકાશ્યપે મગધનો રોષ ઊતરશે એ પરિણામ ધારી જ મૂક્યું હતું. સંઘની એક-બે સમિતિઓ બોલાવી, પણ કોઈ મન મૂકીને વાત કરવા તૈયાર નહોતું, એટલે એમણે, આસંગે ને આત્રેયે-ત્રણે મળીને એકલા જ લડવાનો સંકલ્પ કરી લીધો હતો. મગધસેના પાટલિપુત્રના દરવાજા વળોટી ત્યાર પહેલાં જ કઠ, માલવક ને બ્રાહ્મણક-ત્રણેએ પોતાની તૈયારીઓ પૂરી કરી લીધી હતી. અનાજ સંઘરાયું હતું, યુદ્ધસામગ્રી બનાવનારાં શ્રેણીજૂથો રાતદિવસ કામ કરતાં હતાં, જનપદોમાંથી બધા જ સશક્ત-વયપ્રાપ્ત ગણજનો પોતપોતાના દ્રોણમુખમાં હાજર થઈ ગયા હતા. ત્રણે ગણાધીશે મળીને માગધોને પહેલો મોરચો શાકલ આગળ આપવો તેમ ઠરાવ્યું હતું. શાકલદુર્ગ અજેય ગણાતો. એને જીતતાં આલિકસુંદરનેય ભોં-ભારે થઈ પડી હતી. મગધસૈન્યને શાકલ પહોંચતાં જ ચાર મહા નદીઓ ઓળંગવી પડે તેમ હતી. ઘેરો સહેજે લાંબો ચાલશે એમ ધારીને વૃદ્ધ, અપંગ ને નિરુપયોગી માણસોને અન્ય તટસ્થ ગણોમાં મોકલી આપવાનું વિચાર્યું હતું.

મહાકાશ્યપ ઘણાં વર્ષે અશ્વ પર સવાર થઈને શાકલ અને નંદિગ્રામ વચ્ચે ઘૂમતા. આત્રેયે તો ઉડુગ્રામ તેમ જ સિંધુના નૌકાવ્યવહારનું રક્ષણ બ્રાહ્મણકો પર જ છોડવાનું કહી દીધું હતું. એમનું તો આખું કુળ ઉડુગ્રામનો નવો કોટ બાંધવામાં જ પડયું હતું. ઉડુગ્રામનો સિંધુનો નૌકાઘાટ જ કોટમાં આવી જાય તેવી એ રચના થતી હતી. ભૂમિમાર્ગમાં ઉડુગ્રામને ભય ઓછો હતો, કારણકે સિંધુની શાખાઓએ ગામની ચારે બાજુ એવી તો જાળ

વણી હતી કે કોઈ મોટું સૈન્ય એ કીચડ ને કળણોમાંથી નિર્વિઘ્ને પસાર થઈ કોટને સ્પર્શે તે લગભગ અસંભવિત હતું. માત્ર નંદિગ્રામ સાવ સપાટ મેદાન પર આવેલું હતું. ચારે બાજુ કોસના કોસ સુધી ધાન્યનાં ખેતરો દેખાતાં. પાસે જ આવેલ નિર્વાણગિરિ પરથી આખા નગરના હરકોઈ ભાગ પર અગ્નિબાણવર્ષા થઈ શકે તેમ હતી. વાણિજ્યપ્રિય માલવોએ આજ સુધી શહેરની શોભા વિષે ખૂબ ધ્યાન આપ્યું હતું, પણ સંરક્ષણ વિષે કાંઈ જ વિચાર કર્યો ન હતો. સૈન્યમાં પણ આખા માલવગણમાંથી માંડ એકસહસ્ર અશ્વારોહીઓ નીકળે.

મહાકાશ્યપે ગઢ સમારવાનું, ખાઈ નવેસર ખોદાવવાનું ને માર્ગો રક્ષવાનું શરૂ કર્યું હતું. પણ એમને બહુ ચિંતા નહોતી, કારણકે શાકલ જીતતાં જ મગધને મહિનાઓ જશે તેમ સૌ ધારતા હતા, ને શાકલની જલસેના અકબંધ હોય ત્યાં સુધી નંદિગ્રામને કાંઈ ખાસ ભય નહોતો.

પણ ઓચિંતાના એક સંધ્યાકાળે એમણે આસંગ ને થોડા અશ્વારોહીઓને બે–ચાર કઠકન્યાઓ સાથે નંદિગ્રામના દરવાજામાં પેસતાં જોયાં ત્યારે એમને ધ્રાસકો પડયો. એમના ઘોડા એટલા તો થાકી ગયા હતા કે સંથાગાર આગળ એક–બે તો ઢળી જ પડ્યા. આસંગ પણ નિત્યની ટેવ મુજબ ઠેકડો મારીને ન ઊતર્યો પણ એક કઠ–સૈનિકના ખભાનો ટેકો લીધો. એમના મોં પરનાં તેજ ને વિભૂતિ ઊડી ગયાં હતાં. આજે ખરેખર વૃદ્ધાવસ્થાએ એમને હરાવ્યા હતા.

'નગરશ્રેષ્ઠીને બોલાવવા મોકલો !' કહી એ મહાકાશ્યપનો હાથ ઝાલી પાન્થનિવાસનાં પગથિયાં ચઢ્યા. નગરશ્રેષ્ઠી આ ખબર સાંભળી ઉતાવળા ઉતાવળા આવ્યા.

'કઠો પલટયા. સંવરણે દગો દીધો.' આસંગે ભારે સૂરે કહ્યું.

'શું કહો છો ?' નગરશ્રેષ્ઠીએ કહ્યું.

'મગધદૂત કાલે સવારે આવ્યો. મિત્રતા અથવા યુદ્ધનું આહ્વાન મૂકયું. મૈત્રીમાં માત્ર મગધસેનાના વિજયમાં સહાય આપવા જોડાવાનું

હતું. યુદ્ધને અંતે તક્ષશિલા સુધીની ભૂમિ આપવાની મોહજાળ પાથરી, ને સંવરણ ફસાયો—બધા ફસાયા. મગધને માલવગણમાં આવવાનો કઠો માર્ગ આપશે.' આસંગ એકીશ્વાસે બોલી ગયા.

મહાકાશ્યપે એમને બેસવા બાજોઠ ઢાળ્યો, પાણી મંગાવ્યું ને કહે : 'એમાં ધૈર્ય ખોયે શું થાય, આસંગ ? ઊલટું જોમ નથી ચડતું ? યુવાન સંવરણ ટુકડાની લાલચે ઢળી પડે, કઠો ખસી જાય, ત્યારેય વૃદ્ધ આસંગ સમસ્ત ગણની સામે જોઈને મગધ—હસ્તીઓની સૂંઢ છેદવા એકલો સમશેર ખેંચી ઊભો રહે તેથી વળી પ્રોત્સાહક દૃશ્ય બીજું કયું છે ?

'અહીં કાલે એ જ દૂત આવશે.'

'કોને મોકલ્યો છે ?'

'તમારા સુદત્તને, નગરશ્રેષ્ઠી !'

નગરશ્રેષ્ઠીની આંખમાં જ્વાળા સળગી:

'મારા કુળમાં એ અંગાર ક્યાંથી પાક્યો ?'

'નગરશ્રેષ્ઠી, અધીરા થાઓ મા ! સુદત્તને જવું હોય તો મગધપક્ષે જાય. ભલે કઠોની જેમ જ માલવગણ ખસી જાય ને ફક્ત મહાકાશ્યપ, આસંગ ને નગરશ્રેષ્ઠી ત્રણ જણા જ બાકી રહી જાય, તોપણ શું ? સિંહોનાં ટોળાં નથી હોતાં—એ તો એકલા જ વિચરે છે.'

'મને ભય નથી. મેં જિંદગીમાં લાખો—કરોડોનું સાહસ ખેડયું છે—કોઈને નમતું તોળ્યું નથી, કોઈનું નમતું લીધું નથી. મગધને એક તલપૂર પણ હું નમતું નથી તોળવાનો.' નગરશ્રેષ્ઠી બોલ્યા.

'બધે શું કુરુપાંચાલ ભાળ્યા છે ?' આસંગે કહ્યું.

'પણ નગરશ્રેષ્ઠી, તમે ઊઠો. કાલે સુદત્તના સ્વાગતની તૈયારી કરો ને સુદત્તને પગલે પગલે જ મગધસેના આવી સાંભળો.'

'વસુમિત્ર પાસે અત્યારે બધું મળી દોઢ લાખનું સૈન્ય છે. એ કાશી પહોંચ્યો છે. અર્ધ ઉપરાંત એ શાકલમાં રાખશે મૈનેન્દ્ર સામે લડવા, ને એક ભાગ અહીં આવશે.'

'આસંગ, તમારે દૂર જવું પડશે.' મહાકાશ્યપે કહ્યું.

'ક્યાં ?'

'જ્યાં મૈનેન્દ્ર કે મગધ કોઈના હાથ ન પહોંચે ત્યાં–પૂર્વરણનેય પેલે પાર. આરાવલ્લીના પહાડોમાં એક નગરી છિન્નભિન્ન થઈને પડી છે. દ્વિમિત્રે ત્રણ દસકા પહેલાં નાશ કરેલો.'

'માધ્યમિકા ?'

'હા, ચારેબાજુ આભ–ચૂમતા પહાડો છે. શક્તિપ્રદ પાણી છે. બાજુમાં મોટું સરોવર છે. દુર્ભેદ્ય કાંતારથી પહાડો ઢંકાયા છે. આની વચ્ચે એ નિષ્પ્રાણ નગરીનાં ખંડેરો પથરાયાં છે. એ સંચાર માગે છે.'

'પણ ત્યાં કેમ જવાય ? મહારણ કોઈએ ઓળંગ્યું નથી.'

'મહારણ વીંધવું અશક્ય છે, પણ સિંધુના મુખ પાસેથી કચ્છ–સમુદ્રમાં થઈ નાનું રણ ઓળંગી આનર્તની ઉત્તર સરહદે પહોંચો. ત્યાંથી આરાવલ્લીની ખીણમાં જવાશે. સુરાષ્ટ્રીય સંઘ તમને સહાય કરશે.'

'પછી ?'

'તમારો સંદેશ મળ્યે સમસ્ત માલવગણ તમને અનુસરશે. અહીં દીવાલ નીચે સૌને ભીંસી મારવા તે અયોગ્ય છે. આ દીવો ભલે ઓલવાય, પણ નવો દીવો પ્રગટાવીને જ એ ઓલવાશે.'

'આ વખતે આપણે ઊગરશું નહિ. આલિકસુંદર વખતે તો ઊગર્યા.' નગરશ્રેષ્ઠીએ કહ્યું.

'મનેય એમ લાગે છે એટલે તો આ કિલ્લામાં જેને મોત મીઠું લાગે તેવા પાકા પાન જેવાને જ આપણે રાખવા છે. બાકી સૌને આપણી આશા–સ્વપ્ન ભળાવીને એ માધ્યમિકામાં મોકલી આપવા છે. હમણાં રાત્રે મને એનાં જ સ્વપ્નો આવે છે. એની બે બાજુએ મોટાં અફાટ રણ છે. આનર્ત બાજુએ આરાવલ્લીના પહાડો છે. માત્ર ત્યાં આ સમુદ્ર સમાન સજળા સરિતાઓ નથી.'

'...ને...મારે ત્યાં રહેવાનું ?' આસંગે પૂછ્યું.

'હા, આનંદ હોત તો એને મોકલત, સમય તો પૂરવેગે ચાલ્યો જાય છે. રાતના જ નીકળો. સાથે દ્રવ્ય–પરિચયપત્રો લેતા જાઓ. માલવ જુવાન આ આવ્યા. તૈયાર થાય તેને સાથે લ્યો.'

'મહાકાશ્યપ, મારાથી ડગલુંય આ કિલ્લો છોડી નહિ જવાય–બીજાને કહો. આ નગરશ્રેષ્ઠી જાય.'

'હું ? હું જઈશ પણ એ કુલાંગારના ગણદ્રોહનું વૈર લીધા પછી.'

'આસંગ ! અભિનવ સમાજ ને અભિનવ નગરરચના ભૂતકાળના અનુભવ વિના રચાવાં અસંભવિત છે. ત્યાં જંગલ કાપવાં પડશે, ભૂમિ તોડવી પડશે, રક્ષણદુર્ગો બાંધવા પડશે; ઝઘડા પતાવવા, અજાણ્યો પ્રદેશ, નવા મિત્રો, નવા દુશ્મનો–એમાં આપણામાંથી કોઈ નહિ હોય તો સ્વપ્નું રોળાઈ જશે.'

'તો...તમે જાઓ. મગધના હસ્તીઓ સાથે રમત રમ્યા વિના જ મારે આ વયે પીઠ...'

'હું જ જાત–મનમાં હતું, પણ મારું નિર્માણ તો અહીં જ...' કહેતાં એણે શતદ્રુ તરફ જોયું. 'ક્યાંક થઈ ચૂક્યું છે. શતદ્રુ જાણે મને એના ખોળામાં લઈ લેવા હાથ લંબાવી રહી છે.' મહાકાશ્યપ પણ જાણે ભાવિના પડદાને વીંધી પેલેપાર જોવા મથતા હતા. પછી મંત્ર ઉચ્ચારતા હોય તેમ કહે : 'ગણરાજ્ય એ સંસ્કાર છે, એ કાંઈ સંથાગારો કે કોટકિલ્લામાં નથી. ભલે બધું જ નાશ પામતું, પણ ભાવનાનો નાશ નહિ થવો જોઈએ. સંનિપાત–ભેરી કરો, નગરપાલ ! ભલે સૌ ગણજનો એ સાંભળતા.'

નગરપાલ પ્રણામ કરીને બહાર ગયા. થોડીવારમાં નંદિગ્રામનાં રાજમાર્ગો ને વીથિકાઓ સંનિપાતભેરીથી ગાજી ઊઠયાં. રાત્રિના પહેલા પ્રહરને અંતે નગરજનોએ સંથાગારમાં મળવાનું હતું.

*

સંથાગારમાં નિસ્તબ્ધતા પથરાઈ હતી. સૂવાની તૈયારી કરતાં નગરજનો ભેરીનિર્ઘોષ સાંભળી સંથાગારમાં દોડી આવ્યાં હતાં. વ્યાપારી, હેમકાર, મત્સ્યવ્યવસાયી, મંચક–દોહક સૌ પોતપોતાની શ્રેણીના નિર્મિત સ્થાને

ગોઠવાયાં હતાં. પુરનારીઓ માટે અલગ રાખેલ સ્થાનમાં આજે તલપૂર પણ જગ્યા નહોતી. દીપગોખોથી પૂરતો પ્રકાશ મળે તેમ નહોતો એટલે વચમાં વચમાં યુવાનો મશાલો લઈને ઊભા હતા. વ્યાસપીઠ પર શ્રેણીમુખ્યો આવતા જતા હતા. કઠ–સાગરીતો જોડે વૃદ્ધ આસંગ આવતાં સૌએ ઊભાં થઈ અભિવાદન કર્યું. પછી મેધાતિથિ જોડે મહાકાશ્યપ આવ્યા. નગરપાલે શ્રેણીમુખ્યોનાં નામ પોકારી સમિતિની શરૂઆત કરી. મેધાતિથિએ શ્રેણીમુખ્યોને શલાકાપત્રો આપ્યાં. અંદર લખવામાં આવ્યું હતું: સંધિ કે વિગ્રહ ? નગરપાલે આખી વાત સમજાવી. વસુમિત્ર ગુપ્તવેશે આવેલ ત્યારે કરેલ માગણી કહી. મહાકાશ્યપ તથા આસંગે વાળેલ પ્રત્યુત્તર સ્પષ્ટ કર્યો. આવતીકાલે દૂતને એનો જવાબ આપવાનો છે કહી કહ્યું:

'હવે સમિતિ પાસે એવો નિર્ણય હું મૂકું છું કે મગધસેના જ્યારથી માલવહદમાં સંઘની વગર અનુમતિએ પ્રવેશ કરશે તે ક્ષણથી જ માલવ-સંઘ યુદ્ધે ચડશે.' ને ઉમેર્યું: 'મારા હૈયાની વેદના એક ભગવાન તથાગત જાણે છે. મારા જ રુધિરમાંથી ઊભો થયેલો મારો દીકરો એના જ ગણની છાતી પર તલવાર ધરીને ઊભો રહે છે. કાં તો મગધનું સર્વોપરીપણું સ્વીકારો, નહિતર આ તલવાર છાતીમાં પરોવાઈ જશે, ને હું એને આજે કાંઈ જ કરવા અસમર્થ છું, કારણકે એ સાંધિવિગ્રહિક થઈને આવે છે. એને એટલેય ખ્યાલ નથી આવ્યો કે આ સંથાગાર, આ રમ્ય નગર,' આ અનુપમ માલવનારીઓ, આ આકાશયાનસમા પ્રાસાદો–બધું એના પાપે માગધોના હાથે રોળાશે. સંવરણને એણે ફોડયો છે. મગધનો માર્ગ એણે મોકળો કર્યો છે.' એનાથી વધારે બોલાયું નહિ, ગળે ડૂમો આવતાં એ નીચે બેસી ગયા. મહાકાશ્યપ બોલતા હતા:

'સભાસદો, ધન ખૂટી જાય છે, યૌવન ઊડી જાય છે, શિલ્પસમૃદ્ધિ પણ કાલાંતરે ઘસાઈને માટી સાથે મળી જાય છે, મહાનગરીઓને પણ નદીઓ તાણી ગઈ છે–પણ કાળના પ્રવાહમાં ભાવના મરતી નથી–તણાઈ જતી નથી, ભાવના ખડક કરતાંય કઠોર ને કમળ કરતાંય કોમળ છે. જીવનને એ સમૃદ્ધ કરે છે ને સુગંધ આપે છે.

'ગણુરાજ્ય એક ભાવના છે. આપણા આર્ય પિતામહોની સાથે જ જન્મેલી એ ભાવના છે. આર્યોએ રાજવી–સંસ્થાને પોષી નથી, રાજાને નરકવાસ આપ્યો છે. આ અસંખ્ય નદીનાં જળે પોષાતા પ્રદેશમાં આર્યોએ રાજ્ય-સંસ્થાને દૈવનિર્મિત નહિ પણ જનગણુનિર્મિત કરીને એક ભાવનાને જન્મ આપ્યો છે. એ ભાવના છે શક્તિને મુક્તિની દાસી બનાવવાની. મુક્તિ જ પ્રાણુદાતા છે, શક્તિ તો મુક્ત મહાદેવની ચરણુદાસી છે. સામ્રાજ્યો મુક્તિને શક્તિના બંદીખાને નાખવા નીકળ્યાં છે. એ કહે છે: અમારી પાસે હાથી, ઘોડા, રથ, પાયદળ છે; અમારી પાસે ધન, ધાન્ય, સમૃદ્ધિ છે. અમને સેવો, અમારાં ગુણુગાન ગાઓ, અમને વંદો.

'આપણે કહીશું: અમે તો મુક્તિના ઉપાસકો છીએ. અહીં આબાલ-વૃદ્ધ મુક્ત છે. અમે તમે મુક્તિને ઉપાસશો ત્યાં સુધી સાથે રહીશું, પણ તે પછીના આપણા માર્ગો જુદા પડશે. પણ શક્તિ–મદાંધ લોકોથી આ સહન થતું નથી એટલે આપણને એ પરાણે નમાવવા આવે છે. આપણે મૈનેન્દ્રને કાઢવા તૈયાર છીએ, આપણે એમની જોઈએ ત્યારે મદદ લેવા પણ તૈયાર છીએ, એ મદદનું વ્યવહારે જે મૂલ્ય ચૂકવવું જોઈએ તે પણ ભરપાઈ કરવામાં ના નથી, મદદ ન કરે તોય આપણને હરખશોક નથી. આપણે એમને નોતરતા નથી, છતાંય તેઓ તો કહે છે કે અમારા શક્તિના ધ્વજ નીચે ચાલો. આપણે એનો જવાબ દેવાનો છે. શક્તિ અને મુક્તિ વચ્ચે તમને ગમે તેને પસંદ કરી શકો છો. સભાસદો જે નિર્ણય વધુમતે કરશે તે નગરજનોને હું જણાવીશ. એક વાત યાદ રાખજો—શક્તિને સંગાથી ઘણાય મળી રહેશે, પણ મુક્તિને તો ઈશ્વર સિવાય કોઈ સોબતી ન મળે તેવું બને. કંઈ ખસી ગયા છે ને બીજા ગણુ ખસશે, પણ આ તો દેવાસુરસંગ્રામ છે. આસંગ, મેં ને નગરશ્રેષ્ઠીએ આ થોડીક કઠકન્યાઓ...' કહી એમણે એક બાજુએ શસ્ત્રસજ્જ થઈને ઊભેલી શાકલકન્યાઓ બતાવી. 'આ કન્યાઓની સંગાથે પક્ષ પસંદ કરી લીધો છે. અમારાથી તો અસુરનું દાસત્વ સ્વીકારી મુક્તિને છેહ નહિ દેવાય—આ ભવે તો નહિ, પણ આવતા ભવેય તે નહિ બને.'

અન્ય પ્રેક્ષકગણને મતદાન કરવાનો અધિકાર નહોતો, પણ પ્રશ્નો પૂછી શકે તેમ હતા એટલે સભાસદો અંદર અંદર વિચારવિનિમય કરતા હતા તે દરમિયાન પ્રશ્નોત્તરો થયા:

'આપણે જીતી શકીશું?' એક વ્યાપારીએ પૂછ્યું.

'જરાય આશા નથી. પસંદગી મગધની સરદારી નીચે રહી કુરુ-પાંચાલની જેમ મુક્તિના ધ્વજને છેહ દઈ ધીરે ધીરે મરવું, કે દિગંતવ્યાપી જ્વાલારૂપે સળગી અમર કીર્તિ સંપાદન કરવી એ બે વચ્ચે જ છે.'

'મગધવાળાની સાથે આપણે લડીએ તો બધાય શું મરી જઈએ?' એક પંદર વર્ષની કન્યાએ પૂછ્યું. સામે બેઠેલ થોડાક કિશોરો હસી પડયા. એક કહે: 'કોની પાઠશાળાએ ભણી છો?' પણ મહાકાશ્યપે એને અટકાવી કહ્યું:

'ના બહેન, આપણને બટકાં ભરી ચાવીને ખાઈ ન જાય, પણ ચગળી ચગળીને સાવ ગાળી નાખે-તું સાકર ચગળે છે તેમ.'

'ઘેરો ઘાલે તો શું વ્યવસ્થા વિચારી છે?' એક વૃદ્ધે પૂછ્યું.

'નગરશ્રેષ્ઠીના નિર્ણયનું પરિણામ આવે એટલે જાહેર કરું, પણ એટલું કહું કે આપણી વસ્તીનો મોટો ભાગ અહીંથી બીજે ખસી જશે-અહીં તો માત્ર લડનારા કે મારા-તમારા જેવાં ખર્યાં પાન રહેશે.'

'બ્રાહ્મણોએ શું ધાર્યું છે?'

'આપણી સાથે રહી સ્વર્ગે જવાનું.'

દરમિયાન મેધાતિથિએ શલાકા એકત્ર કરી ગણાધીશને આપી એટલે પ્રશ્નો પુછાતા બંધ થયા. સૌનાં હૈયાં ધડકવા માંડયાં. આજના નિર્ણય પર બધો આધાર હતો. નિર્ણયમાં વિગ્રહ આવે તો? ગણ્યા દિવસો પછી અહીં આ કોલાહલ નહિ હોય-બાલકનો આ ખિલખિલાટ, નરનારી-યુગ્મોનો વિશ્રંભાલાપ, દેવમંદિરની આરતી ને શંખનાદ, પ્રત્યેક પ્રહરે સંથાગારને ગુંજાવી મૂકતું ગીતવાદન—કાંઈ જ નહિ હોય એવું થાય તો? કેવો ભયંકર નિર્ણય? પણ એમ નહિ થાય તોપણ મગધની વિજય-યાત્રામાં તો ભળવાનું જ હતું. આ ગામને પાદરે નહિ તો કોઈ અજાણ્યા

ગામને પાદરે, કોઈક અજાણી નદીના તટે કે પહાડી કિલ્લાના ખોળામાં માલવ–યુવકોનાં શબ રઝળશે જ. માત્ર ત્યાં કોઈ પ્રિયજન એની પાસે આશ્વાસન માટે નહિ હોય. કદાચ એના પ્રિયજનને ખબર ન મળે, બાકી મૃત્યુ–વિનાશ તો બેઉ પક્ષે ઊભો જ હતો—મગધની સાથે રહીને અથવા તો મગધની સામે થઈ ને, તો પછી સંધિ કરતાં વિગ્રહ શું ખોટો હતો ?

નગરપાલ જાહેર કરતા હતાઃ 'પચાસ વિગ્રહ–નવ સંધિ.' એક ક્ષણ માટે શાંતિ પથરાઈ, પછી તાળીઓથી સંથાગાર ગાજી રહ્યું.

ગણાધ્યક્ષે સભા સમેટતાં કહ્યુંઃ 'હજુ મગધ–સૈન્યને અહીં આવતાં ચારેક માસ જશે. તે પહેલાં બાળકો, વૃદ્ધો, અપંગો ગર્ભવતી ને સંતાનવતી સ્ત્રીઓ–એટલાંએ અહીંથી નીકળી જવાનું છે. જે પોતે વ્યવસ્થા ન કરી શકે તેમ હોય તેમની વ્યવસ્થા ગણસભા કરશે. બાકીનાંમાંથી પણ જેને જવું હોય તેને કોઈ નહિ રોકે, પણ આશા રાખું છું કે માલવ–યુવાનો કઠકન્યાઓ આગળ મોં નીચું રાખીને પસાર થવાનું નહિ સ્વીકારે. હવેથી મગધરાજ્ય સાથે સંબંધ ધરાવનાર હરકોઈ માલવજન મૃત્યુનો અપરાધી ઠરશે.'

નગરપાલે ઉમેર્યુંઃ

'એ રીતે નગરશિલ્પી સુદત્ત મૃત્યુદંડનો અપરાધી ઠરે છે. કાલે એમને એ ખબર આપવામાં આવશે. ત્યારથી બાર પ્રહર પછી જે કોઈ એને પકડી લાવશે એને મારા તરફથી એક સહસ્ર સુવર્ણ કાર્ષાપણ મળશે.'

રાત આખી ગામ લગભગ ઊંઘ્યું જ નહિ–વિગ્રહના નિર્ણય ને નગરશ્રેષ્ઠીની જાહેરાતની વાતો જ ચાલ્યા કરી.

બીજે દિવસે ત્રીજા પ્રહરે જ્યારે મગધ–સૈનિકોથી વીંટાયલો સુદત્તનો રથ નંદિગ્રામમાં પેઠો ત્યારે કોઈ એનો સત્કાર કરવા આવ્યું નહિ. સંથાગારના દ્વાર આગળ જમા થયેલ લોકોના ટોળાએ 'ગણદ્રોહી ! ગ્રામકંટક ! મગધદાસ ! મોં શું લઈ ને આવે છે ?' એવા પોકારો કર્યા. સુદત્તનાં કાન ને આંખો સળગી ઊઠયાં. એણે મોટેથી કહ્યુંઃ 'મને ડરાવવો છે ?'

'તું અમને આ માગધો વતી ડરાવવા આવ્યો છે ?' લોકોએ કહ્યું.

શાસનનું અપમાન સહવા નહિ ટેવાયલા મગધ-સૈનિકોમાંના એકે લોકોને ડરાવવા ઘોડો આગળ હાંકયો. લોકો સહેજ પાછાં હઠયાં, ત્યાં સંથાગારમાં ઊભેલી એક કઠકન્યાએ આવીને ઘોડાના મોં પર લાકડીનો એવો સપાટો લગાવ્યો કે ઘોડેસવાર માંડમાંડ પડતાં બચ્યો. બધા સૈનિકો એના સાગરીતનું અપમાન જોઈ ને આગળ ધસ્યા. તોફાન થઈ જાત, ત્યાં નગરશ્રેષ્ઠી દેખાયા. સત્તાત્રાહક સ્વરે એમણે કહ્યું:

'રહો ! રહો ! હજુ એ શૌર્ય બતાવવાને વાર છે.' ને પછી સુદત્ત તરફ ફરીને કહે: 'પધારો અનાર્ય સુદત્ત ! શું સંદેશો લાવ્યા છો ?'

સુદત્તે રથમાંની મંજૂષા ખોલી મગધપતિનો સંદેશો આપ્યો. નગર-પાલે એ ત્યાં જ ખોલી, વાંચી, ટુકડા કરી ચારે દિશાએ વેરી નાખ્યા. સંથાગારમાં પાછા વળતાં કહ્યું: 'આપને જવાબ મળી ગયો, પધારો ! બાર પ્રહર પછી જો માલવહદમાં હશો તો ગણદ્રોહી તરીકે મૃત્યુદંડને પાત્ર ઠરશો !'

નંદિગ્રામના લોકોએ નવું જીવન જીવવા માંડયું હતું. આખો દિવસ ગામ ઘોડાઓની પડઘી ને સૈનિકોના તાલબદ્ધ ધ્વનિથી ગાજ્યા કરતું. વેપારીઓ ને કારીગરો પણ પોતાના કામધંધા બંધ કરી સૈનિકો સાથે ભળી ગયા હતા. માલવકન્યાઓ આવતા સંગ્રામમાં ઉપયોગી થવા માટે મેધાતિથિ ને બીજા વૈદ્યો પાસે શુશ્રૂષાશાસ્ત્ર શીખતી. ડોસાં–ડગરાં તો આજુબાજુનાં ગામમાં ચાલ્યા ગયાં હતાં, કારણકે મહાકાશ્યપે જે ગામડાં નાકાબંધી તરીકે ફાવે તેમ ન હતાં તે બધાંને મગધસૈન્ય સાથે નહિ લડવાનું સૂચન કરી દીધું હતું. જે લડે એવાં હોય તેણે તો નંદિગ્રામમાં આવવાનું હતું, બાકીનાં સૌએ મગધસૈન્યના માર્ગમાંથી ખસી જઈ ગામડાં-ને આફતમાંથી અને એટલાં બચાવી લેવાનાં હતાં.

નંદિગ્રામ તો મોટી છાવણી જેવું થઈ ગયું હતું. સંથાગારમાં તો મુખ્ય શિબિર હતું જ, પણ સુદત્તપ્રાસાદ, મણિમહાલય જેવા પ્રાસાદો ને બીજા અનેક ગૃહસ્થના આવાસો સૈનિકોથી ભરાયા હતા. અશ્વારોહી દળ ઘણુંખરું આવનાર શત્રુઓને અંતરાય નાખવા બહાર ગોઠવાયું હતું. નંદિગ્રામનું આનંદબજાર તો ઊપડી ગયું હતું. સંગીત–વિનોદની જગ્યા અશ્વારોહણ ને તિરંદાજીએ લીધી હતી. દરવાજા દિવસનો મોટો ભાગ બંધ જ રહેતા. રાત્રે પહેરેગીરો સિવાય કોઈ બહાર નીકળી શકતું નહિ. ધાન્ય ને શસ્ત્રભંડાર હતાં તે હદમાં નગરપાલની અનુમતિ સિવાય રાત્રે કે દિવસે જે કોઇ પેસે એને વીંધી નાખવાનો હુકમ હતો. ત્યાં જ યુદ્ધમાં હણાયલાને અગ્નિદાહ દેવા માટે લાકડાંનો મોટો જથ્થો સંઘર્યો હતો.

મહાકાસ્યપ, નગરપાલ, સેનાપતિ દીર્ઘતમ–કોઈ પગ વાળીને જંપતું નહિ. નંદિગ્રામનો કિલ્લો અરક્ષિત હતો એટલે તેની નબળી દીવાલોને બેવડી કરી હતી. ગામમાં પાણી ન ખૂટી જાય એટલા માટે નવા કૂવાઓ ગળાવતા હતા. લોહકારો લોઢું ગાળતા અને તીક્ષ્ણ હથિયારો તૈયાર કરતા હતા, પાણીદાર અસિઓ, વાંકાં ફળાંવાળાં તોમરો, ચક્ર જેવા પરિઘો, વાઘના પંજા જેવાં ત્રિશુળો ને વિવિધ પ્રકારનાં બાણોના રોજ ગંજ થતા. ગણકુમારો ગામમાં જ્યાં નકામું લોઢું દેખતા ત્યાંથી લાવીને ભઠ્ઠી પાસે હાજર કરી દેતા. કદાચે કિલ્લો તૂટે તોપણ શહેરને રક્ષવા ચોકે ચોકે કિલ્લેબંધી કરી હતી. પોળોની પણ એવી રીતે વહેંચણી કરી હતી કે પ્રત્યેક લત્તો એક અલગ કિલ્લેબંધી થઈ પડે. એવા લત્તાઓમાં એક કૂવો, એક લોહકાર, એક વૈદ્ય–એમ વહેંચ્યા હતા.

પણ મગધસૈન્ય ધાર્યા કરતાં વહેલું દેખાયું. ધટો બજી ઊઠયા, સંથાગારમાં ભેરીઓ વાગવા લાગી. લોકો સમજ્યા કે મગધસૈન્યની પહેલી હરોળ નંદિગ્રામના સીમાડે આવી ગઈ હતી. સૈનિકો પોતપોતાની જગ્યાએ જવા દોડયા. લોકો સૈન્ય જોવા કોટ તરફ દોડયા. કિલ્લાની બહાર કામે ગયેલા સ્વજનોને બોલાવવા કેટલાક ખભે તલવાર કે ધનુષ્યબાણ લઈને કોટની બહાર દોડયા. સુદત્તપ્રાસાદની પ્રાસાદપીઠ પર ચડીને કેટલાક સૈન્યને જોવા મથતા હતા.

પેલો વંટોળિયો ચડયો. અહાહાહા–આખા સીમાડે માણસ... માણસ...'

'આવવા દો ને, એમને સ્વાદ ચખાડીએ!' કોઈક વળી કહેતો હતો.

બહાર કામે ગયેલા નાગરિકો કદાચ દરવાજા બંધ થઈ જશે એ ભયે શ્વાસભેર દોડયા આવતા હતા. પણ મહાકાસ્યપ દરવાજા પાસે જ ઊભા હતા. કોઈ અસવાર આવતો એની પાસેથી સમાચાર સાંભળી પાછો એને રવાના કરી દેતા. થોડાક સૈનિક ખાઈ પરની તોતિંગ સાંકળોને છોડતા હતા. સેતુ ખેંચવા માટે બોલાવેલ બંને હાથીઓ સૂંઢ ડોલાવતા ઊભા હતા. ગઢ પર ઊભેલા લોકોએ ચીસ પાડી: 'હાથીઓ દેખાણા!,

'ઉતાવળ કરો! સાંકળો હાથીની સૂંઢમાં આપો!' હાથીઓ આગળ આવ્યા. દૂર આશ્રમ પાસે પહેલો મગધ-હાથી દેખાયો. તેના પર મગધનું નગારું વાગતું હતું. એક-બે-ત્રણ હાથીઓ આવ્યે ગયા. કોઈક અધીરો અશ્વારોહી પણ દેખાયો.

'મહાવત, ઊંચકો!' કહેતાંની સાથે જ બે રથો સાથે દોડી શકે તેવો જબ્બર પુલ હાથીઓએ ખેંચવા માંડયો. એક નિમિષ દરવાજા ખૂલ્યા ને બંધ થઈ ગયા. બહાર માત્ર મહાકાશ્યપ ઊભા હતા. એમની નજર એક દોડયા આવતા કૃષિક પર મંડાઈ હતી. એ હાથ વતી દરવાજા બંધ કરવાની ના પાડતો હતો. પેલો અશ્વારોહી તેની પાછળ પડયો હતો. પુલ ઊંચકાઈ ગયો જોઈ બીચારો કૃષિક હામ હારી ગયો. પાછું વાળી મગધસેના તરફ જોયું ત્યાં મહાકાશ્યપે બૂમ મારી:

'ચાલ્યો આવ! દોડ જલદી! દીર્ઘતમ, ધનુષ્ય તૈયાર, ને દ્વારપાલ, બારી બંધ જ રાખો.' મહાકાશ્યપને જોઈ પેલાના પગમાં જોર આવ્યું. ઘોડેસવાર એના નાયકની સૂચના મળી હશે એટલે કે ગઢ ઉપરથી ઊભેલ ધનુર્ધારીઓની મર્યાદામાં આવી ગયો એટલે, ગમે તે કારણે પણ ઊભો રહી ગયો. પણ પેલો ખાઈ પાસે આવીને ઊભો રહી ગયો. આ કાંઠે ઊભા રહી મહાકાશ્યપ કહે: 'પડ અંદર, હું અહીં હાથ ઝાલીને તને લઈ લઈશ.'

'ભગવન્, મને તરતાં નથી આવડતું.'

'હત્ તારું...જાય.'

પેલો લાલચુ ઘોડેસવાર આને ઊભો રહેલો જોઈ આગળ વધતો હતો ત્યાં ઉપરથી એક તીર આવી એના ઘોડાના પેટાળમાં ખૂંચી ગયું. ઘોડો અમળાઈને પૃથ્વી પર પડયો.

'પહેલો ઘા માલવગણનો!' ઉપરથી લોકોએ આનંદધ્વનિ કર્યો, પણ નીચે મહાકાશ્યપ ખાઈમાં પડયા હતા. ગઢ ઉપર ઊભેલા સૌનો જીવ મૂઠીમાં આવી ગયો હતો. મગધસૈન્ય પડાવ નાખતું હતું. પણ કોઈક મહાકાશ્યપને ઓળખી જાય ને ધસી આવે તો? દીર્ઘતમ ઉપર રહ્યે રહ્યે

પેલા કૃષિકને ગાલિપ્રદાન કરતો હતો: 'પગ ભાંગી ગયા'તા ? સહેજ વહેલું ટળવું 'તું ને ?'

મહાકાશ્યપ તો એને હાથે ટેકવી મગરમચ્છ પેઠે આરામથી તરતા આવતા હતા. પુલના લટકતા રહી ગયેલા એક દોરડાને પકડાવી પોતે એ જ આધારે ઉપર આવી ગયા. ને પછી પેલાને ટેકો આપી બહાર ઊંચકી લીધો. દરવાજામાં પેસતાં એ બબડતો હતો: 'ભગવન્, મારી દીકરી બહુ માંદી હતી, એને જોવા ગયેલો એમાં શરતચૂક થઈ.'

'પણ ફરી શરતચૂક થશે તો ભગવન્ તને નહિ બાચવી શકે હો ? ભગવાનના ધામમાં જવું પડશે !' મહાકાશ્યપે હસતાં હસતાં એના કાન ખેંચ્યા ને દીર્ઘતમને વસ્ત્રો લાવવા કહ્યું.

બીજે દિવસે સૌને ખબર પડયા કે નંદિગ્રામને ઘેરવા આવેલ મગધ-સેનામાં એક સહસ્ર હસ્તી હતા, ચાર સહસ્ર અશ્વારોહીઓ. દસ સહસ્ર પદાતિઓ ને હજાર રથો હતા—ને શાકલ આગળ મૈનેન્દ્રનો સામનો કરવા પડાવ નાખીને પડેલ મહાસેનાનો આ પૂરો પાંચમો ભાગ પણ નહોતો. સમ્રાટ અગ્નિમિત્રે પોતે શાકલસેનાનું સેનાપતિપદ લીધું હતું ને માલવક અને બ્રાહ્મણકગણને પરાજિત કરવા માટે વસુમિત્રને મોકલ્યો હતો. જ્યારે ગણપક્ષે નંદિગ્રામમાં હતા એકસો હાથી, ત્રણ–ચાર હજાર પદાતિ ને માંડ એક હજાર અશ્વારોહીઓ. તાણીતાણીને એકઠા કરીએ તોય ત્રણસો રથ માંડ નીકળે. લોકો સમજતા જ હતા કે પરાજય તો લલાટમાં લખ્યો જ હતો, પણ પરાજયનું પણ પૂરું મૂલ્ય ગણી લેવાનો એમણે સંકલ્પ કર્યો હતો. ગામ એમનું હતું, ખૂણેખૂણો એમનો જાણીતો હતો. દસ હજાર નાગરિકો જો આટલા સૈન્યને સાથ આપે તો વસુમિત્રની સેનાના ભાર નહોતા કે જીતી શકે. એક વર્ષ ચાલે તેટલું અનાજ હતું–પાણી હતું. હૈયામાં હામ હોય તો દીવાલ ભેદીને અંદર આવે તોય પાછા ધકેલી દેવાય તેમ હતું. લોકો વાતો કરતા: 'અરે, બધું ખૂટશે તો કોઈ મકાનની વળીઓ ખેંચી કાઢશું. એક મરણિયો સોને ભારે, ને તેય લોહીમાંસના બનેલા છે, એનેય માથે મોત છે, કાંઈ અમર નથી કે બીક ન લાગે.' બીજો વળી કહેતો.

'અરે, દરવાજા તોડવા કાંઇ રમતવાત છે!'

'અરે, પણ ખાઈ તો ઓળંગે, ત્રીસ હાથ પહોળી ખાઈ અંદર શતદ્રુનું પાણી ભર્યું છે. હાથી–ઘોડાને શું કરે?'

'અરે, માર્ગ પરના પથરા લઈને ટીચી નાખીએ !' કોઈ વૃદ્ધા કહેતી.

પહેલે દિવસે મજલનો થાક ઉતારી બીજે દિવસે હલ્લો કરશે એમ સૌએ ધાર્યું હતું, પણ તેમ કાંઈ ન બન્યું. બહુ થાકી ગયા હશે, લાંબા પંથેથી આવે છે—જરાક તાજા થવા દો !

બીજાય બે–ચાર દિવસ ગયા. સૈનિકો ધનુષ્ય પર તીર ચડાવીને આખો દિવસ ખડા રહેતા, પણ સામા પક્ષમાંથી કોઈ સળવળતું નહોતું. કદાચ રાત્રે અંધારામાં જ હુમલો કરશે એવી દહેશતે નગરશ્રેષ્ઠી કિલ્લાની રાંગ પર આખી રાત મશાલો બળાવી અખંડ ચોકી રખાવતા. પણ કાંઈ હિલચાલનું ચિહ્ન દેખાતું નહિ. શરૂઆતમાં ગુપ્ત રીતે ચરો આવી શકતા પણ અઠવાડિયું જતાં તેમાંનો કોઈ દેખાયો નહિ. સૌ સમજ્યું કે મગધ-સેનાની ચોકીમાંથી સરીને આવવું અશક્ય હતું. થોડા દિવસ પછી સૌએ જોયું તો નિર્વાણગિરિ પર મગધસેનાનો ધ્વજ ફરકતો હતો. માગધો બૌદ્ધધર્મી હતા એટલે નિર્વાણગિરિને રક્તપાતથી દૂષિત કરવામાંથી બચાવી લેશે તેમ સૌ ધારતા હતા. મગધસેનાએ ત્યાં થાણું નાખ્યું હતું. નંદિ-ગ્રામની હિલચાલ ત્યાંથી જોઈ શકાય તેમ હતું. બીજે દિવસે શતદ્રુના ઘાટથી બસો ગજ અંતરે મગધ–સૈનિકો તંબૂ ઠોકતા હતા. અંધારામાં પસાર થવા પ્રયત્ન કરતી એક–બે માલવ–નૌકાઓને એમણે ડુબાડી ત્યારે લોકોએ જાણ્યું કે મગધ–સેનાપતિએ આટલા દિવસો નકામા નહોતા ગાળ્યા, પણ એમનું રક્ષણ જ કેમ એમનું કારાગ્રહ થઈ પડે તેની પેરવી કરી હતી.

મહાકાશ્યપને પણ ચિંતા તો પેઠી. મગધનું સૈન્ય એણે ધાર્યા કરતાં વહેલું આવ્યું હતું ને આસંગ ધાર્યા કરતાં મોડા પડ્યા હતા. હજુ એનો કાંઈ પત્તો નહોતો. એમની ધારણા તો એ હતી કે અહીં ચાર–પાંચ હજાર સૈનિકોને રાખી વર્ષ–બે વર્ષ નંદિગ્રામ ટકાવી રાખવું, ને વધારાના દસ હજાર નાગરિકોને શ્રેણીમુખ્યો સાથે માધ્યમિકા વળાવી દેવા. પણ જે વહેલા આવવા જોઈતા હતા તે ન આવ્યા, ને જે મોડા આવવા જોઈતા હતા તે આવીને ઊભા. આવડા મોટા સમુદાયને તો ભાગ્યે જ

૭ મહિના ચાલે તેટલો સંઘરો હતો. ઉપરાંત, એમને ખબર હતી કે ઘેરામાં દુશ્મન કરતાંય જો કોઈ ભયજનક તત્ત્વ હોય તો એ વધારાની પ્રજા છે. દુશ્મન તો કિલ્લો તોડે તે દિવસે જ એનો સામનો કરવાનો હોય છે, પણ આ નિરુપયોગી પ્રજાજનોની સેવાનો ખપ નહોતો ને એમની જરૂરિયાતો તો પૂરી પાડવાની જ હતી. શરૂઆતમાં થોડા દિવસ તો શતદ્રુ મારફત એનો સંબંધ બ્રાહ્મણકો સાથે રહ્યો, પણ જેમ ઘેરો સજ્જડ થતો ગયો તેમ તેમ એ સંબંધ તૂટતો ગયો—ને છેવટે તો એક હોડી તો શું, પણ એક માણસે પસાર થઈ શકે તેવું રહ્યું નહિ. માગધો પોતે હલ્લો કરતા નહોતા. એમને આખો પ્રદેશ લૂંટવા, ખાવા ને બાળવા માટે હતો. એમને કાંઈ ઉતાવળ નહોતી. આવડું મોટું શહેર બહારથી જો કાંઈ જ ન જાય તો કાયમ મૂળ જથ્થા પર ન નભી શકે તે વાત દીવા જેવી હતી. ભૂખે મરતા કે મરણિયા થઈને એ બધા મેદાનમાંથી બહાર આવશે તે દહાડે જ કાપણી કરવી ફાવશે એમ ધારીને મગધસેનાપતિ કિલ્લા ફરતો વિશાળ કિલ્લો રચીને સ્વસ્થપણે બેઠો હતો—માત્ર નિર્વાણગિરિ પર થાણું જમાવ્યા પછી રોજ રાત્રે શહેર પર અગ્નિબાણો વર્ષાવતો. આથી દિવસે કામ વગર કંટાળતા સૈનિકોને રાત્રે કામ મળતું. ગામ પણ રાત્રે ક્યારે ઘરમાં આગ લાગશે તે ફડકમાં પૂરું ઊંઘી ન શક્યું. ઘણી વાર પોતાના તો નહિ, તો પડખેના લત્તામાં તો આગ લાગતી જ, અને લાગ્યા પછી પાનખર ઋતુમાં વ્યાપતાં કેટલી વાર! એટલે ગણસભા ચૌટે ચૌટે પાણીના હોજો ભરાવી રાખતી કે રાત્રે લત્તાનાં સૌ ઘડા ને ગાગર લઈને આગ ઓલવવા દોડી શકે. રાત આખી ગામમાં 'દોડો! દોડો! ગોપાલકોનાં ઘરો સળગ્યાં છે—અરે, એ તો ભસ્મીભૂત પણ થઈ ગયાં. ચાલ અલ્યા ઝટ, પગ ભાંગી ગયા છે? હાંડો લે હાંડો!' એવો કોલાહલ સંભળાયા જ કરતો.

થોડા દિવસના અનુભવે જોયું તો સૈનિકો રાત્રે આગ ઓલવવા જતા તો દિવસે રાંગ ઉપર ઝોકું ખાઈ જતા. એટલે સમિતિએ સૈનિકોને એમાંથી મુક્ત કર્યા ને હુકમ કર્યો કે આગ લાગેલ લત્તાની આજુબાજુના સો

ધનુર્ સુધીમાં વસતા માણસો આગ ઓલવવા નહિ જાય તો એનો અંગચ્છેદ કરવામાં આવશે. પરિણામે દિવસે સૈનિકો જાગતા—શહેરીઓ સૂતા, ને રાત્રે નાગરિકોને જાગવાનો વારો આવતો. કોઈ વાર તો આખો લત્તો ખાખ થઈ જતો, દોડધામ બધી એળે જતી—સાવ એળે તો નહિ કારણકે આગ છેવટે કાબૂમાં આવતી.

ધીમે ધીમે અગ્નિવર્ષા વધવા માંડી ને ઘર વગરના નિરાશ્રિતોની સંખ્યા પણ વધવા માંડી. હવે બહાર ચાલ્યા ગયેલા નાગરિકોનાં ઘરો ઉઘાડ્યા સિવાય આરો નહોતો. લોકો થાક્યા કે નિરાશ તો નહોતા થયા, પણ ખિજાયા હતા. આ માગધો લડતા નહોતા, તીર ફેંકી શકાય તેટલા અંતરે પણ આવતા નહોતા, આરામથી દૂર ઘોડા પલોટતા હતા, ગજયુદ્ધો ખેલતા ને ખાતા—પીતા હતા. એમનામાં કોઈ મર્યું હોય તેમ જાણ્યું નહોતું. ને અહીં તો એમની લગાડેલી આગથી જ કૂડીબંધ માણસો ને સેંકડો ઘરો બળી ગયાં હતાં. એમની સાથે ભેટંભેટા થવાને બદલે એમણે લગાડેલી આગને ઓલવવામાં રાત જતી હતી. પાણીના હાંડા ખેંચી દોડાદોડ કરતા માણવોની માગધો પરની ખીજ કોઈ કોઈ વાર અંદરઅંદર ઊતરતી: 'કેવો ઘોરતો હતો અત્યાર સુધી! કાલ તારું નાક કપાવવું પડશે!' જેવી મજાકમાં તકરાર થઈ પડતી.

આમ ને આમ બે મહિના ચાલ્યા ગયા. વચમાં કંટાળીને નદી પરનું નાકું પડાવી લેવા ગણસેનાએ એકવાર બહાર નીકળી પ્રયત્ન કરી જોયો, પણ સંખ્યાબળે ચડિયાતા માગધો આગળ એમને પાછું ફરવું પડ્યું. જોકે લોકોને થોડા પકડી આણેલ મગધ—સૈનિકોને પીટવાનો સંતોષ થયો ખરો.

બહાર રાખેલ અશ્વારોહીઓને જુદા જુદા માર્ગો સાચવવા રાખેલ એટલે આક્રમણકારોએ છૂટક છૂટક ઝપાઝપીઓમાં એમાંના મોટા ભાગને ઠેકાણે કર્યો હતો. બાકી રહ્યા—સહ્યા હજુ કોઈ કોઈ વાર ઓચિંતાના આવી હેરાન કરતા, પણ એમનાથી ઘેરાને ભેદી શકાય તેમ રહ્યું નહોતું.

મહાકાશ્યપને સૌથી મોટી ચિંતા તો આ વધારાના નાગરિકનું શું કરવું તે હતી. બ્રાહ્મણકોનું—આસંગનું શું થયું? ઉગાર કેવળ એક જ હતો:

ને બહાર રહેલા અશ્વારોહીઓ બ્રાહ્મણકો સાથે મળી ઘેરો એક બાજુથી તોડે તો એ દરમિયાન પોતે આમાંના બને તેટલા નાગરિકોને બહાર સલામત કાઢી દે.

સામાન્ય રીતે તો જે નાગરિકો હથિયાર મૂકી દુર્ગ બહાર આવે તેમને નિર્વિઘ્ને જ્યાં જવું હોય ત્યાં જવા દેવાનો રિવાજ હતો—સૈનિકો પેઠે એમને બંદી નહોતા બનાવતા. વસુમિત્ર જોડે એ રીતે વાત કરી જોવા એમણે એક દૂતને ધોળી ધજા લઈને મોકલ્યો, પણ એનો જવાબ એટલો જ મળ્યો: 'નાગરિકો બહાર નીકળશે તો હાથીને પગે થશે.' બંડખોર નગરને જડમૂળથી ઉખેડી નાખવાની આજ્ઞા હતી.

બ્રાહ્મણકો કેમ કાંઈ નહોતા કરતા તે કોયડો હતો. એમણે મેધાતિથિને કહ્યું: 'તું ઘેરો ચુકાવીને જા, આત્રેયને મળ. એમને કહે કે આ રીતે હવે ત્રણ મહિના ચાલે તેટલું જ અનાજ છે. વેળાસર મુખ્ય પાંખ પર હુમલો કરો, અમે એ દરમિયાન નિર્વાણગિરિની પાંખ તોડી છટકી શકશું. એ એક જ આશા છે. અમારો સવાલ નથી. નાગરિકો બચવા જોઈએ, નહિતર ગળાના પાણાની જેમ પોતે બૂડશે ને અન્યને બુડાડશે. સાવચેતીથી જજે હાં, ને આનંદના ખબર મેળવવા ચૂકતો નહિ.' કહી પત્ર આપ્યો.

તે રાત્રે મેધાતિથિએ શતદ્રુમાં ઝંપલાવ્યું.

બીજે દિવસે લોકો ઊઠીને જુએ તો નિર્વાણગિરિ તરફના એક લીમડાના ઝાડ પર મેધાતિથિનું માથું લટકતું હતું. મેધાતિથિએ સનાતન સાગરમાં ડૂબકી મારી હતી. મહાકાશ્યપ કાંઈ બોલ્યા સિવાય મંત્ર જપતા ચાલ્યા આવ્યા. મોંમાં અન્નનો એક દાણો નાખ્યો નહિ.

સાંજે આવીને એક નાગરિકે બાણના ફળા સાથે વળગાડેલ પત્ર આપ્યો. એમાં માલવગણના ગણાધીશને લખ્યું હતું: 'ઘેરામાંથી છટકવા જનારના શા હાલ થાય છે તે જોવું હોય તો પશ્ચિમની રાંગ પાસે આવેલ લીમડાની ડાળ તપાસજો. તમે જે જાણવા બહુ આતુર છો તે ખબર

હું જ આપું. ઉડુગ્રામની આશા મૂકી દેજો. ઉડુગ્રામ તો મગધ અને મીન-નગરના ક્ષત્રપ બંનેએ થઈ ને ઘેર્યું છે. સમ્રાટ અને ક્ષત્રપ વચ્ચે થયેલ કરાર મુજબ બ્રાહ્મણકો ભૂખના માર્યા કાગડા–કૂતરાં ખાય છે. તમારા પણ એ હાલ થવાને ઝાઝા દિવસો નહિ હોય એમ ધારું છું. મિનેન્દરના સમાચાર પણ સાંભળી લ્યો. સમ્રાટની સેના જોઈ ને જ તે ઊભી પૂંછડીએ નાસી ગયો છે–સિંધુનો કાંઠો પણ વળોટી શક્યો નથી. એક જ ઉપાય છે : સમ્રાટના પ્રતિનિધિની ચરણધૂલિ લ્યો !'

છાતી ભાંગી નાખે તેવા સમાચાર હતા. મહાકાશ્યપ માથું ઢાળીને બેસી રહ્યા. સૈનિકો વિષે એમને ભય નહોતો, પણ લોકો આ જાણે તો ? નગરશ્રેષ્ઠીને તો કહેવું જ પડશે ? હવે કિલ્લાની બહાર પડ્યા સિવાય રસ્તો નહોતો. પણ બહાર પડીનેય શું ? આ યુવાન સૈનિકોને નાહક જ કપાવવા ? ને સેતુ મૂકે એમાંય જોખમ નહોતું ? સંભવ છે કે મગધ-સેના જ એનો કબજો લઈ લે. પોતે ને નગરશ્રેષ્ઠીએ થોડા ટેકીલાને લઈ નાસી છૂટવું ? પછી લોકો મગધ સાથે ફોડી લેશે ને પોતે જીવનભર ઝૂઝવાના. પણ એટલાને લઈને નાસી છૂટવું કઈ રીતે ? મેધાતિથિનું મસ્તક એની સામે તર્યું. મહાસંકલ્પે એને દૂર હડસેલ્યું ને મનને પૂછ્યું: પણ આ મૈનેન્દ્રનું શું ? એ લડ્યા પહેલાં જ હારીને પાછો ગયો ? સંભવાતીત હતું એ તો. ઘેરાયેલાની હિંમત ભાંગવા માટેની એ જાળ કેમ ન હોય ? એવાં ઘણાંય જૂઠાણાં ચલાવાય છે તેની એમને ખબર હતી. હા, આ નર્યું જૂઠાણું હતું. મૈનેન્દ્ર એમ ને એમ પાછો જાય એ કલ્પનાતીત હતું. જેની આજ્ઞામાં અગણિત અશ્વારોહીઓ ને મધ્ય એશિયાની શ્રેષ્ઠ લડાકુ જાતિ હતી તે આમ પીઠ ફેરવે તે હાસ્યાસ્પદ હતું. ને આ ઉડુગ્રામવાળી વાત પણ ઉપજાવી કાઢેલી હતી. પણ વળી પ્રશ્ન થયો: ઉપજાવી કાઢેલી હોય તો અત્યાર સુધી બ્રાહ્મણકોનું થાય શું ? એમની યોજના પ્રમાણે તો આત્રેયે માલવ અશ્વારોહીઓ સાથે ભળી જઈ બહારના સૈન્યની સરદારી લેવાની હતી, ને અનુકૂળ સમયે દુર્ગના ને દુર્ગ બહારના સૈનિકની ભીંસમાં માગધોને કચડી નાખવાના હતા. એને તો આજે ત્રણ માસ થઈ ગયા

હતા, પણ નહોતો કાંઈ સંદેશો કે કાંઈ સમાચાર. ખરેખર મીનનગરના શક-ક્ષત્રપ સાથે મગધે સંધિ કરી હતી. વાહ! મગધ, વાહ! પ્રભાકર-દેવ ધન્ય છે—આર્યશત્રુ શકોને સંહારવા નીકળનાર સમ્રાટને! આર્યોનું સંગઠન કરી શકોને સંહારવાને બદલે શકો સાથે મળી આ તો આર્યોને સંહારવા માંડયા! ધન્ય સત્યપ્રિયતા! ધન્ય આભિજાત્ય! ઓચિંતાનો વિચાર ઝબક્યો: પણ તો પછી એમ કેમ ન બને કે મૈનેન્દ્રની સાથે પણ ગુપ્ત સંધિ કરી લીધી હોય—ને એટલે જ મૈનેન્દ્ર વગર લડયે પાછો ગયો હોય! તો તો એ આખી સેના નવરી થઈ કાલે આ તરફ વળવાની! હજારો હાથીઓ, સિત્તેર હજાર પદાતિ—આગળું ઘૂંટનારી ચૂડ તો તો મજબૂત થવાની, પછી તો છટકવાની આશા શી? છટકવું હોય તો આજકાલમાં, નહિતર પછી કદી નહિ. પણ છટકી જવું પણ કયાં? કોની મદદ વતી આ ઘેરો તોડવો? પેલું સૈન્ય આવે તે પહેલાં તોડવો—પણ કોની મદદથી? બ્રાહ્મણકો ઘેરાયા, કઠો ખસ્યા—હા, આભીરોનો એક નાનો ગણ હતો.

ભોજો જ્યારે મગધને નમ્યા ત્યારે આભીરોનો એ પરિવાર માથું નમાવવાને બદલે નાસી છૂટયો હતો, ને પોતે બ્રાહ્મણકોને સમજાવી એમની બાજુનો એક ટુકડો કઢાવી સંસ્થાન વસાવી આપ્યું હતું. એ કદાચ મદદ કરે! કદાચ એમનાં હૈયાંમાં રામ વસે. હતા શૂરવીર, નિખાલસ, ટેકીલા. વિપત્તિ સદી હતી એટલે એમને વિપત્તિ કેવી હોય તે ખબર હતી, ઉપરાંત એય મગધથી ત્રાસીને ભાગ્યા હતા. હા, એ હજુ આશાસ્થાન હતું.

ઘેરો ભેદાયા પછી? પછી તો ઘણાય રસ્તા હતા. બીજું કાંઈ નહિ તો-પણ આ નાગરિકોનો હાથીપગે થવાનો સંભવ તો ટળી જાય તેમ બને.

મહાકાશ્યપે મનમાં ઠસાવી લીધું કે આભીરો પાસે જવું—ને આજ રાત્રે જ જવું. મેધાતિથિની દશા જોયા પછી બીજા કોઈને મોકલવાનું એમને મન ન થયું. જેમાં જોખમ વિશેષ હોય તેમાં પોતે જ પડવું એ સેનાની-ધર્મ હતો. ઉપરાંત, એમના સિવાય આભીરોને કોઈ સમજાવી શકે તે પણ સંભવિત નહોતું. એમણે નગરશ્રેષ્ઠી અને દીર્ઘતમને બોલાવી

આખી વાત કરી, પત્ર બતાવ્યો ને એક જ બાકી રહેલો માર્ગ, જે પણ પુરાઈ જવાની તૈયારીમાં હતો, તે બતાવી કહ્યું:

'પણ આપને કાંઈ થાય તો?'

'યમને લઈ જ જવો હશે તો તમે મને કેમ સાચવી શકશો?'

'गृहित इव केशेषु मृत्युना धर्ममाचरेत्' કહી એ ઊભા થઈ ચાલ્યા. શતદ્રુઘાટની બારી ખોલાવી.

'સાથે કાંઈ નથી લેવું?'

'આ છે ને?' કહી એમણે યજ્ઞોપવીત બતાવ્યું.

'આ તો થોડું લ્યો, ખપ લાગશે!' કહી નગરશ્રેષ્ઠીએ થોડુંક સુવર્ણ કાઢ્યું.

'મને બુડાડી દેવા ધાર્યો છે? એના ભારે જ પાણીમાં ડૂબી મરું!' કહી એ હસ્યા. ધીમેથી કહ્યું: 'હિંમત ન હારતા. ગણપતિ રખવાળ છે. એક મહિનામાં ન આવું તો ભગવાન સુઝાડે તેમ કરજો, ને શ્રેષ્ઠી! અંતકાળે ન ભૂલતા કે સુદત્ત તમારો દીકરો છે.'

નગરશ્રેષ્ઠીએ કાન આડા હાથ દીધા.

'સુચરિતાના કાંઈ ખબર?'

'નિર્વાણગિરિને ખોળે! સંન્યાસિનીની ચિંતા ઈશ્વર કરશે.'

ઘડી પછી કાળાં અંધકાર ને કાળાં ડિબાંગ પાણીમાં મહાકાશ્યપ ભળી ગયા.

'આ પણ મેધાતિથિ જેવી જ ડૂબકી હતી?' બંનેને થયું, ને ટાઢી કંપારી શરીરમાં આવી ગઈ.

મહાકાશ્યપે 'ૐ તત્ સત્' કહીને ડૂબકી મારી ચૂપચાપ તરવા માંડયું. અંધકાર એટલો ગાઢો હતો કે દસ હાથ દૂર ઊભેલ માણસ પણ દેખાય તેમ નહોતું. કાંઠા પર થોડે અંતરે મગધ-સૈનિકોની રાવટીઓના દીવા આવતા હતા. એના પ્રકાશમાં કાંઠા પર ટહેલતા કે વાતો કરતા સૈનિકોના લાંબા ઓછાયા કળી શકાતા. સૈનિકો એટલા લાંબા પટમાં અંધારે કળી શકે તે અશક્ય હતું, છતાં સાવધાનીને ખાતર રાવટી દેખાતાં ડૂબકી મારી જતા. આમાં મેધાતિથિ કઈ રીતે પકડાયો હશે? આમ ને આમ પ્રવાહની સાથે ચાલે તો સવાર સુધીમાં તો ચાલીસ-પચાસ કોશ નીકળી જવાય, ને એટલે અંતરે તો શતદ્રુ સિંધુનો સંગમ થતો હતો—છેક ત્યાં સુધી મગધોની ચોકી હશે?

શતદ્રુના વેગવાન પાણી સાથે વહેવાનું એમને ગમતું હતું. જુવાનીમાં તો પૂરે ધસમસતી, તોફાને ગાંડીતૂર બનેલી શતદ્રુ જોઈ ને એમને કેફ ચડતો. તે સામે પાર થઈ આવે ત્યારે જ તૃપ્તિ થતી. શતદ્રુકાંઠે એમનું ધ્યાન ને ધારણ થયાં હતાં. એના જ જલનો સવિતાને અર્ઘ્ય આપતા. એને જ જટા પર ચડાવી દેહ ને ચિત્તની શુદ્ધિ કરતા. વિશ્વામિત્ર, ભરદ્વાજ, વસિષ્ઠ ને અગસ્ત્ય-કેટલાકને આ નદીએ પોતાના ખોળામાં રમાડી મોટા કરી પાછા સમાવ્યા હતા? ને કેટલાકને હજુ સ્તનપાન કરાવશે? અસંખ્ય વર્ષો સુધી અગણિત લોકોને એ ખવરાવશે-પિવરાવશે-નવરાવશે: બસ, એ ચાલ્યા કરશે. એમને વિશ્વામિત્રે રચેલ સરિતા-સ્તોત્ર ગાવાની ઊર્મિ થઈ આવી, પણ હજુ રાવટીઓ દૂર નહોતી ગઈ

એટલે માતાના વક્ષઃસ્થલ સમા ભવ્ય ને ઉદાર શતદ્રુના હૈયા પર મૂંગા મૂંગા તણાયે ગયા.

અર્ધો પ્રહર એમ ને એમ વીતી ગયો. મહાકાશ્યપે જાણે ઘડીભર ઊંઘી લીધું. નદી એક વળાંક લેતી હતી. બંને બાજુ ઊંચી ભેખડો હતી. સામે પાણીના પટ પર કાંઈક કાળાં ધાબાં દેખાતાં હતાં. સાવધાન થઈને એમણે સહેજ થોભવા પ્રયત્ન કર્યો પણ એ વેગમાં સ્થિર થઈ ને સહેજ થોભાવું અશક્ય હતું. ઓળા મોટા ને મોટા થતા જતા હતા. ઓચિંતાનો આકાશમાં ચંદ્ર ફૂટી આવ્યો. આજે વદ અષ્ટમી હતી તે એ ભૂલી ગયા હતા. સામે સાંકડા પટ પર દસ હોડીઓ તરતી હતી. પોતે એની નજીક ને નજીક સરતા જતા હતા.

મેધાતિથિ કેમ પકડાયો તે એમને સમજાયું. અંધારામાં જ હોડી સાથે ભટકાઈ પડ્યો હશે. 'સાવધાન!' અવાજ સાથે મહાકાશ્યપના ખભામાં તીર ખૂંચી ગયું. એ સાથે જ એમણે ડૂબકી મારી. પાણીમાં જ એક હાથે તીર ખેંચી ફગાવી દીધું. માથું હોડીના એક લંગર સાથે ભટકાયું, તમ્મર આવ્યાં, પણ શ્વાસ રૂંધીને વધુ ઊંડે ગયા. નારાયણ જ્યાં ઘસડે ત્યાં જાતને ઘસડાવા દીધી. પ્રાણાયામ એમને ખપ લાગ્યો.

ઠીક વાર સુધી એમ ને એમ પાણીને તળિયે તણાયે ગયા. ઠીક ઠીક દૂર નીકળી ગયો હોઈશ એમ ખાતરી થઈ ત્યારે શ્વાસોચ્છ્વાસ લેવા બહાર આવ્યા. પાછું વાળીને જુએ તો બસોએક ગજ દૂર એક હોડી આવતી હતી. ફરી તીર આવ્યું ને મહાકાશ્યપે ફરી તળિયાનો આશ્રય લીધો. કોઈક ચકોર આંખવાળો માણસ પાછળ પડ્યો હતો.

હોડીની સાથે હરીફાઈ કરવી અશક્ય હતી. જમણી બાજુનો કાંઠો સાવ નજીક હતો. પણ મહાકાશ્યપે જાણીજોઈ ને ડાબા કાંઠા તરફ માથું માર્યું. બહાર નીકળ્યા ત્યારે ચંદ્ર આડે સહેજ વાદળું આવ્યું હતું. જુએ તો હોડી જમણે કાંઠે ચાલતી હતી. પાછળ આવતી હોડીઓને કોઈક કહેતું હતું કે:

'તમે સામે કાંઠે ચાલો!'

મહાકાશ્યપે ફરી ડૂબકી મારી. એમનું સામર્થ્ય ખૂટતું જતું હતું. શરીરમાં કંપારી આવતી હતી. જમણો હાથ ને ખભો ખોટા પડી ગયા હતા. કાંઠા પરનાં ઊંચાં વૃક્ષોની છાયામાં ઘડીભર શ્વાસ ખાવા થોભી બે હાથ મારી એ કાંઠે ચડી ગયા. એક ક્ષણ પછી ઝાડ–ઓઠાણે સંતાઈ ગયા.

ચંદ્ર હજુ વાદળાંના કારાગૃહમાંથી છૂટયો નહોતો. થોડી વારે બે હોડીઓ પસાર થઈ. નાવિકો ને સૈનિકો અંદર અંદર બબડતા હતા: 'અત્યારે તે કોની દશા ફરી છે તે નીકળે! અમસ્તો પ્રહ્લાદ આપણને પજવે છે.'

મહાકાશ્યપે નામ યાદ રાખ્યું ને હોડી પસાર થયા પછી અંદરની ઝાડીમાં ચાલવા માંડયું. આ કઈ જગ્યા હશે એ તો એ ન નક્કી કરી શકયા, પણ સિંધુ ને શતદ્રુ વચ્ચેનું જંગલ હોવું જોઈએ તેમ અનુમાન કર્યું. ધોળે દિવસે પણ આ ભાગમાં ચલાય તેવું નહોતું. કઠિયારાઓ પણ આ બાજુ લાકડાં કાપવા ન આવતા, કારણકે એક જાતની મહાવિષધર સર્પજાતિનું આ જંગલ નિવાસસ્થાન હતું. સર્પો અહીં વસતા હતા એમ મહાકાશ્યપને આજે ગમ્યું, કારણકે અહીં રાવટી હોવાનો કે સૈન્યનું થાણું હોવાનો સંભવ નહોતો. કોઈ જ દિશા નક્કી કર્યા સિવાય એમણે ચાલ્યે રાખ્યું: હેતુ એક જ હતો—કિનારાથી બને એટલા દૂર જવાનો.

ચંદ્ર ફરી નીકળ્યો દેખાતો હતો, કારણકે પાંદડાંની ચાળણીમાં થઈ ને કયાંક કયાંક કિરણોએ માર્ગ કર્યો હતો. ચાંદનીએ વનવૃક્ષોની ફૂલગૂંથણી કરી વનને નવું જ રૂપ આપ્યું હતું. નિસ્તબ્ધતાએ જાણે એને વાચા આપી હતી. મહાકાશ્યપ ઘડીક એ વાણી સાંભળવા ઊભા રહી ગયા. સિંધુ ઉપરથી આવતા શીતલ પવનમાં જંગલનાં અસંખ્ય ફૂલોની સુવાસ ભરી હતી. બાજુમાં જ કયાંક કેવડાનું ઝુંડ હોવું જોઈએ. એની તીવ્ર ને માદક સુગંધીભર્યા કણો વાતાવરણમાં પૂરની લહરી પેઠે આવ્યે જતા હતા. મહાકાશ્યપને થયું કે એટલે જ અહીં સર્પો વિશેષ રહેતા હશે. સામે જ એક સોપારી ને નાળિયેર, પડખેના અર્જુનવૃક્ષ જોડે હરીફાઈ માંડી હોય

તેમ સમાંતર ઊંચે જવા મથતાં હતાં. પડખે જ ખેર ને શીમળો એકબીજાને બથ ભરી ખબર પૂછતાં હતાં. એમની છાયામાં તગરનું એક ઝુંડ જામ્યું હતું. છાયા–પ્રકાશમાં એનાં થોકબંધ સફેદ ફૂલોએ જાણે આકાશમાંથી મૂઠીએ મૂઠીએ તારા વેરી દીધા હોય તેવું લાગતું હતું. થોડે દૂર આંબાની બે ડાળીઓ એવી રીતે મળી હતી કે જાણે કમાનવાળો દરવાજો રચ્યો હોય નહિ! એની સોંસરવી ચંદ્રની કોર દેખાતી હતી. અસંખ્ય ડાળીઓ એનાં ફૂલ–ફળને ખેરવી જાણે ચંદ્રનાં ઓવારણાં લેતી હતી. મહાકાય વયોવૃદ્ધ વૃક્ષો જાણે નાનાં સૌને લળી લળીને કહેતાં હતાં કે, હવે સૂઈ જાઓ-સૂઈ જાઓ! પણ એમાંય તોફાની બાળકો જેવાં નિશીગંધા–કુમુદિની, જેનો દિવસ જ રાત્રે ઊગતો હતો, એ તો જંપીને બેસવાને બદલે ચારેબાજુ ખુશબોના ધોધ વહેવરાવી કૂદાકૂદ કરતાં–સૂવા ઇચ્છતા હોય તેનેય અસ્વસ્થ કરી મૂકતાં હતાં. મહાકાશ્યપ ઊભા હતા તે કોઈ મહાસામંત જેવો વડ હતો. બે હાથે બે વડવાઈ પકડી એમણે આ બધો મૌન વાર્તાલાપ સાંભળ્યા કર્યો, પછી ધીમે રહી એક હિલોળે ઉપર ચડી ગયા. માળામાં જંપેલાં પંખીઓ ન જાગી ઊઠે તેની સંભાળ રાખતાં ધીમે ધીમે ઊંચે ચડયા–છેક ઊંચી ડાળ પર જઈને બેઠા.

આખું જંગલ ત્યાંથી દેખાતું હતું. અસંખ્ય વૃક્ષો એકબીજાની ગોદમાં માત્ર સૂતાં હતાં. થોડાક પહેરેગારો એક બાજુ શતદ્રુ ને બીજી બાજુ સિંધુને નિહાળતાં ચોકી કરી રહ્યા હતા. વચમાં વચમાં 'જાગો છો ને? પેલો તારો ખર્યો તે જોયો કે? પેલી નૌકા આવે છે તે જોઈ?' એમ એકબીજાને કહેતાં ડોલવા માંડતા. ચંદ્રિકા–આચ્છાદિત આ વનને જોઈ મહાકાશ્યપ ખભામાં વાગેલ ઘા વીસરી ગયા. એમના કવિ–પિતામહોએ કરેલ પ્રકૃતિ–સ્તવનો કંઠમાં આવી બેઠાં.

મનમાં તો ઋચાઓ પર ઋચા રચ્યે જતી હતી, પણ શરીર આરામ માગતું હતું. એમણે થોડી વડવાઈઓનો હિંડોળો કરી શરીર લંબાવ્યું.

સવારે આંખ ઊઘડી ત્યારે વનવાદકોએ ગાન શરૂ કરી દીધું હતું. ઊગતા સૂર્યને અર્ઘ્યપ્રદાન કરી એમણે રસ્તો ગોતવા માંડયો. એક જંગલી

કેળનાં અર્ધપાકાં કેળાંથી ભૂખ શમાવી એકાદ જંગલી વનસ્પતિનાં પાન ચોળી પાટો બાંધ્યો. ક્યાંક ગીચ ને ક્યાંક આછી આછી ઝાડી વચ્ચે માર્ગ કાપ્યા કર્યો. લોકોએ જંગલને સર્પનું સ્થાન માન્યું હતું તેમાં તથ્ય હતું, કારણકે એમનેય બે-ત્રણ નાગરાજાને નમસ્કાર કરી માર્ગ આપવો પડયો.

છેક સાયંકાલે વન વટાવી કાંઠે આવી પહોંચ્યા. નયનમનોહર દૃશ્ય પથરાયું હતું. શતદ્રુનાં લાલ-ભૂખરાં પાણી સિંધુ નદીનાં કાળાં ડિબાંગ પાણી સાથે ભળવા ધસતાં હતાં. સામે જ હતો સંગમસ્થાનને શોભાવતો લવણદ્વીપ. દેવની તર્જનીસમું વરુણનું મંદિર અદૃશ્ય થતાં સૂર્ય-કિરણોના રંગોથી દીપતું હતું. ને એ જ તમ સુવર્ણરસે રસેલો હોય તેવો સૂર્ય ક્ષિતિજે ડૂબતો હતો. ડૂબતાં ડૂબતાં સંગમસ્થાન પર તુષ્યમાન થયો હોય તેમ એની સમગ્ર રંગસમૃદ્ધિ એના પર ઠાલવી હતી.

મહાકાશ્યપ દિંગ થઈ ને આ શોભા જોઈ રહ્યા. રેખા જેવો દેખાતો સામેનો કાંઠો, નજરમાં ન માય તેટલાં પાણી, ઘડીક શતદ્રુના પાણીને માર્ગ આપતી-ઘડીક રોષે ભરાઈ ને પાછાં ઠેલતી રાજરાજેશ્વરી સમી ગૌરવપૂર્ણ સિંધુ, સામેના વરુણદ્વીપને ભેટવા જતી હોય તેવી વનથી ઢંકાયલી પોતે ઊભા હતા તે ભૂશિર ને વરુણના પદ્મચિહ્ન જેવો સુંદર લવણ-દ્વીપ, એના પરનું ધીરેધીરે અંધકારમાં વિલીન થતું વરુણમંદિર-અચાનક વિચાર આવ્યો કે ઘેરો તોડયા પછી આ લવણદ્વીપ પર જ આવવું શું ખોટું ?

બ્રાહ્મણોનો એ દ્વીપ પર અધિકાર હતો. બેટ નાનીમોટી ટેકરીઓથી છવાયલો હતો તે તો જોઈ શકાતું હતું. જો એના પર નાનો એવો કિલ્લો હોય તો મૂઠીભર માણસોથી પણ મગધસેના હંફાવાય. બ્રાહ્મણોનો જળબેડો પણ મદદરૂપ થાય. ને આવડા મોટા સિંધુસાગરના વ્યવહારને ખોરવવો તે અશક્ય હતું, તો પછી આ દ્વીપ જોઈને જ શા માટે ન જવું ?

એ સિંધુને કાંઠે કાંઠે પાછા ચાલ્યા. અર્ધોક કોસ જેટલે જઈ ને ઝંપલાવ્યું. ત્રાંસાં પાણી કાપતાં કાપતાં એ બેટ તરફ આગળ વધવા માંડયું. બેટ પાસે જઈ ને પ્રદક્ષિણા ફરવા માંડી. તરતાં તરતાં જ એમને ખબર

પડી ગઈ કે બેટ એમણે ધાર્યું હતું તેમ શતદ્રુના કાંપનો બનેલો ન હતો, પણ ભૂગર્ભમાં થયેલ ફેરફારે ઉપસાવેલ ખડક હતો. એટલે જ્યાં જુએ ત્યાં ઊંચા-સીધા ખડકો જ હતા. પહોંચતાં એમને એક ઘડી માંડ થયેલી, પણ બેટ પર પગ મૂકવા માટેનું બારું શોધતાં બે ઘડી વીતી ગઈ. ચારે બાજુએ પ્રાકૃતિક બુરજો જેવા ભીમકાય ખડકો ઊભા હતા. પણ વખારાશવાળું બારું તો હોવું જોઈએ, કારણકે બ્રાહ્મણકો આ દ્વીપ પર આવેલા પાણીમાંથી મીઠું કઢાવતા તેની એમને ખબર હતી.

છેવટે એમને ખાંચો મળ્યો. સંગમના પાણીના મારે કઠણ ખડકો વચ્ચે ચિરાડ પાડી હતી. સંગમના પાણીના પ્રવાહે જ એમને એ ખાંચામાં નાખ્યા હતા. બે હોડી માંડ પ્રવેશ કરી શકે તેવો એ ખાંચો હતો.

મહાકાશ્યપનું મન ઝપાટાબંધ હિસાબ ગણતું હતું. પાણી તો અખૂટ હતું, જો બેટ પર અન્ન મળી શકે તો ગણસૈન્ય માગધોને થકવી શકે. અન્ન ? ઓહો–માછલીઓ પુષ્કળ હતી. જાળ નાખતાં કોણ રોકે તેમ હતું ?

મહાકાશ્યપનું મોં મરકી રહ્યું: 'વાહ વિધાતા ! ભલે અહીં ધકેલ્યો.'

સાંકડા બારામાં તરવું મુશ્કેલ હતું. સંગમનું પાણી તરનારને આગળ ધકેલતું ને બારાનું પાણી તરનારને બહાર ધકેલતું, ક્યાંક થતી ઘૂમરીઓ તરનારને પાતાળ તરફ ખેંચતી.

ચિરાડ પા કોસ લાંબી હતી. વચમાં બેઉ બાજુએ ઊંચી ટેકરીઓ હતી. છેવટ તો એક જ હોડી જઈ શકે તેમ હતું. છેડે પહોંચ્યા ત્યારે ચંદ્ર ઊગી ચૂક્યો હતો. થાકીને 'નારાયણ' કહી મહાકાશ્યપે કાંઠે પગ મૂક્યો. ત્યાં ખૂણામાં નાનકડી હોડી પડી હતી.

કાલ વાળી જ હોડી એની પાછળ પડી હતી. તેણે અહીં આવીને કબજો કરી લીધો. એક ક્ષણ તો થયું કે હોડીનું લંગર કાપી વહેતી મૂકી દઉં, પણ વળી થયું કે એના કરતાં જલદી જલદી ટાપુ જોઈ હોડી લઈ ને ઊપડી જવું શું ખોટું ? કાલના ઘામાં પાણી ભરાયું હતું એટલે એનેય આરામ આપવાની જરૂર હતી. ઉતાવળે પગે બેટની પરિક્રમા શરૂ કરી.

એનો વચલો ભાગ બીજા કરતાં ઊંચો હતો ને તેના પર મંદિર હતું, બાકી ચારે બાજુએ નાની–મોટી ટેકરીઓ હતી, મંદિરવાળી ટેકરીને રક્ષવા જાણે દુર્ગરક્ષકો બેઠા હતા. આ ખાડી એ મંદિરવાળી ટેકરીના મૂળ આગળ જઈ ને અટકી હતી એટલે પ્રાકૃતિક રીતે જ બારાને નાની ટેકરીઓનું રક્ષણ હતું. મહાકાશ્યપ ચારે દિશામાં ચકોરતાથી જોતા ફરતા હતા, પણ હજુ સુધી એમને કોઈ મળ્યું નહોતું. પણ પેલા મગધ–સૈનિકો અહીં આવ્યા હતા તે વિષે શંકા નહોતી. ધીરે ધીરે એ વચલી ટેકરી ચડ્યા. મંદિરની સામે આવીને ઊભા. મંદિર જુનવાણી હતું. બારણાં પડી ભાંગ્યાં હતાં. મેઘ ગાજતો હોય તેવું ધીમું ધીમું ગર્જન સંભળાતું હતું. એ સમજ્યા કે મંદિરની પછવાડે જ મહાનદ હોવો જોઈએ. એ તરફ તો તો રક્ષણની ચિંતા જ નહોતી. ધીરે પગલે એમણે મંદિરના પ્રાંગણમાં ડોકિયું કર્યું.

ચોકીની વચ્ચે યજ્ઞકુંડ હતો. સામે બંને બાજુએ મોટી ધર્મશાળાઓ હતી. પીપળાનું ખખડધજ વૃક્ષ યજ્ઞકુંડ પર છાયા ઢોળતું હતું. મહાકાશ્યપે સાંભળ્યું હતું કે ભૂજ્યુ સમુદ્રયાનમાંથી નિર્વિઘ્ને વરુણકૃપાથી પાછો આવ્યો તે અનુગ્રહના ચિહ્નરૂપે અહીં વરુણને પ્રસન્ન કરવા યજ્ઞ કર્યો હતો. એની બાજુએ વીસેક હાથ ઊંચી ટેકરી પર વરુણનું ઇતિહાસકથિત મંદિર હતું. એ દબાતે પગલે ચોકમાં ગયા. ભાવપૂર્વક યજ્ઞકુંડની પ્રદક્ષિણા કરી, વાંકા વળી, જુગજૂની ભસ્મ લઈ કપાળે ત્રિપુંડ કર્યું. ઊભા થઈ મંદિર તરફ જતા હતા ત્યાં સામેથી બે જણા મંદિરનું બારણું ઉઘાડી ઊતરતા જોયા. મહાકાશ્યપની છાતી એક ક્ષણ માટે ધડકી ઊઠી. આઘાપાછા થવાની વેળા નહોતી. એમની પ્રત્યુત્પન્ન મતિ વહારે આવી. યજ્ઞકુંડમાંથી રાખ લઈ માથે, કપાળે, વક્ષઃસ્થળે ઘસી આસન લગાવી આંખો મીંચીને મોટા સ્વરે વરુણનો મહિમા પ્રગટ કરતાં સ્તોત્રો એ ગાવા માંડ્યા.

જેમ જેમ આગંતુકોનાં પગલાં નજીક આવતાં ગયાં તેમ તેમ મહા-કાશ્યપને એ ઓછાં સંભળાવા માંડ્યાં. ધીરે ધીરે એ સંભળાતાં સાવ બંધ થઈ ગયાં. સામે માત્ર કરુણામય વિશ્વંભરની પ્રસન્ન મૂર્તિ રમી રહી.

મહાકાશ્યપ સ્થળ–કાળનો લોપ કરતી સમાધિમાં ડૂબી ગયા. બહુ વારે જાણે એમને આનંદનો ગદ્ગદ્ સ્વર જગાડતો હતોઃ 'ભગવન્, અમે આનંદ ને ચારુદત્ત આપને પ્રણમીએ છીએ.' મનોમૂર્તિનું વિસર્જન થયું. મોં સહેજ મરક્યું. શ્રદ્ધાભરપૂર આંખો ખૂલી. ઊભા થઈ બંનેને છાતીએ લીધા.

બંને જણા મહાકાશ્યપના આ હાલ જોઈ રડું રડું થઈ રહ્યા હતા. મૈનેન્દ્રની વિદાય લઈ છૂટા પડ્યા ત્યારે એક માસમાં નંદિગ્રામ પહોંચવાની ધારણા હતી, પણ અરધું ચાલ્યા પછી સમાચાર મળ્યા કે મગધસેના વાટ રોકીને પડી હતી. સિંધુમાં થઈને શતદ્રુને કાંઠે ઊતરી જવાનો એક રસ્તો ખુલ્લો હતો, પણ ભાગ્ય આડું આવ્યું–હોડી ભાંગી. તણાયા, બે મહિના તો કોઈક માછીમારના ઝૂંપડામાં માંદા પડ્યા રહ્યા. ફરી નીકળ્યા ત્યાં વળી લૂંટારાઓએ પકડ્યા. પણ ત્યાં બુદ્ધસંઘના કોઈક સાધુએ ચારુદત્તનાં પીળાં વસ્ત્રો જોઈ છોડાવ્યા. કટિમેખલાનું સુવર્ણ આપી હોડી ખરીદી આજ સાંજના હોડી સમારવા ને આરામ લેવા અહીં રોકાયા. પછી મહાકાશ્યપે ટૂંકમાં આખી વાત કહી. મેધાતિથિની વાત સાંભળી બંનેનાં મન કકળી ઊઠ્યાં. 'આપ આભીરો પાસે જાઓ છો તેના કરતાં મૈનેન્દ્રને કહીએ તો?' આનંદે પૂછ્યું.

'એ માગધોને હંફાવી શકશે?'

'નિઃસંશય.'

'...ને બદલામાં શું લેશે?'

'કદાચ કાંઈ જ ન લે.'

ઈ એ વાત શક્ય હતી? આનંદે જે ઓળખાણ આપી, શાસ્ત્રનિધિના સ્વમની જે રૂપરેખા આપી, તે પરથી કાંઈ સાવ અશક્ય નહોતું. શાસ્ત્રનિધિએ એના શિષ્યને સમજાવ્યો પણ હોય. છતાંય શકોને નોતરવા તે સારું લાગશે?

'આપણા અંદરના ઝઘડામાં બહારનાની મદદ ન માગીએ. શકોની મગધે ભલે સહાય લીધી, હું તો નહિ લઉં. આવીને ગણનાગરિક થવાના હોય તો જુદી વાત છે.'

'ના, તું એમ કર. મૈનેન્દ્ર તારી વાત પરથી સંસ્કારશીલ લાગે છે. મીનનગરનો શકક્ષત્રપ ઉડુગ્રામ પરથી ઘેરો ઉઠાવી લે એવું કરી દે તો બસ છે. અહીંના શકક્ષત્રપો બધા મહાક્ષત્રપને વશીભૂત ગણાય છે.'

'જરૂર બને. કાલે જ નીકળું. મૈનેન્દ્ર હરૌવતીમાં જ હશે.'

'વળતી વખતે શાસ્ત્રનિધિને લેતો આવજે—દર્શન કરીને પાવન થવાશે! ને ચારુદત્ત, તું અહીં રહીશ—હું આભીરોને મળીને આવું ત્યાં સુધી? કોઈનો પગ અહીં ન પડવો જોઈએ. મને ત્રણ દિવસ લાગશે.'

'મારાથી જનહિંસા નહિ થાય, ભગવન્!'

'હાં, હાં, બરાબર, એ તો હું ભૂલી ગયેલો!'

'પણ મને જ આભીરો પાસે જવા દો ને?'

'તું એને સમજાવી શકીશ?'

'અહીં જ તેડી લાવીશ.'

'એ યથાર્થ છે. બંને કાલે ઊપડો. આનંદ, તારું કામઠું ને બાણ મૂકતો જજે—કદાચ ખપ પડે.' કહી થાકેલા મહાકાશ્યપે લંબાવ્યું.

૧૧

મહાકાશ્યપ ગયાને બીજે દિવસે અનાજના ભંડારોમાંના બે ભંડાર અગ્નિબાણ પડતાં સળગી ગયા. દુંદુભિ ને ભેરીથી નગર આખું ઓલવવા એકઠું કર્યું, પણ કશું જ બચાવી શકાયું નહિ—બાકીના એક ભંડાર સુધી ફેલાતાં અટકાવાઈ એટલું જ. એક રાતમાં જ નગરપાલ વીસ વર્ષ વૃદ્ધ થઈ ગયા. આવું કોણે કલ્પ્યું હતું? હવે માત્ર એક મહિનો ચાલે તેટલું જ અનાજ હતું, ને એના પર પણ અગ્નિબાણ પડે તો? નગરપાલે તરત ને તરત અનાજ જુદા જુદા જથ્થામાં વહેંચાવી નાખ્યું. ગમે તેટલું છાનું રાખ્યું તોપણ લોકોથી એ અજાણ્યું નહોતું રહ્યું કે મૈનેન્દ્ર હારીને ભાગી ગયો છે, ને ઉદુગ્રામ ઘેરાયું છે.

નાગરિકોમાં જે સુદત્તના પક્ષના હતા તે હવે ઉઘાડે છોગે કહેતા ફરતા હતા કે: 'અમે નહોતા કહેતા કે મગધ સાથે બગાડો મા? શું ફળ કાઢ્યું બગાડીને? હજુ સુદત્તને કહેવડાવો—ગમે તેમ તોય એ માલવક છે. એને આપણું દાઝશે.'

સંથાગાર આગળ લોકોનાં ટોળાં વીખરાતાં જ નહિ. કોઈક વાર બૂમ ઊઠતી: 'અમને લડવા દો.' 'ખૂણે ઘાલીને ભૂખે મારો મા!' તો કોઈક વાર 'સુદત્તભાઈને બોલાવો!' તેવી બૂમો પણ પડતી.

સૈનિકો પણ અધીરા થયા હતા. બેસી બેસીને કંટાળ્યા હતા. ત્રણ મહિનાથી શાકભાજી જોઈ નહોતી. દૂધ તો વાસ લઈને જ તૃપ્ત થઈએ તેવા મોંઘા ભાવે વેચાતું હતું. ઘી, ગોળ, તેલ—મુખ્ય ધાન્ય સિવાયની બધી જ ચીજો લગભગ અપ્રાપ્ય થઈ ગઈ હતી—કાંઈક ખપી ગયું હતું,

ને જે રહ્યું હતું તે એટલું મોંઘું હતું કે ભાવ ઉછાળા મારે તેમાં કાંઈ નવાઈ નહોતી. ને આમ ને આમ પુરાઈ રહેવાથી તો છેવટ ભૂખ્યા મરવાનો જ દિવસ આવવાનો હતો. એના કરતાં પાંચ જણાને મારીને મરવાનો સંતોષ તો લેવાશે? ને કોણે કહ્યું કે મરી જ જવાશે? હરોળ ભેદીને છટકી જવાય તો છટકીયે જવાય. એટલે લોકો સાથે લશ્કર પણ બૂમ મારતું હતું કે, 'દરવાજો ખોલી દો!' 'અમને માગધો સાથે હિસાબ ચૂકવવા દો!'

નગરશ્રેષ્ઠી સમજતા હતા કે આ બે–ત્રણ હજાર પદાતિઓ કે પચાસ-સો હાથીઓની શૂરવીર સેના પહેલે જ હુમલે કેસૂડાંનાં ફૂલની પેઠે ખરી પડવાની હતી. પણ એમને સમજાવવાય અશક્ય હતા. એમણે બહાર આવી નાગરિકોને કહ્યુ: 'કોને બહાર જવું છે?'

ઘણાએ કહ્યું: 'અમારે–અમારે સુદત્તભાઈ પાસે જવું છે.'

'જેને સુદત્ત પાસે જવુ હોય તે આવે સાંજે મુખ્ય દ્વાર પર!' એમણે કડવાશથી કહ્યું.

સાંજે સુદત્તપક્ષના હજારેક માણસો દરવાજે એકઠા થયા હતા. નગરશ્રેષ્ઠીએ બારી ખોલાવી સૌને બહાર કાઢ્યા અને ફરી બંધ કરી. બહાર ગયેલા ચિડાઈ ને ચીસાચીસ કરતા હતા: 'અત્યારે સંધ્યાકાળે અમે કેમ તરીએ? અમારો વિશ્વાસઘાત કર્યો.'

'વિશ્વાસઘાત? વિશ્વાસઘાત તો તમે કર્યો છે. તમારાં ભાઈભાંડુની સાથે ભૂખે મરવાને બદલે દુશ્મનના પગ ચાંપીને જીવતદાન મેળવવાને તો તમે નીકળ્યા છો. તમારાં કર્યાં તમે ભોગવો!'

બહાર ગયેલાઓ ચિચિયારીઓ પાડી કરગર્યા, પણ નગરપાલ તો ચાલ્યા ગયા હતા. સવારે કેટલાક તરીને ગયા, કેટલાકને મદદ કરવા સો–એક મગધસૈનિકો આવ્યા ને સાથે ઉપરથી તીરનો વરસાદ વરસ્યો. ખાઈમાં સૈનિકોનાં શબો તરવા માંડ્યાં.

'આ તો રમત હતી–આપણને તીરમર્યાદામાં લાવવાની!' બચેલા સૈનિકોએ નાસતાં નાસતાં પડાવમાં જઈ ને વાત કરી. સુદત્તને આશ્રયે

જનારાઓને બંદીવાન થયા સિવાય માર્ગ ન રહ્યો. વસુમિત્રને માલવકોનાં વેણુ પર વિશ્વાસ નહોતો.

નગરમાં તાત્કાલિક તો આ કડક પગલાને લીધે શાંતિ પથરાઈ ગઈ, પણ આફત ન ટળી. અનાજ ઓછું વાપરવા માટે બળદો કપાવા માંડ્યા, ઘેટાં-બકરાં તો પહેલાં જ વપરાઈ ગયાં હતાં. પછી રહી-સહી ગાયો ને વાછડીઓનો વારો આવ્યો, કારણકે એમને ખવરાવવાનો ચારો જ હતો નહિ. તે ભૂખે મરી જાય તેના કરતાં એક ઝટકે જ મરી જાય તે શું ખોટું હતું? છેવટે એય ખૂટ્યું, પણ મદદ આવવાનું કોઈ ચિહ્ન દેખાયું નહિ. આખા દિવસમાં માત્ર એક ટંક થાય તેટલું જ માણસદીઠ અનાજ મળતું હતું. દૂધ-ઘી-છાશ તો જાણે ક્યારે જન્મે ખાધાં હતાં!

એક વખત થોડાકે તોફાન કરી અનાજનો ભંડાર લૂંટ્યો. સૈનિકો જખમાયા. રક્ષણ માટે બેવડા સૈનિકો મૂકયા. રાત્રે આગ ને દિવસે અન્નનાં વલખાં. એમાં ઓચિંતાની વિષૂચિકા ફાટી નીકળી. સવારે રોગ થતો ને ત્રીજે પહોરે તો માણસ ટાંટિયા ઘસતો યમરાજને ત્યાં પહોંચી જતો.

નગરપાલ, વૈદ્યો ને શ્રેણીમુખ્યોએ પહોંચવામાં કાંઈ બાકી ન રાખ્યું. ખાવાનું છોડયું, ઊંઘ છોડી રોગથી ભડકી ભાગતા, ગમે ત્યાં શબોને બાળી રોગ વધારતા લોકોને ઘણા સમજાવ્યા. લડવા આવેલા સૈનિકોને સારવારમાં ને અગ્નિદાહમાં રોકયા. પણ મરકી હટી નહિ. આખો દિવસ, 'રામ બોલો ભાઈ રામ' અને 'નારાયણ-નારાયણ-નારાયણ' સંભળાયા કરતું હતું. અગ્નિદાહ માટેની નિશ્ચિત કરેલી જગ્યા જ પૂરતી ન થઈ. લોકોએ ફળિયામાં જ ચિતાઓ ખડકવા માંડી. કંઈકે તો ગાંડા થઈને એ ચિતામાં જ પડતું મેલ્યું. નગરપાલને પણ થયું કે માગધોને શરણે આ બધા ગયા હોત તોય કદાચ આટલા ન મૂઆ હોત. સુરમ્ય ઉદ્યાનોની જગ્યાએ જાહેર સ્મશાનો થયાં હતાં. રાજમાર્ગ પર વીથિકાને ખૂણે હાડકાં રઝળતાં, જેને કરડવા માટે કૂતરાં ને સમળી વચ્ચે યુદ્ધ જામતાં. નગરપાલની આંખો ઊંડી ઊતરી ગઈ હતી. ચામડી લબડી પડી હતી. વિષૂચિકા ફાટી

નીકળી ત્યારે અનેક આજીજીઓને પરિણામે મગધ–સેનાપતિએ માંડ થોડીક સ્ત્રીઓને ઘેરામાંથી બહાર જવાની છૂટ આપી હતી.

કોઈક રાક્ષસે ફાડી ખાધેલ દેહ જેવી નગરીની દશા જોઈ નગરપાલને કંપારી છૂટતી, છતાં વજ્જછાતીના થઈ ને આજ સુધી એમણે ક્ર્યા કર્યું હતું. પણ આજે તો એણે નક્કી કરી નાખ્યું હતું. ભંડારમાં ચાર–છ દિવસ ચાલે એટલો ખોરાક પણ ન હતો. પછી તો ઘાસ, લીલ અને શેવાળ જ ખાવાનાં હતાં ને? આભીરો અંગે કાંઈયે સંદેશો નહોતો. હવે મેદાને પડ્યા સિવાય કોઈ માર્ગ નહોતો. લોકોની ધીરજને પણ મર્યાદા હતી. આજે સવારે જ સંથાગાર આગળ ટોળે મળીને એમણે ખુમરાણ મચાવ્યું હતું. કોઈએ કહ્યું: 'પછાડો બધા શ્રેણીમુખ્યોને! ખોલી નાખો દરવાજો!' 'અનાજ–સંધિ–દરવાજા ખોલો–મેદાન આપો' ના અવાજો આવતા હતા.

એમણે બહાર નીકળી દર્દભર્યા સૂરે કહ્યું: 'આ સંથાગાર સામે તો જુઓ! એની શોભાની સાથે આપણા વ્યવહારને તોળી તો જુઓ! આના તમે સર્જક છો. અહીં આપણા પિતામહોએ ગણોનું શાસન સ્થાપ્યું છે. એમની ટેક યાદ કરો. સંધિ યાચનારને કહી દઉં...' એના અવાજમાં નગરપાલનું ગૌરવ ને શ્રદ્ધા રણક્યાં. 'હવે અનાજ નથી.' ઉત્તરીય ઉતારીને કહે: 'ભૂખે ન રહેવાય તો આવીને મારો દેહ ફાડી ખાજો. માગધોને હાથે મરું કે તમારે હાથે મરું–એ બંને મારે માટે તો સરખું જ છે. મારા માંસથી તમે સંતોષાતા હો તો ખુશીથી આવો, પણ સંધિની વાત મારી પાસે ન લાવતા. હું માલવગણનો નગરપાલ, જેણે ગણસત્તાને અખંડ સાચવવાનું પણ લીધું છે, તે શું માગધોના પગ ધોવા જાઉં? તમારાથી ભૂખ્યા ન રહેવાતું હોય તો મારા હિસ્સાનું અનાજ છે–મારો દેહ છે. તેનાથીયે ન ધરાઓ તો નંદિગ્રામમાં કૂવાની કાંઈ ખોટ નથી. આપણે જેટલાને વળાવ્યા છે એટલા વળાવવા નહિ પડે. રોગે, આગે ને ભૂખે આપણામાંના દરેકના સ્વજનો ઝૂંટવ્યા છે. એમને વળાવીને જેને હવે જાન બચાવવો હોય તેવા કાયરને માટે નંદિગ્રામની ભૂમિ પર સ્થાન નથી. આ આપત્તિ સાથે પ્રિયતમાની જેમ ગોઠડી કરનારાની ભૂમિ છે. ને મેદાને પડનારાને કહું: જો

આજથી ત્રીજે દિવસે કાંઈ મદદ નહિ આવે–કોઈ માર્ગ નહિ દેખાય–તો હું મોખરે રહીને દરવાજા ખોલી નાખીશ. માગધો આપણી તલવારનું પાણી જોશે. કાં તો ત્રણ દિવસમાં માર્ગ કાઢીશ ને કાં તો રણમાં પડીશ, ત્યાં સુધી અન્નનો કોળિયો મોંમાં નહિ મૂકું.'

લોકો ભૂખના દુઃખે ગાંડા બન્યા હતા, પણ પશુ નહોતા બન્યા. એમના નગરપાલની સેવા તરફ કાંઈ એમની આંખ આટલા દિવસ સુધી બંધ નહોતી રાખી. સુદત્તપ્રાસાદનો સ્વામી ખાધાપીધા વિનાનો, રોગીને દવા પાતો, મૃતને ખાંધે વહેતો, દાઝેલાને પાટાપિંડી કરતો નરદેવ હતો તે સૌ કોઈ સમજતું હતું. પણ બુભુક્ષા, રોગ, નિરાશા ને સર્વનાશે એમને ઘેર્યા હતા એટલે ભાન ભૂલ્યા હતા. નગરપાલની શ્રદ્ધાભરપૂર ગદ્ગદ વાણી સાંભળી સૌ એને પગે પડવા ધસ્યા. 'અમે કાયર નથી. અમે દ્રોહી નથી. અમને નંદિગ્રામ–નંદિગ્રામના પથરાય વહાલા છે. અમને ફક્ત એ ગણદ્રોહીઓની સામે લઈ જાઓ. અમે ભૂખ્યા ભૂખ્યા લડશું. અમારે અન્ન નથી જોતું–વૈરબદલો જોઈએ છે.' અવાજો ઊઠયા.

'બે દિવસ...' જવાબ આપી નગરપાલ આંખો લૂછતા અંદર ચાલ્યા ગયા. સહાય પહોંચવાની બધી જ આશા એણે મૂકી હતી. બે દિવસ તો માગ્યા હતા એણે તૈયારી કરી લેવા માટે જ. એણે બધું જ એકઠું કરાવ્યું. શ્રેણીમુખ્યોને ત્યાંથી, પોતાને ત્યાંથી, રહ્યુંસહ્યું બધું જ ઉસરડાવ્યું ને ગામમાં ઢંઢેરો પિટાવ્યો કે બે દિવસ સુધી નંદિગ્રામ ઉત્સવ ઊજવશે. સામગ્રીમાંથી જે સરસમાં સરસ રસોઈ થઈ શકે એમ હતી તે તૈયાર કરવાનો હુકમ કર્યો. નાગરિકો ને સૈનિકો મળીને જે પાંચેક હજાર માણસો રહ્યા હતા તેમને સંથાગારના વિશાળ આંગણામાં એક પંક્તિએ બેસાડી પેટપૂર ભોજન આપવાનું ઠરાવ્યું. માલવ–કન્યાઓનાં નૃત્યગીત રાખ્યાં. નાટયશોખીનો ભોજનાન્તે એક નાટક ભજવવાના હતા. જીવનનો છેલ્લો દિવસ પૂરા આનંદ ને નિશ્ચિંતતાથી ઊજવવાનો હતો.

બધાને પીરસી પીરસીને થાકી ગયેલા નગરપાલ જરાક આડા થવાનું

વિચાર કરતા હતા. બહાર રંગભૂમિ પર નૃત્યવાદ્ય શરૂ થયાનો અવાજ આવતો હતો. પ્રેક્ષકોની તાળીઓનો અવાજ સાંભળી એને થયું:

'આખરે બધા સારા છે. આખરે પીરસાને જ મારી ભૂખ ભાંગી છે. શું ખુશ ખુશ થતા હતા!' ત્યાં દીર્ઘતમ કૂદતો આવ્યો. 'આસંગ આવ્યા!'

'આસંગ?' નગરપાલ સફાળા ઊભા થયા. માંડ માંડ પડતાં પડતાં બચ્યા. 'હા, પહોંચ્યો છું છેવટ' કહેતા દાઢીવાળ વિનાના બૌદ્ધ સાધુ જેવા આસંગ દાખલ થયા ને નગરપાલને ભેટી પડયા. 'નગરપાલ, એક પણ માલવક હશે ત્યાં સુધી હું હઇશ.'

'પણ આસંગ, આમ મને વણિકને એકલો મૂકીને તમે બધા...' કહેતાં કહેતાં નગરપાલ ખરેખર બેસી ગયા. આજ સુધી રાખેલું ધૈર્ય આસંગને જોઈ ને છૂટી ગયું. 'હું...હું...આ બધાને કેમ સમજાવું–કેમ વશ રાખી શકું?'

'નગરશ્રેષ્ઠી, તમે તો અક્ષયકીર્તિને પ્રાપ્ત કરી છે. નાટયભૂમિ પર આજ શું ભજવાય છે તેની તમને ખબર છે? 'નગરશ્રેષ્ઠી' નામનું જ નાટક ભજવાય છે. એક કડે ગઈકાલે જ લખ્યું છે.'

નગરશ્રેષ્ઠીનો રડતો ચહેરો હસું હસું થઈ રહ્યો. 'તમે આવ્યા કેવી રીતે? ને...આ શું? વાળ કયાં ગયા?'

'માગધોને ભેટ આપ્યા. અહીં અવાય કેમ કરીને? કોઈ નદી પરની ચોકી વટાવાય તેમ નહોતી. બૌદ્ધ સાધુ થયો. માગધોને બૌદ્ધ પર ભાવ છે. આર્યા ગૌતમીએ નિર્વાણગિરિ સુધી પહોંચાડયો. ત્રણ દિવસથી બાણ સાથે સંદેશા મોકલતો.'

'કોઈ બળી ગયેલ વાસમાં બાણ પડયું હશે.'

'પછી તો ધીરજ ખૂટી. પ્રત્યુત્તર પામવા માટે રોજ રાતના પત્રમાં જણાવેલ કોઠા પાસે જાઉં—ન માણસ દેખું કે ન સંદેશ મળે. કાલ આર્યાએ કહ્યું કે, આવતીકાલે તો તમે સૌ દરવાજા ખોલી બહાર આવવાના છો, એટલે ચિંતાતુર થઈ આ સાહસ કર્યું'. ખાઈ ઓળંગી. આર્યાએ સીડી મેળવી આપી તે માંડી કૂદી આવ્યો.'

'પણ કોઈ સૈનિકે ભાળ્યા નહિ?'

'રાંગ પર કોઈ નહોતું.'

'મહાકાશ્યપ?'

'સાજાતાજા છે. તમારી સૌની વાટ જ જુએ છે.'

'આજ્ઞા કરો!'

'એ દિવસ પછી આભીરોને લઈને મહાકાશ્યપ તૂટી પડશે. એ વખતે આપણે અહીંથી મેદાને પડવું. નાવો સંગમ આગળ તૈયાર રાખી છે. માત્ર આપણે ચાર–છ દિવસ ટકાવી રાખવું પડશે. એ દરમિયાન બધા નગરજનો ખસેડાઈ જશે. નગરજનો નીકળી જાય એટલે સૈન્ય પાછું હટી જશે.'

'...ને જવાનું ક્યાં?'

'લવણદ્વીપ. થોડા આભીરો ત્યાં કિલ્લેબંદી કરે છે. અનાજ પણ હજારેકને વરસ દિવસ પહોંચે તેટલું સંઘર્યું છે.'

'હજાર માટે જ?' દીર્ઘતમે પૂછ્યું.

'નગરજનો તો માધ્યમિકા જશે, ને આપણે તો બાકી હજાર બચીએ તોય બસ છે.'

'માધ્યમિકા કેવું છે?'

'જગ્યા તો પ્રકૃતિએ કિલ્લા માટે જ જાણે સર્જી છે. પાસે વિશાળ સરોવર છે. પણ કાંઈ આરદ્દભૂમિ થવાની છે? આ સૌ પહોંચશે ત્યાં મારા કડીએ ઝૂંપડાં તૈયાર કરી નાખ્યાં હશે.'

'પણ ક્યાં આ શતદ્રુ ને નિર્વાણગિરિ!'

'હા, અહીં તો મોતે મીઠું લાગે. મારા જેવા અભાગી હોય તેણે જવું પડે.' આસંગે કહ્યું.

'દીર્ઘતમ, હવે વસ્ત્રોને આમ ક્યાં સુધી ઠારવાં છે?' નગરશ્રેષ્ઠીને સૂઝ્યું.

'ચેહ ન ચેતે ત્યાં સુધી.' આસંગે કહ્યું.

નાટ્યપ્રસંગ પૂરો થતાં નગરપાલે જ્યારે પ્રયાણની તૈયારી કરવા જણાવ્યું ત્યારે 'ના—ના—ના' ના અવાજોથી રંગભૂમિ ગાજી ઊઠી. સૌએ કહ્યું: 'અહીં જ ઊછર્યા છીએ ને અહીં જ સૂઈશું.'

છેવટ આસંગે જ્યારે ઊભા થઈને સમજાવ્યું ત્યારે બૂમાબૂમ બંધ થઈ—જોકે ગણગણાટ તો રહ્યો જ. 'મરવામાં તે શી બહાદુરી છે? તૂરી-ભેરીના સૂરમાં તો બીકણ પણ બહાદુર તરીકે ખપી જાય છે. મોત આવે તો મારા જેવા ખાઈ—પી ઊતરેલને થાય કે છૂટયા. જીવવું અઘરું છે જીવવું. કોઈક સદ્યવિધવાને પૂછી જોજો કે મોત કેટલી વાર જાચ્યું છે? આ નગરપાલને પૂછી તો જુઓ કે ત્રણ મહિનામાં કેટલી વાર યમરાજાને આવવાની પ્રાર્થના કરી છે? જેને માથે જીવવાની ફરજ આવી પડે ને મરવા ઝંખે તે બહાદુર નહિ—કાયર—કાયર! તમારા બધાને માથે જીવવાનો ધર્મ આવી પડ્યો છે. આ રણયજ્ઞના કોઈક સાક્ષી તો રહેવા જોશે ને? નંદિગ્રામનાં જે બાળકો આજે વેરવિખેર થઈને કોકને આંગણે ઊછરે છે એને કોક તો આ યશગાથા સંભળાવવી પડશે ને? મુક્તિના સૌ સમાન દાવાદાર એ સંદેશ ફરી મગધને કોણ સંભળાવશે? ગણભાવના અમર છે તેની સાબિતી કોણ આપશે? આપણે જીવીને—ને નગરપાલ ને સૈનિકો મરીને. નગરપાલ કહેશે: ગણજનો અણનમ છે. આપણે કહીશું: ગણભાવના અણનમ તો છે જ પણ અમર છે. ગણસંઘની આપણે સૌ વિધવા થશું. ગણનો જપ જપતા, ગણની મૂર્તિનું ધ્યાન ધરતા, ગણની કીર્તિનું ગાન કરતા આપણે નવો ગણ રચશું. ફરી મગધના કે હર કોઈ સામ્રાજ્યને પડકારશું ને આપણો વારો આવ્યે કોડિયું બીજાને સોંપી આપણે રણે ચડશું. ગર્ભમાંના સંતાન માટે થઈને સતી પતિ પાછળ ચિતાએ નથી ચડતી—બાળહત્યા તો લાગે જ, પણ પતિહત્યારી પણ થાય. આપણે અહીંથી ખસી ન જઈએ તો ગણહત્યારા થઈએ. એટલે આપણે તો ભીની આંખે પણ આશાભર્યા ભાવિને ગર્ભમાં સંઘરી નાવ પર ચડશું. મહાકાશ્યપે આ બધું કહેવરાવ્યું છે, ને છેવટે કહ્યું છે: હાથ જે સર્જે છે તે ભાંગી શકાય છે, પણ હૈયું જે સર્જે છે તેનો એક હૈયું પણ હયાત હશે ત્યાં સુધી

ાશ થવાનો નથી. હવે કોણ માધ્યમિકા આવવા તૈયાર છે તે કહે. સૌથી થમ તો હું.'

થોડીવાર પછી નામોની હારમાળા ચાલી. આખા નગરમાં સૈનિકો ને ાડાક વૃદ્ધો સિવાય કોઈ રહ્યું નહિ. પેલી કઠકન્યાઓ માની નહિ: 'આપ ાઓ' છો એમાં અમે આવી ગયાં.'

ત્રીજે દિવસે સવારના સૌ તૈયાર થઈને બેઠા હતા—જનારા જવા ાટે ને લડવાવાળા લડવા માટે.

આસંગને મળેલી સૂચના પ્રમાણે મહાકાશ્યપ ભૂમિરસ્તે ને ચારુદત્ત ાકારસ્તે સૂર્યાસ્ત પહેલાં એક ઘટિકાએ નંદિગ્રામ પહોંચવાના હતા. હ્ સાયંકાળે શરૂ કરવાનું હતું. અંધારાનો લાભ લેવાની એમાં ગણતરી તી. મગધ–સૈન્યને એની જરાય ગંધ ન આવે તેટલા માટે બેઉ દિવસ ાધિની શરતો માગવામાં ને સુદત્તને વીનવણીઓ મોકલવામાં પસાર ર્યા હતા. આસંગ અને નગરશ્રેષ્ઠી નૌકાઘાટ આગળના દરવાજે ઊભા રહીને ડોક લંબાવીને નદી તરફ જોતા હતા. સાંજ પડવાને બહુ ઝાઝી ાર ન હતી. દીર્ઘતમ એનું નાનું હસ્તીદળ તથા પદાતિઓ તૈયાર ાખીને ઊભો હતો. પેલી કઠકન્યાઓએ રથમાં કાંઈક પોટલાં મૂકી રથે ચાર કરીને ઊભી હતી. ઘાયલને ઉપાડી લાવી સારવાર કરનારી માલવ ીઓ પણ શિબિકાઓ હારબંધ ગોઠવીને ખડી હતી. નૌકાઘાટ આગ ાના દરવાજે ત્રણ–ચાર સહસ્ર નાગરિકો પોતાની રહીસહી મૂડી લઈને ાળે વળ્યા હતા—કોઈ માગધો પર શાપ વરસાવતું ન હતું, તેમ કોઈ ાંધાતાનો દોષ પણ કાઢતું નહોતું. આવેલ પવિત્ર ઘડીને અનિર્વચનીય સમજ ાૌન ધારણ કર્યું હતું. શ્રેણીમુખ્યો સંથાગારનું શિલ્પ ઉતરાવતા હતા ાાણુસો એ બધી શિલ્પકૃતિ ગાડાંમાં ખેંચી લાવ્યા એટલે આસંગ કહે

'એને સૌથી આગળ રાખો. સૌથી પહેલી નૌકામાં સંથાગારની ાતિમાઓ વિરાજશે, ને પછી આપણે સહુ. આખું સંથાગાર તો આપણે ાથે ઉપાડી નહિ જં શકીએ, પણ એની કેટ પ્રતિમાઓ ને તોરણે

આપણી સાથે આવશે. માધ્યમિકાની ભૂમિ પર પહેલી પ્રતિષ્ઠા તો એ સ્થંભો ને પ્રતિમાની થશે. આપણે તો એને પગલે ચાલશું.'

'પણ સંથાગારનું માગધો અપમાન કરશે તો?'

'સંથાગારનું બીજ આપણી સાથે છે–એક જે બાકી રહ્યું છે તેને ય પણ ગણસૈનિક બાકી હશે ત્યાં સુધી કોઈ અડી નહિ શકે. ને તમારો પ્રાણ ગયા પછી તમારા શબને કોઈ લાત મારે તોય શું? એમાં અપમાન શબનું નથી–લાત મારનારનું છે.' આસગે કહ્યું ને નગરપાલે સંનિપાતભેરી વગાડી.

શતદ્રુ પરની દૂરનાં રાવટીઓ સળગી હતી. મહાકાશ્યપ સમયસર હતા. નિમિષમાત્રમાં એ બની ગયું.

ઘણાખરા મગધસૈનિકો આજુબાજુ ફરવા ગયા હતા. કેટલાક રાંધતા હતા, કેટલાક પડયા પડયા ગપ્પાં મારતા હતા. વસુમિત્ર પણ શિબિરમાં નહોતો. ક્યારે નંદિગ્રામના દરવાજા ખૂલ્યા તે પ્રહરીઓને પણ સૂર્યાસ્તમાં દેખાયું નહિ. પુલ નંખાયો ને પદાતિઓ પસાર થવા માંડ્યા ત્યારે એક-જણનું ધ્યાન ગયું. બંને પ્રહરીઓ દોડીને ખબર આપવા જાય ત્યાં વીંધાઈ ગયા.

પાંચ મહિનાથી મગધ–સૈન્ય ઘેરો ઘાલીને પડયું હતું, પણ માલવકોએ એક નાનો સરખો હુમલો પણ કર્યો નહોતો. આગથી અર્ધું નંદિગ્રામ બળીને સાફ થઈ ગયું પણ કોઈ સૈનિક બહાર ફરક્યો નહોતો. ને હમણાં તો એ દિવસથી નંદિગ્રામ પડશે–માલવકો શરણે આવશે એવી વાતો આવતી હતી એટલે પ્રહરીઓ પણ થોડા હતા ને હતા તેવ અસાવધ હતા. રમતા–ગપ્પાં મારતા માગધો પર માલવો તૂટી પડયા. નગરપાલ સૌની મોખરે હાથી પર હતા. સચેત નિશાન વતી માર્ગમાં આવ્યું તેને એ સાફ કરી નાખતા. ચારે બાજુ નાસભાગ થઈ રહી. થોડાક વસુમિત્ર ને સુદત્તને બોલાવવા દોડયા. 'મશાલો! મશાલો! આયુધો લો! આયુધો લો!' નું બૂમરાણ મચ્યું. ત્યાં તો આકાશે જતી વળગે તેવી જ્વાલા પ્રગટી. માગધો

સેનાપતિઓ ને સામંતોના મૂલ્યવાન તંબૂઓ સળગી ઊઠ્યા હતા. કઠકન્યાઓ રથમાં મૂકેલ પોટલીઓમાંથી રાળ કાઢી કાઢીને ચારે બાજુએ વેરતી—આગ મૂકતી ઘૂમી રહી હતી.

લડતા સૈનિકો આગ ઓલવવા દોડયા. એ આગમાં તો મગધથી આવેલ ખજાનો, રાજ્યચમર ને અનેક મૂલ્યવાન ચીજો હતી. પણ કઠકન્યાઓ બાકીનું અગ્નિદેવને સોંપી હવે ખસીને ગઈ હતી ગજનિવાસ તરફ. પવનમાં ઊડતા વાળને વારે વારે પાછી નાખતી, એક હાથમાં મશાલ ને બીજા હાથમાં રાળની કોથળી સાથે, આઠેક કન્યાઓ દોડતી હતી. દસેક ક્ષણમાં તો હાથીઓ માટેનો ચારાનો મોટો ગંજ ભડભડ સળગી ઊઠયો. એના પ્રકાશમાં શહેરના પેલા છેડાના નિર્વાણગિરિ પર ખેલાતું યુદ્ધ પણ જોઈ શકાતું હતું. માલવસૈનિકોમાં આ જોઈ ને ઉત્સાહનું પૂર રેલાયું. થોડાક તો હાથીથાનમાં જ બળતા પૂળા નાખી આવ્યા. ચાર ક્ષણ પછી તો શિબિર એ સેંકડો હાથીઓનાં છિંકોટા—ચીસોથી ગાજી ઊઠયું.

હાથીથાનમાં નાખેલો ચારો સળગ્યો હતો. નહોતું હાથીઓથી છુટાતું, નહોતું કોઈથી પાસે જઈ ને છોડાય એમ. કઠકન્યાઓ ત્યાં શસ્ત્રભંડારને આગ મૂકી હાથીને છોડવા પ્રયત્ન કરનારને વીંધતી હતી. આખો પડાવ સળગી ઊઠયો હતો ત્યાં શું ઓલવવું ને શું ઠારવું? હુમલા વખતે જે હથિયાર હાથમાં હતાં તે જ હથિયાર માગધોની મૂડી હતી, બાકીના ભંડાર ફરતી તો આગ મુકાઈ હતી. એમાં ઝંપલાવનારનો તો હથિયાર સાથે જ અગ્નિદાહ થવાનો હતો.

નગરપાલ સુદત્તને શોધી રહ્યા હતા, પણ એમને એ કયાંયે મળ્યો નહિ. એક ઠેકાણે એકાદ હજાર માગધો ટોળે વળીને માલવોને હફાવી રહ્યા હતા. નગરપાલે દીર્ઘતમને તે તરફ હસ્તીદળ હાંકવા કહ્યું. માલવ-હસ્તીઓ પણ આ આગ જોઈ ને ઘેલા થયા હતા. મહાવતના અંકુશ અડતાં જ એ સૂંઢો ઉલાળતાં મગધ–સૈનિકો પર તૂટી પડ્યા. કાંઈક કચડાયા, કાંઈક ભિસાયા, કાંઈક મૂઆ. માગધો જીવ લઈ ને નાઠા. નગરપાલે બીજી જગ્યાએ માગધોને એકઠા થયેલા જોયા—ત્યાં હસ્તીદળ હાંકયું. ત્યાં એક

કઠકન્યાએ આવીને કહ્યું: હાથીથાન તરફ એ બધાને ભિડાવો. દીર્ઘતમે અર્ધચક્રવ્યૂહ લીધો. માલવોના બેઉ છેડા હાથીથાનના ખૂણાને મળી વળી વર્તુલ કરે તેમ ગોઠવ્યા. મધ્યમાં અર્ધા હાથીઓ રાખ્યા. બાકીના બંને છેડે ગોઠવ્યા. બચાવ કરવા મથતા વેરવિખેર માગધોને થોડી વાર એકઠા થવા દીધા ને પછી હલ્લો શરૂ કર્યો. મુખ્ય સેનાની વિનાના મગધ–સૈનિકોને હજુ પહેલા ઘાની કળ વળી નહોતી. હાથીથાન પાસે સૈન્ય આવતું ગયું તેમ એમને ભાન થતું ગયું કે પાછળ આગ છે ગાંડા હાથીઓ જો સાંકળો તોડાવી નાખે તો પોતાના જ હાથી પોતાના પર તૂટી પડે ને કચ્ચરઘાણ વાળે. વ્યૂહ ભેદવા ઘણો પ્રયત્ન કર્યો પણ હવે બહુ મોડું હતું. આગ વાંસો બાળતી હતી. હાથીઓની સાંકળો તૂટી હતી. કઠકન્યાઓએ રાળ ને અન્ય દાહક સામગ્રીની પોટલીઓ કે તેલમાં બોળેલ કપડાં અગ્ન્યાસ્ત્ર વડે હાથીઓ પર ફેંકીને બાકીનું કામ પૂરું કર્યું હતું. સળગી ઊઠેલા પહાડ જેવા હાથીઓ છૂટી છૂટીને ગાંડાની જેમ ધસતા હતા. મગધ–સૈનિકો પોતાના હાથીઓ ને માલવોનાં તીર–તોમર વચ્ચે ભિસાઈ ગયા કે આગમાં ભુંજાઈ ગયા. વસુમિત્ર આવ્યો ત્યારે એના સૈનિકોની છેલ્લી ટુકડી માલવો સાથે હાથોહાથનું યુદ્ધ ખેલતી હતી. એના હાથીઓનો અર્ધો ભાગ આગમાં દાઝીને રામશરણ થયો હતો, બાકીના અર્ધા રાક્ષસોની મશાલની જેમ સળગતા વંટોળિયાની પેઠે ચારેગમ તીવ્ર ચીસો નાખતા નાસતા હતા. નગરપાલ પોતાના નાના હસ્તીદળ વતી એમને માલવકદળથી દૂર રાખવા મથતો હતો. વસુમિત્રે સમાચાર સાંભળતાં જ સુદત્તને નગરની પાછલી બાજુના સંગ્રામને સંભાળવા મોકલ્યો હતો. ત્યાં હજુ આશા હતી–જોકે ત્યાં પણ માલવસૈન્ય માગધોને ડગલે ડગલે નદી તરફ ધકેલતું જતું હતું, પણ અહીં તો કશી જ આશા રહી નહોતી. કઠકન્યાઓએ લગાડેલ આગમાં ધનધાન્ય, શસ્ત્ર ને સૈનિકો–બધું જ સ્વાહા થઈ ગયું હતું. એણે દાંત કચકચાવી ઘોડાને એડી મારી.

*

નિર્વાણગિરિ પરના સૈનિકો દૂરની રાવટી સળગતી જોઈને જ ચેતી ગયા હતા, એટલે મહાકાશ્યપે હુમલો કર્યો ત્યારે એ સ્વાગત કરવાની તૈયારી સાથે જ બેઠા હતા. પેલા સાંકડા પટ પર આગળ રાખેલ હોડીઓ તો નાનકડા નૌકાયુદ્ધમાં જ ડૂબી ગઈ હતી. પછી તૈયાર રાખેલ હોડીઓ–કાષ્ટ ને વેણુસંઘાત–પ્રવહણો એ બધાંને આગળ લીધાં હતાં. મહાકાશ્યપ નાનું એવું સૈન્ય રાખી કાંઠે કાંઠે ચાલતા. હોડીઓની સાથે જ સૈન્ય રહી શકે એ માટે અશ્વારોહીઓ રાખ્યા હતા. જ્યારે નગરપાલે ભેરી વગાડી ત્યારે મહાકાશ્યપના અશ્વારોહીઓએ ઘાટ પાસેની રાવટીઓ ઉપાડી ફગાવી દીધી હતી. પહાડ પરથી મગધ–સૈનિકો નીચે ધસી આવતા હતા. આસંગ, ઘાટ પર સેંકડો મશાલો સળગાવી આવેલ નૌકાસમૂહમાંથી ખાદ્યપદાર્થો ઉતારતા ને નાગરિકોને ચડાવતા હતા. નૌકાઓ ને નદીતટ ગણરાજ્યના જયધ્વનિથી વારે વારે ગાજી ઊઠતો. માગધો કોઈપણ હિસાબે નદીતટનો ફરી કબજો લેવા માગતા હતા. જગ્યા એટલી સાંકડી હતી કે ઘોડા દોડાવવા ફાવે તેમ નહોતું, ઊલટા ઘોડા ભડકીને સહેજ આઘાપાછા થતાં જ નદીમાં અશ્વારોહી સાથે ગબડી પડતા. ઉપરાંત માગધો સંખ્યામાં પણ ચડિયાતા હતા. આસંગે આભીરોને જલદીથી ઉતારવા માંડયા. તલવારો અથડાતાં તણખા ખરતા હતા. બાણનો તો અંધકારમાં કાંઈ ઉપયોગ નહોતો. શત્રુ–મિત્રનો ખ્યાલ રહે એટલા માટે આસંગે વધુ મશાલો પેટાવી. રાંગ ને ખાઈનો કિનારો મશાલોથી પ્રકાશી ઊઠયો. એ પ્રકાશમાં આસંગે જોયું તો મહાકાશ્યપ એક ખૂણા પર ઘોડે ચડીને ઊભા હતા. ભાગતા કે પાછા હઠતા સૌની મોખરે ધસીને એ લડવા પ્રેરતા હતા પણ જાતે વાર કરતા નહોતા, બહુ બહુ તો કોઈ સૈનિક ઘા કરવા ધસી આવતો તો લાંબા ભાલા વતી પાછો ધકેલી દેતા. પૂર્વ બાજુએ થયેલ સર્વનાશની વાતોથી એમને સંતોષ થયો હતો, પણ અહીં માગધોએ હજુ મચક આપી નહોતી–ઊલટા જોર પર આવતા હતા.

સામંતની જેમ સજ્જ થયેલ એક માગધની સરદારી નીચે એક ટોળું ધસી આવ્યું. આભીરોને હઠાવી એ માર્ગ કરતું હતું. એનો સેનાની

માથાનો ફરેલ લાગતો હતો. ગાંડાની પેઠે એ જ્યાં દુશ્મનો વધારે હોય ત્યાં જ કૂદી પડતો. પગથી માથા સુધી એણે લોહજાલિકા પહેરી હતી. વકરેલો સાંઢ જેમ ઢીંક મારી ધણુ આખાને નસાડે તેમ એ માર્ગ કરતો આવતો હતો. એની પછવાડે મધપૂડાની જેમ માગધો આવતા હતા. આસંગ એની નેમ સમજ્યા. એ ખાઈ ઓળંગી ઘાટનો જ કબજો કરવા માગતો હતો. નગરમાં સૈનિકો નહોતા. નૌકામાં ચડતા નાગરિકોને એ ખાઈ આડા ઊભા રહેવાનું કહેવા જતા હતા ત્યાં દૂર ખૂણે ઊભેલ મહાકાશ્યપનો અશ્વ છલંગ મારતો પેલા સામંતની આડે ઊભો રહ્યો. બંને ભમ્મરો રોષ અને નિશ્ચયબળે જોડાઈ ગઈ હતી. મોં સખ્તાઈથી બિડાયું હતું. આંખમાંથી તેજના તણખા ખરતા હતા. ગઢ પર ઊભેલ આસંગે સ્પષ્ટ સાંભળ્યું: ‘સુદત્ત, ગુરુહત્યા લેવી છે કે પુત્રહત્યા લેવી છે?’ સુદત્તે ઘડીભર થંભી, ગભરાતો હોય તેમ આંખ મીંચીને ભાલાનો ઘા કર્યો. મહાકાશ્યપે નીચા નમી એક હાથે એ ઝીલી લઈ એમ ને એમ એવા તો જોરથી અવળો જ ભાલો પાછો વાળ્યો કે એના ધક્કા વતી જ સુદત્ત ગબડી પડ્યો.

નવા આભીરો આવી પહોંચ્યા. માગધો પણ નાયક પડતાં નાહિંમત થતા દેખાયા. નાસી જવા દેવામાં આવે તો એ આતુર હતા, પણ માલવકો હવે એમને છોડે તેમ નહોતા. પગલે પગલે દબાવતા, પછાડતા, કેદ કરતા મશાલને અજવાળે અજવાળે એમને તળેટી સુધી એ હાંકતા ગયા.

અંધકારમાં આગળ વધાય તેમ રહ્યું નહોતું એટલે જીવતા સૈનિકો એનો લાભ લઈ નાસી છૂટ્યા. મહાકાશ્યપ એક ટુકડીને લઈ ને પરિચિત પગથાએ ઠેઠ વિહાર સુધી જઈ આવ્યા. આર્યોની ગુફામાં ડોકિયું કર્યું તો કોઈ નહોતું. સૈનિકોની ચોકી ગોઠવી એ નંદિગ્રામમાં પાછા ફર્યા.

*

મગધસેનાનો સંપૂર્ણ પરાજય થયો હતો, ખરો, પણ માલવકોના પાસામાં પણ ફક્ત કોરી જીત જ રહી હતી. સૈનિકોનો મોટો ભાગ તો સંગ્રામમાં સૂતો હતો. દીર્ઘતમ હણાયો હતો. આઠ કડખાલિકામાં ફક્ત એક જ રહી હતી—રોહિણી, ને તેય વક્ષઃસ્થળમાંના ઘાથી પીડાતી સંજ્ઞા-

ગારમાં ઘડીઓ ગણતી હતી. નગરપાલને ત્રણ ઘા વાગ્યા હતા. ત્રણ હજાર સૈનિકોમાંથી પૂરા હજાર પણ પાછા આવ્યા નહોતા. આભીરો પણ અર્ધ ઉપરાંત હણાયા હતા. શ્રેણીમુખ્યોનો મોટો ભાગ રણમાં સૂતો હતો. મગધ તો એની સેના પલકમાં ફરી ઊભી કરી શકે તેમ હતું—શાકલથી આવે તેટલી જ વાર હતી, કદાચ વસુમિત્રના અશ્વારોહીઓ તે તરફ દોડી રહ્યા હશે, પણ માલવગણ પાસે તો જે હતી તે આ જ મૂડી હતી. એમાં ઘટશે, પણ વધવાનો સંભવ નહોતો—ને હજુ ત્રણ દિવસ નગર ટકાવી રાખવું પડે તેમ હતું. નૌકાઓ રોજના હજારને ખસેડી શકે તેમ હતી. પણ બે દિવસ સુધી વસુમિત્રને કિલ્લા પર હલ્લો કરવાની કળ વળે તેમ નહોતી એટલી નિરાંત હતી.

નગરપાલ પાટા બંધાવતાં મહાકાશ્યપને બધી વાત કરી રહ્યા હતા: 'આસંગની કઠકન્યાઓએ તો હદ કરી. એમની પ્રત્યુત્પન્ન મતિએ જ આ વિજય આણ્યો છે ! નંદિગ્રામ બાળ્યાનું પરિણામ વસુમિત્ર જીવશે ત્યાં સુધી યાદ કરશે. તમે રોહિણીને તપાસો તો—એક જ બચી !'

મહાકાશ્યપ સંથાગારમાં ગયા. જ્યાં ત્યાં લોહીના રેલા ચાલ્યા હતા. મશાલને અજવાળે નાગરિકો ઘાયલોની પાટાપિંડી કરતા હતા. કેટલાક રણે પડેલાને ચોગાનમાં અગ્નિદાહ દેવાની તૈયારી કરતા હતા. એક ખૂણે ક્ષીણ ચંદ્રમાસમી સુંદર રોહિણી ઓશીકે ભાથો મૂકી સૂતી હતી. ભાગ્યે જ એને સોળ વર્ષ થયાં હશે. એના પડખામાં બાણ વાગ્યું હતું. કપાળ પર તલવારનો વાર થયો હતો. એક કિશોરવયનો કુમાર એની તરસ છિપાવવા મોંમાં વારેવારે પાણી પાતો હતો. મહાકાશ્યપને જોઈ એણે હાથ જોડયા. બીજલેખાસમું હાસ્ય આણ્યું ને ધીમેથી કહ્યું: 'આસંગદાદાને કહેજો—એમની આજ્ઞા પ્રમાણે જ આગ લગાડી હતી. સુમેધાએ ઉપસેનાપતિના ઘોડાને બે વખત હણેલો.'

સુમેધા આસંગની પુત્રી હતી.

મહાકાશ્યપે આસંગને બોલાવવા માણસ દોડાવ્યો. એમણે હજુ ખાટ છોડયો નહોતો—સવાર સુધી છોડાય તેમ નહોતું. 'તું બોલ નહિ,

રોહિણી !' પેલા કિશોરે કહ્યું. મહાકાશ્યપે નાડી હાથમાં લીધી. એ મંદ પડતી જતી હતી. વાંસે બાંધેલ ભાથામાંથી એક દવા કાઢી મધ સાથે એને ચટાડી. પેલા કિશોરનાં લોહીભીનાં વસ્ત્રો જોઈ કહે: 'તમે પણ યુદ્ધમાંથી જ પાછા ફર્યા લાગો છો !'

'એ છે ઇન્દુકુમાર !' કન્યાએ કહ્યું. આગળ એ કાંઈક બોલવા ગઈ પણ સમજાયું નહિ.

'સમ્રાટ અગ્નિમિત્રનો હું કુમાર ! આમણે મને બંદી કરી આણ્યો છે–યુદ્ધમાં હરાવી ને.' કિશોરે કહ્યું.

મહાકાશ્યપ સાશ્ચર્ય ઘડીક આ કિશોર સામે ને ઘડીક પલે પલે ઓલવાતી જતી કન્યા સામે જોઈ રહ્યા. પછી એકદમ ઊભા થઈ ને કહે: 'આને સાવચજો, હમણાં આવું છું. એ બચવી જ જોઈએ. આઠમાંની કોઈ કે ન બચે તો વંશ કોણ રાખશે ?' કહેતાં લાંબી ફાળો ભરતા–દોડતા એ બહાર ધસ્યા. રોહિણીએ ઇન્દુકુમારને બંદી કરી ખરેખર મહાવિજય મેળવ્યો હતો: એ બચવી જ જોઈએ. સુદત્તપ્રાસાદમાં એક ઔષધવલ્લરી હતી.

આસંગ મહાકાશ્યપને દોડતા જોઈ વિસ્મય પામ્યા.

*

વસુમિત્રને થતું હતું કે મગધસામ્રાજ્યની અભૂતપૂર્વ માનહાનિ થઈ હતી. કલિંગ–ચક્રવર્તી ખારવેલે આપેલ પરાજયથી પણ માગધોને આટલી ગ્લાનિ, આટલી લજ્જા ને આટલો પરિતાપ નહોતાં થયાં. વજ્જીઓએ મગધને થકવ્યું હતું પણ આવું મશ્કરીને પાત્ર નહોતું બનાવ્યું. આજે તો વાહિક–પ્રદેશમાં ઘેર ઘેર એનો પરાજય વિનોદવાર્તાનો વિષય થયો હતો. એના સાત સહસ્ત્ર–પદાતિઓ હણાયા હતા. એક સહસ્ત્ર મદે ડોલતા ગજરાજોના સૈન્યમાંથી અર્ધ ઉપરાંત બળી મૂઆ હતા ને બાકીના ગાંડાની જેમ ક્યાંક નાસી છૂટયા હતા. એના રથો, ખાદ્યસામગ્રીગંજ, એનાં સુખાસનો–અરે, રાજમુદ્રા સુદ્ધાં સઘળું જ બળી ગયું હતું. એના હણાયેલાઓને અગ્નિદાહ દેવા માટે પૂરતા અનુચરો નહોતા. જનપદવાસીઓ એને અપમાનવા એમને અગ્નિ સુદ્ધાં દેવાની ના પાડતા હતા. એની આજુબાજુ શબોના ઢગલા પડયા હતા. ગીધડાં એને ચૂંથતાં હતાં ને સામેનો દુર્ગ તો એવો ને એવો

ઊભો હતો—કાંકરીયે ખર્યા વિનાનો. આખું નગર શંખ, મૃદંગ, ભેરી, તંતુવાદ્ય ને સમૂહધ્વનિથી ગાજી રહ્યું હતું. નગર આજે વિજયોત્સવ ઊજવતું હતું. નિર્વાણગિરિ તરફ નજર નાખી તો ત્યાંથી મગધની પતાકા ઊખડી ગઈ હતી. ગણોનો પ્રફુલ્લ કમલાંકિત ધ્વજ ફરફરતો હતો. ને સૌથી કારમી ઘટના તો એ હતી કે માલવોએ સમ્રાટ અગ્નિમિત્રના એકના એક પાટવી કુમાર ઇન્દુકુમારને બંદી કર્યો હતો.

બે દિવસ પછી તો આખું ઉત્તરાપથ આ વાતોથી ગાજી ઊઠશે. કોને એ મોઢું બતાવી શકશે? રીસમાં એણે દાંત કચકચાવ્યા. શા માટે એણે રાહ જોઈ? હુમલો કર્યો હોત તો પોતાના સૈન્યનો જરૂર સંહાર થાત પણ આખરે નગર તો કબજે થાત. હવે તો ત્રણ દિવસ સુધી રાહ જોયા સિવાય છૂટકો નહોતો. નિર્વાણગિરિનો તથા નદીકાંઠાનો કબજો લેવા જે સાજાસમા સૈનિકો હતા તેના જોરે પ્રયત્ન કરી જોયો, પણ માલવકો ખીલાની જેમ ખોડાયલા રહ્યા. હતાશ થઈને એ સહીસલામત તરીને નાસી છૂટતા નગરજનોને જોઈ રહ્યો. ત્રીજે દિવસે સાંજે સમ્રાટના સંદેશા સાથે મહાસૈન્ય આવી પહોંચ્યું. સમ્રાટે આવતીકાલ સંધ્યા સુધીમાં નંદિગ્રામને ઉજ્જડ કરી મૂકવાની આજ્ઞા કરી હતી. એ માટે થઈને એક હજાર બખતરિયા ગજરાજો ને દસ સહસ્ર પદાતિઓને મોકલ્યા હતા. બીજું સૈન્ય શતદ્રુઘાટે નૌકામાં આવવા ચડી ચૂક્યું હતું. એણે તરત જ કુમાર ઇન્દુકુમારને માનભેર પાછો મોકલવા ને સવાર સુધીમાં શરણે આવવા સંદેશો મોકલ્યો. 'હલ્લાની રાહ જોઈને જ બેઠા છીએ. ગણજનો ઈશ્વર સિવાય કોઈને શરણે જતા નથી.' એની ઇચ્છા તો રાત્રે ને રાત્રે જ હુમલો કરી નૌકાઘાટને ઘેરી લેવાની હતી, પણ આવેલ સૈન્ય અસામાન્ય ઝડપે આવ્યું હતું. ઉપરાંત ગયા અનુભવે અંધારામાં માલવકો સાથે એમની ભૂમિ પર લડતાં સૌ ગભરાતા હતા.

*

સવારમાં મગધશિબિરમાં રણવાદ્યો વગડયાં. મોખરે અશ્વારોહીઓથી સંરક્ષાઇને બે હાથીઓ ગરેડીવાળા પુલો ખેંચતા હતા. પછવાડે ઢાલથી ઢંકાયલા સીડીવાળાઓ આવતા. એની પછી હતા પદાતિઓ ને ગજરાજો.

હલ્લો એકી સાથે ચારે બાજુએથી શરૂ થયો. પણ ગઢ પર કોઈ માણસ દેખાયું નહિ. પુલો મુકાયા. દુર્ગદ્વાર તોડવા માતંગો આગળ વધ્યા. પણ તીરવૃષ્ટિ કેમ ન થઈ? છુપાઈ બેઠા હશે? હાથીને એક જ ધક્કે દરવાજા ખૂલી ગયા.

અંદર કોઈ માણસ નહોતો.

વસુમિત્રનું હૈયું બેસી ગયું.

અર્ધી રાત સુધી ગામમાં કોલાહલ સંભળાતો હતો એમ એના દૂતોએ જ કહ્યું હતું. પાછલી રાતે જ માલવો એને હાથતાળી આપી છટકી ગયા હતા, પણ મગધસૈન્ય હજુ બીતું બીતું પ્રવેશ કરતું હતું. રસ્તામાં ચોકે ચોકે દીવાલો કરી હતી. શેરીએ શેરીએ નાકાબંધી દેખાતી હતી. રખેને ક્યાંક સંતાઈ બેઠા હોય! દગાખોર માલવોનું કાંઈ કહેવાય નહિ! એણે અશ્વને ઉતાવળે હાંક્યો. કોઈ માણસ દેખાયો નહિ. નૌકાઘાટ પર જઈને જુએ તો શતદ્રુનાં પાણી ખડખડખડખડ હસતાં હતાં. સામેના અરણ્યનો પવન હા–હા–હા–હા કરતો એની મશ્કરી કરી રહ્યો હતો. દૂર વળાંક પર છેલ્લી નૌકા પ્રતિક્ષણે અદશ્ય થતી જતી હતી, ને એના પરથી મહાકાશ્યપ જેવો કોઈક પુરુષ હાથ જોડીને સંથાગારની ધજાને નમન કરી રહ્યો હતો.

વસુમિત્ર પાસે રોષમાં સંથાગાર બાળવા સિવાય કશું રહ્યું ન હતું. એણે જાતે જ એ દુષ્ટ ગણોના પ્રેરણાસ્થાનને આગ મૂકી. સૈનિકોને નગર છિન્નભિન્ન કરી નાખવાનો આદેશ દીધો.

માગધો ભાંગફોડ કરવામાં રોકાયા હતા તે દરમિયાન એક માલવક પથ્થરની મૂર્તિ જેમ અટૂલો ઊભો હતો. સંથાગારની આગની જ્વાલાઓ જેમ વિસ્તરતી જતી હતી તેમ એની આંખો ફાટતી જતી હતી, રહી રહીને એકાએક ધ્રૂજી ઊઠતો. માલવકોનું રમણીય નંદિગ્રામ છિન્નભિન્ન અલંકારની જેમ વેરાયલું પડયું હતું. એના સુખ્યાત રાજમાર્ગો જનશૂન્ય હતા. અહીંતહીં છેલ્લા શ્વાસ લેતું કૂતરું આગમાંથી છટકવા ઢસડાતું ઢસડાતું નાસવા પ્રયત્ન કરતું. કોણે આ કર્યું?

વસુમિત્રે નાસી છૂટેલા માલવો પાછળ થાક ખાધા સિવાય લશ્કર દોડાવ્યું, પણ લવણદ્વીપને સામે કાંઠે આવીને જોયું ત્યારે એને જીતવાની કઠણાઈ સમજાઈ ગઈ. દરિયા વચ્ચે રાક્ષસ ઊભો થયો હોય તેમ બેટ ઊપસી આવ્યો હતો. પડાવ નાખ્યા સિવાય છૂટકો નહોતો. નૌકાદળ આવે ત્યાં સુધી વાટ જોવી એ જ રસ્તો હતો. એની પાસે પૂરતી નૌકાઓ નહોતી. મહાકાશ્યપે જો એ સૈન્ય સાથે માલવગણ છોડી જાય તો કુમાર ઈન્દુકુમારને માનભેર મોકલવાની તૈયારી બતાવી હતી, પણ અગ્નિમિત્રની આજ્ઞા અફર હતી. એને તો હજુ રાજસૂય યજ્ઞ કરવો હતો. આવા નાના ગણો જો એને શેહ આપે તો એના મહારાજ્યને ગાંઠે કોણ?

માલવો લવણદ્વીપ જોઈને રાજી રાજી થઈ ગયા હતા. મહાકાશ્યપે અગાઉથી છપ્પરો કરાવી રાખ્યાં હતાં. લવણની ખાણોમાં મોરચાબંધી પણ કરી હતી. અનાજનો ભંડાર પણ ભરી રાખ્યો હતો. જોકે મહાકાશ્યપે બેટ પર સૌને ઉતારતી વખતે મુખ્યત્વે મચ્છી પર જ આધાર રાખવાનો હતો એમ કહ્યું હતું. જાળોનો એક મોટો ઢગ પડયો હતો. માલવકો પોતાની નાજુક હોડીઓમાં જાળ લઈને સંગમમાં કે સામા કાંઠા સુધી ફર્યા કરતા, પણ મગધ નૌકાઓ આવ્યા પછી ઝપાઝપી થવા માંડી. કોઈ વાર આ પક્ષની તો કોઈ વાર પેલા પક્ષની એકાદ નૌકા ડૂબતી. બંને પક્ષો એકબીજાનું પાણી માપી રહ્યા હતા.

વસુમિત્ર મૂંઝાતો હતો. દ્વીપની અંદર જવા માટે એક જ દ્વાર હતું. તેની અંદર પણ નૌકાઓનો મોટો સમૂહ જઈ શકે તેમ નહોતું. મુખ

આગળ જ માલવકોની સજ્જ હોડીઓ લાંગરેલી જ રહેતી. મગધ–નૌકાઓએ ચારે બાજુ પ્રદક્ષિણા ફરી જોઈ. એક પણ ખાંચો કે લશ્કર ઉતારવા જેવું સ્થાન નહોતું. પણ અગ્નિમિત્ર અધીરો થઈને જાતે જ ચડવાનું લખતો હતો એટલે હવે આ અતાગ પાણીમાં ઝંપલાવ્યા સિવાય રસ્તો નહોતો.

એક દિવસ વહેલી સવારે મગધની ગજસેના સિંધુસ્નાન કરવા ઊતરી. પ્રત્યેક હાથી પર એક મહાવત ને પાંચ યોદ્ધા બેઠા હતા. ગજરાજોની હારની ચોફાળે સૈનિકોથી ભરેલ નૌકાઓ હતી. જુદે જુદે ખૂણેથી સો–સો હાથીઓનું ઝુંડ ઉતાર્યું હતું. સિંધુતલ પર નીલ આકાશમાં કાળાં વાદળાં ઊભરાઈ નીકળે તેમ આ હાથીઓ લાગતા હતા.

મહાકાશ્યપ એક ઊંચા ખડક પર ઊભા રહી ચિંતાતુર નજરે એ જોઈ રહ્યા. એમની પાસે પૂરા હજાર પણ ન હતા જ્યારે વસુમિત્રે છ હજાર તો હાથી પર ને એટલા જ બીજી નૌકાઓમાં ઉતાર્યા હતા.

હાથીઓ જુદી જુદી દિશામાં વેરાઈ ગયા. માલવોએ ધાર્યું કે સિંધુના મહાપ્રવાહમાં તણાયા. એમને માત્ર બારાની સામે જ આવતા એક ઝુંડને સંભાળવાનું હતું. હાથીઓ પાસે આવતાં જ તીરોનો વરસાદ વરસ્યો, પણ કોઈ હાથી આઘોપાછો ન થયો. સૂંઢ પર બખતર જડયું હતું. સિંધુનાં મોજાંના પડછાટે મત્ત થયેલા હાથીઓ સૂંઢમાંથી પાણીના ફુવારા ઉડાડતા આગળ ધપ્યે ગયા. બારાની બંને બાજુની કરાડો પર ઊભેલા માલવકોએ તીર–ભલાં–ગદાનો વરસાદ વરસાવ્યો. નજીકના હાથીઓ પાછા હઠ્યા, પણ પાછળનાઓ હડસેલો મારી આગળ ધસ્યા. એક માલવક હોડી હિલોળે ચડી—જબ્બર મોજું આવતાં ઊંધી વળી ગઈ. તરવા મથતા માલવોને માગધો વીંધવા માંડ્યા. હાથીઓએ રમખાણ મચાવ્યું. તોફાને ચડેલા શંકરના ગણ પેઠે એક પછી એક માલવ–હોડી ડુબાડવા માંડી. કોઈ હાથી ભાગતો તોય ભાગતાં પણ હોડીને ટલ્લે લેતો જતો. ઉપરથી વરસી રહેલાં હથિયારોની જાણે માગધોને પડી નહોતી. એક હાથી જતાં બીજો આવતો, તેમ જ મગધ–સૈનિક પડતાં જ પાછલા આગળ આવ્યે જતા.

છેવટે હાથીઓએ બારું મોકળું કર્યું. રહીસહી નૌકાઓ અંદર પાછી હઠવા માંડી. પણ હાથીઓ અંદર જતાં ઘમસાણ મચ્યું. આગલા હાથીઓ માર ન સહન થતાં પાછા ભાગવા મથતા હતા, પણ પાછલા હાથીઓ એને ફરવા દે તેમ નહોતું. અંદર–અંદર જ ગજયુદ્ધ શરૂ થઈ ગયું.

ઓચિંતાનો નાદ આવ્યો: 'સમ્રાટ અગ્નિમિત્રનો જય !' બારાનું રક્ષણ કરનારા માલવકો ચમક્યા. પછવાડે માગધો ક્યાંથી પહોંચ્યા હતા ? મહાકાશ્યપનો સંકેત થતાં જ સૌ હટી ગયા. એમની પીઠ ખુલ્લી પડી ગઈ હતી. ઝપાટાબંધ ધાન્યસંગ્રહને મોરચે જવા દોડ્યા.

બારા આગળ બધાનું ધ્યાન રોકાયું હતું તે દરમિયાન જે હાથીઓને તણાઈ જતા ધાર્યા હતા તેમને બે–ત્રણ જગ્યાએ ઊભા રાખી, ગંડસ્થળ પર સીડી મૂકી, ખીલાઓ મારી મારીને, સહેજ નીચી ભેખડો પર થોડા સૈનિકો લઈ વસુમિત્ર ચડી ગયો હતો ને એના પાડેલ ચીલે નૌકામાંના સૈનિકો ઝપાટાબંધ બેટ પર ઠલવાતા હતા. હાથીઓ પર સીડીઓ ટેકવીને બે–ચાર જગ્યાએ ઊતરવાનું શરૂ થતાં જ બારાનું રક્ષણ અર્થશૂન્ય બન્યું હતું. નૌકાઓને કુદરતી માર્ગે લાંગરવાની શરૂઆત થઈ હતી.

ધાન્યભંડાર આગળ માલવો સિંહની જેમ લડ્યા. એકએક માલવક એનાથી છગણા દુશ્મનો જોડે ઝૂઝી રહ્યો હતો. આ એમનો છેલ્લો આધાર હતો. ભંડારઘર આગળથી જ વરુણટેકરીની કેડી શરૂ થતી હતી.

મહાકાશ્યપ એ ટેકરીની પગથી પર ઊભા રહી ત્યાં પહોંચનારને પાછો કાઢતા. ચારે બાજુ કોઈકને એ ખોળી રહ્યા હતા. ઘાથી અશક્ત થયેલા નગરપાલને ચારુદત્તને ભરોસે વરુણ–મંદિરમાં છોડી એ નીચે આવ્યા હતા, પણ ચારુદત્ત હમણાં કહી ગયો હતો કે નગરપાલ કોલાહલ સાંભળી નીચે ચાલ્યા આવ્યા હતા. લડતા માલવોને એણે જોયા, પણ નગરપાલ દેખાયા નહિ. એ પકડાયા હતા કે ખપી ગયા હતા ? હારતા–પણ પાછા નહિ હટતા માલવોની વચ્ચે એમણે ઝંપલાવ્યું. ચારુદત્ત શિરસ્ત્રાણ ને લોહકવચમાં બીજાથી બે મૂઠ ઊંચા લાગતા મહાકાશ્યપને જોઈ રહ્યો. એ ભાલો લઈ ને

જ ઘમસાણુમાં પડયા હતા. કોઈ ઘાને ઢાલ વડે ઝીલતા, કોઈ ને વાંકા વળી ચૂકવતા, કોઈ ને ભાલાનો બૂઠો ભાગ મારી હડસેલતા એ નીચા વળી કોઈકને ગોતી રહ્યા હતા. ગણરાજ્યનો જયધ્વનિ ઓછો થતો જતો હતો ને બારામાં મગધનૌકાઓ તો હજુ આવ્યે જ જતી હતી. થોડી વારે એણે મહાકાશ્યપને કોઈકને ઊંચકીને આવતા જોયા. ઘાયલના ગળા પાસેથી લોહી ટપક ટપક ટપકતું હતું. ભાનમાં હોય તેમ લાગ્યું નહિ. મહાકાશ્યપનું શિરસ્ત્રાણ ઊડી ગયું હતું ને માથા પર ઘા થયો હતો. જટા–સોંસરવું લોહી ટપકતું હતું. ચારુદત્ત દોડીને ઘાયલને ઉપાડવા ગયો. એ તો નગરપાલ હતા. બંને જણા એને લઈ ને ઝપાટાબંધ પગથી ચડવા માંડયા. બે સૈનિકો પછવાડે પડયા હતા. બંને જણાએ ગતિ વધારી, પણ પેલા પાસે પહોંચી જવા આવ્યા હતા. મહાકાશ્યપે એક વળાંક આગળ નગરપાલને હેઠે મૂકયા. 'તું રોહિણીને અંદરથી બોલાવી એમને લઈ જા!' કહી પાસે પડેલો ત્રણ માણસોથી પણ ન ઊંચકાય તેવો પથ્થર ઊંચકી ઊભા રહ્યા. પેલા બંને થંભી ગયા. એને કહે: 'એક પગલું આવો!' બંને નીચેના વળાંક પર હતા. પથ્થર એમના પર તોળાઈ રહ્યો હતો. એમની વિશાળ ભુજા, ધોળી દાઢી, લોહીથી ખરડાયેલ જટા અને ઓજસે ચમકતું મોં જોઈ સૂર્ય હસી રહ્યો.

પેલા ભયના માર્યા એક ડગલું પાછળ હઠયા. ઉપરથી સાદ આવ્યો: 'ભગવન્!' નગરપાલ સલામત રીતે અંદર પહોંચી ગયા હતા. એમણે દડો ઉછાળતા હોય તેમ સહજપણે પથરાને દૂર ખીણમાં ફગાવી દીધો ને જાણે પેલાની પરવા જ ન હોય તેમ માથું ડોલાવતા ડોલાવતા ધીરે ધીરે આગળ ચાલ્યા.

'અદ્ભુત છે આ માલવો!' પેલા સૈનિકોથી બોલ્યા વિના ન રહી શકાયું.

મહાકાશ્યપે એ સાંભળી પાછા ફરી એક આત્મતૃપ્તિભરપૂર હાસ્ય વેર્યું. સૂર્ય ફરી હસ્યો.

ઈન્દુ મગધાધિપતિ થયા પછી પણ ઘણાને એ વાત કરતો.

'અમે સિંધુની બરાબર વચ્ચે આવેલ દ્વીપના વરુણ-મંદિરમાં ઘેરાઈ ગયા હતા. હું તો જો કે રોહિણીના હાથે કેદી થયો હતો, છતાંય મારાથી 'અમે ઘેરાઈ ગયા હતા' તેમ બોલાઈ ગયું ને ! એ જ ચમત્કાર છે ! મંદિર બેટની સૌથી ઊંચી ટેકરી પર હતું. મંદિરનો ગઢ સીધી કરાડ પર બાંધ્યો હતો એટલે કોઈનું ગજું નહોતું કે ઉપર ચડી શકે. આગલે લોખંડી દરવાજે નગરપાલ ને મહાકાશ્યપ બેસતા, ચારુદત્ત ને રોહિણી રાંધતાં... ને હું ? હું તો રાજવંશી કેદી હતો એટલે મંદિરના ધાબા પર બેસી સિંધુમાં જાળ નાખી માછલાંઓ પકડવાનું મારા લાયક કામ કરતો. બરાબર પછવાડે જ સિંધુનું પાણી ઘસાઈને જતું. કરાડ પણ પાણીના મારથી ઘસાઈને લીસી ને પોખરાજ જેવી ઘેરી લીલી થઈ ગઈ હતી. ધાબામાંથી ભૂસકો મારીએ તો સીધા સિંધુ નદીમાં પડાય તેમ હતું. દૂર ઊભેલા અમારા મગધસૈનિકો જે હોડીમાં ટાપુની ચોકી કરતા તે ઘણીવાર મને કૂદી પડવા વીનવતા, પણ એ પ્રચંડ ઘૂમવતા પ્રવાહમાં પડવાની મારી હિંમત નહોતી ચાલતી-કાંઈક તો નાસી છૂટવાનું મન જ નહોતું થતું.

'નંદિગ્રામના યુદ્ધમાં મારાથી આઠ આંગળ નીચી એક કઠ છોકરીએ મને કેદ કરેલો. અમારા પડાવ પર ઓચિંતાનો હુમલો થતાં બધા સૈનિકો નાસભાગ કરતા હતા. તેમને હું એકઠા કરતો હતો ત્યાં રોહિણીએ મારા તરફ એનો રથ હાંકયો. બધા નાસતા હતા એમાં મને સ્થિર ઊભેલો જોઈ એ નીચે ઊતરી ને કહેઃ 'તમે પાળા છો એટલે રથમાં બેસીને નહિ

લડું.' હું કાંઈ ઉત્તર આપું તે પહેલાં તો તલવાર લઈને મારા પર એ ધસી. મારે ઝાઝું લડવું ન પડયું. મારા કરતાં એની કુશળતા વધારે હતી અથવા એની સામે લડતાં મારી કુશળતા થોડી પળો માટે એણે હરી લીધી હતી. મને પછાડી એ છાતી પર તલવાર ધરીને ઊભી રહી. તે દરમિયાન જ મારા સૈનિકોમાંના કોઈકે એના પડખામાં તીર માર્યું. વેદનાના માર્યા એનાથી તલવારની અણી ઘોંચાઈ ગઈ ને મારાથી પણ શસ્ત્રો મૂકી દેવાયાં.

'શરૂઆતમાં તો મેં ધારેલું કે માલવો મારી ઠીક એવી કિંમત ઉપજાવશે, હું હતો પાટવી ને પિતાનો લાડીલો, બીજા અશાઢમાં તો મારો લગ્નોત્સવ થવાનો હતો, એટલે માલવોએ ધાર્યું હોત તો માગધોની પાસે જ એમણે નાશ કરેલું નંદિગ્રામ ફરી બંધાવી શકયા હોત. મૂઠીમાં આવેલ શત્રુને પીલી પૂરો કસ કાઢવાની ઇચ્છાવાળા પણ ત્યાં હતા. મને કિલ્લાની રાંગ ઉપર ઊભો રાખી, કાં તો મોં–માગી શરતો આપે નહિતર પાટવી કુમારનું માથું લ્યે એવી ધમકી આપવાનો વિચાર ગણસભા પાસે મૂકેલો પણ ખરો, પણ તે ઘડીએ મહાકાશ્યપ ઊઠયા—હા, હાથ–પગ, માથું, મોં, બુદ બુદ જેવું અહં ને શેવાળ જેવી સોહામણી છતાં લપસણી બુદ્ધિ છે એટલે આપણે સૌ માણસો તો કહેવાઈએ, પણ માનવ હોય તેવા તો મેં એક તેને જ જોયા છે. માણસાઈ વિનાના માણસો તો આપણે સૌ છીએ. એણે કહ્યું : 'કલીબો સ્ત્રી વેચે છે ને કાયરો બંદીને વેચે છે. હથિયાર જેણે આપણે ભરોસે છોડયાં એને આપણે વેચીએ કે મારીએ તો ગણોની વિશ્વાસપ્રિયતા કયાં રહી ? માણસે પ્રસંગવશાત કઠોર થવું પડે છે—વજ્રસમા કઠોર થવું પડે છે, પણ કઠોરતા ને ક્રૂરતા એક નથી. ક્રૂર થાય તે પશુ—એમાંથી માણસાઈ ગઈ એને તો હડકવા લાગે.

' 'પણ આ માગધો જોડે માણસાઈની વાત ?'

' 'ત્રિકાલજ્ઞ સહદેવને દુર્યોધને પાંડવોનો જ મોતનો ઉપાય પૂછેલો. અને સંભાળનાર તો શ્રીકૃષ્ણ છે એમ માનીને એ અસત્ય નહિ વદેલા. મિત્રની સાથે—માણસાઈવાળાની સાથે—માણસાઈ રાખો તેમાં શું વિશેષતા છે ? એ

તો બર્બર શકો પણ કરે છે. આપણે તો કોઈની સામે માણસાઈ ખોઈ ને લડીએ ને જે બાણ એને મારીશું તે આપણને જ વાગશે. કાલ એ પણ આપણા બંદીઓને આવી રીતે સંહારશે.'

'આમ હું ઊગરી ગયો—એમનો વધુ પરિચય પામવા. મેં કહ્યું ને કે અમે પાંચ જણ વરુણમંદિરમાં પુરાયા હતા, બાકીના બધા જ માગધો કાં તો સાફ થયા ને કાં તો બંદી બન્યા હતા. આગલે દિવસે અનાજની બે ગાંસડી ને લાકડાંનો મોટો ગંજ મહાકાશ્યપદાદાએ અંદર નખાવ્યો. એટલાં બધાં લાકડાં જોઈ રોહિણી કહે: 'દાદા, આટલાં બધાં અહીં શું આણ્યાં?'

' 'મારી ચેહ ખડકવી પડશે ને-કલેવર કંઈનાનું છે!' એમણે હસીને કહ્યું.

'પહેલા બે-ચાર દિવસ કાકાએ હુમલા કરાવી જોયા. પણ રોહિણી તીરંદાજ હતી ને સામેની કેડી બેથી વધુને આવવા દે તેમ ન હતી. માગધો કે ઘાયલને ખસેડી આગળ આવે ત્યાં સુધીમાં રોહિણીનાં ત્રણ તીર છૂટતાં એટલે કાકાએ ભૂખે મારીને જ અમને-મહાકાશ્યપને-વશ કરવા ધાર્યા. મહાકાશ્યપે જો બધા માલવોને મુક્ત કરી દે ને બેટ ખાલી કરી દેવા તૈયાર હોય તો મને સોંપી દેવા કહેવરાવેલું, પણ કાકાને ઉતાવળ નહોતી, કારણકે મને માનભેર રાખવામાં આવશે એમ નંદિગ્રામમાં મહાકાશ્યપે કહેવરાવ્યું હતું. ગણસંઘના વેણમાં વિરોધીઓને પણ વિશ્વાસ હતો, કદાચ કાકાના મનમાં હું રહું ન રહું તેનીય બહુ ચિંતા ન હોય, રાજસિંહાસન ને લોભ એવાં છે-ચીતરી ચડે તોય સૂંઘવાનું મન થાય તેવાં.

'પછી તો અમારે કશુંય ખાસ કામ નહોતું. નગરપાલની સારવાર મહાકાશ્યપ કરતા. ચારુદત્ત રાંધતો. રોહિણી કોઈ વાર આમતેમ તીર ઉડાડતી ને હું નફકરાની પેઠે ફર્યા કરતો. હા, મહાકાશ્યપ મને દંડનીતિ ભણાવતા ખરા. પીપળાની નીચે હવનકુંડ પાસે બેસીને જે ભણતર ભણ્યો છું તે બધુંય કાંઈ યાદ નથી, પણ એનું કશુંય મૂલ્ય ચૂકવી નથી શકયો એ મારા હૈયામાં શૂળની પેઠે ખટકે છે. જવા દો એ વાત!

'એક વખત મેં પૂછયું-ભૂલ્યો, મેં રોહિણીને પૂછ્યું-ને રોહિ
મારા વતી પૂછયું, કારણકે ત્યારે હજુ હું એમનાથી સંકોચ પામતો.
કહેઃ 'ઇન્દુકુમાર શત્રુપુત્ર છે. એને શા માટે આ બધું ભણાવો છો ?'

''મારો ધંધો છે એટલે ! આ :સિંધુ કોઈ પાણી લેવા આવે
થોડી જ એમ પૂછે છે કે તું કયા વર્ણ કે ગામનો છે ?'

''પણ તમે મારા પર આટલું બધું હેત...ઘાયલ હતો ત્યારે શુ
કરી...' મેં સંકોચાતાં પૂછેલું.

''હેત ! એનો કાંઈ જવાબ નથી. સૂર્યને પૂછો કે શું કામ પ્ર
આપે છે ?'

''તો...લડો છો શા માટે ?'

''સૂર્ય સવારે મીઠો લાગે છે, ને મધ્યાહ્ને આકરો લાગે છે શા મ
ખરેખર એ તો તપતો નથી ને ઊગતો-આથમતોય નથી, આપણે આ
ભૂમિકા બદલીએ છીએ.' ચારુદત્તે સમજાવેલું.

'અંદર પુરાયા પછી સૌથી પહેલાં નગરપાલ ને પછી મને જમાડ
રોહિણી તો મારા કરતાં બે વર્ષ નાની હતી. એ પણ મારા પછી
વધે તે જમે એવી આજ્ઞા હતી. મેં ઘણી તકરાર કરી, ત્યારે કહેઃ '
સૌ તો મરવા જ નીકળ્યા છીએ, પણ તમને તો બચાવવાના છે.'

'થોડા દિવસ પછી એમણે હુકમ કર્યોઃ આજથી અનાજ માત્ર ન
પાલ અને ઇન્દુકુમારને જ મળશે, બાકીનાએ તો જે મચ્છી પક
તેના પર જ આધાર રાખવાનો હતો. પોતે ન અનાજ લીધું કે ન મ
ભૂંજીને લઈ ગયા તોયે લીધી. કહ્યું:

''હવે જીવ-પ્રાશન કરીને જીવ નભાવવાનું મન નથી, છેલ્લા દિ
નિર્મળ દેહે જ ભલે વીતતા.' નગરપાલે મનાવ્યા-ચારુદત્તેયે વાદ ક
પણ એમણે મંદ મંદ હસીને ડોકું ધુણાવ્યું. છેવટે રોહિણીએ રિસાઈ
નહિ ત્યારે સાંજે એમણે થોડું ખાધું-પણ તરત વમન થયું.

'એક મહિનો ક્યાં ગયો તે ખબર નહોતી પડી. ખેલતાં–કૂદતાં, વાતો સાંભળતાં ને નગરપાલની સારવાર કરતાં એ વીતી ગયો હતો. પણ તે સાત દિવસો ગયા છે તેવી લાંબી તો આ જિંદગી પણ નથી લાગી. સવારથી જ નાહીને પેલા અશ્વત્થવૃક્ષ નીચે પદ્માસન વાળીને બેસી રહેતા. ભાગ્યે જ ઊઠતા. નગરપાલ હવે હરતા–ફરતા થયા હતા એટલે એમને વારેવારે દવા આપવા ઊઠવાનું પણ કાંઈ કારણ નહોતું. આખો દિવસ સામે પ્રગટાવેલ અગ્નિમાં માનસ–હોમ કર્યા કરતા. મધ્યાહ્ને વૃક્ષને ટેકે જ થોડી ઘડી આરામ લેતા. અમે સૌ બહાવરા બહાવરા ફર્યા કરતાં. કોઈની સાથે બોલે ને કદાચ અમંગળ બોલાઈ જાય તે બીકે પૂરી આંખ પણ ન મેળવતા.

'ચારુદત્ત પાળેલ હરણની જેમ એમની પાસે બેસી રહેતો. કોઈ કોઈ વાર અમારી જેમ એની આંખમાંથી પણ આંસુ પડું પડું થતાં ત્યારે એ લૂછવા મંદિરના ધાબામાં દોડી જતો. દૂર ક્ષિતિજ સામે જોતો, બુદ્ધં સરણં ગચ્છામિ–ધમ્મં સરણં ગચ્છામિ રટતો, આંખે આંસુ સારતો. ચારુદત્તને હું કદીય નહિ ભૂલું. કષાયવસ્ત્રધારી એ હસમુખો યુવાન સાધુ! મારી ને રોહિણીની મજાક કરવાનું કદી ચૂકતો નહિ. અમારો એક મહિનો એક દીર્ઘ પળની જેમ વીતી ગયો તેનું કારણ ચારુદત્તની પ્રસન્ન–મધુર નર્મવાણી હતી. છેલ્લા સાત દિવસો ખૂટયા ખૂટે નહિ તેવા લાંબા ગયા તેનું એક કારણ એનું મૌન હતું. મહાકાશ્યપ મૌન લે તે આકરું હતું, પણ અસ્વાભાવિક–અણધાર્યું નહોતું. નગરપાલનું મગજ એટલું અશક્ત બની ગયું હતું કે એમની વાતો ઘણી વાર મેળ વિનાની અર્થહીન બની જતી. રોહિણીની વાણી મીઠી ને હૈયુ નચાવે તેવી હતી. પણ ચારુદત્તનો નિર્મળ છતાં ફૂલ જેવો હળવો વિનોદ ન હોત તો રોહિણી પણ સંભવ છે કે ન ખીલી હોત. અમને બંનેને પાસે બેઠેલાં જોઈ ને કહેતો: 'ચંદ્ર ને રોહિણી શું શોભે છે! પણ ગણસંથાગારની છેડાછેડી રાજસિંહાસન જોડે બાંધશો કેમ? ને ચંદ્રમાં કલંક છે તેનું શું કરશો દેવી? પણ મહા-કાશ્યપના પ્રાયોપવેશનના દિવસથી એણે જ્યારે મૌન લીધું ત્યારે અમને પહેલી વાર લાગ્યું કે આ તો કાળભૂમિ છે. ત્યાં સુધી અમારે મન અહીંનાં

લીલાભૂમિ જ રહી હતી. કામ કરવામાં, આફત સામે ઝઘડવામાં, મોતની વચ્ચે ઘૂમવામાં, માનાપમાનને ઉડાડી દેવામાં એના તોલે અમારામાં કોણ આવે ? મહાકાશ્યપ તો દેવ હતા. એ કેમ પૃથ્વી પર આટલા દીર્ઘકાલ સુધી રહ્યા તે જ મને પ્રશ્ન થાય છે. પણ સાધુ ચારુદત્ત તો અતુલ હતો. એ તો સાધુ હતો, મને પૂજનીય હતો, પણ એ અમારું સૌનું રાંધતો, વાસણ માંજતો. હું ને રોહિણી વચ્ચે કામ કરાવવા લાગીએ તો હસીને કહેતો 'જાઓ, પેલું ધાનુ વાટ જુએ છે ! જુઓ, પેલી નૌકા કોની ચાલે છે !' જીવનનું આખરી ભાથું બાંધતો હશે કે અમને ગણીગાંઠી પળો માણી લેવાની તક આપવા ઇચ્છતો હશે—જાણતો નથી, પણ તે દિવસથી એના મૌને કાળ—ભણકારા સંભળાવ્યા. ધાબા પર જઈને આતુર—સજળ આંખે ક્ષિતિજ પર જોવાની એની ટેવે એનો છુટકારો કર્યો. હોડીમાંથી ફેંકેલ તીરે એને વીંધી નાખ્યો.

'હું મહાકાશ્યપ પાસે બેઠો હતો. સારી વાર થઈ છતાં એ પાછો ન આવ્યો એટલે હું બોલાવવા ગયો. ધાબા પરથી નીચે લોહીનો રેલો ચાલ્યો હતો. વરુણદેવને એણે અંતરના રુધિરથી અભિષેક કર્યો હતો.

'ઉપર ચઢીને જોઉં તો લોહીની પાટ ભરાઈ હતી. તીર તો ઘણા વખતથી વાગ્યું હતું, પણ એ છેલ્લી ઘડીએ પણ સાધુને કોઈ જીવને પીડારૂપ થતા જવાનું નહોતું રુચ્યું. હું ઉતાવળે મહાકાશ્યપને બોલાવવા જતો હતો ત્યાં એણે માથું હલાવી બેઉ હાથનાં આંગળાં વતી સમજાવ્યું: 'પાંચ—દસ ઘડી છે, ન બોલાવો.' પણ મારાથી ચીસ પડાઈ ગઈ.

'નગરપાલ, રોહિણી સૌ દોડતાં ઉપર આવ્યાં. મહાકાશ્યપના ચહે પર પ્રસન્ન હાસ્ય સિવાય બીજા ભાવો ઓછા જોયા છે, પણ તે દિવ જે અપરિચિત વેદના એમના ચહેરા પર પથરાતી જોઈ તે કોઈ મા મુખ પર સંતાનના અવસાન વેળાએ પણ નથી ભાળી, કે નથી ભા સ્વામીના શબને વળાવતી સદ્યવિધવાની આંખોમાં—જાણે એમણે પુત્ર—પુત્રી બંધુ—સગાં—શિષ્ય ને સહાયક એકી સાથે ખોયાં હતાં.

'ચારુદત્તે મહામહેનતે ઉચ્ચાર્યું: 'પુરુષસૂક્ત !' મહાકાશ્યપે તરત જ સ્વસ્થ થઈ મેઘસમા સ્વરે એ પુરાણુ–પવિત્ર સૂક્ત ઉપાડ્યું. તે જ ઘડીએ હોડીમાંથી તીર છૂટ્યાં. અમને આટલાં બધાંને ભેગાં મળેલાં જોઈ એણે લાગ શોધ્યો હતો.

'બીજા' તો સ્થિર રહ્યાં પણ સૂક્તમાં આસ્થાભંગનું પાપ વહોરીને પણ મેં સૂક્ત ચાલ્યું ત્યાં સુધી ધનુષ્ય લઈને પેલાનાં તીરનો જવાબ આપ્યા કર્યો.

'સૂક્ત પૂરું થતાં જ સાધુ ચારુદત્તના મુખ પર પુરુષોત્તમનું તેજ વિલસી રહ્યું. હસતાં હસતાં એણે પ્રાણ છોડ્યા. એનો છેલ્લો શબ્દ મહાકાશ્યપને સંબોધાયો હતો: 'મોટી બહેન !' કદાચ સાંભળવામાં મારી કાંઇ ભૂલ થઈ હશે.

'મહાકાશ્યપે જાતે એની ચિતા ખડકી. અમને કોઈને અડવા ન દીધા. યજ્ઞમાંથી અગ્નિ લઈને દાહ દીધો. રાખ ને ફૂલને જાતે જ એકઠાં કરી સિંધુમાં પધરાવ્યાં.

'બીજે દિવસે નગરપાલે પણ આવાનું છોડ્યું. મેં મહાકાશ્યપને કહ્યું પણ એ કાંઈ ન બોલ્યા.

'હવે મંદિર અકારું લાગતું હતું. પીપળાના પાનનો ખડખડાટ પણ રાત્રે બિવરાવતો. એવડા મોટા ચોકમાં રાત્રે ફરતાં પણ છાતી થડકતી. રોહિણીની આંખમાં આંસુ સુકાતાં નહિ. વાતાવરણ જાણે દીર્ઘ નિશ્વાસોથી ભરાઈ ગયું હતું. પળેપળ જાણે અનંતગણી લાંબી થતી જતી હતી. મને કોઈ વાર થતું કે હું મગધનો અધિપતિ હોત–અરે, પિતા અહીં હાજર હોત–તો તો શું ન થાત ? આ બધાંને મેં કયા આસને બેસાડ્યાં હોત ? પણ કાકાની વાત જુદી હતી–એમનાથી હું ડરતો ને એ મારાથી ડરતા.

'મારું ને રોહિણીનું અનાજ પણ પૂરું થયું હતું. આગલી સાંજે જાળ નાખેલી ને કાંઈ આવ્યું નહોતું એટલે રાત્રે ભૂલમાં એમ ને એમ રાખી મૂકેલી. સવારે જોયું તો ચોકિયાતે હોડીમાં આવીને એ કાપી નાખી

હતી. આખો દિવસ ભૂખ્યા રહ્યા. પીપળાની કૂણી ટીશીઓ ને પેપીઓ એકઠી કરી ખાવા માટે લાવ્યો, પણ રોહિણી અડી પણ નહિ. મેં એને બહુ વીનવી.

'તારા માણસો જ ભૂખે મારવા ઇચ્છે છે.' કહેતાં કહેતાં એની પ્રફુલ્લ કમળ જેવી આંખોમાં લાલાશ દેખાઈ. મને ઘણુંય કહેવાનું મન થયું કે: 'લડાઈ એમ જ થાય—પાટલીપુત્રના ઘેરામાં માણસો ટપોટપ મરી જતા. જિવાય ત્યાં સુધી જીવવું.' પણ હિંમત ન ચાલી.

'તે જ દિવસે રાત્રે નગરપાલ ક્યાંક ચાલ્યા ગયા. ક્યાં ગયા તે ખબર ન પડી. સવારે મહાકાશ્યપ અમને બંનેને બોલાવી કહે:

''કુમાર, તમે હવે છૂટા છો. તમને હું ખવરાવી શકું તેમ નથી. બન્યું ત્યાં સુધી તો તમને પહેલાં ખવરાવ્યું ને પછી અમે ખાધું.'

'મેં ધ્રુસકા ખાતાં કહ્યું: 'તમે મારી સાથે બહાર આવો. હું પગે પડીને સમાધાન કરાવી દઈશ.'

''કુમાર, તમે સરલ છો. રાજ્યમદની મેશ તમને અડી નથી. તેવા જ ભગવાન તમને રાખે! પણ હું તો અહીં દેહોત્સર્ગ કરીશ. આ જગ્યા શાંત ને પવિત્ર છે. વરુણની સંનિધિ જેવું રૂડું શું?' રોહિણીને કહે: 'આને લેતા જાઓ. એને ક્ષમા અપાવજો.' ને પછી ગળું ખંખારી કહે: 'એક મારી દુહિતા છે—સુચરિતા, ને પુત્ર છે—આનંદ: બંનેને ગોતી કઢાય તો ગોતજો. કહેજો કે...' વળી થોડું ગળું ખંખારી જાણે પ્રત્યક્ષ બંને હાજર હોય તેમ હાથ લંબાવી કહે: 'આશીર્વાદ કહ્યા છે, ભગવદ્રૂપને પામો!' અને આંખને ખૂણે ભરાયલ આંસુ લૂછી નાખ્યું.

''હવે જાઓ, ચાલો હું દરવાજો ખોલી આપું.'

'અમારા બંનેમાંથી કોઈ બેઠું ન થયું. એટલે કહે: 'રોહિણી, તું ઊઠ એટલે એ પાછળ ચાલશે.'

'રોહિણી મૂંગી રહી. બેઉ આંખમાં શ્રાવણ–ભાદરવાસમી અશ્રુધારા. એની પીઠ થાબડી કહે: 'ઘેલી, ઊઠ હવે!'

''હું નથી ઊઠવાની—મરી જઈશ તોપણ નથી જવાની.'

''હું કહું છું કે જા!'

''શું ગણરાજ્ય તમારું જ છે? હું પણ એક ભાગદાર છું. મનેય... જીવવું હોત તો માધ્યમિકા આસંગદાદા જોડે ન જાત?'

''એટલે તો કહું છું કે બહાર જઈને સૌને જીવતાં શીખવજે.'

''ના, અહીં તમારી પાસે રહીને શીખવીશ ને શીખીશ.'

''જો તું ન જા તો પછી કુમાર કેવી રીતે જાય? તારા ને એના જીવ મળ્યા છે!'

'રોહિણી ફરી રડી પડી: 'ન જવું હોય તો ન જાય—હું નથી જવાની.'

'મને ઘણુંય જોર કરી મોં ફાડવા કહ્યું: 'તું પણ કહી દે—નથી જવું. આવો સંગાથ યાત્રાપથમાં ક્યારે મળવાનો છે?' પણ જીભ ન ઊપડી —બધાં શું થોડાં જ એવાં સંચિત લઈને આવે છે?

'બારી ખૂલી. મહાકાશ્યપે મને બહાર ધકેલ્યો—હા, હડસેલ્યો. મનમાં ગાંઠ મારી: હમણાં જ આવીને રોહિણી ને મહાકાશ્યપ બંનેને લઈ જઈશ. છતાં ન જવાયું. માર્ગ કેમ કાપ્યો તે ખબર ન રહી—આજેય ખબર નથી કે આટલો લાંબો પંથ કેમ કાપી શક્યો છું!'

''પણ રોહિણીનું શું થયું?'

''ઊંહ!' મગધાધિપતિ દર્દ સાથે કહેતા: 'તે દિવસે તીર વાગવાથી મરી ગઈ.'

૬૪

સુચરિતા ક્યાં હતી ?

મગધસેનાએ આવીને નંદિગ્રામને પાદર પડાવ નાખ્યો તે દિવસે જ ગૌતમી અને સુચરિતા નિર્વાણગિરિ ઊતરી ગયાં હતાં, બૌદ્ધ સાધુઓએ આવા આંતરકલહમાં ન પડવું તેમ આચાર્યની આજ્ઞા હતી.

વિશ્વમાં નાનાંમોટાં દ્રવ્યો માટે કલહો ચાલ્યા આવ્યા છે ને ચાલશે. બૌદ્ધો પાસે તો એક દ્રવ્ય હતું–નિર્વાણનું, તે જેને જોતું હોય તેને છૂટે હાથે આપવું. અન્ય દ્રવ્યોનો ફારફેર થાય તો એને ક્ષુલ્લક ગણી એમાં માથું ન મારવું એવી પ્રથા ચાલી આવી હતી. જ્ઞાનીઓની આ પાછળની માન્યતા તો એ હતી કે નિર્વાણ સિવાયની મારામારીમાં પડશું તો નિર્વાણપદ દૂર રહેશે, પણ નિર્વાણપ્રાપ્તિ થશે તો હસ્તીપદન્યાયે અન્ય સઘળું જ આવી મળશે.

આર્યા ને સુચરિતા જ્યારે નિર્વાણગિરિ તજી ગયાં ત્યારે આ પરંપરાગત માન્યતાએ એમને પ્રેર્યાં હતાં.

સુચરિતાએ જ્યારે પ્રવ્રજ્યા લીધી ત્યારે તો જાણે જીવન હારી બેઠી હોય એમ લાગેલું. આર્યા એ સંઘમાં ન હોત તો એણે એવી હિંમત ન કરી હોત. મહાકાશ્યપ ઉદારચરિત હતા, છતાં બ્રાહ્મણ–હવામાં ઊછરેલી સુચરિતાને યતિઓના ધર્મ પ્રત્યે ખૂણામાં ઊંડે એક અણગમો હતો. એમનાં દેહદમનથી સુક્કાં અને ક્ષણભંગુરતાનું ચિંતન કરી કરીને નિશ્ચેતન થઈ ગયેલાં મોં જોઈને એને કદી એમની સંગાથે બેસવાનો ઉમળકો નહોતો થઈ આવ્યો. બૌદ્ધને બીજાની જેમ આર્યદ્રૂષી તરીકે

એણે નહોતા જોયા, તોપણ એને આર્ય તરીકે તો એ ગણી નહોતી શકી. પણ જ્યારે આર્યાના શ્રદ્ધાભરપૂર સહવાસમાં એણે પિટકો, થેરી ગાથા ને અનેક ધર્મસંવાદો વાંચ્યા ત્યારે એની નજર નિર્મળ થઈ ગઈ.

એને થયું કે ભગવાન તથાગત આર્ય જ નહિ પણ આર્યશ્રેષ્ઠ હતા. બુદ્ધ અને આર્યધર્મ વચ્ચે વિચ્છેદ નહોતો, ઊલટો એ અતૂટ સંબંધ હતો. પિતાનો વારસો લઈને પુત્ર એમાં ઉમેરો કરે તેમ જ બુદ્ધે આર્ય સત્યોના વિસ્તાર ને વિશુદ્ધિ કર્યાં હતાં.

કરુણા, મેધા ને પુરુષાર્થના અપ્રતિમ સમન્વયસમા એ પુરુષે પહેલી જ વાર એક એવો ધર્મ આપ્યો હતો, જેમાં કશું જ ગુપ્ત–ગૂઢ નહોતું, જેને કોઈ અવ્યક્ત–અજ્ઞેય સાથે અનિવાર્ય સંબંધ નહોતો. કોઈ જાદુગરી મંત્ર–વિદ્યા કે યજ્ઞાનુષ્ઠાન વડે લોકોનાં મનને ઊર્મિ કે આવેશનો પટ ચડાવવાની એણે સાફ ના પાડી હતી. હરકોઈ જે ભાળી શકે–હરકોઈ જેને સમજી શકે–છતાં તત્ત્વનું ચૂંથણું જેમાં આવે નહિ તેવો સર્વવ્યાપી ધર્મ ને સંઘ એણે ઊભો કર્યો હતો.

દેવઉક્ત શ્રુતિઓ, શાસ્ત્રો ને લોકમાન્ય શાસ્ત્રીઓ તથા લોકપ્રિય કલ્પનાઓનો સામનો કરીને એણે નવું જ પ્રતિપાદન કર્યું હતું–ને તે સમ્યક (સમજુ) માનવીની શ્રેષ્ઠતા. દેવો, પિતરો, ગાંધર્વો, ઇંદ્ર–અરે ! શંકર, બ્રહ્મા, વિષ્ણુ કરતાં પણ–બુદ્ધ શ્રેષ્ઠ હતો. બીજા બધા પરિવર્તનશીલ અપૂર્ણ હતા–પૂર્ણ સર્વોપરી હતો બુદ્ધ, ને એ બુદ્ધ હરકોઈ જીવ થઈ શકે તેમ હતો. કોઈ ધર્મે–કોઈ શાસ્ત્રીએ આ પહેલાં લોકોને આ કહેવાની હામ ભીડી નહોતી.

ને આ પદ પણ એણે કોઈ ચમત્કારથી તેમ જ દૈવકૃપાથી એકાદ રાતમાં મેળવ્યું નહોતું, પણ બીજા સૌ માણસોની જેમ વેદના વેઠીને, ભૂલો કરતાં, પડતાં–આખડતાં, થાકતાં–હારતાં ફરી ચાલવાનું શરૂ કરતાં મેળવ્યું હતું. ગુરુઓ કર્યા હતા ને છોડયા હતા. માર્ગો નાણી જોયા હતા ને કસ વગરના નીકળતાં ફગાવી દીધા હતા. ભોગો ભરપૂર ભોગવ્યા હતા. તીવ્ર-

તેમ તપ ને તિતિક્ષા વેઠયાં હતાં. અનેક ભવ આમ ભૂલ કરી, ફરી ભૂલ સુધારી, છેવટે ચાર આર્ય સત્યો પર રચાયેલ અષ્ટાંગ માર્ગવાળો મધ્યમ પ્રતિપદા માર્ગ શોધ્યો હતો.

એક બીજું પણ સુચરિતાને લાગ્યું કે, આર્યધર્મ ઉદાર હતો પણ લોહીની વિશુદ્ધિનો આગ્રહી એ ધર્મ સંકુચિત કુલનિષ્ઠામાં પરિણમ્યો હતો. તાત્ત્વિક રીતે સૌ સમાન હતા, પણ અભિજાત આર્ય કદી હીન જાતિને સમાનભાવે જોઈ શકે તેમ નહોતો. અહીં આ સંઘમાં તો ઉપાલી જેવો નાઈ પ્રમુખસ્થવિર તરીકે પુજાતો હતો, લૂંટારો અંગુલિમાલ ને શાક્યકુલોત્પન્ન આનંદ સમાનશીલ ઠરતાં સમાન ગણાતા હતા.

છતાં બ્રાહ્મણો કેમ એની આટલી નિંદા કરતા હતા? એના પિતા જેવા જ્ઞાનીને પણ કેમ કંઈક સૂગ હતી! બુદ્ધે યજ્ઞની નિંદા કરી હતી એટલે? એ તો ઉપનિષદે પણ ગાયું હતું: एते अदृढा यज्ञरूपाः ।

આ યજ્ઞો તો તૂટેલી નાવ જેવા છે. સંભવ છે કે સ્વર્ગનો છેદ ઉડાડવાને લીધે એ બધા ગુસ્સે થયા હોય. પણ એ તો ઉપનિષદોએ પણ કર્યું હતું. તો આટલા બધા રોષનું મૂળ ક્યાં હતું? હા, એક કારણ હતું. મોક્ષ અને માનવીની વચ્ચે ઊભા રહી વટાવ ખાવાની અનુકૂળતા તથાગતે ઉડાડી દીધી હતી. કોઈ અનુષ્ઠાન કે યાગ વડે માણસ મોક્ષને નથી મેળવી શકતો પણ જાતે જ કરેલા કષાયક્ષયે એ બની શકે છે. એટલે જ બૌદ્ધો નિઃશંકપણે કહી શકતા હતા કે તે બ્રાહ્મણ નથી–જેણે કશાયક્ષય કર્યો નથી.

ને છતાંય પિતા બૌદ્ધોને શા માટે નહોતા ઉત્તેજતા થયા તે તેને સમજાયું નહિ. કોઈ વાર પિતા સાથે આ શંકાસમાધાન કરવાનું મન થતું. પણ એ બહુ ન આવતા–કોઈક વાર તો દિવસો સુધી ન દેખાતા, એટલે એને જ આશ્રમમાં જવું પડતું. ઓછું આવ્યું હોય એવા અવાજે સુચરિતા કહેતી:

'હું તો તમારી દીકરી જ મટી ગઈ હોઉં એમ ધારો છો, પિતાજી!'

'ના, આ વેશભૂષામાંય તું મારી દીકરી જ છે ને માતાય છે.'

'તમારા આધારે હું આ દરિયો ખેડવા તૈયાર થઈ ને તમે...'

'હું તારે પડખે જ છું, બેટી! આટઆટલી જ્ઞાનસાધના પછી પણ મન વારે વારે કોની આસપાસ ભમ્યા કરે છે તે તું ક્યાં નથી જાણતી?'

'તો...કેમ આવતા નથી?'

મહાકાશ્યપ ગમે તે બહાનું આપતા, પણ સાચું કારણ એમનાથી પણ નહોતું કહેવાતું કે સુચરિતાને જોતાં એમનું અંતર બળવા માંડતું. શાસ્ત્રનાં અમૃતવચનો પણ એને ઠારી નહોતાં શકતાં. રૂપે તથા જ્ઞાનગુણે અનુપમ દુહિતાનો આ વેશ એમને વ્યથિત કરી મૂકતો. જો સુચરિતાએ સ્વેચ્છાએ જ આ વ્રત લીધું હોત—સહજભાવે જ ગૃહસ્થીની આકાંક્ષાએ એના મનમાંથી ખરી પડી હોત—તો એમને લગીરે દુઃખ ન થાત, ઊલટું કુલતારક બ્રહ્મવાદિની ગાર્ગી તરીકે આશીર્વાદ દીધા હોત, પણ આ તો નિરુપાયે—અનિચ્છાએ—થયું હતું. ભૂલનો આવડો મોટો દંડ, વિધાતા! તેય કોના શિરે? કોઈક સહી શકે તેવું તો ગોતવું હતું? હિંદુધર્મ ને સમાજ-વ્યવસ્થાના ઊંડા અવગાહને એમને શીખવ્યું હતું કે વૈરાગ્ય આવ્યા સિવાય કરેલો ત્યાગ માણસના અંતરને કોળાવતો નથી—રહી રહીને બાળે છે. સંઘમાં એવા ત્યાગીઓની કરુણ દશા એમણે ન્યાળી હતી. એમની સુચરિતા એવી ભાંગેલ હૈયે બળીજળીને જિંદગી પૂરી કરે—ન ત્યાગનું ગૌરવ અનુભવી શકે, ન ભોગની તૃપ્તિને ભૂલવી શકે—તો આ વેશનો શું અર્થ? એટલે જ એમના મને એને પ્રવ્રજ્યા લેતી વખતે પણ સહેજે આશીર્વાદ દઈ દીધો હતો: 'સૌભાગ્યવતી થા, બહેન!' પણ એ આશીર્વાદને ફળીભૂત કરવાનું જેના હાથમાં હતું તે તો જાણે મોં ફેરવીને બેઠો હતો ને પોતે સાવ નિઃસહાય ત્યાં જઈ નેય શું કરે?

*

એકવાર કહે: 'પિતાજી, તમે તે વખતે અખંડ સૌભાગ્યવતી થવાનો આશીર્વાદ આપ્યો હતો તે શું કામ?'

'પિતાના મનની મનીષા, બહેન !'

'તમારી વાણી તો ખોટી નથી.'

'ઘણીયે વાર પડી છે. મારી વાણીને બદલે જેની વાણી અનહદમાં સંભળાઈ રહી છે તેનું જ અવલંબન કરજે, બહેન !'

'તમે રોજ દૂબળા પડતા જાઓ છો, બાપુજી ?'

'વૃદ્ધાવસ્થા કોને કહે ?'

'ના, તમે મારી ચિંતાએ દૂબળા થાઓ છો એમ આર્યા કહેતાં હતાં.'

'આર્યાનું માતૃહૃદય સાચું હશે !'

'મારા માટે તમે દુ:ખી ન થાઓ, મને ચેન નથી પડતું.'

'તારા માટે દુ:ખી નથી થતો, મારી અસહાય અવસ્થા માટે દુ:ખી થાઉં છું—કોઈ વાર.''

એક બીજી વખત કહે : 'એક સવાલ પૂછું ?'

'ખુશીથી—જેટલા હોય તેટલા !'

'ના, વધુ નથી પૂછવા—એક ને તે આજે જ !'

'આનંદ ને મારે કાંઈ જ સંબંધ નથી રહ્યો ?'

'રહ્યો છે. આ ભવનો અંતરનો દેવ ને આવતા ભવનો શરીર અને મન બંનેનો દેવતા છે એ તારો, એમ હું સમજ્યો છું.'

'મને સંતોષ થયો. પિટકો વાંચતાં એ સંબંધ ડંખ્યા કરતો હતો. અમે કદી નહિ મળી શકીએ, પિતાજી ?'

'વિધાતાને ખબર !'

'સુદત્ત માને તો આ વેશ ઉતારી શકાય ?'

'હા.'

'સંઘ શું કહે છે ?'

'સંઘ ગમે તે કહેતો હોય, એવી ઘડીએ હું હોઉં કે ન હોઉં, મારી આજ્ઞા છે એમ માની આનંદને વરજે.'

ઘડીભર સુચરિતાના ચહેરા પર લાલીનું પૂર ફેલાયું. વળી કહે:

'સુદત્ત માનશે?'

'કોને ખબર, બેન! એ જ મારી અસહાયતા છે. પણ એવી કોઈ જાળ ગૂંથ્યા વિના ભગવાનને એ સોંપી દેજે. તેના જેવો કુશળ વિધાયક કોઈ નથી.'

'મનેય એવી શ્રદ્ધા આપો!' કહી એ પ્રણમીને ઊઠી ગયેલી. તે દિવસથી એણે કદીયે ફરી એ વાત ઉખેળી નથી. જાળ ગૂંથવાનું ને ઉકેલવાનું જ છોડી દીધું છે. વિહાર વાળતી, ભિક્ષા લેવા જતી, આર્યાનું કામ કરતી, ને નવરાશે બુદ્ધ–વાણીમાં નાહતી. મેધાતિથિ કોઈ વાર ત્યાં આવતો ને એકઠા થયેલા સમાચાર સંભળાવતો તે દિવસે સહેજ અસ્વસ્થ થઈ જતી, પણ એકંદરે પહેલાંની જ્વાળા સમાઈ ગઈ હતી–વલોપાત મટી ગયો હતો.

પિતાજી દ્રષ્ટા હતા. એની વાણી કદી અફર નહોતી ગઈ. જેના શરણને લીધે આવી નિષ્ઠા મળી હતી એનું જ પોતે શરણુ લે તેથી મનવાંછા સિદ્ધ નહિ થાય? ગોપન માત્રના જ્ઞાતાને જ ચરણે ભલે બધું છૂટતું. બહુ દિવસો સુધી સુકાન પકડી રાખ્યું હતું, પણ ઝંઝાવાત વિરમ્યો નહોતો. હવે મૂળ સુકાનીને ભરોસે છોડવામાં જ સાર્થકતા હતી.

ધીમે ધીમે એના ચિત્તને શાંતિ થતી ચાલી. મુખ પર વેદનાના પરિતાપની છાયાની જગ્યાએ શાંતિની છાયા પથરાઈ. કામ કરતાં કરતાં સહેજે થેરીગાથાના શ્લોકો રટાવા માંડ્યા.

*

પણ નંદિગ્રામનો સર્વનાશ થયો ત્યારથી મનનો પરિતાપ ફરી ઊપડી આવ્યો છે. ગામડાંમાં વિહાર કરતાં કે સાયંકાળે વિહાર ફરતું ચંક્રમણ કરતાં કે મધરાતે સંગ્રામભૂમિ પર રઝળતાં હાડકાં માટે બાઝાબાઝી કરતાં શિયાળોની લારી સાંભળી મન વારેવારે પૂછે છે: 'આ શું? કોણે કર્યું? કોના પાપે? માગધોને કોણે બોલાવ્યા? સુદત્તે જ બોલાવ્યા હતા એની

એને ખાતરી હતી. કૃષ્ણાએ એને પેલી ગુપ્ત મસલતની વાત કરી હતી. પણ સુદત્તને ત્યાં જવા કોણે ધકેલ્યો? એના મને જાણે ઠોકી ઠોકીને કહ્યું: 'તેં–તેં–તેં.' ને આનંદે? આનંદે નહિ, જરાય નહિ, એણે તો ઊલટી મને રોકી હતી. મેં...મેં જ આ નગરીનો, આ હર્યાભર્યા પ્રદેશનો, સર્વનાશ કર્યો. માલવપ્રદેશનું કુરુક્ષેત્ર મેં જ ઊભું કર્યું.

હજુય એને અટકાવવાનો કોઈ રસ્તો હતો? હજુય સુદત્તને સમજાવી ન શકાય? રડી–કકળી, ક્ષમા માગી લવણદ્વીપમાં ભરાયલા માલવકોને ન ઉગારી શકાય? ભગવાન તથાગતે યજ્ઞમાં વધેરાતાં નિર્દોષ પશુઓને બચાવવા જાતને હોમી–પોતે એવી જ રીતે પંડને હોમી આ નિર્દોષોને ન બચાવી શકે? જે નિમિત્ત હોય તે ખસી જાય તો આ અટકે ખરું? હવે આનંદને તો એણે તજ્યો જ છે, પછી સુદત્ત બીજું શું માગે? બહુ કરશે તો એના પગ આગળ જ ફાંસો ખાઈને મરીશ.

આખો માલવપ્રદેશ ઊગરી જાય. માગધો તો એના તેડયા આવ્યા હતા ને? રોજ અરધી રાત વીત્યે ઊંઘ ઊડી જતી. મન એ જ વિચારે ચડી જતું તે છેક પરોઢ સુધી થતું કે સુદત્તનું વૈર શમવું જ જોઈએ. જુએ તો ભલે મારો જીવ લે. મરતાં મરતાંય હું એનું ભલું વાંછીશ–જો આમાંથી પાછો હઠતો હોય તો. નહિ માને તો? ન માને તો ભૂખી–તરસી બેસી રહીશ. એને અન્યાય ન થાય તે માટે મેં આનંદને છોડયો, આ વેશ લીધો, છતાંય એનું મન નહિ જાગે? સુદત્ત એવો કઠોર નથી. બુદ્ધની કરુણા એને કશીય મદદ નહિ કરે?

મનમાં ગાથા સ્ફુરી. અક્કોધેન જીને કોધં। ઊભી થઈ નિરાંતે જંપી ગયેલાં આર્યા ન જાગે તેવે ધીમે પગલે ગામ બહાર નીકળી. જાણે કોઈક તેજોમયી મૂર્તિ રસ્તો ચીંધતી હતી. ધ્યાનમાં હોય તેમ એણે ચાલ્યા કર્યું.

સૂર્યનારાયણના પ્રદેશમાં જોયું તો સિંધુસમુદ્રની નહેરને તીરે તીરે એ ચાલી રહી છે. લવણદ્વીપની સામેના મગધ–પડાવ પાસે જઈ એણે એક સૈનિકને પૂછ્યું: 'ઉપસેનાનાયક સુદત્ત ક્યાં છે?'

પેલાએ સુદત્તનો તંબૂ બતાવ્યો. સુચરિતા તંબૂમાં દાખલ થઈ તો અંદર કોઈ નહોતું. અનુચરે કહ્યું: 'સાયંકાળે આવશે.' એ સાંજ સુધી તંબૂની બહાર તડકામાં સામે દેખાતા વરુણમંદિર પર નજર માંડી બેસી રહી. પિતાના ખ્યાલથી પણ આજ એને રડવું ન આવ્યું. એનું મન જાણે લાગણીજડ બની ગયું હતું.

પેલા અનુચરે સીધું અપાવવા કે ભિક્ષા માટે એક–બે સ્થળ બતાવવા સાથે આવવા કહ્યું, તેનેય કશો જવાબ એણે ન આપ્યો—માત્ર માથું હલાવ્યું. જાણે કાળનદીને કાંઠે કોઈક ઉન્માદિની બેઠી બેઠી પ્રવાહમાં પોતાનું ભાવિ ઉકેલતી હોય તેમ શૂન્ય આંખો બેટ પર માંડી એ બેસી રહી.

સાયંકાળ થઈ ગયો. અંધારું થવા માંડયું. શરીર અને મનથી થાકી એ હતી ત્યાં જ લેટી પડી—જાણે પેલા બેટ પર પિતાજી એને બોલાવી રહ્યા છે, એ નદી ઓળંગી ત્યાં જવા માટે ઝાવાં મારે છે, પણ નદી તો એને પળે પળે દૂર ને દૂર ખેંચી જાય છે ને એ લાંબા હાથ કરી 'પિતાજી! પિતાજી!' કરી રહી છે.

ઓચિંતાના કાંઈક ભારે કોલાહલથી એ જાગી ઊઠી. માણસોનું એક ટોળું શિબિકા લઈ ને એ સૂતી હતી તે તંબૂ પાસે આવતું હતું. તંબૂનો પડદો ઊંચો થયો. મશાલને અજવાળે જોયું–લોહીતરબોળ સુદત્તને સૈનિકો અંદર લઈ ગયા. 'શું થયું? શું થયું?' સૌ ટોળે મળીને પૂછતા હતા. શિબિકા લાવનાર નાયક કહેતો: 'કોઈક ગાંડાએ છાતીમાં કૃપાણ ભોંકી દીધી.'

'અરે, એ તો નગરપાલ હતો. ઉપરથી ધોળી ધજા લઈ ને આવેલો–સેનાનાયકને શરણે થવા.' બીજાએ કહ્યું.

સુચરિતા દિગ્મૂઢ થઈ ને સાંભળી રહી. કોઈકે કહ્યું: 'એ તો એનો જ સગો બાપ!'

'ગણો કાંઈ ઓછા ખારીલા છે! બાપ રે! સગા બાપે દીકરાને મારી નાખ્યો!' નાયકે શિબિકા લઈ જતાં કહ્યું.

બધા વીખરાઈ ગયા એટલે સુચરિતા બપોરવાળા અનુચરને કહી અંદર

દાખલ થઈ. સુદત્ત હજુ ભાનમાં નહોતો આવ્યો. અનુચરે એને કહ્યું: 'હવે ભાનમાં આવશે પણ નહિ તમારે કાંઈ ખાસ કામ હતું?'

'હા, આવશ્યક સંદેશો દેવાનો હતો.' કહી એણે ચીવરમાંથી એક કટકો ફાડી પાણી માગ્યું. મોંમાંથી થોડું લોહી નીકળ્યું હતું ને એનો રેલો ગાલ પર ચાલ્યો હતો. છરી પડખામાં વાગી હતી. સારવાર તત્કાળ થઈ હતી, પણ પાટો બરાબર નહોતો બંધાયો. એણે પાણીવાળી ચીંદરડી કરી મોં સાફ કર્યું. ધર્મજાપ કરતાં કરતાં પેલા અનુચરની મદદથી એણે પાટો છોડી ફરી બાંધ્યો, લોહીથા લદબદ થઈ ગયેલી પથારી બદલી અને તાપણી કરાવી ઠંડાં પડતાં અંગો શેકતી બેસી રહી.

'આ એ જ સુદત્ત–પિતાનો લાડકવાયો, નંદિગ્રામનો માનીતો શિલ્પી-શ્રેષ્ઠ! નંદિગ્રામ ગયું, શિલ્પ ગયું, શ્રેષ્ઠી ગયા. ઓહો! કેવો નાશ!' એણે પાલવમાં મોં સંતાડી દીધું.

વહેલી પરોઢે દર્દીએ મોં ઉઘાડ્યું. સુચરિતાએ ધીરે રહીને થોડું પાણી પાયું. ગળા હેઠે પાણી ઊતર્યું. સુચરિતાને નિરાંત થઈ.

આખી રાત બેભાન રહી પ્રભાતે સુદત્તે આંખો ઉઘાડી, પણ એણે સામે સુચરિતાને જોઈ જાણે સ્વપ્નું હોય એમ એ ફરી આંખો મીંચી ગયો. સુચરિતાએ ઊઠીને કહ્યું: 'સુદત્ત, આટલું દૂધ લેશો?'

સુદત્તે ફરી આંખ ઉઘાડી–જાણે આંખો સામેનું દૃશ્ય ન માનતો હોય તેમ માથું હલાવ્યું. સુચરિતાને લાગ્યું કે એને દૂધ નથી પીવું. એણે આગ્રહ કર્યો: 'થોડું લો, શક્તિ આવશે.'

અનુચરે અંદર આવી કહ્યું: 'સેનાપતિજીએ આપનું સ્વાસ્થ્ય પુછાવ્યું છે ને બે ઘડી પછી તે ખબર પૂછવા આવશે.' એ પાછો જતો હતો ત્યાં સુદત્તે હાથ ઊંચો કરી એને ઊભો રાખ્યો અને ઓશીકા તરફ ઊભેલી સુચરિતાને ચીંધી ધીમેથી પૂછ્યું:

'આ કોણ છે?'

'હું ભિક્ષુણી ભદ્રા સુચરિતા—મહાકાશ્યપની પુત્રી—તમને મળવા આવી છું. ઓળખતા નથી ?'

સુદત્ત ફાટી આંખે તાકી રહ્યો. પછી એના વેશ તરફ ઇશારો કરી કપાળે હાથ અડકાડયો ને ધીરેથી કહ્યું: 'યાદ કરતો જ હતો.'

'હમણાં નહિ બોલતા, આ દૂધ લ્યો !' સુદત્તે કાંઈ બોલ્યા—ચાલ્યા વિના દૂધ પી લીધું ને ઊંઘમાં પડયો. સુચરિતા શતદ્રુએ નાહવા ગઈ. બપોરે સૈનિકોથી વીંટાયલો વસુમિત્ર આવ્યો. સુદત્તથી કાંઈ વાત થઈ શકે તેમ નહોતું. આંખ મીંચીને એ પડી રહેલો. માત્ર જ્યારે વસુમિત્રે મંદિરમાં ભરાયલાની જાળ કાપી નાખી છે એ ખબર કહ્યા ત્યારે આંખો ઉઘાડી.

બે દિવસથી એ કાંઈક કહેવા જતો હતો પણ સુચરિતા નાકે આંગળી મૂકી બોલવાની મનાઈ કરતી કહેતી: 'હજુ હું તમે સાજા થાઓ ત્યાં સુધી રોકાવાની છું.' વૈદ્યરાજે વાતો કરવાની ના પાડી હતી. વાતો કરશે ને શ્રમ પડશે તો કદાચ સંનિપાત થઈ જાય તેવી બીક છે એમ કહેલું એટલે સુદત્ત કાંઈક બોલવા જતો એટલે તરત જ કાંઈક કામ કાઢી એ બહાર ચાલી જતી. બીજે દિવસે તો એને પરાણે બેસાડી કહ્યું: 'આજ મને ઠીક છે. તું—તમે—ભાગભાગ કરો છો, પણ જેટલી પળો જાય છે તેટલી અમૂલ્ય જાય છે...નહિતર સર્વનાશ થશે.' સુચરિતાને લાગ્યું કે સંનિપાત શરૂ થયો હતો. અનુચરને બૂમ મારવા જતી હતી ત્યાં કહે: 'તું...આજે મને તું કહેવા દો...ક્ષમા કરજે...એમ ન કહેવાય—હું ભૂલ્યો.' સુચરિતા પરાણે બેસી રહી. એને થયું કે પોતે નહિ બેસે તો કદાચ સુદત્ત બેઠો થઈ જશે.

'પેલી મંજૂષામાં છેક નીચે એક પત્ર છે તે કાઢો.'

સુચરિતાએ ઊઠીને પત્ર ખોળી કાઢયો અને આપ્યો.

'આચાર્ય શીલભદ્ર પરનો પત્ર છે. એને પહોંચાડવાનો છે—તમારે જ. કાલે નીકળો.'

'તમે સાજા તો થાઓ !' સુચરિતાએ એનું ઓઢવાનું સરખું કરતાં કહ્યું. સુદત્તે ઘડીક એનો હાથ ઝાલી મૂકી દીધો.

'મારી બુદ્ધિ ઠેકાણે છે, પણ કદાચ ઘડી પછી નહિ રહે, એટલે કહી નાખું. મને પિતાજીએ માર્યો તે સારું જ કર્યું છે. કાગળ વાંચશો એટલે ખબર પડશે કે હું ઝંખતો હતો—હા ઝંખતો જ હતો. હવે નજીક આવો—છેક પાસે ! સુચરિતા પાસે ગઈ. એ મનમાં થડકતી હતી—સુદત્તના સંનિપાતના પરિણામથી. ઓચિંતાનું સુદત્તે કહ્યું: 'બહાર અનુચરો બેઠા છે. તેમને બહાર કામે મોકલો.' સુચરિતાએ એમને કામે મોકલી આપ્યા. સુદત્તે માથું ઊંચું કરી ધીમેથી કહ્યું, 'સમ્રાટ અગ્નિમિત્ર આ તરફ આવે છે. આનંદને કહો એને પકડે. અજવાળી છઠને દિવસે અનંતપુરમાં હશે. આ રાજમુદ્રા એને આપજો—માર્ગ આપશે.' કહી એણે ઓશીકા પર માથું ઢાળી દીધું. સુચરિતા સમજી નહિ. એને થયું કે સંનિપાતમાં આ શું ગાંડું ગાંડું લવતા હશે ? આનંદ ક્યાં ? અગ્નિમિત્ર ક્યાં ? શીલભદ્ર ક્યાં ? રાજમુદ્રા શાની ? એના ચહેરા પરનો મૂંઝારો જોઈને સુદત્તે પાણી માગ્યું. પાણી આણી આપ્યું એટલે કહે: 'સંનિપાતમાં હોય તે કાંઈ આમ સ્વસ્થપણે પાણી પી શકે ? જુઓ, પ્યાલા પર દીર્ઘતમનું નામ છે તેય વાંચું છું એટલે તમારી મૂંઝવણ મટી જાય.' પછી સહેજ હસીને કહે: 'આજ સુધી સંનિપાતમાં હતો ખરો, પણ કાલે પિતાના ઘાએ સંનિપાત ઉડાડી દીધો. કદાચ આ એક કામ જ પતાવવા ભગવાને જીવતો રાખ્યો હશે. આનંદ ઉડુગ્રામ તરફ ગયો છે. આ જ વેશે વિહાર કરતાં એને પકડી પાડજો. આ કાગળ અને મોંએ મેં કહ્યો તે સંદેશો આપજો. પછી મોટેથી હસી પડી કહે: 'મેં એને આમંત્ર્યા...ને હું જ એમને કાઢીશ.'

સુચરિતાને સુદત્તની સમતુલામાં વિશ્વાસ બેઠો. 'ભગવાન સીધું કરવા ધારે ત્યારે ક્ષણમાં થઈ જાય છે ! હું પણ તમોને વીનવવા—તમારે પગે કકળવા આવી હતી.'

'શું ?'

'કે આ મારા પરનો રોષ આ સમસ્ત ગણ પર શું કામ કાઢો છો? કહેતા હો તો હું જ ફાંસો ખાઈને તમારી સમક્ષ મરી જાઉં.'

સુદત્તે માત્ર 'હં–હં–' કહ્યું. પછી કહે: 'એક વાત કહેશો?'

'પૂછો.'

'સાચેસાચ કહેશો?'

'ભિક્ષુણી થયા પછી તો ખોટું બોલાય જ નહિ ને!'

'તું ભિક્ષુણી થઈ છે?'

'હજુય શંકા છે?'

'જવાબ આપ.'

'થઈ જ છું એ જો આ વેશ ન બતાવે તો વાણી શું વધારે કહેશે?'

'તું બોલીશ તે સત્ય હશે, કહે.'

'થઈ જ છું.'

'સાધ્વી પાછી સંસારમાં આવી શકે?'

'ના, પણ વિહારિકા આવી શકે.'

'તો તું વિહારીકા થઈ છે?'

'ખોટું, મેં અષ્ટાદશ વ્રતો લીધાં છે–સર્વ સંબંધોને ત્યાગ્યા છે.'

'કાંઈક ભૂલ થઈ છે–મેં મારે કાનોકાન સાંભળ્યું છે. ચારુદત્ત આર્યાને કહેતો હતો–એણે તને ખરેખર તો વિહારિકાની દીક્ષા આપી છે, સાધ્વીની નહિ. એટલે જ હું વધુ ગાંડો થયો. તું, ચારુદત્ત, મહાકાશ્યપ, આર્યા ને મારા પિતા–બધાં ભેગાં મળીને મને ઠગતાં હતાં, હું માર્ગમાંથી દૂર થાઉં તે માટે આ બધો વેશ ઊભો કર્યો હતો, ને હું દૂર ચાલ્યો જાઉં એટલે આનંદની સાથે તારું લગ્ન કરાવવાનું હતું.'

'સુદત્ત, તમને મારો વિશ્વાસ ન આવ્યો, ચારુદત્તનો ન આવ્યો, આર્યાનોય ન આવ્યો—પણ પિતાજીના વેણ પર તો ભરોસો રાખવો હતો? ઓહ, તમે કેવો સત્યાનાશ કર્યો!'

સુદત્ત હાથ વતી કપાળ કૂટતો માથું ધુણાવતો હતો. સુચરિતાએ

એના હાથ ઝાલી રાખ્યા અને પોતાની આંખો સામે એનું મોં લાવી કહ્યું: 'હવે મારા પર વિશ્વાસ છે?' સુદત્ત મોં સંતાડતો હતો. 'આમ જુઓ સુદત્ત! પિતાના સોગંદ ખાઈને કહું છું હું સાધ્વી જ થઈ હતી ને સાધ્વી રહેવાની છું. તમને તમારી મૂર્તિઓ વહાલી છે તેના કરતાં મને મા પિતા શું ઓછા વહાલા હશે?'

'હવે...બસ!' સુદત્તે માથા પર ઓશીકું ઢાંકી દીધું.

'ને તમારા પાસે તો વચન ઊભું છે. હજુય વિશ્વાસ ન આવ હોય તો માગી લો કે તારે સાધ્વી જ રહેવું. સુદત્ત, પિતાજી વચનદ્રોહ કરે વચન માટે તો એણે એની દીકરીને–બાપે ઊઠીને લાડકોડભરી દીકરીને આ વેશ સજાવ્યો!'

સુદત્ત ધ્રુસકે ધ્રુસકે રડતો ને અમળાતો હતો. સુચરિતાને લાગ્યું કે પોતાના આવેશમાં સુદત્તના સ્વાસ્થ્યને ભૂલી ગઈ હતી. એણે 'સુદત્ત સુદત્ત! કહી ઓશીકું લેવા પ્રયાસ કર્યો, પણ સુદત્તે એને જોરથી પકડ હતું. તે કહેતો હતો:

'કોણ છે? ત્યાં મારા પદ્મપાણિને કોણે ડાઘ લગાડયો? ઓહ રહેવા દો! રહેવા દો! એની કેડ ભાંગી જશે. ઓહ! દોડો, દોડો સંથાગાર બળે છે. એને ઘડતાં બે સંવત્સર થયા–તમે બે ક્ષણમાં જ ભાં નાખ્યું. પિતાજી, હું સુદત્ત...સુદત્ત તમારો, સુદત્ત આપનો, જુઓ!'

સુચરિતા ફફડી ઊઠી–ખરો સંનિપાત શરૂ થયો હતો. રાત આખ એમ ને એમ ચાલુ રહ્યું. કોઈ વાર ઘડીક માટે ભાન આવતું: 'તમે હ નથી ગયાં? જાઓ, જલદી જાઓ!...પણ મને ક્ષમા તો કરતાં જાઓ આનંદ, સુચરિતા તારી હં–તારી! મને મારી મૂર્તિઓ જ.. કોણ ભાં છે મૂર્તિઓ? સાચી વાત ભગવન્, સરસ્વતી તો બ્રહ્મચારિણી છે. એન ઉપાસકો બ્રહ્મચારી જ હોય!'

સુચરિતાએ સજલ નેત્રે રાત આખી અસંબદ્ધ છતાં આ સંબદ્ધ સંવા સાંભળ્યા કર્યો. સવારમાં સુદત્તને જરાક નિદ્રા આવી એટલે સ્નાન માટે ગઈ આવીને જુએ તો ઓઢણું ફગાવી દીધું હતું. હાથમાં કોઈક વસ્તુ મજબૂ

રીતે પકડી હતી. એણે પાસે જઈને નાડી જોઈ. સુદત્તનો પ્રાણ ઊડી ગયો હતો. હાથમાં જુએ તો સંથાગારની એક પ્રતિમાનો અંગૂઠો હતો.

*

સુદત્તને અગ્નિદાહ દેવાઈ રહ્યા પછી એણે ઉડુગ્રામનો રસ્તો લીધો. મહાકાશ્યપના સાચા ખબર જાણવાનું એને ખૂબ મન હતું પણ રખેને કોઈને શક જાય તો બધું કામ બગડી જાય એ બીકે કાંઈ વધુ પૂછગાછ કર્યા સિવાય એણે શિબિર છોડી.

બે–ચાર કોસ ગયા પછી એણે પત્ર કાઢયો અને એકાંતમાં વાંચવા માંડયો. આનંદને સંબોધીને ખાસ નહોતો લખાયો–એક જ દિવસે પણ નહોતો લખાયો–ક્યાંક ખંડિત વાકયો ને તૂટેલી ગાથાઓ આવતાં.

આચાર્યદેવ,

કોઈક વાર થાય છે કે કોકને કાગળ લખું. હાથમાં કલમ લઈને બેસું છું પણ મથાળું જ બંધાતું નથી. કોને લખું ? પિતા સામેના ગઢમાં પુરાયલા છે—ને એ તો મારા કાગળનો શું, પણ મારો જ અગ્નિસંસ્કાર કરવા રાજી છે.

ત્યારે સુચરિતા ને મહાકાશ્યપનાં નામ લેતાં પણ ડરું છું. મિત્રો તો પેલાં ખંડેરોમાં કે આ બેટોમાં અહીંતહીં દટાઈ ગયા છે. ઘણા વિચાર કર્યા. આવડો મોટો બોજ ઉપાડીને ફર્યા કરવું તેય અસહ્ય છે—ને કોઈ ભાગીદાર પણ જડતો નથી. છેવટે આપ યાદ આવ્યા. નિર્વાણસિંધુસમા આપના હૈયામાં જ નાહીને આગ બુઝાવું એમ થાય છે.

આપ છેલ્લે કાંપિલ્યનગરમાં મળ્યા ત્યારે મને પૂછેલું કે તું સુચરિતાના દેહને ચાહે છે કે સુચરિતાને ? મેં કહ્યું–ચાહું છું સુચરિતાના હૈયાને. ત્યારે આપે અક્રોધેન જીને ક્રોધંવાળી ગાથા કહેલી, પણ ત્યારે મને એ વાત સમજાયેલી નહિ. ક્યાંથી સમજાય ? હું તો સુચરિતાના દેહનેય ત્યારે નહોતો ચાહતો. ભિક્ષુણી થઈ ત્યારથી એ સ્વપ્નું જ ઊડી ગયું હતું. ને હૈયાને ચાહું છું એમ કહ્યું એ પણ ખોટું હતું. હું તો વૈરતૃપ્તિ ચાહતો હતો. મેનેન્દ્રરૂપી આર્યાવર્તની આફત સામે ન લડનાર ઉત્તરાપથના દ્રોહી છે.

એમને તો પથારીમાંના કાંટાની જેમ ફગાવી દેવા જોઈએ. એ બધી વાતો માત્ર અંતરની કુરૂપ વાસ્તવિકતાને મારાથી તેમ જ અન્યથી ઢાંકવા માટેનો વાણી–શણગાર હતો. બીજાઓને એ કુરૂપ પ્રત્યક્ષ થયું કે નહિ એ ખબર નથી, પણ મારી આગળ તો એ એની બિભીષિકા સાથે પ્રગટ થઈ ગયું છે. મારો બુદ્ધધર્મ, મારી કલા ને મારા મહાકાશ્યપ સાથેના સહવાસરૂપી સઢોના ફાટીને ચીરેચીરા થઈ ગયા છે ને ડોલ–કાઠી વિનાના જહાજ જેવા મને નથી ભગવાન ડુબાડતો કે નથી સઢ–સુકાની આપતો.

નંદિગ્રામનાં ખંડિયેરોએ આ વેદના ઊભી કરી છે. એનાં બીજ હૈયામાં નહિ હોય એમ કેમ કહેવાય? નિર્વાણગિરિની હવાયે સાવ સ્પર્શી જ ન હોય તેમ તો ન બને. પણ ત્યાં સુધી તો હું એમ જ માનતો હતો કે નંદિગ્રામને પડતું–ભુક્કા થતું જોઈશ ત્યારે મને કશું જ થશે નહિ, ઊલટો આનંદ થશે. પણ સંથાગારને આગ લાગતી જોઈ ત્યારે એકદમ હૈયું તરફડી ઊઠયું–જાણે કોઈક મને જ બાળી રહ્યું હોય એવી સમવેદના થઈ આવી. ત્યારે જ મને થયું કે નિર્વાણગિરિ પરની મૂર્તિઓને ધર્મને નામે બચાવી લેવાની આજ્ઞા આપવાનું આ સમવેદનાએ જ મને સૂચવ્યું હશે. ત્યાં તો સુદત્તપ્રાસાદને આગમાં લપટાયલો જોયો.

ઓહો! કેટલાં વર્ષે એ મહાલયની રચના થઈ હતી! એના ઉદ્યાનમાં હોજ વચ્ચે ઊભી કરેલ મેનકા–એની એક મુદ્રા, એક અંગભંગ નિપજાવવા કેટલા ઉજાગરા કર્યા હતા! ગાંડાની પેઠે હું ત્યાં દોડયો. ઢોરોએ એને ભાંગી નાખી ટુકડા અહીંતહીં ફગાવી દીધા હતા. પણ એ ઢોરો શાનાં? વસુમિત્રે કાલ રાત્રે જ મને પૂછયું હતું ને મેં માલવકનગરને દાહ દેવાની હા કહી હતી. પણ મેનકાને તોડશે તે નહોતું ધાર્યું–તેને ભાંગી નાખવાનું કોઈને મન જ કેમ થાય? સંથાગારની મૂર્તિઓ બચાવવા દોડયો. ભાગ્યજોગે ગણો એ મૂર્તિઓને પોતાની સાથે લઈ ગયા હતા. પથ્થર પર બેસીને એ ઘટના પર વિચાર કરવા માંડયો: શિલ્પપ્રેમી કોણ હતું–હું કે પેલા ગણો? એઓ નાસભાગની વેળાએ ધન ન લઈ ગયા, ડોસાં–ડગરાંને પણ ન લઈ જઈ શકયા, સમૃદ્ધ સુદત્તપ્રાસાદને પિતાજી મૂકતા ગયા હતા, પણ

શિલ્પકૃતિઓ એમને ગળેથી ન છૂટી. યુદ્ધમાં–રણમાં–ઘેરામાં કે એમણે ધારેલા વિકટ–વિજન માર્ગમાં એ મૂર્તિઓને નહિ છોડે. એની પાસે મારી શિલ્પ-ભક્તિ શું હતી! પાણી એણે ઉછેરેલ વૃક્ષના કાષ્ટને નથી બોળતું–મેં તો મારાં જ સંતાનોને ખાધાં. ઓહ! કેવી એકાગ્રતા–કેવી તાદાત્મ્યતાથી મેં એનું સર્જન કર્યું હતું! કેવા ઉજાગરા, સચિંત અજંપા મેં એકાદ ભમ્મર–એકાદ ચિબુક સર્જવા સેવ્યા હતા!

સુચરિતા? એને માટે એના લાખમા ભાગની ચિંતા, એકાગ્રતા કે ભક્તિભાવ અનુભવ્યાં નથી. હા, એ મારી દેહની ભૂખ હતી, આંખની અતૃપ્તિ હતી, પણ અંતરની વેદનાએ સર્જેલ સ્વપ્ન તો એ નહોતી. આ જે બેટડા પરથી તમને લખું છું તે બેટ પર વિશાળ લેણગૃહો–ચૈત્યો સર્જવાનું મારું સ્વપ્નું હતું. ચારે બાજુ વીંટાયેલ જલરાશિ વચ્ચે મારી અંતરની સમૃદ્ધિ અહીંના ખડકોમાં ઉપસાવવાનું મારું સ્વપ્ન હતું. કોઈ વાર મને થાય છે કે સ્વપ્નો સાચાં કે આ હરતી, ફરતી, ગાતી ને રોતી દુનિયા સાચી? સ્વપ્નો ખોટાં હોય તો એનો અભાવ મને આવો વ્યથિત કેમ કરી મૂકે છે? એ જતાં હું આવો નિર્માલ્ય ને મને પોતાનેય બોજારૂપ કેમ થઈ ગયો છું?

પણ એ જ સ્વપ્નભૂમિ પર હું આજે મારા જ બાંધવોને ઘેરી ભૂખે મારી રહ્યો છું, કે જે ગણબાંધવોને જ હું મારી સમૃદ્ધિ મારી યાત્રાને છેવટને વિસામે દાનમાં આપી જવાનો હતો. એમાંના જ કોઈકની ગ્રીવા, કોઈકના બાહુ, કોઈકનો એકાદ ક્ષણનો ભાવ હું જડ પથ્થરમાં પકડવા મથ્યો હોઈશ. આનંદ જોડે મેં એકવાર કલાકાર ને કારીગર વચ્ચે ભેદ દોર્યો હતો, પણ આજે હું મને જ પૂછી રહ્યો છું કે સર્જક આદિસ્થાનને જ સંહારતો હોય તેને કલાકાર કહેવાય ખરો? થાય છે કે જે મૂર્તિવિધાન માટે હું ઊંઘ–આહાર ભૂલી જતો, જેને માટે લોક–લોકના શિલ્પીઓને મેં સુદત્તપ્રાસાદમાં ઉતાર્યા હતા, તે જ હું ઘડીભર સુચરિતાને ન ત્યજી દઈ શકયો? મારી શિલ્પરાણી આગળ સુચરિતા તે કોણ? એ રાણીના અંતઃપુરમાં સુચરિતા ઓછી જ પેસી શકવાની હતી? તે છતાં આમ કેમ બન્યું? મેં સુચરિતાને ખોઈ, ગુરુને ખોયા, મિત્રોને ખોયા, ગણરાજ્ય ખોયું ને મારી

પ્રિયતમા શિલ્પરાજ્ઞીને પણ ખોઈ—આમ કેમ બન્યું ? અંતકાળે કોઈ મારા સંગાથે કેમ ન ચાલ્યું ? રાત્રે મારા તંબૂમાં પડ્યો પડ્યો એનો વિચાર કર્યા કરું છું ત્યારે ધૂર્જટિની જટાસમા વરુણમંદિર પર ઊગેલ ચતુર્થીનો ચંદ્રમા જાણે મહાકાશ્યપની વાણીમાં મને કહે છેઃ તું તારી શિલ્પકલા કરતાં ઊંચો ન થઈ શકયો. તું કહે ભલે, પણ શિલ્પવિદ્યા તારી સરસ્વતી નહોતી—તારી રસવતી હશે કદાચ, કદાચ એ માત્ર તારા બંધનમાં પડેલ દાસી પણ હોય, પણ ભગવતીને સ્થાને તો તેને નહોતી જ બેસાડી. નહિતર એણે જ તને આ રક્ત–કર્દમ–કીચડમાંથી ઉગારી લીધો હોત. તું તારી કલાનો ભગવાન હતો, ભક્ત નહોતો. જે એનો ભક્ત હોય તે તેની સહાયે આવે જ—અરે, વિકટ પળે સંગાથીરૂપે પથપરિચાયક થાય જ.

મહાકાશ્યપ, મારું અંતર એમને યાદ કરતાં જ મૂર્છિત થઈ જાય છે. ત્યાં અમારા સૌની શ્રેષ્ઠ આકાંક્ષાઓના પ્રતિનિધિ પેલા દુર્ગમપથના સાગરીત સામેના ચંદ્રની જેમ ધીરેધીરે અસ્ત પામી રહ્યા છે. હું ગમે તેટલો મથું તોય આજે એમને ઉગારી શકું તેમ નથી. વસુમિત્ર મારું માને તેમ નથી. હવે એને મારો ખપ પણ નથી. મેં એક વાર કહ્યું ત્યારે કહેઃ ‘ ગણોનું દાઝતું હતું તો મગધ–સેના–નાયક શા માટે થયા ? ગણરાજ્ય અને સામ્રાજ્ય બંનેને નહિ રાખી શકો.’ હું કદાચ એને મારી બેઠો હોત, પણ બહુ માર્યા—હવે કોઈને કયાં મારો ખપ રહ્યો છે ? પરંતુ સૃષ્ટિને મારો ખપ ભલે ન રહ્યો હોય, ગણરાજ્યોનો ખપ છે એ મને નંદિગ્રામના વિનાશે ને ગણોના સર્વમેધયજ્ઞે સમજાવ્યું છે.

મારું શિલ્પ, કઠકન્યાઓનું શૌર્ય, મારા પિતાની સંઘનિષ્ઠા ને મહાકાશ્યપની પ્રજ્ઞા—એ ગણભાવનાનાં સંતાનો છે. ને એ જો જાય તો સ્વાદ રહ્યો કયાં ? એટલે જ મેં હમણાં જ આનંદની હોડીને પકડયા સિવાય પસાર થવા દીધી. એની હોડીને પ્રવાહમાં અમારી નૌકાસેનાએ અટકાવેલી ને હું તપાસવા ગયેલો. એ હતો દરિદ્ર માછીમારના વેશમાં. સાથે કૃષ્ણા પણ હતી. કોઈક એક બીજો જંગલી પણ સાથે હતો—આ હોડીવાળો જ હશે. મેં તો એમને એ વખતે જ ઓળખી કાઢયાં–શિલ્પીની જ નજરે.

એના જેવા સુડોળ ખભા કોઈના જોયા નથી, કદાચ પુર્વાવસ્થામાં આત્રેયના હશે. ને પેલી કન્યા તો તેના મિજાજી નાક વતી હજાર વચ્ચે તરી આવે તેવી છે. આનંદને કદાચ નહિ ખબર હોય કે મેં એને જાણીજોઈ ને આગળ વધવા દીધો છે, પણ થાય છે કે એ બે જણ શું કરશે? કોઈક બીજો ઉપાય શોધવો જોઈએ. ભગવાન સુઝાડશે તો અમલ કરીશ. પણ તમને આ બધું લખી જાઉં છું એ તો એક આશાએ—એકાદ જણ મારી વેદનાનું સાક્ષી રહે. આર્યાને મારા શતશઃ પ્રણામ કહેવરાવજો. અત્યારે મને યાદ આવે છે કે આનંદ તો તમારો પુત્ર છે. છેલ્લે છેલ્લે એટલી આર્યાની સેવા થઈ શકી તે ઓછો સંતોષ છે! હું પણ તમારો પુત્ર છું. ઉન્માર્ગે ગયેલો છતાં પુત્ર તો ખરો ને? પદ્મપાણિની મૂર્તિનું હું સર્જન કરતો હતો ત્યારે આપે જ કહ્યું હતું કે, 'મારો માનસપુત્ર હોય તેમ તું મારું મન સમજી શકે છે!

બસ થાકી ગયો છું. સુદત્ત.'

નીચે છૂટા છૂટા ને ઠરડાયલા અક્ષરે ઉમેર્યું હતું:

'પિતાએ મારો છુટકારો કરી દીધો છે. પ્રહરીઓ તપાસવા ગયો હતો ત્યાં એમને હાથમાં સફેદ ધજા લઈ ને આવતા જોયા. દોડીને પગે પડવા જતો હતો ત્યાં પડખામાં કૃપાણ હુલાવી દીધી. 'ગણદ્રોહી!' સારું જ કર્યું. એને જ હું પાત્ર હતો. સુચરિતા આવી છે. મારા હૈયાનું શલ્ય નીકળી ગયું છે—આહા—સહુથી બીભત્સ ને સહુથી સુંદર વાણીથી અવ્યક્ત જ કેમ રહેતાં હશે! કુત્સિત કલ્પના વહેલી જ જો વ્યક્ત થઈ ગઈ હોત તો કેટલાય અનર્થ થતા બચી જાત! આવી રીતે વિધાતા દંડ અને જ્ઞાન આપતો હશે?

હવે કોઈ કામના નથી. હા, એમ થાય છે કે સુચી ને આનંદને પડખો-પડખ ઊભેલાં જોઈ ને આ લોક છોડી જાઉં. એનો આ વેશ જાણે તેજોમય્યી ઉજ્જ્વલવર્ણી ઉષાને કોઈકે વિષાદમૂર્તિ સંધ્યાનું ધૂસર—આચ્છાદિત મલિન ઉત્તરીય ઓઢાડયું હોય તેવો અસ્થાને લાગે છે. જાણે ઈન્દ્રધનુ પર કોઈકે લીંપણ કર્યું હોય ને!

એક કલ્પના સૂઝી છે—ગણોને બચાવવાની, તે સુચરિતાને કહી છે. તે અફર નીવડશે.'

ઉપસંહાર

સુચરિતાને આનંદનો ભેટો રસ્તામાં એક ગામડામાં જ થઈ ગયો. બ્રાહ્મણુકસેનાને લઈને એ મહાકાશ્યપને મુક્ત કરવા જતો હતો. સુચરિતાએ એને પત્ર-સંદેશો ને રાજમુદ્રા આપી કહ્યું:

'સુદત્તભાઈ મુક્ત થયા ને મુક્ત કરતા ગયા !'

પત્ર વાંચીને આનંદની આંખોમાંથી ઝર ઝર ઝર ઝર આંસુ પડવા માંડયાં. પત્ર માથે ચડાવી કૃષ્ણાને બોલાવી.

*

આનંદને રાજમુદ્રાએ માર્ગ કરી આપ્યો. એ અગત્યનો સંદેશો લઈને સમ્રાટ પાસે જતો હતો. રસ્તાના માલવ-જનમપદોને એણે ગુપ્ત સૂચના આપી રાખી હતી. અગ્નિમિત્રના અપહરણની સાથે આખા પ્રદેશે માગધો સામે માથું ઊંચકવાનું હતું. અગ્નિમિત્રને શિવપૂજનમાં બહુ આસ્થા હતી. એના પડાવની આજુબાજુ આવેલ કોઈ મહત્ત્વનું શિવલિંગ હોય તો મહા-રુદ્રયાગ કર્યા વિના એ ન રહેતો. અનંતપુર ને નંદિગ્રામ વચ્ચેના પ્રદેશોમાં એક ડુંગરની ખીણમાં એક પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ હતું. ત્યાં ત્રણ-ચાર દિવસનો મહોત્સવ ઊજવવાનું ઠરાવ્યું. એ ઉત્સવમાં ભાગ લેવા માટે આમંત્રણો ગયાં હતાં. હજારો લોકો મહારુદ્રયાગ જોવા ને મેળો માણવા એ તરફ જતા હતા. અગ્નિમિત્રના પડાવથી નજીક આવેલ આ યાત્રાસ્થળે જતા આટલા બધા માનવમેળાએ સમ્રાટનું ધ્યાન ખેંચ્યું હતું. હઠગણમુખ્યો પણ એક દિવસ ત્યાં જવાના હતા. વાહિકપ્રદેશના ઘણાખરા શાસ્ત્રીઓ ત્યાં હોમમાં આવ્યા હતા. સમ્રાટને પણ શિવાલય તરફથી હમેશ હમેશ

પ્રસાદ ને નિર્માલ્યમાળા જતાં. છેલ્લે દિવસે સમ્રાટને એમના સામંત-સંઘ સાથે પૂર્ણાહુતિ વખતે ચંદ્રમૌલીશ્વરનાં દર્શન કરવા માટે પધારવા પ્રાર્થના થઈ. ચંદ્રમૌલીશ્વરનાં દર્શન થયાં અને કૃપાપ્રસાદ મળ્યો. પણ વળતાં એક ગાળીમાં થોડાક લૂંટારાઓએ એમને ઘેરી લીધા. સામંતોની તલવારો મ્યાનમાંથી નીકળે નીકળે ત્યાં સમ્રાટનું અપહરણ તેઓ કરી ગયા. હસવા જેવું તો એ બન્યું કે લૂંટારાની ટોળીની નેત્રી હતી એક કન્યા !

*

વનની આગની પેઠે સમસ્ત વાહિકપ્રદેશમાં વાત ઘડીમાં ફેલાઈ ગઈ. ગામેગામ સંદેશવાહક અસવારો દોડ્યા. મગધ-સેનાને દોટાવીને બહાર હાંકી કાઢી. કઠોએ મગધનું છત્રપતિપણું ફગાવી દીધું. મૌચકર્ણીઓએ સંધિના ટુકડા કર્યા. ત્રિગર્ત-શિબિઓ પણ સમજ્યા. મીનનગરનો શકક્ષત્રપ પાછો હઠી ગયો. મગધ-સેના પાસે લવણદ્વીપ આત્રેયે ખાલી કરાવ્યો. બનાવો ઝપાટાબંધ બનવા લાગ્યા. વસુમિત્રે કઠોએ નસાડેલી સેનાને મળવા ઘણો પ્રયત્ન કર્યો, પણ આત્રેયે એને છટકવા ન દીધો; ઊલટું આહ્વાન મળ્યું કે જો બાર પ્રહર પછી તમારી સેના હથિયાર મૂકીને માલવપ્રદેશ છોડી નહિ જાય તો મગધ-સમ્રાટને શક મૈનેન્દ્રને વેચી દેવામાં આવશે. વસુમિત્ર કંપી ઊઠ્યો—ઘોર આફત ! મગધ સમ્રાટ ત્રણ અક્ષૌહિણીનો સ્વામી, પૃથ્વીપતિ, શકનો દાસ ? પાંચાલે બળવો કર્યાના સમાચાર હતા, કલિંગ શસ્ત્રો સજતું હતું, વિદર્ભે ઉજ્જયિની તરફ સેના હાંકી હતી. સમ્રાટના અપહરણે આખી રમત ઊંધી વાળી નાખી—વેંત એકની વાદળીએ બે પળમાં આકાશ ઘેરી લીધું. માગધો ચારે બાજુ સપડાયા હતા.

બીજે દિવસે એને સમ્રાટની આજ્ઞા મળી :

મગધ-સૈન્યે હથિયાર છોડીને વાહિક-પ્રદેશમાંથી ચાલ્યા જવાનું હતું. દંડરૂપે નદિગ્રામની પુનર્રચનાનું મૂલ્ય ચૂકવવાનું હતું, ને બધી મગધ-સેના વારાણસીની હદમાં ન પ્રવેશે ત્યાં સુધી સમ્રાટે એમના રાજ્યબંદી તરીકે રહેવાનું હતું. લોકો કહેતા હતા કે સમ્રાટ સાથે જ પકડાયેલ પાટવી

કુમાર ઈન્દુએ ને આચાર્ય શીલભદ્રે આ સમાધાન કરાવ્યું હતું. ઈન્દુએ અગ્નિમિત્રને ને આચાર્યગણોને સમજાવ્યા હતા.

*

આત્રેય ખાલી કરેલ લવણદ્વીપમાં દાખલ થતાં જ ઉતાવળે ઉતાવળે વરુણમંદિરનાં પગથિયાં ચડયા. પગ જાણે ઠરતો જ નહોતો. બારણાં હડસેલ્યાં–અંદરથી એ બંધ હતાં. મહાકાશ્યપ ને રોહિણીના નામની હાકલો મારી. જવાબ ન મળતાં અશુભની આશંકાઓ સેવતાં એમનો સાદ ઠરડાઈ ગયો. સૈનિકોએ કુહાડા વતી કમાડ ચીરવા માંડયાં પણ મહાકાશ્યપે એ લોખંડનાં બનાવરાવ્યાં હતાં. નિસરણી માંડી અંદર ઊતર્યા. છાતીમાં તીરથી વીંધાયેલી લાલ સંધ્યાસમી વિષાદભરી રોહિણી યજ્ઞવેદી આગળ પડી હતી. મહાકાસ્યપ દેખાતા ન હતા. ચારે બાજુ ફરી શોધ કરી. એ અલોપ થયા હતા! રોહિણીને મૂકીને એ જાય ક્યાં? અહીં ક્યાંક હોવા જોઈએ. વેદીની અંદર નજર પડતાં આત્રેય ચમકી ઊઠયા: રાખના ઢગલામાં આકાશ-ગંગાના તારકસમૂહ જેવાં, દૂધસમ ઉજ્જવળ અસ્થિ પડયાં હતાં. આચાર્યે યજ્ઞ કરતાં શરીર હોમ્યું હતું. આત્રેય વેદી પાસે બેસી મોટેથી રડી પડ્યાં.

*

'બહેન! મૃત્યુંજય ભગવાનની પુત્રીને આ રુદન શોભે?' આત્રેય સુચરિતાને સમજાવતા હતા.

'પિતા ને ચારુદત્ત બંનેય ગયા.'

'નગરશ્રેષ્ઠી પણ ગયા. આપણને વિજય અપાવનાર શિલ્પસ્વામી સુદત્ત પણ ગયો. મેધાતિથિ ગયો. દીર્ઘતમ ગયો. કેટલાકને ગણાવું?' માધ્યમિકાથી આવી પહોંચેલ આસંગ બોલ્યા.

'હા, સુદત્તે આપણને જિતાવ્યા–ને નગરશ્રેષ્ઠી, મારા બીજા પિતા-તુલ્ય...' સુચરિતા રડી પડી.

'આર્યો ગયેલાને અશ્રુની અંજલિ આપે છે, પણ હિંમત નથી હારતા, આનંદ!' આનંદની આંખ ભીની થતી જોઈ આર્યાએ કહ્યું. કૃષ્ણા સુચરિતાની આંખો લૂછતી હતી. મૈનેન્દ્ર મહાકાશ્યપને આખરે ન જોઈ શકાયા તેના

વિચારમાં ડૂબ્યો હતો ત્યાં આર્યાએ કહ્યું: 'આચાર્ય આવે છે.' અર્હંતપદના અધિકારી, શાંતરસના અવતારસમા આચાર્ય પેસતાં આર્યા નમી એક બાજુ ખસી ગયાં. સુચરિતા ને આનંદ આગળ આવીને એમને પગે પડતાં હતાં. આર્યા આચાર્યની પાછળ ઊભી હર્ષાશ્રુ લૂછતાં હતાં. આચાર્યે બંનેને એક એક હાથે ઊભાં કરી પ્રેમભરપૂર સ્વરે આનંદને ચીંધી સુચરિતાને કહ્યું:

'આનો તો છું જ, પણ મહાકાશ્યપ નિર્વાણ પામતાં તારો પણ પિતા ને ગુરુ થયો છું.' સુચરિતા આચાર્યના ખભે માથું મૂકી રડી પડી. એને સ્વસ્થ કરતાં કહે: 'આ મગધ-રાજકુમાર તમને બંનેને મહકાશ્યપનો સંદેશો કહેવા આવ્યા છે.' કિશોર ચન્દ્રે મહાકાશ્યપના આશીર્વાદ કહી બંનેના હાથમાં ચીવટપૂર્વક સાચવી રાખેલ તુલસી-મંજરીની માળાઓ આપી. બંને જણ માળા ને મંજરી હાથમાં રાખી આંખે-મસ્તકે અડાડતાં હતાં ત્યાં કૃષ્ણાએ આગળ આવી એ માળાઓ લઈ એકની બીજાને આરોપી દીધી: 'માથેથી કદાચ સરી પડશે, ગળામાં રાખો!' કહેતી તુલસી-મંજરીવાળા બંને હાથને સંપુટ પેઠે જોડી દીધા ને પછી આચાર્ય તરફ જોઈ કહે: 'ક્ષમા કરજો-આચાર તૂટતો હોય તો!'

'ના, કશું જ તૂટતું નથી. ચારુદત્ત દીર્ઘદ્રષ્ટા હતો.' ને પછી આર્યા તરફ જોઈને કહે: 'આંખો ઠારી લો, કાલે પ્રયાણ કરવું પડશે.' મૈનેન્દ્રને સંબોધીને કહે: 'મહાક્ષત્રપ હું કાલે જ હરૌવતી તરફ સંઘ સાથે વિહાર કરવા રાજી છું, તમારું આગમન કાંઈ એળે જાય છે!'

મૈનેન્દ્ર અત્યાર સુધી પ્રતિમા પેઠે અલગ ઊભો હતો તે આગળ આવી હાથ જોડી ઊભો રહ્યો.

'જરાક કેડ નમાવો, મહાક્ષત્રપનું પદ એથી નીચું નહિ પડી જાય!' બોલતાં બોલતાં કૃષ્ણા હસી પડી. પછી શાલભદ્ર તરફ ફરીને એ કહે: 'એમને સંસ્કારવા એકલા ઐલદાદા બસ નથી. તમે બે ગુરુ થશો ત્યારે જરાક રીતમાં આવશે!'

'બેય પૂરા નથી, ત્રીજા તમે પણ જોશો.' સુચરિતાએ ધીમેથી કહ્યું. ખંડ આસંગ ને આત્રેયના હાસ્યે ભરાઈ ગયો.

નોંધ

[માત્ર અઘરા છે તે કારણે જ શબ્દોના અર્થો નથી આપ્યા, પણ આમાંના ઘણા શબ્દો વધારે અર્થવાહક હોવાથી વપરાઇ શકે તેમ છે એમ કેટલાક વડીલોની માન્યતા હોવાથી આપ્યા છે. છે.]

ગણરાજ્ય—બહુમતીના નિર્ણય પ્રમાણે ચાલતું રાજતંત્ર
સંથાગાર—ટાઉનહૉલ, પ્રજાપ્રતિનિધિઓને મળવાનું સ્થળ.
પ્રાસાદપીઠ—અગાશી
સપ્તતલપ્રાસાદ—સાત માળનો મહેલ
સમાજ—ગણરાજ્યોમાં ઉજવાતો સામૂહિક ઉત્સવ.
શલાકાપત્ર—બૅલટ પેપર, મતદાન કરતી વખતે લખવાનો કાગળ
આજીહૂત—અમ્પાયર, રમતોમાં મતભેદ વખતે નિષ્પક્ષ ચુકાદો આપનાર
ગ્રામકંટક—ચોર, ગુંડો
કંટકશોધક—ફોજદાર
થેરી-સ્થવિરા—બૌદ્ધ સાધ્વી.
આયુધજીવી—Nation at arms, લશ્કર રાખવાને બદલે બધા નાગરિકોને તાલીમ આપી પ્રસંગ પડયે લશ્કર ઊભું કરનાર ગણરાજ્ય
મંજૂષા—પેટી
વરૂથ—ઢાલ
શિબિકા—પાલખી
કષાય—રાગદ્વેષ
કાર્ષાપણ—સોનાનો સિક્કો
આજીનચર્મ—બકરીનું ચામડું [મોજાં
હસ્તસંરક્ષક—હાથના રક્ષણ માટેનાં
પાદત્રાણ—પગરખાં
ગવાક્ષ—ગોખ
પ્રવહણ—એક પ્રકારની મોટી નૌકા
મિથ્યાદષ્ટિ—બૌદ્ધો માટે સનાતનીઓએ યોજેલ તિરસ્કારસૂચક શબ્દ
ચીવર—બૌદ્ધ સાધુનાં વસ્ત્ર
ધમ્માપણિક—વકીલ
સાંગ્રામિક—લડાઇમાં વપરાતો રથ
પુષ્યસ્યંદન—હરીફાઇમાં વપરાતો હળવો રથ
પાન્થશાળા—મુસાફરખાનું
વેણુસંઘાત—ત્રાપો
અટ્ટાલિકા—ઝરૂખો
સાર્થવાહ—મોટો વણજારો, વેપારી
છિદ્રાન્વેષી—છિદ્રો જોનારો
દેશનિર્વાચન—દેશનિકાલ
ઉપવસ્ત્ર—રખાત
ક્રીત—ખરીદાયેલો
વિજીગિષુ—વિજયની ઇચ્છાવાળા
કટિમેખલા—કંદોરો
દાયભાગ—વારસો
વાહિક—સિંધની ઉપરનો પંજાબ
પકથ—અત્યારના પઠાણોનો પ્રદેશ
કપીશ—કાશ્મીર
સુગ્ધ—બુખારા
ખરીશ્મ—ખીવા
શૂરસેન—મથુરા પાસેનો પ્રદેશ
પાંડય—મદ્રાસ ઈલાકાનો એક ભાગ
અપરાન્ત—કોંકણપટ્ટી
બાહ્લિક—અફઘાનિસ્તાન ને ચાઇનીઝ તુર્કસ્તાન વચ્ચેનો પ્રદેશ
ઋષિક—એક પરદેશી જાતિ
ગાંધાર—કંદહાર
શાકલ—શિયાલકોટ
પાર્થિયા—ઈરાનનો એક ભાગ
પુરુષપુર—પેશાવર

આધારવાક્યો

The philosophers gave him no less trouble than the mercenaries because they reviled the princes who declared for him and encouraged the free states to revolt from his authority on this account he hanged many of them. When one of the philosophers was asked for what reason he had induced Sambher to revolt, he answered: 'Because I wish him to live with honour or to die with honour.'

Plutarch p. 314
P. A. in Ancient India p. 237

They (the Brahmins) subsist upon such fruits as they can find, and on wild herbs, which the Earth spontaneously produces, and drink only water. They wander about in the woods and sleep at night on the pallets of the leaves of trees.

Ancient India, by Mecrindle p. 123

King Alexander, accordingly, when he heard of all this, was desirous of learning the doctrines of the sect, and so he sent for this Dandamis, as being their teacher and president.

Oneskrates was, therefore, despatched to fetch him and when he found the great sage, he said, 'Hail to thee, thou teacher of the Bragmanes. The son of the mighty God Gens, king Alexander, who is the supreme lord of all men, asks you to go to him, and of you comply, he will reward you with great and splendid gifts, but you refuse will cut off your head.

Dandamis, with a complacent smile, heard him to the end, did not so much as lift up his head from his couch

of leaves, and while still retaining his recumbent attitude, returned this scornful answer: 'God, the supreme king, is never the author of insolent wrong, but is the creator of light, of peace, of life, of water, of the body of the man, and of souls being in no way subject to evil desire. He, alone, is the God of my homage, who abhors slaughter, and instigates no wars. But Alexander is not God since he must taste of death;......If his present dominions are not capacious enough for his desire, let him cross the Ganges river, and he will find a region able to sustain men if the country on our side be too narrow to hold him. Know this, however, that what Alexander offers me, and the gifts he promises, are all things to me utterly useless; but the things which I praise, and find of real use and worth, are these leaves, which are my house, these blooming plants, which supply me with dainty food, and the water, which is my drink, while all other possessions and things which are amassed with anxious care, are wont to prove ruinous to those who amass them, and cause only sorrow and vexation, with which every poor mortal is fully fraught. But as for me, I lie upon the forest leaves, and having nothing which requires guarding, close my eyes with tranquil slumber; whereas had I gold to guard, that would banish sleep. The Earth supplies me with every thing, even as a mother her child with milk. I go wherever I please, and there are no cares with which I am forced to comber myself against my will. Should Alexander cut of my head, he can not destroy my soul. My head alone, now silent, will remain, but the soul will go away to its master, leaving the body like a torn garment upon the Earth whence also it was taken.

I, then, becoming spirit, shall ascend to my God, who enclosed us in flesh, and left us upon the Earth to prove whether, when here below, we shall live obedient to his ordinances, and who, also, will require of us, when we deport, hence to his presence, an account of our life, since he is judge of all proud wrong-doings for the groans of the oppressed become the punishments of the oppressors.

Let Alexander, then, terrify, with these threats those who with for gold and for wealth, and who dread death for against us those weapons are both alike powerless, since these Bragmanes neither love gold nor fear death Go, then, and tell Alexander this: 'Dandamis has no need of aught that is yours, and therefore, will not go to you, but if you want anything from Dandamis, come you to him.'

Alexander, on receiving from Oneskrates a report of the interview, felt a stronger desire than ever to see Dandamis, who, though old and naked was the only antagonist, in whom, he, the conqueror of many nations, had found more than his match.

Ancient India–Mecrindle p. p. 123–124.

तस्मात् संघातयोगेन प्रयतेहन गणाः सदा ।
भेदे गणा विनश्येयु र्भिन्नास्तु सुजयाः बहैः ॥
अर्थश्चैवाधिगम्यन्ते संघात बल पौरुषैः ।
बाह्याश्च मैत्रीं कुर्वन्ति तेषु संघात वृत्तिषु ॥

Mahabharat–quoted in Hindu Polity: 129–30.

This migration from the fertile land of the Punjab to dreary Rajputana is the testimony to the love of

liberty which those unconquerable republicans bore mo than others as one of them put it in the time of Ale ander. They believed that the Yodheya country or tl Malava country was whenever the Yodheya or Malav Gana lived and lived as of you in freedom. They wou sacrifice paternal homes and lands to preserve their pol tical self aad souls. They would go to deserts but democratic glory.

Hindu Polity-15

The Vedic literature contains full references to no monarchial forms of government. In the Mahabhara we find mention of Kingless states.

At the time of Buddhism there were a numbe independent tribes living either under republican the oligarchic system of government.

—P. A. 4

આધારગ્રંથો

૧ Hindu polity.

૨ Public Administration in Ancient India

૩ Local self-Government in Ancient India

૪ Buddhist India

૫ Life of Buddha-Rockhill

૬ Jatakas

૭ કૌટિલીય અર્થશાસ્ત્ર

૮ ભારતીય ઇતિહાસ કી રૂપરેખા ભા. ૧-૨

૯ શાંતિપર્વ

૧૯૪૩-૪૪નાં પ્રકાશનો

દીપનિર્વાણ	દર્શક	૩—
ખંડિત કલેવરો	નિરંજન વર્મા જયમલ્લ પરમાર	૩—
ગગનને ગોખે	,,	૩—
સાહિત્ય અને પ્રગતિ ભા-૨		૩—
જીવનશિલ્પીઓ	નિરંજન વર્મા જયમલ્લ પરમાર	૨—
ઊડતાં ભંગી	,,	૦-૧
આંગણાંનાં શણગાર	,,	૦-૧
વગડામાં વસનારાં	,,	૦-૧
રૂપરૂપનાં અંબાર	,,	૦-૧
કંઠે સોહામણાં	,,	૦-૧
પ્રેમી પંખીડાં	,,	૦-૧
દીઠું મેં ગામડું જ્યાં-	રતિલાલ અદ્દાણી	૩—
પુનરાગમન ભા. ૧-૨	હરજીવન સામૈયા	૫—
કાંટાની વાડ	,,	૨—
શોધને અંતે	લાભુબેન મહેતા	૨—
લગ્ન-સાધના	સોપાન	૨—
સો વર્ષ જીવવાની કળા	જટાશંકર નાંદી	૨—
દવાનો છેલ્લો ઘૂંટડો	ભૂપતરાય દવે	૨—
હઠીલાં દર્દોમાં કુદરતી ઉપચાર	,,	૨—
દૂધ : મૃત્યુલોકનું અમૃત—	કાંતિલાલ શાહ	૨—
વેરાનમાં	ઝવેરચંદ મેઘાણી	૨—

ભારતી સાહિત્ય સંઘ : મુંબઈ—અમદા[illegible]